بسم الله الرحمن الرحيم

ફસ્અલૂ અહલઝ્ઝીક્રે
ઈન કુન્તુમ લા તઅ લમૂન

ફતાવાએ કાદરીયા

મઝ્હબે ઇસ્લામનાં
૫૪૦ જરૂરી
દીની મસાઈલ



પ્રકાશક : હુસેની કમિટી (સુન્ની)
૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી નિ. રાજકોટ.
ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪ મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૮

હુસૈની કમિટી (સુન્ની)-મોરબી

ઈસાલે સવાબ માટે

દીની કિતાબો છપાવો

મોરબી હુસૈની કમિટી (સુન્ની) દ્વારા છેલ્લાં સોળ વર્ષ થયા દીને ઈસ્લામની ખિદમતમાં અત્યાર સુધીમાં ૧૦૦ ઉપર દિની કિતાબો, પેમ્ફલેટો પ્રગટ કરી દીનની મહાન ખિદમત અંજામ આપી મુસ્લિમો વધુ ને વધુ દીનની જાણકારી મેળવી રહેલ છે.

આ કાર્યને વધુને વધુ મજબુત બનાવવા માટે આપના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે દીની કિતાબો છપાવી સવાબે જારીયાના હકદાર થશો એવી આગ્રહ ભરી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આજે જ રૂબરૂ અથવા પત્ર વ્યવહારથી સંપર્ક સાધો.

મહેબુબ કે. પીલુડીયા *(વ્યવસ્થાપક)*

હુસૈની કમિટી (સુન્ની)

૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી જિ. રાજકોટ - ૩૬૩૬૪૧

ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪

મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

૭૮૬/૯૨

ફરઅલૂ અહલઝઝીકરે
ઈન કુન્તુમ લા તઅ્લમૂન

ફતાવાએ કાઝમીયા

મઝહબે ઈસ્લામનાં જરૂરી દીની મસાઈલ ૫૪૦

SUMRA ASHARAF HARUN
પ્રકાશક

હુસૈની કમિટી (સુન્ની)

૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી
જિ. રાજકોટ - ૩૬૩૬૪૧
ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪
મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

કિતાબનું નામ : ફતાવાએ કાદરીયા
સવાલ : જવાબ - ૫૪૦
હનફી મઝહબના ફતવા
સવાલાત : મૌલાના મુસાખાન મહંમદખાન પઠાણ
મુ. ગોડપર-કચ્છ.
જવાબ : મૌલાના સૈયદ અહમદશાહ બુખારી કાદરી
વિઝાણવ્વી મુફ્તી-એ-કચ્છ. માંડવી, કચ્છ.
આવૃત્તિ : બીજી
પેજ : ૨૨૪
પ્રત : ૬૦૦૦
હિ.સન : હિજરી ૧૪૨૫ ઈ.સન : ઈ.સ. ૨૦૦૫
પ્રકાશન નંબર : ૨૫૧
કમ્પોઝ બાય : જે.કે. કોમ્પ્યુટર ગ્રાફિક્સ
હોટલ આશિયાના સામે, સલાપસ રોડ,
અહમદાબાદ-૧. ફોન : ૫૫૪૪૯૯૫૫
પ્રિન્ટેડ બાય : કલીમ બુક ડીપો એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ
ખાસ બજાર, તીન દરવાજા,
અહમદાબાદ-૧. ફોન : ૫૫૪૪૯૯૫૬

✺ પ્રકાશક ✺

હુસૈની કમિટી (સુન્ની)

૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી જિ. રાજકોટ - ૩૬૩૬૪૧
ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪
મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

સર્વ હક સંપાદક સ્વાધીન છે.

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

અલહમ્દો લિલ્લાહિ રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા રસુલેહિલ કરીમ. વ અલા આલેહી વ અસ્હાબેહી અજમઈન અમ્મા બાઅદ.

ઇલ્મે દીનની જાણકારી મુસલમાન મર્દ અને ઔરત ઉપર ફર્ઝ છે (હદીસ) જેનાંથી અજ્ઞાનતા અને ગંભીર ભુલ અને અંધકારમાં આંધળાના સફર બરાબર છે આપણા દીની ઈસ્લામી ભાઈ બહેનોમાંથી કેટલાક જહાલતનાં (અજ્ઞાનતાના) કારણે શરીઅતથી બેખબર રહી ગુનાહીત જીવન વિતાવી રહ્યા છે.

જે પરિસ્થિતિને અનુલક્ષીને અમારા દીની દોસ્તો મૌલાના મુસા ખાન બીન મોહમ્મદ ખાન પઠાણ ખતીબ વ ઈમામ ગામ ગોળપર તા. ભૂજ-કચ્છનાં દિલમાં એક નેક ખ્યાલ ઉભરયો અને તેઓએ શરઈ મઝહબી ઝરૂરીયાતે ઝીન્દગીનાં મસાઈલ મુજ નાકારા અહકર બંદાને કેટલાક સવાલો લેખિતમાં મોકલતા રહ્યા અને તેનાં હસ્બે તૌફીક ફિકહની કિતાબોમાંથી તેમને જવાબો મોકલતો રહ્યો. તેઓએ તે સવાલો અને જવાબોનો સંકલન કરી (ફતાવા-એ-કચ્છ) નામે નાની કિતાબો ગુજરાતીમાં છપાવી પ્રસિદ્ધ કરતાં રહ્યાં. જે કુલ ચાર ભાગ તેઓએ તૈયાર કર્યા જેમાંથી ત્રણ ભાગ છપાવી પ્રસિદ્ધ કર્યા અને ચોથો ભાગ છપાવી શકાયું નહિં જેનું મુખ્ય કારણ આપણા કચ્છ પ્રદેશમાં વસતા મુસ્લીમ બીરાદરોની મઝહબ પ્રત્યે બદશોકી અને લાપરવાહી છે. જે નાની રકમ ખર્ચીને પણ દીની કિતાબો વાંચવા તૈયાર થતાં

નથી. ફતાવા-એ-કચ્છનાં ચાર ભાગમાં કુલ ૫૪૦ પાંચસો ચાલીસ સવાલ અને જવાબનો સારો એવો સંગ્રહ એમ જ પડયો રહે : જેથી મુજ બંદાએ અહકરને ખ્યાલ આવ્યો કે કુલ ચાર ભાગમાં છુટા છવાયા વગર તરતીબ ના જે મસાઈલ ફેલાએલા છે તેને તરતીબ વાર ગોઠવી સંકલન કરી એક જ જીલ્દમાં ચાર ભાગને એકત્ર કરી એકવાર છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે. કદાચ આપણાં દીની બિરાદરો તૈયાર થાય અને તેનો ફાયદો હાસિલ કરે.

મારા ઈરાદાને મૌલાના મુસાખાન સાહેબે પણ આવકાર્યો જેથી હું તે સંગ્રહને એક જીલ્દમાં સંકલન કરી તરતીબ આપી તેનું નવું નામ **ફતાવા કાદરિયા** રાખી એહલે સુન્નતનાં દીની ભાઈઓ સમક્ષ રજૂ કરવાની સઆદત હાસીલ કરૂં છું. જેમાં મારો મકસદ ફકત મુસ્લીમ ભાઈ-બહેનો આપણા દીનથી જાણકાર થાય અને તેનાં ઉપર અમલ કરી ખુદાએ કરીમ અને રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈતાઅતમાં શામીલ થઈ શકે અને મુજ ખતાકાર બંદએ અહકરની આ હકીર દીની ખિદમત કબૂલ થાય જેથી આખેરતમાં બક્ષીશનો ઝરીયો થાય અને મારા ગુનાહો ખતાઓને ખુદાએ કરીમ માફ ફરમાવે.

લી. ખાદીમે ઈસ્લામ બંદએ અહકર
સૈયદ અહમદશાહ બુખારી કાદરી
વિન્ઝાન્વી મુ. દુર્ગાપર-કચ્છ.
પહેલી રમઝાનલ મુબારક ૧૪૧૧ હીજરી
મુતાબીક તા. ૧૮-૩-૯૧.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

અકીદાના મસાઈલ

સવાલ : ૧ કહે છે અવલિયાઓની મઝારો પાસે જે નાળિયેર તોડવામાં આવે છે એ નાળિયેર અથવા ન્યાઝ ખાવી જાઈઝ નથી આ વાત સાચી છે કે ખોટી ?

જવાબ : ૧ મજકુર કહેવત ખોટી છે એહલે સુન્નત વલ જમાઅતના નજદીક અવલીયા-એ-કીરામના સવાબ અર્થે જે હલાલ વસ્તુ ન્યાઝ તરીકે ખવડાવવા કે તકસીમ કરવામાં આવે (વહેંચવામાં) છે તે જાઈઝ છે. તેને નાજાઈઝ કહેનાર અકાઈદે એહલે સુન્નત વ જમાઅત બહાર છે. બાકી નાળિયેરનો અમારા મુલકમાં રિવાજ છે તે ફકત દેખાદેખી, બીજી કોમના રિવાજથી પડી ગયો છે. ન્યાઝમાં નાળિયેર જ તોડવો તેની શરીઅતમાં મહત્વતા નથી પણ નાળિયેર હલાલ ફળ છે તે કોઈ ખવડાવે તો જાઈઝ છે. (ફતાવા-એ-આલમગીરી, ફતાવા-એ-રઝવીયા)

સવાલ : ૨ એક જગ્યાએ એક વલીયાહ બીબીની કબર શરીફ છે ત્યાં ઘણી ઔરતો ફાતેહા પઢવા માટે જાય છે કહે છે કે ઔરતની કબર ઉપર ઔરતોને જવામાં શું વાંધો છે ?

જવાબ : ૨ ઔરતોને આમ કબ્રસ્તાન તેમજ મઝારાત (મઝારો-દરગાહો) ઉપર જવા માટે એહલે સુન્નત વ જમાઅતના મસ્લકના મોઅતબર કિતાબોમાં મનાઈ આવેલ છે તેમ છતાં કબર એકલી જ કોઈ વલીયાહ બીબી સાહેબાની હોય અને ત્યાં ઔરતો

ઝીયારત માટે જાય તેમાં શરઈ પરદો ન તૂટતો હોય તેમજ શરઈ રૂકાવટોનું ઉલ્લંઘન ન થતું હોય તેવી બધી શરઈ પાબંદીઓને મદ્દે નજર રાખી તેવી રીતે ઔરતોને ઝીયારત માટે રજા છે.

સવાલ : 3 ઘણી જગ્યાએ એવો રિવાજ છે કે મૈયતની સાથે કબ્રમાં અહદનામા રાખવામાં આવે છે. કહે છે કે જેની કબ્રમાં અહદનામો રાખવામાં આવે છે તેને અઝાબ થતો નથી. શું આ વાત સાચી હશે કે ખોટી ?

જવાબ : 3 અહદનામા કબ્રમાં મૈયત સાથે રાખવો કોઈ શરઈ જરૂરત નથી અને તે ન રાખવાથી કોઈ મૈયતનો દફન કફનનો અરકાન અધૂરો રહે છે તેમ નથી પણ અહદનામા કે દુઆ કે તબર્રુકાતે મુબારકા મૈયત સાથે રાખવો જાઈઝ છે ઉમ્મીદ છે કે તેની બરકતથી અઝાબે કબ્રમાં કમી થાય.

સવાલ : ૪ કોઈ પીર યા વલીની મીન્નત માનવી જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૪ કોઈ પીર યા વલીની મીન્નત જે કહેવામાં આવે છે તેને મીન્નતે ઉર્ફી કહે છે તેનો મૂળ અર્થ એ છે કે પીર યા વલી સાથે અથવા તેની મઝાર ઉપર તેની રૂહના સવાબ અર્થે વાયદો કરવો છે તો તે જાઈઝ છે, બાઈસે બરકત (બરકતનું કારણ) વ કુરબત છે.

સવાલ : ૫ દુનિયામાં એવો વલી હોય છે કે જેને રોઝા અને નમાઝ માફ હોય ?

જવાબ : ૫ બિલકુલ દિવાનો અને પાગલ હોય જે વલીને મજઝુબ કહેવાય છે કે જેને દુનિયાની, ખાવા-પીવાની, ઠંડી-ગરમી,

નફો-નુકસાન, દોસ્ત-અઝીઝની કાંઈ પણ સમજ ન હોય, આવા દિવાના વલી મજઝુબ વલી ઉપર શરીઅતના બધા કાનૂનો માફ છે. રોઝા નમાઝ તેના ઉપર નથી બાકી તે સિવાય બધા ઉપર નમાઝ, રોઝા, અહકામે શરીઅત ફર્ઝ છે.

સવાલ : ૬ શું જીન્નાત ઈન્સાનના શરીરમાં પ્રવેશ કરી શકે છે ?

જવાબ : ૬ જી હા, જીન્નાત ઈન્સાનના શરીરમાં પ્રવેશ કરી, જોવું, બોલવું, સાંભળવું, ચાલવું, પકડવું, ખાવું, પીવું બધા અફઆલ (બધા જ કામો) ઈન્સાનના અવયવો વડે કરી શકે છે.

સવાલ : ૭ કહે છે કે અમ્બીયા-એ-કિરામ સુઈ જતા હતા તો પણ તેમનો વુઝૂ તુટતો ન હતો, તો આ વાત ખરી છે ?

જવાબ : ૭ આ વાત તદ્દન ખરી અને સાચી હકીકત છે અને આ વાત અકીદામાં દાખલ છે કે અમ્બીયા-એ-કિરામની નિંદ્રા વુઝૂને તોડતી નથી. (બહારે શરીઅત)

સવાલ : ૮ મૈયતને દુનિયામાંથી તેના અઝીઝ, દોસ્ત અને સગા વહાલાઓ જે હયાત છે તે મઝકુર મૈયતને કંઈ ફાયદો પહોંચાડી શકે કે નહિ ?

જવાબ : ૮ હા, નમાઝ, રોઝા, ખૈરાત, તિલાવતે કુરઆન, દુઆ, ઈસ્તગફાર, ઝિકરૂલ્લાહ, સદકાતથી મૈયતને ઈસાલે સવાબ કરી ફાયદો પહોંચાડી શકે છે.

સવાલ : ૯ ઘણી જગ્યાએ જોવામાં આવે છે કે કોઈને ઈમામ હુસેન, કોઈને ગૌસ પાક, કોઈને હાજીપીર, કોઈને બીજા અવલીયાઓના હાલ આવે છે અને બીજા માણસો તેના પાસે

પોતાની મુરાદો માંગે છે આ બાબતમાં શરીઅતનો ફેસલો શું છે ?

જવાબ : ૯ આ હાલ જે આવે છે તે ફરેબ અને ધતીંગ છે, કોઈ નબી, ઈમામ કે વલી કોઈના શરીરમાં પ્રવેશ કરે અને હાલ આવે એ વાત મઝહબે ઈસ્લામમાં તેને માન્ય રાખેલ નથી. માટે તેમ કરવું ઈમામો અને અવલીયા-એ-કિરામોની તૌહીન અને બેઅદબી છે જેનાથી મુસલમાનોને પરહેઝ કરવી જોઈએ. (બચવું જોઈએ.)

સવાલ : ૧૦ શું કબ્રમા મુન્કર નકીરના સવાલ જવાબ શહીદ અને મુશ્રિકોનાં નાના બચ્ચાઓ તેમજ મુસલમાનોના નાના બચ્ચાઓ બધાથી કરવામાં આવે છે ?

જવાબ : ૧૦ કબ્રમાં સવાલ નાબાલિગોથી થતા નથી. (એટલે કે બાળકોથી સવાલ કરવામાં આવતા નથી.) કાફિર, મોમીન, શહીદ, વલી દરેક સાથે કબ્રમાં સવાલ થાયછે. નાબાલિગોથી સવાલ થશે નહીં.

સવાલ : ૧૧ મોમીન અને મુસલમાન એ બંનેમાં શું ફરક છે ? અને આપણે જાણી શકીએ કે નહિં કે કોણ મુસલમાન અને કોણ મોમીન છે તેની ઓળખ કેવી રીતે થઈ શકે ?

જવાબ : ૧૧ જેણે લાઈલાહા ઈલ્લલ્લાહો મોહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો કલમો પઢી તેને દિલથી સાચું માની લીધો તે મુસલમાન છે. કુરઆન શરીફમાં જે જે અહકામો (હુકમો) ખુદા તઆલાએ બયાન કરેલ છે જે કુરઆને શરીફમાં ઝિક્ર આવેલ છે અને રસૂલે પાક

સલ્લલ્લાહો અલયહે વસલ્લમે દીનના જે ફરમાનો સાદર કર્યા છે તે બધા ઉપર સાચા દિલથી યકીન રાખે અને બધાને સાચું માને તે મોમીન છે અને નમાઝ રોઝા, ઝકાત, હજ્જ અને સુન્નતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જાહેરી પાબંદી સાથે અમલ કરે તે મુસલમાન છે.

સવાલ : ૧૨ અલ્લાહ તબારક વ તઆલાને અલ્લાહમીયાં કહેવું કેવું છે ? ઘણાં માણસો અલ્લાહમીયાં કહે છે.

જવાબ : ૧૨ અલ્લાહ તઆલાની શાનથી આ લફઝ નીચો છે આ વાક્ય અલ્લાહ તઆલાની શાનને લાયક નથી. માટે અલ્લાહમીયાં કહેવાથી બેઅદબી થશે. અલ્લાહમીયાં કહેવું મનાઈ છે.

સવાલ : ૧૩ જો કોઈ સૈયદનો દિકરો મદ્રેસામાં પઢતો હોય અને સબક બરાબર યાદ ન કરતો હોય, તો શું ઉસ્તાદ તેને બીજા છોકરાઓની જેમ મારકૂટ કરી શકે કે નહિ ?

જવાબ : ૧૩ જરૂર તેને તમ્બીહ, નસીહત અને ઈલાજ તરીકે મારપીટ થઈ શકે. અસલમાં સૈયદના દિકરાને પઢાવવા કે બૂરી ટેવો છોડાવવા મારપીટ કરવાથી તેની તૌહીન કે બેઅદબી થતી નથી બલ્કે ઈઝઝત વ તવકીર છે છતાં એવી નિય્યત કરે કે આકાના કપડા ઉપરની લાગેલ રજ (માટી) ઝાડું છું. (સાફ કરી રહ્યો છું.)

સવાલ : ૧૪ કહે છે કે હશ્રના મેદાનમાં જાનવરોનો પણ હિસાબ કિતાબ લેવાશે તો પછી જાનવરો પણ જન્નત દોઝખમાં જશે કે શું ?

જવાબ : ૧૪ ના, જે જાનવરોએ એક બીજાને સતાવેલ હશે તે પોતપોતામાં બદલો લેશે અને જે જાનવરોને માણસોએ સતાવેલ હશે તે જાનવરો માણસો પાસેથી બદલો લેશે. પછી બધા જાનવરો ખુદાના હુકમથી હશ્રના મેદાનમાં માટી બનાવી દેવામાં આવશે.

સવાલ : ૧૫ મહશરનો દિવસ પચાસ હજાર વરસનો હશે તો તેમાં નમાઝો કેવી રીતે અદા થશે ?

જવાબ : ૧૫ તે દિવસ જે પચાસ હજાર વરસનો હશે તે મહશરનો દિવસ હશે. તેમાં નમાઝ રોઝા રહેશે નહિં. તે તો દુનિયામાં હતા. આ દિવસમાં દુનિયાની ઝિન્દગીના અમલોનો હિસાબ આપવાનો છે. આ દિવસ રોઝે જઝા છે.

સવાલ : ૧૬ મુશ્રિકોના જે ના-બાલિગ નાના બાળકો મરી જાય છે એમના વિશે કુરઆન અને હદીસમાં શો હુકમ છે ? એમના માટે કઈ જગ્યા નક્કી કરવામાં આવી છે ?

જવાબ : ૧૬ અહાદીસે કરીમાની શરહ લખવાવાળાની કિતાબોમાં જુદા જુદા જવાબ જોવા મળે છે. કેટલીક સમજુતીઓ એમ લખે છે કે તે બાળકો તેમનાં મા-બાપ જોડે હશે.

સવાલ : ૧૭ ઘણું કરીને માણસો એવી મિન્નત માને છે કે અમૂક પીરના મઝાર પર પગે ચાલીને જઈશ, સવારીની સુવિધા હોવા છતાં પગે ચાલીને જાય છે તો શું એવી મિન્નત માનવી જાઈઝ છે ? અને પગે ચાલીને જવાથી જે સવાબ મળશે તે સવારીનો ઉપયોગ કરવાથી નહિં મળે એ વાત સાચી છે ? જો આપ જવાબ આપશો કે બંનેને સરખો જ સવાબ મળશે તો ઘણાં બુઝુર્ગાને

દીનનો ઈતિહાસ એમ બતાવે છેકે સવારી હોવા છતાં તેઓ હજ્જે બયતુલ્લાહ માટે પગે ચાલીને જતા હતા. શું એ વાત સાચી છે ? હવાલા સાથે જવાબ આપશો ?

જવાબ : ૧૭ જો કોઈ મુસલમાન મોઅતકીદ કોઈ વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે જાય અને તેને કોઈ મુશ્કેલી ન પડે અને કોઈ ફર્ઝ અદા કરવામાં ચૂક ન થાય તો અલ્લાહના વલીઓની ઝિયારત માટે પગે ચાલીને જવાની મનાઈ નથી. છતાં સવારીની સગવડ હોવા છતાં આવી માનતા માનવી યોગ્ય નથી. કાબતુલ્લાહના હજ્જ માટે અથવા ઉમરા માટે પગે ચાલીને જવાની અનેક વિગતો બેશક કિતાબોમાં છે, પણ કોઈ માણસ પગે ચાલી ન શકતો હોય અને કાર (મોટર)માં જઈ શકતો હોય તો કઅબતુલ્લાહની ઝિયારત માટે પણ પગે ચાલીને જવાની મનાઈ છે નહિંતર જાઈઝ છે.

હજ્જતુલ વિદાઅના પ્રસંગે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જોયું કે એક માણસ બે માણસોના ટેકાથી પગ ઘસડતો ઘસડતો કઅબતુલ્લાહના હજ્જ માટે જઈ રહ્યો હતો. હુઝૂરે પૂછયું કે, તે આ રીતે કેમ જઈ રહ્યો છે ? તો જવાબ મળ્યો કે, તેણે આ રીતે માનતા માની છે. આપે ફરમાવ્યું કે, એને કહો કે સવાર થઈને જાય. અલ્લાહને આવી માનતાની જરૂર નથી. (સહી બુખારી શરીફ-કિતાબુલ હજ્જ)

સવાલ : ૧૮ અવલિયા પર શૈતાનનો કાબૂ ચાલે છે કે કેમ ? અને અવલિયાને એહતલામ થાય છે કેમ ?

જવાબ : ૧૮ અવલિયાએ કિરામ મહફૂઝ છે પણ મઅસુમ

નથી તેમનાથી ગુનાહ થવાની પણ શકયતા છે. પણ અલ્લાહના દોસ્તોને મહફૂઝ જોવામાં આવે છે. શૈતાન તેમને ફરેબ આપે છે અને વિલાયતના મરતબા પરથી પાડવાનો પણ પ્રયત્ન કરે છે. પણ અવલિયા અલ્લાહ પર શૈતાન કાબૂ મેળવી શકતો નથી અને તેમના પર તેનું જોર ચાલતું નથી. અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે (ઈન્ન ઈબાદી-લયસા-લક-અલયહિમ-મિન સુલતાન) અને મારા ખાસ બંદાઓ પર તારૂં જોર ચાલશે નહિં અને શૈતાને પણ કબૂલ કર્યું કે, **"વ-લ ઉગ્વિયન્નહુમ અજમઈન ઈલ્લા ઈબાદક-મિનહોમુલ-મુખલેસીન"** એટલે કે તારા બધા બંદાઓને હું ગુમરાહ કરીશ. પણ તારા મુખલિસ બંદાઓ પર મારૂં જોર ચાલશે નહિં. તો અવલિયાએ કિરામ પર શૈતાન કાબૂ મેળવી શકશે નહિં. પણ કયારેક કયારેક શૈતાનના ફરેબમાં આવી કોઈ ગુનાહમાં સપડાય છે. પણ તરત જ સાવધ થઈ જાય છે. રડે છે તૌબા કરે છે અને એટલી હદ સુધી રડે છે કે તેની શાનમાં તેમના મરતબા વધુ ઊંચા કરવામાં આવે છે અવલિયા અલ્લાહને એહતલામ થાય છે પણ ગરમીને કારણે અથવા હૈબતના કારણે, બુરા વિચારોને કારણે નહિં.

<u>સવાલ : ૧૯</u> મુર્શિદનો ખરો અર્થ શો છે ? હવાલા સાથે જવાબ આપો.

<u>જવાબ : ૧૯</u> મુર્શિદનો અર્થ છે અલ્લાહ જલ્લઉલા અને રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફરમાન અને હુકમો પર ચાલવાવાળો અને રઝા-એ-ખુદાવંદી તેમજ રઝા-એ-મુસ્તફા સુધી પોતાના મુરીદને પહોંચાડવાવાળો, અસલમાં બયઅતે ઈસ્લામ જે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે

વસલ્લમ લેતા હતા અને ત્યારબાદ સહાબા-એ-કિરામ લેતા હતા. તેવી જ આ બયઅત બુરાઈઓ છોડવા અને નેકીઓ કરવા માટે હોય છે. (સીરતે ગૌસુલ આઝમ)

સવાલ : ૨૦ પોતાનું મકાન મસ્જીદથી ઊંચું બનાવવું જાઈઝ છે કેમ ?

જવાબ : ૨૦ એની મનાઈ નથી પણ ઉલ્મા-એ-કિરામ તેની સમજ આ પ્રમાણે આપે છે કે જો શહેરમાં એક મસ્જીદના મિનારા બુલંદ બનાવવામાં આવે તો તે પછી વાંધો નથી. કારણ કે ખુદાના ઘરથી પોતાનું ઘર ઊંચું બનાવવું મોમીન માટે અદબ વિરોધી બાબત છે.

સવાલ : ૨૧ જ્યારે કુરઆન અને હદીસ એક છે તો પછી મઝહબના ચાર ઈમામો પોતાના વિચારો જુદા જુદા કેમ રજૂ કરે છે ?

જવાબ : ૨૧ ચાર ઈમામો પોતાના વિચારો જુદા જુદા રજૂ નથી કરતા. કુરઆન અને અહાદી-સે-કરીમાથી દીને ઈસ્લામના ફર્ઝો અને અરકાનમાં સહમત છે. નમાઝ પાંચ વખત ફર્ઝ, માહે રમઝાનના રોઝા ફર્ઝ છે એ ચારેય મઝહબો એક મત થઈને કહે છે. શરાબ, ચોરી, ઝિના ચારે મઝહબ હરામ બતાવે છે. એનો અર્થ એ કે મૂળ બાબતમાં બધા એક મત છે. પણ ગૌણ બાબતોમાં એક મત નથી, એટલે કે વાજિબ, સુન્નત, મુસ્તહબ અને મકરૂહ હોવામાં વિચારો માત્ર આ ચાર ઈમામોમાં જ છે. એવું નથી બલ્કે સહાબા-એ-કિરામમાં પણ જોવા મળે છે. દા.ત. નબી-એ-કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ નમાઝમાં તકબીરે

તહરીમા પછી દરેક રૂકૂઅ અને સજદામાં જતી વખતે રફએ યદૈન પહેલાં કરતા હતા અને એ જ પ્રમાણે કેટલાક સહાબા-એ-કિરામે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે નમાઝ પઢી તેઓ દીની કામ અર્થે દૂર દૂરના દેશોમાં ચાલ્યા ગયા અને ત્યાં જ એ જ રીતે નમાઝ પઢી અને એ જ રીતે પ્રમાણે ત્યાંના મુસલમાનોને નમાઝની તાલીમ આપી.

પણ નબી-એ-કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાની આખરી ઉમરમાં જે નમાઝો પઢી એટલે કે પરદો ફરમાવ્યાના સમય સુધી નમાઝ પઢી ત્યારે આપે રફએ યદૈન છોડી દીધો. હવે આ સુરતમાં જે સહાબા-એ કિરામે મુસલમાન થઈને નમાઝ પઢી તેમણે જોયું કે, આપ રફએ યદૈન નથી કરતા. તો એ લોકો એ જ પ્રમાણે નમાઝ પઢતા અને મુસલમાનોને શીખવતા રહ્યા. આ બંને પ્રકારના સહાબા-એ-કિરામ પાસેથી નમાઝોને લગતી હદીસો સાંભળવા જુદાપણું હોવું સ્વાભાવિક છે. આ લોકો વડે જ ઈમામો સુધી હદીસો પહોંચી તો ઈમામોએ ગૌણ બાબતોમાં તેમના સુધી પહોંચેલી હદીસોના આધારે પોતાનો અલગ માર્ગ અપનાવ્યો. આ જ કારણ છે કે વિરોધાભાસ હોવા છતાં ચારે ઈમામો અને ચારે મઝહબ હક પર છે. (જાઅલ હક્ક, ભાગ-૧)

<u>સવાલ : ૨૨</u> ઘણે ઠેકાણે એવું જોવા મળે છે કે, મોહર્રમ મહિનાની ૧૦મી તારીખ પછી ઈમામે આલી મકામ હઝરત હુસેન રદિયલ્લાહો અન્હોનું માતમ એક અનોખી રીતથી મનાવવામાં આવે છે. માતમ એવી રીતે થાય છે કે આગ સળગાવવામાં આવે છે જે લાકડા સળગીને અંગારા બની જાય છે

ત્યારે તેના પર ખુલ્લા પગે યા હુસૈનનો નારો લગાવીને લોકો ચાલે છે આ રીતે માતમ કરવો એહલે સુન્નત વ જમાઅત માટે શો હુકમ છે ? જાઈઝ છે કે નહિં ?

<u>જવાબ : ૨૨</u> આપે સવાલમાં માતમની વિગતો આપી છે તે જાહિલોની ખુરાફાત (અજ્ઞાનીઓએ બનાવી રાખેલી વાતો) અને ખિલાફે શરઅ (શરીઅત વિરૂદ્ધ) એક બેકાર હરકત છે અને એ શહીદે કરબલા ઈમામે આલી મકામ હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી રદિયલ્લાહો અન્હોમા પ્રત્યે મહોબ્બતના નામ પર જે માતમ દેખાડે છે તે મહોબ્બતની સાબિતી નથી. એહલે સુન્નતના મત પ્રમાણે દરેક પ્રકારનો માતમ નાજાઈઝ, હરામ અને ગેરશરઈ (શરીઅતે મનાઈ ફરમાવેલ) છે તેથી તેનાથી બચવું જોઈએ.

હઝરત ઈમામ હુસૈન અને બીજા કરબલાના શહીદો અને એહલે બયતે અતહારની મહોબ્બતમાં ઈસાલે સવાબ માટે નવાફિલો, રોઝા, સદકા, ભોજન ખવડાવવું જોઈએ, ખતમે કુરઆન ગરીબો મિસ્કીનોની મદદ કરવી એ બધા સારા કામો છે એમ કરીને સવાબ પહોંચાડે.... આ છે આપણા એહલે સુન્નત વ જમાઅતના આલિમોનો ફેંસલો અને શરઈ જવાબ. (બહારે શરીઅત)

<u>સવાલ : ૨૩</u> અલ્લાહ તઆલાએ સૂર-એ-બની ઈસરાઈલમાં ફરમાવ્યું છે કે, **"વલા તઝેરો વાઝેરતુન વિઝરા ઉખરા"** અર્થાત કોઈ બોજ ઉપાડનાર બીજાનો બોજ ઉપાડે નહિં તો પછી મૃત્યુ ટાણે જીવતા રડે તો તે તેનાથી મરેલાને અઝાબ

કેમ થાય છે ? આ રડવું પણ બીજાની પ્રવૃત્તિ છે.

જવાબ : ૨૩ સૂર-એ-બની ઈસરાઈલમાં ખુદા પાકે જે ફરમાવ્યું છે તે ન્યાય અને ઈન્સાફ છે. હવે જે તમે પૂછો છો કે બીજાના રડવાથી મરેલાને અઝાબ કેમ થાય છે તો એ ઈસ્લામનો અકીદો નથી કે જીવતા રડે તો મરેલાને અઝાબ થશે. આ એક ભૂલ છે. હદીસ શરીફમાં આવ્યું છે કે એક યહુદીની કબર ઉપર રડવાવાળા રડતા હતા. હુઝૂર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ત્યાંથી પસાર થયા તો આપે પૂછયું આ શું થઈ રહ્યું છે. કોઈએ કહ્યું કે, યહુદી ઔરતની કબર ઉપર આ તે ઔરત માટે રડે છે તો આપે ફરમાવ્યું કે, કબરવાળીને અઝાબ આપવામાં આવે છે અને એ તેના માટે રડે છે, મઝકુર હદીસ ઉપરથી કેટલાક આલિમોની ગેરસમજ થઈ કે કદાચ તેના રડવાથી યહુદી ઔરત ઉપર અઝાબ થાય છે.

આ હદીસની સમજ આપવાવાળા એમ સમજાવે છે કે, હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફરમાનનો અર્થ એ હતો કે યહુદી ઔરત પોતાના કુફ અથવા ખોટા કામોને કારણે કબરના અઝાબમાં ફસાયેલી છે અને આ બેખબર એની કબર પર એની મહોબ્બત અથવા મહાનતાને કારણે રડે છે તો કોઈ જીવતાના રડવાથી મરેલાને અઝાબ થતો નથી.

સવાલ : ૨૪ કુરઆન શરીફમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ કે જે એની રાહમાં મર્યો જાય છે તે શહીદ હોય છે તેને મુરદા ન કહો તે જીવતો છે. તો પછી આ જીવતાની ઔરતો બીજો નિકાહ કેમ કરે છે ?

જવાબ : ૨૪ જે અલ્લાહની રાહમાં શહીદ થાય છે તેમને મુરદા ન કહો તે જીવતો છે પણ તેમના જીવનનો એહસાસ અને જીવવાની સમજ તમને નથી. આયાતે કરીમામાં આ પ્રમાણે ઈર્શાદ છે. એના પરથી સાબિત થાય છે કે તે જીવતો છે પણ ઝિન્દગી એવી ઝિન્દગી નથી જેને તમે મહસૂસ કરી શકો. એ જ કારણથી તેમની સ્ત્રીઓ (પત્ની) વિધવા ગણવામાં આવશે. તેની ઝિન્દગીનો ભાસ ન રહ્યો તો તેમની સ્ત્રીઓ બીજા નિકાહ, ઈદ્દત બાદ કરી શકે છે.

સવાલ : ૨૫ કહેવાય છે કે ઘણાં વલીઅલ્લાહના મઝાર પર પગે ચાલીને જવાથી ચોથાઈ હજ્જનો સવાબ મળે છે અને એવા વલીઅલ્લાહનો મઝાર આપણા વતન કચ્છમાં પણ છે કે કેમ ?

જવાબ : ૨૫ વલીઅલ્લાહના મઝારની ઝિયારત માટે અદબ, માન માટે તન્દુરસ્ત મર્દ જો પગે ચાલીને જાય અને તેથી તેની નમાઝો કઝા ન થાય અને ખિલાફે શરઅ (શરીઅત વિરૂદ્ધની) કોઈ હરકત અને કામ ન થાય તો અદબ ને કારણે સવાબ છે. પણ ચોથાઈ હજનો સવાબ એ બિલ્કુલ જહાલત (અજ્ઞાનતા) અને ખોટી વાત છે. શરીઅતમાં એની સાબિતી કયાંય પણ નથી.

સવાલ : ૨૬ વલીઅલ્લાહ અથવા મા-બાપ અથવા ઉસ્તાદ અથવા મુર્શિદ અથવા કોઈ આલિમે દીનની કબરને બોસા દેવા વિશે શો હુકમ છે ?

જવાબ : ૨૬ વલીઅલ્લાહ અથવા મા-બાપ, મુર્શિદ ઉસ્તાદ

વગેરેની કબ્રને અદબથી બોસા દેવાની મનાઈ નથી. પણ અવામને એની મનાઈ છે કારણ કે સમજ ન હોવાને કારણે સજદહ જેવું થઈ જશે તેથી જો સમજદાર અને ઈલ્મવાળાએ પણ બોસો દેવાની ઈચ્છા હોય તો સામાન્ય લોકોની હાજરીમાં બોસા ન દેવા જોઈએ. માત્ર અદબથી ઉભો રહી હાથ બાંધી થોડા અંતરે ઉભો રહી સલામ પેશ કરે અને ઈસાલે સવાબ કરે.

સવાલ : ૨૭ કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મોટા મોટા ઈલ્કાબોથી (માન વાચક શબ્દોથી) પુકારેલ છે તો પછી સૂરએ બની ઈસરાઈલમાં પોતાનો બંદો કહે છે એનું કારણ શું હશે ?

જવાબ : ૨૭ ફકત સૂરએ બની ઈસરાઈલમાં જ નહિં પણ કુરઆને મજીદમાં ઘણી જગ્યાએ ખુદાપાકે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બંદા તરીકે વર્ણવ્યો છે. સૂરએ બની ઈસરાઈલમાં જે બેઅબ્દેહીનો લફઝ છે તે બધા ઈલ્કાબોથી પણ ઊંચો તેમજ આઅલા છે. કારણ કે હુઝૂર જમીન પરથી અર્શે આઝમની બુલંદીઓ ઉપર અલ્લાહની હુઝૂરમાં જઈ રહ્યા છે તો તે બંદા થઈને જઈ રહ્યા હતા. જમીનથી બારગાહે ખુદાવંદીમાં શહેનશાહ સરદાર થઈ જવું એ બારગાહે કિબ્રિયાઈની બે-અદબી ગણાય જેથી અહિં અબ્દ ફરમાવવામાં આવ્યું.

સવાલ : ૨૮ સૂરજ ગ્રહણ અને ચંદ્ર ગ્રહણ થાય છે તેનો કુરઆન અને હદીસમાં શું ઉલ્લેખ છે ?

જવાબ : ૨૮ હઝરતે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ફરઝંદ હઝરતે ઈબ્રાહીમ રદિયલ્લાહો અન્હો નાની

ઉંમરમાં મદીના શરીફમાં ઈન્તેકાલ કરી ગયા તે જ દિવસે સૂરજ ગ્રહણ થયું હતું. માણસોમાં વાતચીત પ્રસરી કે હઝરતે ઈબ્રાહીમની રહેલતના (ઈન્તેકાલ-મરણને) કારણે સૂરજને ગ્રહણ લાગેલ છે. આ ખબર જ્યારે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પડી ત્યારે આપે ખુત્બો આપ્યો અને ફરમાવ્યું કે, સૂરજ અને ચાંદ ખુદાની કુદરતની નિશાની છે. કોઈના મોત કે જન્મથી તેને ગ્રહણ લાગતું નથી. ખુદાની કુદરત છે. આટલો જ ઉલ્લેખ કુરઆન અને હદીસનો છે.

સવાલ : ૨૯ હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મેઅરાજ મક્કા શરીફમાં થઈ મદીના શરીફમાં શા માટે થઈ નહિં તેમજ રાતના સમયે થઈ દિવસે કેમ થઈ નહિં ?

જવાબ : ૨૯ મક્કા શરીફમાં એટલા માટે કે આપની કુલ તબ્લીગે દીનની ઉંમર ૨૩ વર્ષ છે જેનો અડધો ૧૧॥ (સાડા અગિયાર) વર્ષ થાય છે ૪૦ વર્ષ વહી અને કુરઆન ઉતરવાની શરૂઆત થઈ તે બરાબર અડધા મંઝિલે પહોંચ્યો તો સાડા એકાવન વર્ષની ઉંમરે થાય છે તો તે ઉંમરે આપ ત્યારે મક્કામાં જ હતા. ખુદાપાક પોતાના હબીબને તબ્લીગી ઉમરની અડધી મંઝિલ ઉપર એટલો ઉરૂજ અને કમાલ બક્ષયો કે અર્શે આઝમ ઉપરે પહોંચ્યા તો બાકીની તબ્લીગી ઉંમરનો કમાલ કેટલો ? બીજું સખત વિરોધ મક્કાના કાફિરો મુશ્રિકોનો હતો જેમાં આ કમાલ ઉપરે પહોંચ્યો. જેથી આપના મોઅજીઝાની છણાવટ થાય અને રાતના એટલા માટે થયો કે મેઅરાજનો મોઅજીઝો ઈમાનનો એક મોટો ભાગ છે. ઈમાન તેને કહેવાય કે જોયા વગર ફકત રસૂલે પાકના ફરમાનથી સાચું માની લેવું. જો મેઅરાજ દિવસના થાય તો બધા

જોઈ શકત કે હુઝૂરને મેઅરાજ થઈ રહ્યા છે તો પછી આ બીના ઈમાનમાં દાખલ ન થાતી કાફિર મુશ્રિક બધા મેઅરાજનો સ્વીકાર કરી લેત. જેથી મેઅરાજ તન્હાઈમાં જ થઈ કે હુઝૂરના બયાન પર યકીન રાખી વાકેઆને સાચા માનનારા મોઅમીન કહેવાશે. (તફસીરે કબીર)

સવાલ : ૩૦ જંગલમાં એક કબર છે પણ એ કબર કોની છે તે કંઈ પણ ખબર નથી મઝકુર કબર ઉપર ફાતેહા પઢવી કે નહિં.

જવાબ : ૩૦ જો ગુમાન ગાલિબ જણાય કે મુસલમાનની જ કબર છે તો ઈસાલે સવાબ માટે ફાતેહા પઢે અને જો કાંઈ પણ ખબર પડતી નથી અને કબર પણ આમ મુસલમાનોની કબર જેવી છે તો અગર ફાતેહા પઢે તો એવી રીતે પઢે કે જો આ કબરમાં મોમીન બંદો હોય તો "અય અલ્લાહ તું તેની મગફિરત કર" નહિં તો આ રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મતના મરહૂમોને" બાકી ફાતેહા પઢવી કાંઈ ફર્ઝ તો છે નહિં તો ન પઢે.

સવાલ : ૩૧ મસ્જીદ અથવા મદ્રેસાની છત ઉપર જોડા પહેરીને જવું તેમજ ઉપર સુવું અથવા બીડી પીવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૩૧ મસ્જિદ ઉપરની છત પણ મસ્જીદના હુકમમાં છે. તેનો તેટલો જ અદબ કરવો પડશે જેટલો મસ્જિદના અંદરના ભાગનો છે નીચે ઉપર બધી મસ્જિદ જ કહેવાશે. એક સરખો અદબ કરવો પડશે બાકી મસ્જિદથી અલગ જે મદ્રેસો, મદ્રેસાન

રૂમ તરીકે છે તેમાં પણ પલીદી કે ગંદકી કરવી જોઈએ નહિં. તિલાવતે કુરઆન, દરસે હદીસ વ કુરઆનના સમયે ત્યાં સુવું કે બીડી પીવી બેઅદબી ગણાશે. પરંતુ તે સમય સિવાય મદ્રેસાના રૂમમાં કે છત ઉપર જોડા પહેરી જવું બીડી પીવી કે સુવું તેની મઝહબી રીતે રૂકાવટ નથી છતાં અદબ કરવો બહેતર છે.

સવાલ : ૩૨ ઘણાં ગામોમાં મોટા પીર કે હાજીપીર તથા અવલિયા-એ-કિરામના આસ્તાના બનાવવામાં આવેલ છે તો શું આવી રીતે ગામો ગામ આસ્તાના બનાવવામાં શરીઅતનો વાંધો ખરો ?

જવાબ : ૩૨ કોઈપણ વલીનો આસ્તાનો ત્યાં જ બને જ્યાં તે વલીઅલ્લાહ કોઈ વેળા આવેલ હોય અને કિયામ કરી (રોકાણ કરી) ઈબાદત કરેલ હોય તે જગ્યા મુતબર્રક ગણાય છે તે જગ્યાને પાક સાફ રાખવી ત્યાં નફલ પઢવા કે કુરઆનની તિલાવત કરી દુઆ માંગવી કે ઝિક્ર કે મજલીસ-મૌલુદ વગેરે નેક કામો ત્યાં કરવામાં વાંધો નથી. બાકી જો તે નામનો કોઈ વલી ત્યાં આવેલ તો નથી ફકત અમે પોતાની મરજીથી કોઈ જગ્યાને બનાવી કોઈ વલીના નામે આસ્તાનું મનસૂબ કરી લીધો તે શરીઅતમાં જાઈઝ નથી.

સવાલ : ૩૩ હઝરતે જિબ્રઈલ અલયહિસ્સલામને હુઝૂરના ઉસ્તાદ માનવું કેમ છે ?

જવાબ : ૩૩ હઝરતે જિબ્રઈલ અલયહિસ્સલામને હુઝૂરના ઉસ્તાદ માનવું કમાલે બેઅદબી (મોટી બેઅદબી) છે. હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તો અલ્લાહે

કુરઆન પઢાવ્યો છે. (અર્રહમાનો અલ્લમલ કુરઆન) ખુદા પાકે ઈલ્મ પઢાવ્યો છે, "**વ અલ્લમક્ક માલમ તકુન તઅલમ**" માટે જિબ્રઈલને હુઝૂરના ઉસ્તાદ માનવું કુરઆનના ખિલાફ ગણાશે.

સવાલ : ૩૪ કોઈ મુસલમાન મરણ પામે છે તો પછી તેના જીવતા અઝીઝ સગાઓ તેના પાછળ ચાલીસ દિવસ સુધી રોટલી અને પાણીનો લોટો સવાર સાંજ આપે છે તેનાથી મૈયતને કોઈ ફાયદો થતો હશે ? કોઈ ન આપે તો વાંધો ખરો ?

જવાબ : ૩૪ મુસલમાન મૈયતના ઈસાલે સવાબ માટે (તેમને સવાબ પહોંચે તે માટે) જો ખાણું પાણી કે કપડા જો ખૈરાત કરશે તો બેશક તેને સવાબ પહોંચશે અને તમને સવાબ થશે. જાઈઝ છે, પણ શરીઅતમાં ફર્ઝ કે વાજિબ કે જરૂરી નથી કે જે કોઈ, કોઈના ઈસાલે સવાબ માટે જો ખયરાત ન કરે તો દીનથી બહાર નીકળી જાય, તેમ નથી. બાઈસે સવાબ વ અજર છે. (ફતાવાએ રઝવીયા)

સવાલ : ૩૫ આશુરાની દસમી તારીખે કબ્રસ્તાનમાં જઈને કબરો ઉપર માટી નાખવી, સુરાણ છાંટવું, કીડીઓ માટે ખાણું નાખવું આથી મુરદાઓને કાંઈ ફાયદો થતો હશે ?

જવાબ : ૩૫ સુરાણ નાખવો ખુશબૂ છે અને માટી નાખવાથી કબરને દુરૂસ્ત કરવાનો મકસદ છે. પણ તેથી મુરદાને કાંઈ પણ ફાયદો થતો નથી પણ ઝિયારત કરવાવાળાને તેમ કરવાથી સવાબ થાશે, કીડીઓ માટે ખાણું નાખવું કોઈ શરઈ હુકમ નથી પણ અગર બીજી જગ્યાએ કીડીઓને ખાણું કોઈ આપે તો મનાઈ નથી.

સવાલ : ૩૬ કહે છે કે કાકીડો (ગિરગીટ) મારવાથી સો નેકીઓનો સવાબ મળે છે તો શું આ વાત ખરી છે તેને મારવાનું કારણ શું હશે ?

જવાબ : ૩૬ કાકીડો ઉર્દૂમાં ગિરગીટ અને અરબીમાં વઝગ કહેવામાં આવે છે. તેના માટે હદીસમાં આવેલ છે કે તેને મારી નાખો તે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની આળાહ (આગ) તેજ સળગાવવા પોતાની ફુંકોથી મદદ કરે છે. પહેલે ઘા થી મારે તેને સો નેકીઓ સવાબ મળે છે તે પણ કિતાબોમાં આવેલ છે. બીજું તો તે ઝેહરીલો જાનવર છે. પોતાનું ઝેર ફુંકોથી પ્રસારે છે. હવામાન ઝેરી બને છે તેથી તેને મારી નાખવાની તાકીદ છે.

સવાલ : ૩૭ અલ્લાહ અને રસૂલના ફરમાન અનુસાર યઝીદ (કાતીલે ઈમામ હુસૈન)ને બક્ષવામાં આવશે કે નહિ ?

જવાબ : ૩૭ હરગીઝ નહિં કારણ કે યઝીદની ઝિન્દગી ખુરાફાત વ મનહિયાતે શરીઆને આમ જાઈઝ કરાર દેવામાં (અજ્ઞાનતાની વાતો, શરીઅતે મનાઈ ફરમાવેલ વાતોને જાઈઝ અને હલાલ ઠેરવવામાં) વીતી, શરાબ ઝિના (વ્યભિચાર), જુગાર અને જુલ્મ જેવા કામો કરવામાં તેની ઝિન્દગી ગુજરી છે અને એહલે બયતે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ખાનદાન ઉપર તેણે બેગુનાહ કત્લેઆમ કરાવ્યો અને મક્કા મોઅઝઝમા તથા મદીના મુનવ્વરા ઉપર તેણે ચડાઈ કરી લડાઈ આદરી કાઅબતુલ્લાહમાં અને હરમે કાબામાં પથ્થર ફેંકયા અને આગ લગાડી વગેરે આવા બુરા કામો કરતાં કરતાં તેની મૌત થઈ જેથી તેના માટે કોઈ બક્ષીશનો ફેંસલો જોવામાં આવતો નથી.

સવાલ : ૩૮ મોટા ભાગે આ રિવાજ જોવામાં આવે છે કે

કોઈ માણસ ગુજરી જાય તો તેની ત્રીજા દિવસે ફાતેહા ખ્વાની કરવામાં આવે છે તેને ઝિયારત કહેવામાં આવે છે તે ફાતેહા પઢયા બાદ એક કપમાં થોડું તેલ હોય છે જેમાં બધા માણસો પોતાની આંગળી ડૂબાડે છે તેનું કારણ શું હશે ?

જવાબ : ૩૮ ત્રીજા દિવસે ઝિયારત અથવા ખતમ કહેવાય છે જે મૈયતના ગુજરી જવા પાછળ થાય છે. તેમાં ખતમે કુરઆન, ખતમે કુલ કરવું અફઝલ અને બહેતર છે ઝિયારતનો અર્થ એ છે કે બહારના આવેલા સગા સંબંધી કબ્રસ્તાન જઈ મરનાર મરહૂમની કબરની ઝિયારત કરે અને કંઈ પઢી તેના રૂહને ઈસાલે સવાબ કરે અને તેલનો રિવાજ અસલમાં ખુશ્બૂ હશે કે ખુશ્બૂદાર તેલમાં આંગળી નાખવાથી ખુશ્બૂ હાસિલ થાય અને દરૂદ શરીફ પઢે જેથી મરહૂમને સવાબ હાસિલ થાય એ કારણ હશે.

સવાલ : ૩૯ હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મેઅરાજમાં મક્કાથી બયતુલ મુકદ્દસ થઈને ઉપર ગયા તો સીધા ઉપર કેમ ન ગયા આમાં શું હકીકત હશે ?

જવાબ : ૩૯ (૧) એક તો એટલા માટે કે આપને ઈમામુલ કિબ્લતૈનનો મરતબો છે યાને બે કિબ્લાના ઈમામ. તો બીજો કિબ્લો બયતુલ મુકદ્દસ પણ આપના કદમ અને ત્યાંની નમાઝની બરકતથી કિબ્લો તરીકે માનીતો થાય અને તે તરફ જેટલા પયગમ્બરો અને તેની ઉમ્મતોએ નમાઝ પઢી છે તે બારગાહે ખુદાવંદીમાં મકબૂલિયતની સનદ ઉપરે પહોંચે. (૨) બીજું કારણ એ કે આવનારનું સ્વાગત (ઈસ્તકબાલ) તેના ઘરના દરવાજે ઉપર નીકળતાં જ ન થાય. જ્યાં બોલાવવામાં આવે તે સ્થળે અથવા તેથી થોડું આગળ ચાલીને, ચાર કદમ આગળ વધીને થાય તો

રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ઘર હરમે મક્કા ત્યાંથી રવાના થયા અને પહોંચવું છે અર્શે આઝમ પર. તો ત્યાં ઇસ્તકબાલ (સ્વાગત) બોલાવનાર ખુદા પાક પોતે કરશે. આસમાનો ઉપર દરેક કિસમોના મલાએકા(ફરિશ્તાઓની)ની કતારો તૈયાર છે ત્યારે બયતુલ મુકદ્દસમાં આ પાકીઝા જમાઅત નબીઓની સ્વાગત માટે મૌજુજ હતી.જેના કારણે મક્કાથી પહેલાં બયતુલ મુકદ્દસ પધાર્યા અને પછી અર્શે અઝીમ ઉપરે ગયા.

સવાલ : ૪૦ તકદીરમાં જે લખેલું છે તેમજ થશે પણ એક શાયરે કહ્યું છે કે, "નિગાહે મર્દે મોમીનસે બદલ જાતી હૈ તકદીરે" તો શું તકદીરમાં લખેલું પણ બદલી શકે ખરૂં ?

જવાબ : ૪૦ તકદીરના બે પ્રકાર છે : (૧) તકદીરે મોઅલ્લક જે કોઈની દુઆથી, વલીઅલ્લાહની નિગાહથી, ખૈરાતો સદકાતથી બદલી શકે છે અને (૨) તકદીરે મુબ્રમ બીજા પ્રકારની તકદીર છે જે બદલી શકતી નથી. કુરઆને પાકમાં છે કે **"યમ હુલ્લાહુ મા યશાઓ વ યુસ્બેતો વ ઇન્દહૂ ઉમ્મુલ કિતાબ."** એટલે ખુદા ઇચ્છે તે લખેલું મીટાવી દે અને ઇચ્છે તે લખેલું કાયમ રાખે.

સવાલ : ૪૧ નઝર લાગવાનો અકીદો કેવો છે ? શું નઝર લાગે છે ખરી ? શરીઅતનો ફેંસલો શું છે ?

જવાબ : ૪૧ શરીઅત નઝર લાગવાને માને છે અને નઝરે બદ (બુરી નજર) સંબંધી હદીસોમાં તેનું વર્ણન આવ્યું છે **"અલ અયનો હક્કુન"** ફરમાને મુસ્તફા છે યાને નઝરનું લાગવું હક્ક છે અને તેના ઉતારવાના ઈલાઝ પણ બતાવવામાં આવેલ છે.

સવાલ : ૪૨ જો કોઈ માણસ બાવુઝુ (એટલે કે વુઝૂ કરેલ વ્યક્તિ) પોતાની અથવા બીજાની શર્મગાહ (ગુપ્તાંગ)ને જુએ અથવા સ્પર્શે તો શું એમ કરવાથી એનો વુઝૂ તુટી જાય છે ?

જવાબ : ૪૨ શર્મગાહને જોવા અને સ્પર્શવાથી વુઝૂ તુટતો નથી. ભલે પોતાની હોય કે બીજાની, પણ જો શર્મગાહને અડવાથી પેશાબના માર્ગમાંથી પાણી બહાર આવી ગયું તો વુઝૂ તુટી જશે.

સવાલ : ૪૩ બે પ્યાલા મૌજુદ છે પણ એક પ્યાલામાં કૂતરાએ મોઢું નાખી દીધું અને કયા પ્યાલામાં તેણે મોઢું નાખ્યું તે નક્કી કરી શકાતું નથી તો વુઝૂ માટે કયા પ્યાલાના પાણીનો ઉપયોગ કરી શકાશે. અથવા પાણી મોજુદ છે છતાં તયમ્મુમ કરવું પડશે ? શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૪૩ અગર કોઈ બીજે કયાં પાણી નથી તો બંને પ્યાલાની ચોકસાઈ કરે કયા પ્યાલામાં કૂતરાએ મોઢું નથી નાખ્યું એ વાત પર જ્યારે દિલ ઠહરે ત્યારે તેનાથી વુઝૂ કરી લે અને પછી તયમ્મુમ કરે કારણ કે એ પાણી શકવાળું (મશકુક) કહેવાશે. (બહારે શરીઅત)

સવાલ : ૪૪ વુઝૂ કરીને કોઈ સ્ત્રી પોતાનાં બાળકને ધાવણ ધવરાવે તો તેનો વુઝૂ તુટી જશે કે નહિં.

જવાબ : ૪૪ વુઝૂ કરેલી ઔરત પોતાના બાળક અથવા બીજાના બાળકને ધાવણ ધવરાવે તો તેથી તેનો વુઝૂ તૂટશે નહિં.

સવાલ : ૪૫ ઇસ્તીન્જાની તહારત કર્યા પછી (પાણીથી પાકી કરી લિધા પછી) વધેલા પાણીથી વુઝૂ કરવું કેમ છે તેમજ

વુઝૂના વધેલા પાણીથી ઇસ્તીંજા કરવું કેમ છે ?

જવાબ : ૪૫ બંને સુરતો જાઈઝ છે ફકત એક જ વાત ધ્યાનમાં લેવાની છે કે તે જ વાસણના પાણીમાં નાપાક થયેલ પાણીના છાંટા પડયા હોય નહિં, નહિં તો નાજાઈઝ છે.

સવાલ : ૪૬ એક માણસ વુઝૂ કરીને નમાઝ પઢે છે પણ રૂકૂઅ અને સજદા કરે છે ત્યારે તેના પેશાબના ટીપાં સરે છે તો આ માણસ ઇમામતને લાયક છે કે નહિં ?

જવાબ : ૪૬ આવો માણસ માઅઝુર છે તેની ઇમામત જાઈઝ નથી હાં, તે તેના જેવા જ માઅઝુરોની ઇમામત કરી શકે છે. તેઓ પોતે દરેક નમાઝના સમયે નવો વુઝૂ બનાવીને નમાઝ પઢે.

સવાલ : ૪૭ એક ઔરતને જનાબતનો ગુસલ કરવાનો હતો (એટલે કે તે ઔરત નાપાકીની હાલતમાં હતી અને તેના ઉપર નહાવું ફર્જ થઈ ગયું હતું-હવે તે નહાવાની જ હતી) અને તેને હયઝ (માસિક સ્ત્રાવ) શરૂ થઈ ગયો તો હવે મઝકુર ઔરતને જનાબતનો ગુસલ હમણાં કરવું પડશે કે હયઝ (માસિક સ્ત્રાવ)થી પાક થાય ત્યારે ?

જવાબ : ૪૭ મઝકુર ઔરત હાએઝા થઈ જતાં હવે નાપાક જ છે. માટે જ્યારે હયઝ (એટલે કે માસિક સ્ત્રાવની મુદ્દત) પુરી થાય ત્યારે ગુસલ કરી લે, જેથી બંને નાપાકીઓથી પાક થઈ જશે. ચાલુ હયઝ દરમ્યાન જનાબતનો ગુસલ કરવાની જરૂર નથી.

સવાલ : ૪૮ એક માણસે સવારના જનાબતનો ગુસલ

કર્યો (જે ગુસલ કરવું ફર્ઝ હતું તે ગુસલ કર્યો) અને ફજરની નમાઝ પઢી લીધી. નમાઝ બાદ તેને પેશાબમાં મની નીકળી તો તેની પઢેલી મઝકુર ફઝરની નમાઝ થઈ કે નહિં ? હવે તેને બીજીવાર ગુસલ કરવો પડશે કે કેમ ?

જવાબ : ૪૮ જનાબતના ગુસલ કર્યા પછી નમાઝ પઢી લીધી તે નમાઝ થઈ ગઈ તે પછી પેશાબની જગ્યાએથી નીકળેલ તે-મની નથી પણ મઝી છે તેનાથી વુઝૂ તૂટી જશે પણ ફરીથી ગુસલ કરવાની જરૂર નથી.

સવાલ : ૪૯ સંડાસ પેશાબ કરતી વખતે દાતણ કરવું કેમ છે મનાઈ તો નથી ને ?

જવાબ : ૪૯ દાતણ (મિસ્વાક) કરવું સુન્નત છે તો પેશાબ, પાખાના કરતી વખતે દાતણ કરવું બેઅદબી અને ખિલાફે સુન્નત (સુન્નત વિરૂદ્ધ) છે.

સવાલ : ૫૦ એક સ્ત્રી મદ્રેસો પઢાવે છે તો શું હયઝ (માસિક સ્ત્રાવના દિવસોમાં)ની હાલતમાં પણ છોકરાઓને સબક આપી શકે છે ?

જવાબ : ૫૦ હા, હયઝની હાલતમાં પઢાવી શકે છે પણ કુરઆન શરીફ, સીપારાને હાથ અડકે નહિં અને સીધી તિલાવત (સળંગ આયતની તિલાવત) કરે નહિં. બાકી દૂરથી બેસીને એક એક બોલ અલગ અલગથી સબક આપી શકે છે.

સવાલ : ૫૧ કોઈ માણસ વુઝૂ કરીને અપશબ્દ (ગાળો) બોલે તો તેનું વુઝૂ તૂટી જશે કે નહિં ?

જવાબ : ૫૧ અપશબ્દ (ગાળો) બોલવાથી વુઝૂ તૂટતો

નથી. પણ મોમીન મુસલમાનને અપશબ્દ બોલવું જાઈઝ નથી તેમ છતાં વુઝૂ કર્યા પછી અપશબ્દ બોલવાથી વુઝૂનો ફૈઝ અને બરકત જરૂર ઓછી થઈ જાય છે.

સવાલ : ૫૨ જેને ગુસલની જરૂરત છે તેને બિસ્મીલ્લાહ પઢવું, કલ્મો પઢવો, દરૂદ શરીફ પઢવું યા સલામ કહેવું અથવા તો સલામનો જવાબ દેવો કે કોઈ મસ્અલો પુછવું, કંઈ ખાવું-પીવું આ બધા કામ ગુસલ કર્યા વિના જાઈઝ છે ?

જવાબ : ૫૨ જનાબતવાળા લોકોને (નાપાકીની હાલતમાં) ગુસલ કર્યા વિના ખાવું-પીવું મકરૂહ અને બેબરકતીનું કારણ છે પરંતુ સખ્ત ઈચ્છા હોય તો વુઝૂ કરી ખાઈ-પી શકે છે. રમઝાનમાં લગભગ વહેલી સવારે નાપાક થઈ ગયો, ગુસલ કરવા સુધીમાં સવાર થઈ જંશે અને સહેરી વખતે કંઈ ખાધા-પીધા વિના દિવસ દરમ્યાન રોઝો પૂરો કરવામાં મુશ્કેલી થશે તો પહેલાં વુઝૂ કરીને ખાઈ લે અને પછી ગુસલ (સ્નાન) કરી લે. જનાબતવાળા (નાપાકીની હાલતવાળા)ને સલામનો જવાબ આપવો, કલ્મ-એ-તૈયબ પઢવું, દરૂદ શરીફ પઢવું મનાઈ નથી. કલ્મ-એ-તૈયબની તસ્બીહ પઢતાં રહેવું બેઅદબી થશે. પરંતુ જરૂરત કે સંજોગોવસાત પઢવું મના નથી. (બહારે શરીઅત)

સવાલ : ૫૩ બકરી મરી ગઈ તો તેના સ્તનોમાં દૂધ બાકી હતું તે દૂધ પાક છે કે નાપાક ? અગર તે કપડાને લાગી જાય તો કપડા નાપાક થશે કે નહિ ?

જવાબ : ૫૩ મરી ગયેલ બકરીના સ્તનોમાંથી કાઢેલું દૂધ નાપાક છે જો કપડાં કે શરીર પર એ લાગી જશે તો એ નાપાક

થઈ જશે. પરંતુ ઝબ્હ કરેલ બકરીના સ્તનમાંથી કાઢેલું દૂધ નાપાક નહિં પાક છે. (બહારે શરીઅત)

સવાલ : ૫૪ એક માણસના બંને પગ કપાયેલા છે તે ઈસ્તીન્જા, તયમ્મુમ, વુઝૂ કરી શકતો નથી એના માટે શરીઅતનો શો ફેંસલો છે.

જવાબ : ૫૪ એ માણસની જો ઔરત હોય તો તે ઈસ્તીન્જા તેને કરાવે અને ઔરત ન હોય તો બીજો કોઈ ઈસ્તીન્જા કરાવી શકતો નથી. વુઝૂ અથવા તયમ્મુમ ઔરત હોય તો તે કરાવે અને ઔરત ન હોય તો બીજો કોઈ સંબંધી દોસ્ત અથવા નોકર કરાવે, શરીરના જે ભાગ ધોવા યોગ્ય છે તે ધોવડાવી શકે છે. જો કોઈ બીજો મદદગાર ન હોય તો તેને માફ છે. (બહારે શરીઅત)

સવાલ : ૫૫ એક માણસને જનાબતનો (નાપાકીવાળો) ગુસલ કરવો હતો એણે ગુસલ કર્યા વગર જ કોઈ જાનવર ઝબ્હ કર્યો એ જાનવર હલાલ થશે કે કેમ ? તેનું ગોશ્ત ખાવું જાઈઝ છે ?

જવાબ : ૫૫ જનાબતવાળો માણસ પણ સખ્ત જરૂરિયાત ઊભી થતાં જાનવર ઝબ્હ કરી શકે છે અને ઝિબ્હ કરેલો જાનવર હલાલ છે ઝિબ્હ કરવા માટે પાકીની શર્ત નથી છતાં કોઈ મજબુરી વગર ગુસલ કર્યા વગર ઝિબ્હ કરવું મકરૂહ છે. તહારત અને પાકીની હાલતમાં ઝિબ્હ કરવું જોઈએ જેથી સવાબ મળે.

સવાલ : ૫૬ એક માણસે મૈયતને ગુસલ આપ્યો પછી પોતે ગુસલ કર્યો નહિં માત્ર વુઝૂ કરીને નમાઝ પઢાવી તો શું આ નમાઝ થઈ કે નહિં ? અને મૈયતને ગુસલ દેવાવાળા માટે પોતે

ગુસલ કરવો જરૂરી છે કે કેમ ?

જવાબ : ૫૬ મૈયતને ગુસલ દીધા પછી ગુસલ આપવાવાળા માટે પોતે ગુસલ કરવું જરૂરી નથી. હા, જો ગુસલ આપતી વખતે તેના ગંદા પાણીના છાંટા શરીર અને કપડાં ઉપર પડયા હોય તો નજાસત (નાપાકી) લાગવાને કારણે કપડાં બદલવા અથવા ધોવા પડશે અને છાંટા ઉડવાને કારણે શરીર નાપાક થઈ ગયું હોય તો શરીર પણ ધોવું પડશે.

સવાલ : ૫૭ કુવામાં ઉતરીને વુઝૂ કરવું જાઈઝ છે કે કેમ ? જો કુવામાં ઉતરીને વુઝૂ કરવું જાઈઝ ન હોય તો પાણી આ રીતે મોજુદ હોવા છતાં તયમ્મુમ થઈ શકે કે નહિં ?

જવાબ : ૫૭ જો કુવો એવો છે કે વુઝૂ કરવાવાળો વુઝૂ કરે તો એના શરીરના અવયવો (ભાગો) પરનું પાણી કુવાના પાણીમાં નહિં પડે તો કુવામાં ઉતરીને વુઝૂ કરવું જાઈઝ છે નહિંતર નહિં જો કુવામા ઊતર્યા સિવાય બીજી કોઈ રીત કુવામાંથી પાણી કાઢવાની ન હોય તો નમાઝ માટે તયમ્મુમ કરીને નમઝ પઢે કારણ કે નમાઝી પાણી મેળવવા શક્તિમાન નથી. (બહારે શરીઅત)

સવાલ : ૫૮ જે ઔરત હૈઝ અને નિફાસમાં (માસિક સ્ત્રાવના દિવસોમાં-અને બાળકના પેદા થવા પછીના નાપાકીના દિવસોમાં) હોય અને તે ઔરત રાંધે અથવા જે વાસણોને અડે એ ખાણું જાઈઝ છે કે કેમ ? અને એ વાસણનો ઉપયોગ કરવો કેવું છે ? અને ઔરત આ ગુપ્ત વાત જાહેર કરી શકે છે ?

જવાબ : ૫૮ હૈઝ અને નિફાસવાળી ઔરત ખાવાનું રાંધી

શકે છે. જે વાસણ અથવા ખાવા પીવાની વસ્તુને એનો હાથ લાગી જાય એ નાપાક થતા નથી તેનું રાંધેલું ઘરના બીજા વ્યક્તિઓ ખાઈ શકે છે. તેથી એમાં કોઈ શંકા નથી. તે રાંધી શકે છે અને તેની ગુપ્ત વાત જરૂર પડતાં જાહેર પણ કરી શકે છે.

સવાલ : ૫૯ હૈઝ અને નિફાસવાળી ઔરતને રોઝાની કઝા કરવી પડશે અને નમાઝ કઝા નથી તો એનું કારણ શું છે અને બંને ઈબાદતો ફર્ઝ છે એનું શું કારણ છે ?

જવાબ : ૫૯ ખરૂં કારણ એ છે કે અલ્લાહ તઆલાએ નમાઝ માફ કરી દીધી અને રોઝા માફ નથી કર્યા. બીજું કારણ એ બતાવવામાં આવે છે કે નમાઝ દરરોજ પાંચ વખતની હંમેશાની ફર્ઝ અને રોઝા આખા વર્ષમાં માત્ર એક જ મહિનાના હોય છે તેથી રોઝા નમાઝની સંખ્યાની સરખામણીએ ઓછા છે તો તેની કઝાનો હુકમ આપવામાં આવ્યો. ત્રીજું કારણ એ છે કે હઝરત આદમ અલયહિસ્સલામને હઝરત બીબી હવ્વા રદિયલ્લાહો અન્હાએ પોતાની હૈઝની હાલતમાં છુટી ગએલી નમાઝોની બાબતમાં પૂછયું. હઝરત આદમ અલયહિસ્સલામે બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરી તો જવાબ મળ્યો કે હૈઝ અને નિફાસમાં છુટી ગયેલી નમાઝો માફ છે. પછી જ્યારે દરેક માસની ૧૩, ૧૪, ૧૫ તારીખોના બૈઝના રોઝા ફર્ઝ થયા અને આ તારીખોમાં હૈઝના દિવસો આવ્યા તો રોઝા ન રાખ્યા અને પછી આદમ અલયહિસ્સલામને બીબી હવ્વા રદિયલ્લાહો અન્હાએ પૂછયું તો આપ નમાઝની માફીને નજર સમક્ષ રાખી એમ કહ્યું કે રોઝા પણ માફ છે અને આ બાબતમાં બારગાહે ઈલાહીમાં પૂછયું નહિં તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, હવે આ રોઝાની કઝા રાખવી

પડશે કારણ કે ફર્ઝ મારા છે માફીનો અધિકાર મને છે તમને નથી એટલા માટે નમાઝમાં માફી અને રોઝાની કઝા છે.

સવાલ : ૬૦ હૈઝ અને નિફાસવાળી અથવા જે મર્દને ગુસલની જરૂરત છે મૈયતને ગુસલ આપી શકે છે કે કેમ ?

જવાબ : ૬૦ મૈયતને ગુસલ આપનાર પાક સાફ હોય એ મુસ્તહબ છે અને અફઝલ છે પણ સંજોગોવસાત ગુસલ આપનારી હૈઝ અને નિફાસવાળી ઔરત નાપાકીની હાલતમાં પણ ગુસલ આપી શકે છે પણ જેને ગુસલે જનાબત (એટલે કે જેને પોતે નહાવું ફર્ઝ) છે તો પહેલાં પોતે ગુસલ કરી લે પછી મૈયતને ગુસલ આપે પણ જનાબતવાળો પણ ગુસલ કર્યા વગર ગુસલ આપશે તો થઈ જશે પણ એમ કરવામાં કરાહત છે. (બહારે શરીઅત)

સવાલ : ૬૧ બાવુઝૂ મર્દ જો પોતાની ઔરતને શહવત વગર ચૂમે તો શું તેનું વુઝૂ તૂટી જશે ?

જવાબ : ૬૧ ચૂમવાથી વુઝૂ તૂટતો નથી જ્યાં સુધી તેના ગુપ્તાંગમાંથી તરાવટ બહાર ન આવી જાય પણ જો પાણી આવી જાય તો વુઝૂ તૂટી જશે. (બહારે શરીઅત)

સવાલ : ૬૨ એક માણસે મોટા ઈસ્તીન્જાને પથ્થરોથી સાફ કર્યો અને જ્યારે પાણી મળ્યું તો પણ પાણીથી તહારત ન કરી અને વુઝૂ કરી નમાઝ પઢી લીધી તો આ વ્યક્તિની નમાઝ થઈ કે નહિં ?

જવાબ : ૬૨ પાણી મળી ગયું છતાં તેણે પાણીથી તહારત ન કરી અને વુઝૂ કરી નમાઝ પઢી લીધી તો તેની નમાઝ થઈ ગઈ કારણ કે તેના શરીર પરથી ગંદકી દૂર થઈ ગઈ હતી. તેથી પાણીથી

તહારત કરીને ફરીથી નમાઝ પઢવાની જરૂર નથી. પણ જો તેના શરીર પર ગંદકી એક દિરહમના માપ બરાબર રહી ગઈ અને પથ્થરોથી પણ દૂર ન થઈ તો એનું ધોવું ફર્ઝ છે અને નમાઝ પણ ફરીથી પઢે. ઉપરોકત હાલતમાં પત્થરોથી અગર સફાઈ કરી તો નમાઝ થઈ ગઈ પણ એનો અર્થ એ નથી કે હવે પાણી હોવા છતાં પાણીથી ધોવું જરૂરી નથી બલ્કે પાણીથી ધોવું સુન્નત છે પણ મજબુરીની હાલતમાં ઉપરનો મસ્અલો છે. (બહારે શરીઅત)

સવાલ : ૬૩ પતિ અને પત્ની એક પથારી ઉપર ઊંઘતા હતા. સવારે પથારી ભીની જણાઈ, ખ્વાબ બંનેને યાદ નથી અને બેઉ ખ્વાબનો ઈન્કાર કરે છે તો હવે ગુસલ કોના ઉપર વાજિબ થશે.

જવાબ : ૬૩ આવી પરિસ્થિતિમાં બહેતર એ છે કે મર્દ અને ઔરત બંને ગુસલ કરી લે એ જ ફતવો છે.

સવાલ : ૬૪ બાવુઝૂ ઔરત (એવી ઔરત જેણે વુઝૂ કરેલ હોય અને તે) પોતાના બાળકને ધાવણ ધવરાવે અથવા તેની છાતીમાંથી કોઈપણ રીતે દૂધ નીકળે તો શું વુઝૂ તૂટી જશે ?

જવાબ : ૬૪ બાવુઝૂ ઔરત (વુઝૂ કરેલી ઔરત) પોતાના બાળકને ધાવણ ધવરાવે અથવા કોઈ પણ રીતે દૂધ બહાર નીકળે તો તેનાથી વુઝૂ તૂટતો નથી. વુઝૂ તોડનારી મૂળ વાતો એ છે કે શરીરમાંથી નાપાક વસ્તુ બહાર નીકળે તો તેનાથી વુઝૂ તૂટી જશે. છાતીમાંથી નીકળેલું દૂધ પાક છે તેનાથી વુઝૂ તૂટી જતું નથી.

સવાલ : ૬૫ બિલાડીનું એંઠું પાણી પીવું કે તેનાથી વુઝૂ કરવું કેવું છે ?

જવાબ : ૬૫ જો તેના મોઢામાં જાહેર રીતે પલીદી કે નજાસત (નાપાકી-ખૂન વગેરે) જોવામાં આવે તો કોઈ રીતે જાઈઝ નથી. નહિં તો તેનું એઠું પાણી જરૂરત વખતે વુઝૂ માટે કે પીવામાં જાઈઝ છે.

સવાલ : ૬૬ હલાલ યા હરામ પક્ષીનું ઈંડું ખીસ્સામાં હતું અને નમાઝ પઢી રહ્યો હતો નમાઝ પઢતી વખતે ઈંડું તુટી ગયું તો કપડાં પલીદ (નાપાક) થશે કે નહિં અને પઢી રહેલી નમાઝમાં કાંઈ ખરાબી થશે કે કેમ ?

જવાબ : ૬૬ હરામ પક્ષીનું ઈંડું પણ હરામ છે અને ઈંડાની અંદરની જે કાંઈ પ્રવાહી રતુબત નીકળશે તે પલીદ ગણાશે જેથી ખીસામાં હરામ પક્ષીનું ઈંડું તુટી જતા તેમાંથી રતુબત નીકળી કપડા અને બદન ઉપર લાગશે તો તેથી કપડા અને બદન પલીદ (નાપાક) થશે અને નમાઝ તુટી જશે એટલે કે નમાઝ મૂકીને પલીદી ધોઈ ફરીથી નમાઝ પઢવી પડશે. હલાલ પક્ષીનું ઈંડું પલીદ નથી પણ તેમાંથી ખાલી લોહી જ નીકળે તો પલીદ (નાપાક) ગણાશે.

સવાલ : ૬૭ કહે છે કે પક્ષીઓની ભીંઠથી (બીટ-હગારથી) કપડો કે શરીર પલીદ થતો નથી શું આ વાત ખરી છે ?

જવાબ : ૬૭ જે પક્ષીઓ હરામ છે તેવા પક્ષીઓની ભીંઠ (બીટ-હગાર) નાપાક છે તે શિકારી હોય કે ન હોય જેવા કે કાગડો, સમડી, બાજ (ગરૂડ) એની ભીંઠ નજાસતે ખફીફા છે અને જે પક્ષીઓ હલાલ છે ઊંચે ઉડે છે જેવાં કે કબૂતર, તેની ભીંઠ પાક છે.

સવાલ : ૬૮ આંખો દુઃખે છે અને તેમાંથી પાણી ચાલુ છે

તો શું દુઃખતી આંખમાંથી પાણી નીકળે તો વુઝૂ તુટી જશે કે કેમ ? અને તે પાણીથી કપડું પલીદ ગણાશે ?

જવાબ : ૬૮ દુઃખતી આંખમાંથી નીકળતું પાણી પલીદ છે જ્યાં જ્યાં લાગે ત્યાં ધોવું જરૂરી છે મઝકુર પાણી નીકળવાથી વુઝૂ તુટી જશે પણ જો રાત દિવસ પાણી નીકળ્યા જ કરે છે મઝકુર માણસ માઅઝુર ગણાશે તેથી નમાઝ દરમ્યાન પાણી નીકળશે તેથી વુઝૂ તુટશે નહિં. નમાઝ પૂરી થઈ ગઈ તો વુઝૂ પણ ગયું (એટલે કે જે નમાઝ પઢી રહ્યા હતા તે નમાઝ પૂરી થતા આ વુઝૂ પણ તૂટી જશે) અને દરેક નમાઝ માટે બીજું વુઝૂ બનાવવું પડશે.

સવાલ : ૬૯ એક ભાઈ નમાઝની જમાઅતમાં ઊભો છે અને તેનો ગુમડો તુટયો તેમાંથી લોહી અને પરૂ નીકળવાથી તેના કપડા ખરાબ થયા તેની મઝકુર નમાઝ થઈ કે નહિં અને તેના કપડા પલીદ ગણાય કે નહિં ?

જવાબ : ૬૯ જો પરૂ અને લોહી એટલું નીકળ્યું કે વહેવા લાગ્યું અને કપડા અને બદન ઉપર એક દિરહમ જેટલો દાગ થઈ ગયો તો નમાઝીની નમાઝ અને વુઝૂ તુટી જશે અને કપડા અને બદન પર જ્યાં જ્યાં લોહી, પરૂ લાગેલ છે તેને ધોવો જરૂરી છે. (બહારે શરીઅત)

સવાલ : ૭૦ એક ભાઈને એહતલામ થયો (સ્વપ્નદોષ) અને તરત જ જાગી ગયો પણ કપડા ઉપર કયાંય દાગ જોવામાં આવતો નથી તે ભાઈને ગુસલ કરવું પડશે કે કેમ ?

જવાબ : ૭૦ તે ભાઈને ગુસ્લ કરવું વાજિબ નથી ફકત ખ્વાબ જોવાથી ગુસલ વાજિબ થતો નથી જ્યાં સુધી કપડા પર

દાગ ન જુવે. (આલમગીરી, પેજ-૧૫૦, ગાયતુલ અવતાર પેજ-૮૧)

સવાલ : ૭૧ એક શરઈ ઉઝરવાળાએ સવારના દસ વાગે વુઝૂ કર્યું તો તે વુઝૂથી જોહરની નમાઝ પઢી શકે છે ?

જવાબ : ૭૧ શરઈ ઉઝરવાળો તે વુઝૂથી ઝોહરની નમાઝ પઢી શકે છે કારણ કે તેના માટે નાકીસે વુઝૂ (વુઝૂ તોડનારી બાબત) ફર્ઝ નમાઝનો વકત ચાલ્યા જવું છે તો હજી નમાઝનો વકત ગયો નથી અને બીજો કોઈ હદસ (વુઝૂ તોડનારી બાબત) થયો નથી. (આલમગીરી, પેજ-૪૧, ગાયતુલ અવતાર પેજ-૧૪૮)

સવાલ : ૭૨ એક ભાઈએ પોતાના પાજામા (પાયજામા-લેંઘા) ઉપર તરી (ભીંજેલ) જોઈ અને યકીન નથી કે પેશાબની તરી છે કે પાણીની તો શું તે ભાઈને તે ધોવું જરૂરી છે કે કેમ અને તે ભાઈનો વુઝૂ તૂટી ગયો કે કેમ ?

જવાબ : ૭૨ આવું તેની ઝિન્દગીમાં પહેલી જ વખત થયું તો વુઝૂ કરી લે અને તેની તરીવાળો (ભીંજેલો) ભાગ ધોઈ નાખે અને જો ઘણી વખત એવું થતું હોય તો તેનો વુઝૂ પણ તુટતો નથી અને તેણે કપડો ધોવાની પણ જરૂરત નથી. એ શયતાની વસવસો છે. (બહારે શરીઅત, ભાગ-૨, પેજ-૩૦)

સવાલ : ૭૩ એક ભાઈએ વુઝૂ કરવા માટે હથેળીમાં પાણી લીધું ત્યારે જ તેની હવા નીકળી ગઈ તો તે પાણી જે હથેળીમાં લીધું છે તે વુઝૂમાં વાપરી શકાય કે કેમ ?

જવાબ : ૭૩ એ પાણી બેકાર થઈ ગયું હવે આ પાણી વુઝૂમાં કોઈ પણ ભાગ ધોવામાં કામ આવશે નહિં એ પાણી જે

હથેળીમાં છે તેને ફેંકી દેવું જોઈએ. (બહારે શરીઅત, ભાગ-૨, પેજ-૨૯)

સવાલ : ૭૪ એક માણસે વુઝૂ કર્યું અને નમાઝનો વક્ત આવ્યો હવે તેને શંકા છે (કે મને હદસ થયો) વુઝૂ તુટયો છે કે નહિં તો શું હવે તેને ફરી વુઝૂ નવેસરથી કરવું પડશે કે કેમ ?

જવાબ : ૭૪ એ માણસે વુઝૂ કરવો જરૂરી નથી તેને પાકી ઉપર યકીન છે અને હદસ (વુઝૂ તુટવા) ઉપર શંકા છે માટે યકીન ઉપર અમલ કરે યાને વુઝૂ કરવું જરૂરી નથી અને જો કરી લે તો બહેતર છે જ્યારે એ શંકા ખરેખર વસવસો ન હોય, નહિંતર હરગીઝ કરે નહિં.

સવાલ : ૭૫ એક મુસલમાન ભાઈએ વુઝૂ કર્યું અને વુઝૂ કરી લીધા પછી તરત જ (મઆઝ અલ્લાહ) મુર્તદ થઈ ગયો (એટલે કે ઈસ્લામ ધર્મથી ફરી ગયો) પછી તરતં જ પાછો ઈસ્લામ લઈ આવ્યો તો શું તે વુઝૂથી નમાઝ પઢી શકે કે નહિ ?

જવાબ : ૭૫ જો (મઆઝ અલ્લાહ) મુર્તદ થઈ ગયો (ઈસ્લામથી ફરી ગયો) પણ પછી તે ત્યારે જ તરત જ મુસલમાન થઈ ગયો તો એ વુઝૂથી અથવા તયમ્મુમ હોય તો તે તયમ્મુમથી નમાઝ પઢી શકે છે જો વુઝૂ અથવા તયમ્મુમ તોડનારી બીજી કોઈ બીના બની ન હોય. (આલમગીરી, પેજ-૩૦, શર્હે વેકાયાહ પેજ-૧૦૯)

સવાલ : ૭૬ એક માણસે ગુસલ કર્યું અને કોગળા કરતાં ભૂલી ગયો અને નમાઝ પઢી લીધી તો નમાઝ થઈ કે નહિં.

જવાબ : ૭૬ એ માણસની નમાઝ થઈ નહિં કારણ કે

કોગળા કરવા ગુસલમાં ફર્ઝ છે તો જ્યારે કોગળા કર્યા નથી તો ગુસલ થયો નહિં અને ગુસલ થયો નહિં તો નમાઝ પણ થઈ નહિં. (દુર્રે મુખ્તાર, પેજ-૭૫, ખુલાસ તુલ ફતાવા, પેજ-૧૫)

સવાલ : ૭૭ એક માણસે વુઝૂ કર્યું અને વુઝૂનો કોઈ ભાગ ધોવાને ભૂલી ગયો અને તેને ખ્યાલ આવતો નથી કે કયો ભાગ ધોવાનું ભૂલી ગયો છે તો શું એ હવે ફરીથી વુઝૂ કરે ?

જવાબ : ૭૭ જો તેને પૂરી રીતે યકીન છે કે કોઈક ભાગ ધોવાનો રહી ગયો છે તો ફકત ડાબો પગ ધોઈ નાખે અને ડાબો પગ ધોયાનું યકીન છે તો જમણો પગ ધોઈ નાખે તેને ફરીથી નવું વુઝૂ કરવાની જરૂર નથી. (દુર્રે મુખ્તાર, પેજ-૭૧, રદ્દલ મોહતાર, પેજ-૧૩૯)

સવાલ : ૭૮ વુઝૂ કરવાવાળાને સલામ કરવો જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૭૮ વુઝૂ કરવાવાળાને સલામ કરવો જાઈઝ છે મનાઈ નથી કારણ કે કુતુબે ફિકાહમાં જ્યાં સલામ કરવો મકરૂહ છે. તેમાં એનો ઉલ્લેખ નથી અને મકરૂહાતે વુઝૂમાં પણ નથી માટે જાઈઝછે. (દુર્રે મુખ્તાર, પેજ-૨૮૭, રદ્દલ મોહતાર, પેજ-૫૭૭)

સવાલ : ૭૯ તયમ્મુમ હદસ અને જનાબત (વુઝૂ તોડનારી બાબતો અને ગુસલ ફર્ઝ હોય તે) બંને માટે છે કે ફકત હદસ માટે, જો હદસ અને જનાબત બંને માટે હોય તો તે બંનેમાં શું ફર્ક છે ?

જવાબ : ૭૯ તયમ્મુમ જનાબત અને હદસ બંને માટે છે

અને બંનેનો તયમ્મુમ કરવામાં કોઈ ફર્ક નથી એક જ રીતે તયમ્મુમ કરી શકાશે. (આલમગીરી, પેજ-૨૬)

સવાલ : ૮૦ એક માણસે ગુસલ કર્યું અને ગુસલ કરતી વખતે પાણીમાં છાંટા પડયા તો તે પાણીથી ગુસલ થઈ શકશે કે કેમ ?

જવાબ : ૮૦ તે પાણીથી ગુસલ થઈ શકશે જ્યારે કે તે સારૂં પાણી વધુ પ્રમાણમાં હોય અને છાંટા તેની સરખામણીમાં પ્રમાણમાં ઘણાં ઓછા હોય. (આલમગીરી, પેજ-૨૩, દુર્રે મુખ્તાર, પેજ-૯૩)

સવાલ : ૮૧ વુઝૂ કરી લીધા પછી રૂમાલથી હાથ લુંછવા કેમ છે ?

જવાબ : ૮૧ વાંધો નથી, દુરસ્ત છે પણ લુંછવામાં વધારે ઘસ-ઘુસથી લુંછે નહિં અને લુંછે જ નહિં તો બહેતર છે. (ફતાવા રઝવીયા, પેજ-૧૫, દુર્રે મુખતાર, પેજ-૬૧)

સવાલ : ૮૨ અગર કુવામાં જુનબી (જેને જનાબતનો ગુસલ કરવો હોય તે) ડોલ કાઢવા કુવામાં ઉતર્યો તેનાથી તે કુવો નાપાક થયો કે નહિં અને મઝકુર માણસનો ગુસલ ઉતર્યો કે નહિ ?

જવાબ : ૮૨ જો તેના શરીર ઉપર નંજાસત (પલીદી) નથી તો કુવો નાપાક થશે નહીં અને મઝકુર માણસનો ગુસલ ઉતરી ગયું જ્યારે કે તેના આખા શરીર ઉપર પાણી ફરી વળ્યું અને તેણે કોગળા કરી લીધા હોય અને નાકમાં ગુસલ કરવાના ઈરાદે પાણી ચઢાવ્યું હોય.

(દુર્રે મુખ્તાર, પેજ-૧૦૩, રદ્દલ મુખતાર, પેજ-૧૮૭)

સવાલ : ૮૩ કુવામાંથી હંમેશમાં ઉપયોગમાં લેવાયેલા પગરખો (જોડો) નીકળે તો કેટલી ડોલ પાણી કાઢવું જોઈએ ?

જવાબ : ૮૩ જો તે પગરખા ઉપર પલીદી (નજાસત), નાપાકી લાગેલ હતી તેવું યકીન હોય તો બધું પાણી કાઢવું પડશે નહિં તો પાણી નાપાક થશે નહિં. હા, મકરૂહ થશે એટલા માટે કુવામાંથી વીસ (૨૦) ડોલ પાણી કાઢવું જોઈએ. (ફતાવા રઝવિયા, પેજ-૪૧૫)

સવાલ : ૮૪ ફકત પથ્થરથી (ઢેલાથી) ઈસ્તીન્જા કરવો પુરતું થશે કે પાણી પણ લેવું જોઈએ ?

જવાબ : ૮૪ ફકત પથ્થરથી (ઢેલાથી) ઈસ્તીન્જા કાફી ગણાશે. જ્યારે કે પલીદી પોતાની જગ્યાએથી બહાર ગઈ હોય નહિં, નહિં તો પાણીથી ધોવું ફર્ઝ થશે અને પથ્થરોથી ઈસ્તીન્જા કર્યા પછી પાણી લેવું મુસ્તહબ છે. (ફતાવા રઝવીયા પેજ-૫૬૫, આલમગીરી પેજ-૫૦, દુર્રે મુખ્તાર પેજ-૧૫૯)

સવાલ : ૮૫ વરસાદની મૌસમમાં ચાલવાથી કપડા ઉપર કાદવ, કીચડ વગેરે લાગી જાયછે તેના માટે શરીઅતનો શો હુકમ છે ?

જવાબ : ૮૫ ચોમાસાની સીઝનમાં કપડા ઉપરે જે જીણાં જીણાં કાદવ, કીચડ વગેરેના છાંટા પડવાથી કપડા અને શરીર નાપાક થશે નહિં. (ફતાવા રઝવિયા પેજ-૩૫૩, દુર્રે મુખ્તાર પેજ-૧૫૫)

સવાલ : ૮૬ ગધેડાએ પાણીમાં મોઢું નાખ્યું અને ગુસલ કરવાની જરૂરત છે અને બીજું પાણી પણ નથી તો શું આવી

હાલતમાં આવા પાણીથી ગુસ્લ થઈ શકે કે કેમ ?

જવાબ : ૮૬ ગધેડાનું એઠું પાણી મશકુક (શંકાવાળું) છે. મઝકુર હાલતમાં તે પાણીથી ગુસલ કરે અને તે પછી તયમ્મુમ પણ કરે તે પાણીની મૌજુદગીમાં ફકત તયમ્મુમ કરવું જાઈઝ નથી. (ફતાવા રઝવિયા પેજ-૪૫૬, આલમગીરી પેજ-૨૪)

સવાલ : ૮૭ પાણીના વાસણમાં ઘણી બધી માખીઓ જો પડીને મરી ગઈ તો તે પાણી વુઝૂ માટે વાપરી શકાય કે નહિં ?

જવાબ : ૮૭ એ પાણી વુઝૂ માટે વાપરી શકાય છે કારણ કે માખીઓમાં પલીદ લોહીનો ભાગ બિલ્કુલ નથી તેના પડવાથી અને મરવાથી પાણી પલીદ થતું નથી. (આલમગીરી પેજ-૧૩, દુર્રે મુખ્તાર પેજ-૧૫૩)

સવાલ : ૮૮ જુનીબી (જનાબતના ગુસલવાળો-જેના ઉપર ગુસલ કરવું ફર્ઝ થઈ ગયું હોય તે) મોજાં ઉપર મસહ કરે યા ન કરે ?

જવાબ : ૮૮ જુનબીને ગુસલ કરતી વખતે મોજા ઉતારીને પગ ધોવા વાજીબ છે મસહ કરી શકશે નહિં. (આલમગીરી પેજ-૩૪, દુર્રે મુખ્તાર પેજ-૨)

સવાલ : ૮૯ એક માણસે જનાબતનું ગુસ્લ નગ્ન થઈને કર્યું અને ગુસલથી પહેલાં વુઝૂ પણ કર્યું તો શું એ વુઝૂથી તે નમાઝ પઢી શકે છે કે નહિં ?

જવાબ : ૮૯ એ વુઝૂથી નમાઝ પઢી શકે છે કારણ કે નગ્ન થઈને ગુસલ કરવું નાકીસે વુઝૂ નથી. (એટલે કે વુઝૂ તોડનાર નથી) (બહારે શરીઅત ભાગ-૨, પેજ-૨૮)

સવાલ : ૯૦ એક માણસ રસ્તા ઉપર જઈ રહ્યો હતો અને ગાય કે ભેંસે પેશાબ કર્યો અને તેના છાંટા તેના કપડા ઉપર પડે તો એથી તે નમાઝ પઢી શકે છે કે કપડા ધોવા પડશે ?

જવાબ : ૯૦ અગર બિલ્કુલ જીણાં જીણાં બારીક છાંટા પડયા હોય તો એને માફ છે અને જરૂરતના સમયે નમાઝ પઢી શકે છે. પણ જો વધુ પડયા હોય અને મોટા છાંટા પડયા હોય તો ધોવું જરૂરી છે. (આલમગીરી પેજ-૪૭, ફતાવા રઝવિયા પેજ-૧૩૫)

સવાલ : ૯૧ એક ઘડામાં પાણી ભરેલ છે અને તેમાં કાગડાએ મોઢું નાખીને પાણી પીધું તો એ પાણી વુઝૂને લાયક છે કેમ ?

જવાબ : ૯૧ કાગડાનું એઠું પાણી મકરૂહ છે. (આલમગીરી પેજ-૨૪, દુર્રે મુખ્તાર પેજ-૧૧૨)

સવાલ : ૯૨ હૈઝ અને નિફાસવાળી (માસિક સ્ત્રાવ અને બાળકના પેદા થવા પછીના સ્ત્રાવવાળી ઔરત)નું તથા જનાબતવાળીનું એઠું કેવું છે ?

જવાબ : ૯૨ જુનબી (એવી ઔરત જેણે ગુસલ કરવો ફર્ઝ છે) અને હૈઝવાળી તથા નિફાસવાળીનું એઠું પાક છે. (આલમગીરી પેજ-૨૪, દુર્રે મુખ્તાર પેજ-૧૧૧)

સવાલ : ૯૩ બિલાડી કે ઉંદરના એઠા પાણીથી વુઝૂ થઈ શકે કે નહિં ?

જવાબ : ૯૩ બિલાડી કે ઉંદરના એંઠા પાણી મકરૂહે તન્ઝીહી છે પણ જ્યારે બીજું સારૂં પાણી હાજર ન હોય તો એ

પાણીથી વુઝૂ થઈ શકે છે. (આલમગીરી પેજ-૨૪, મુખ્તાર પેજ-૧૧૨)

સવાલ : ૯૪ વુઝૂમાં દાંતણ કરવું કેવું છે ?

જવાબ : ૯૪ વુઝૂમાં દાંતણ (મિસ્વાક) કરવું સુન્નતે મોઅકેદા છે. (આલમગીરી પેજ-૭)

સવાલ : ૯૫ જો કોઈ કાફીર સ્ત્રી હૈઝ (માસિક સ્ત્રાવ)ની હાલતમાં ઈસ્લામ લઈ આવે (ઈસ્લામ કબૂલ કરી લે) તો તેના ઉપર ગુસલ ફર્ઝ છે કે કેમ ?

જવાબ : ૯૫ હા, એને હૈઝ (માસિક સ્ત્રાવ) પુરો થયા પછી તેણીએ ગુસલ કરવું ફર્ઝ છે. (આલમગીરી પેજ-૧૬, દુર્રે મુખ્તાર પેજ-૧૪)

સવાલ : ૯૬ એક સ્ત્રીએ ગુસલ કર્યો પણ પોતાના વાળોને ખોલ્યા નહીં તો એ સ્ત્રીનો ગુસલ થયો કે નહિ ?

જવાબ : ૯૬ જો એ સ્ત્રીના વાળ ખૂબ જ ગૂંથેલા હોય તો વાળના મૂળોને પાણી પહોંચવું જરૂરી છે, ખોલવા જરૂરી નથી. જો વાળ ખોલ્યા નહિં અને વાળના મૂળ સુધી પાણી પહોંચાડયું તો ગુસલ થઈ જશે. જો વાળોના મૂળો સુધી પાણી પહોંચ્યું નથી તો ગુસલ થશે નહિં. અંબોડો કે ચોટી બાંધેલ હોય તો ખોલવું જરૂરી છે. (આલમગીરી પેજ-૧૪, ૨દદલ મોહતાર પેજ-૧૪૨)

સવાલ : ૯૭ તયમ્મુમના ફર્ઝ કેટલા અને કયા કયા છે ?

જવાબ : ૯૭ તયમ્મુમના ફર્ઝ ત્રણ છે (૧) નિયત કરવી (૨) બંને હાથ પાક જમીન ઉપર મારી બંને હાથ પુરા ચહેરા પર ફેરવવા (૩) બીજી વાર હાથ પાક જમીન પર હથેળીઓ મારીને બંને હાથની કોણીઓ સુધી ફેરવવા. (આલમગીરી પેજ-૩૬,

રદ્દલ મોહતાર પેજ-૨૧૨, દુરે મુખ્તાર પેજ-૧૧૪)

સવાલ : ૯૮ કુરઆને મજીદને સ્પર્શવા માટે અથવા મસ્જીદમાં જવા માટે તયમ્મુમ કરી શકાય કે નહિં ? જો કરી શકાય તો એ તયમ્મુમથી નમાઝ પઢી શકાય કે નહિં ?

જવાબ : ૯૮ જો પાણી ન હોય અથવા પાણીનો ઈસ્તેમાલ નુકસાન કરતો હોય તો તયમ્મુમ કરી શકે છે પણ એ તયમ્મુમથી નમાઝ પઢી નહિ શકાય. નમાઝ માટે બીજો તયમ્મુમ કરે પણ મસ્જિદમાં જવા માટે બેવુઝૂને તયમ્મુમ કરવો જાઈઝ છે. ભલે ને પાણી ઉપર કાબૂ હોય. (આલમગીરી પેજ-૨૫, રદ્દ મોહતાર પેજ-૨૨૫)

સવાલ : ૯૯ કુવામાં કોઈ જાનવર પડયું અને સડીને ફુલીને ફાટી ગયું અને એની જાણ નથી કે ક્યારે પડયું હતું, એ પાણીથી વુઝૂ કરી નમાઝો પઢી લીધી તો હવે શું કરવું જોઈએ ?

જવાબ : ૯૯ તો એ કુવાના પાણીને નાપાક હોવાનો હુકમ ત્યારથી લગાવવામાં આવશે જ્યારે જાનવર અંદર હોવાની જાણ થાય અને એનાથી પહેલાં જે નમાઝો પઢવામાં આવી હતી તે ફરીથી પઢવાની જરૂર નથી. મુફતાબેહી કૌલ પર એહતેયાત એટલે કે સારૂં એ જ છે કે ત્રણ રાત દિવસની નમાઝો ફરીથી પઢે. (ફતાવા રઝવીયા પેજ-૫૭૦, આલમગીરી પેજ-૨૧)

સવાલ : ૧૦૦ નમાઝ પઢવા માટે જે તહારત (પાકાઈ) શર્ત છે. તો એ તહારતથી શું મુરાદ છે ?

જવાબ : ૧૦૦ આ તહારતની મુરાદ શરઈયા છે જેના વગર નમાઝ સહીહ નહીં થાય એટલે ઈબ્તેદા (પહેલે)થી નમાઝની આખર, છેલ્લે સુધીની નમાઝ જેનો વુજૂદ જરૂરી છે

એટલે નજાસત, હુકમી, જેવો કે હદસે અકબર વ અસગર અને નજાસતે હકીકી જેવી કે નજાસતે ગેલીઝા વ ખફીફા બધાથી પાક હોવું. (દુર્રે મુખ્તાર પેજ-૧૮૬)

સવાલ : ૧૦૧ કપડાં ઉપર પલીદી લાગી અને ધોઈ નાખ્યું પણ તેમાં દુર્ગંધ બાકી છે તો એ કપડો પાક થયો કે નહિં ?

જવાબ : ૧૦૧ એ કપડો પાક થઈ ગયો દુર્ગંધ બાકી રહેવાથી પાક થવામાં કપડાંને નુકસાન કરશે નહિં. (દુર્રે મુખ્તાર પેજ-૧૫૬)

સવાલ : ૧૦૨ પલીદ કપડાં ધોતી વખતે તેમાંથી જે છાંટા ઉડે તેનાથી આપણાં પાક કપડાં પલીદ થશે કે નહિં ?

જવાબ : ૧૦૨ હા, બેશક તે પલીદ કપડાંના ધોવાથી જે છાંટા ઉડે અને આપણા પાક કપડાં ઉપર પડે તેનાથી આપણા કપડાં પલીદ (નાપાક) થાશે અને તેને ધોઈ પાક (પવિત્ર) કરવા પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૦૩ એક સ્ત્રીને હૈઝ (માસિક) બંધ થઈ ગયું અને તેણે ગુસલ (નહાવું) નથી કર્યું તો ગુસલથી પહેલાં તેની સાથે હમ બિસ્તર (સંભોગ) થઈ શકે કે નહિં ?

જવાબ : ૧૦૩ જો તેણીને હૈઝ બંધ થઈ ગયો તો સંભોગ (હમ બિસ્તર) કરવાની મનાઈ નથી. પરંતુ ગુસલ કરી લીધા પછી સંભોગ કરવું બહેતર છે. પણ હૈઝની જેટલા દિવસની અગાઉ આદત હતી તેટલા દિવસોથી અગાઉ એક બે દિવસ હૈઝ બંધ થઈ ગયો તો ગુસ્લ કરીને સ્ત્રી નમાઝ પઢી શકે છે પણ તેની સાથે સંભોગ જાઈઝ નથી જ્યાં સુધી તેની આદતના દિવસો હંમેશ મુજબ પુરા ન થાય. (બહારે શરીઅત)

સવાલ : ૧૦૪ અત્તર અથવા સેન્ટ કપડા ઉપર લગાવવો

કે છાંટવો તેનાથી કપડા કે શરીર પલીદ થશે કે નહિ ?

જવાબ : ૧૦૪ અત્તર જેમાં કોઈ પલીદ વસ્તુ પડી ન હોય તો તે કપડા ઉપર લગાવવું જાઈઝ છે તેનાથી કપડા પલીદ પણ થશે નહિં. બાકી સેન્ટ વિશે સાંભળ્યું છે કે તેમાં કોઈ પલીદ વસ્તુ ભેળવવામાં આવે છે જો ખરેખર કોઈ પલીદ વસ્તુની તેમાં મિલાવટ હોય તો સેન્ટ લગાવવું જાઈઝ નથી અને તેનાથી કપડા અને શરીર પણ પલીદ (નાપાક) થઈ જશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૦૫ પોતાની પત્ની સાથે એક જ રાતમાં ત્રણ કે ચાર વખત સોહબત (સંભોગ) કરે તો દરેક વખતે ગુસ્લ (ન્હાવું) કરવું પડશે કે સવારના એક જ ગુસ્લ કરે, શું હુકમ છે ?

જવાબ : ૧૦૫ જો શકય હોય અને પાણીનો બંદોબસ્ત હોય તો બંને જણાં દરેક વખતે ગુસ્લ કરે તો બહેતર છે જો તેમ ન બને તો દરેક સોહબત કર્યા પછી પલીદીને ધોઈ નાખે અને તાઝો વુઝૂ કરી લે અને ત્રણ-ચાર સોહબતનો સવારની નમાઝ પહેલાં એક જ ગુસ્લ કરી લે તો પણ થઈ શકે. તેમ કરવું પણ જાઈઝ છે. (બહારે શરીઅત)

સવાલ : ૧૦૬ એક ભાઈ વુઝૂ કરીને મસ્જિદમાં નમાઝ પઢવા જઈ રહ્યો હતો. રસ્તામાં એક સ્ત્રીને તેણે બિલ્કુલ નગ્ન હાલતમાં જોઈ તો શું તે ભાઈનો વુઝૂ તુટી ગયો કે કેમ ?

જવાબ : ૧૦૬ પુરૂષનો વુઝૂ કોઈ સ્ત્રીને નગ્ન હાલતમાં કે સ્ત્રીનો વુઝૂ પુરૂષને નગ્ન હાલતમાં જોવાથી તુટતો નથી. પણ જોવાની સાથે પોતાના ગુપ્ત ભાગમાંથી પાણી બહાર આવી ગયું તો વુઝૂ તુટી જશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૦૭ કહે છે કે જે ઘરમાં સ્ત્રીની સુવાવડ (પ્રસુતિ)

થાય તે ઘરમાં ચાલીસ દિવસ સુધી કોઈ નમાઝ પઢી શકાય નહિં તે ઘરમાં કુરઆને શરીફની તિલાવત, ન્યાઝ, ફાતેહા પણ થઈ શકે નહિં શું આ વાત સાચી છે ?

જવાબ : ૧૦૭ આ તદ્દન જહાલત (અજ્ઞાનતા) અને ગૈર ઈસ્લામી રસમ છે. જે ઘરમાં બાળકનો જન્મ થાય તે જ ઘરમાં પાક જગ્યાએ ન્યાઝ, નમાઝ, કુરઆનની તિલાવત, દરૂદો ઝિક્ર કે ફાતેહા બધું થઈ શકે છે. શરીઅતની કોઈ મનાઈ જ નથી. આ મસ્અલો ફકત સુવાવડી સ્ત્રી માટે જ છે. સુવાવડી સ્ત્રીને જ્યાં સુધી નિફાસનું લોહી ચાલુ હશે ત્યાં સુધી ફકત તેણી નમાઝ અને તિલાવતે કુરઆન કરી શકશે નહિં. (જન્નતી ઝેવર)

સવાલ : ૧૦૮ જે કુવો નાપાક થઈ જાય તે કુવામાંથી શરીઅતના હુકમ પ્રમાણે જે પાણી બહાર કાઢવાનું હોય તે એક સાથે કાઢવું જોઈએ કળે થોડું થોડું કરી કાઢવામાં આવે તો ચાલે કે નહિં ?

જવાબ : ૧૦૮ કુવામાંથી જેટલું પાણી કાઢવાનો હુકમ છે તે એકી સાથે કાઢવામાં આવે અથવા થોડું થોડું કાઢવામાં આવે બંને રીતે જાઈઝ છે. શરીઅતના નક્કી કરેલ હિસાબ પ્રમાણે જ્યારે પાણીનું પ્રમાણ બહાર નીકળી જશે ત્યારે કુવાના પાણીના પાક થવાનો હુકમ લાગશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૦૯ પોતાની પત્ની સામે બિલ્કુલ નગ્ન થઈને ગુસ્લ (ન્હાવું) કરવું જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૧૦૯ પોતાની પત્ની સામે નગ્ન થવાની મનાઈ નથી. જરૂરત મુજબ નગ્ન થઈ શકાય. પણ વગર જરૂરિયાતે નગ્ન થવું બેહયાઈ છે જે ઈસ્લામમાં પસંદ નથી. (કુતુબે ફિકહ)

સવાલ : ૧૧૦ જો ફજરની અઝાન વક્તથી પહેલાં પઢવામાં આવી તો તે અઝાન થઈ કે નહિં ?

જવાબ : ૧૧૦ તે અઝાન ફરીથી પઢવી પડશે કારણ કે વકતથી પહેલાં જે અઝાન પઢવામાં આવી તે થઈ નહિં. (આલમગીરી, પેજ-૨૭)

સવાલ : ૧૧૧ અઝાન પઢતી વખતે મોઅઝઝીનનો વુઝૂ વચમાં તુટી ગયો તો શું વુઝૂ કરીને ફરીથી અઝાન આપવી પડશે કે કેમ ?

જવાબ : ૧૧૧ મુફ્તીઓનું કહેવું છે કે અઝાન પૂરી કરે અને પછી વુઝૂ કરી લે. અઝાન ફરી આપવાની જરૂર નથી. (આલમગીરી પેજ-૨૮, દુર્રે મુખ્તાર પેજ-૧૮૩)

સવાલ : ૧૧૨ અઝાનમાં થોડાક શબ્દો ભૂલી ગયો અથવા શબ્દો આગળ-પાછળ થઈ ગયા તો શું હુકમ છે ?

જવાબ : ૧૧૨ અઝાનમાં શબ્દો આગળ પાછળ થઈ જાય તો શબ્દોને ફરી તેની જગ્યાએ દોહરાવીને અઝાન તરતીબવાર પુરી કરે અને એમ કર્યું નહિં અને અઝાન પૂરી કરી દીધી તો થઈ ગઈ. દોહરાવવાની જરૂરત નથી. પણ જો અઝાનના થોડા શબ્દો ભૂલી ગયો અને અઝાન પૂરી કરી દીધી તો અઝાન ફરીથી પઢે. (આલમગીરી પેજ-૫૮, કાઝીખાન પેજ-૭૫, દુર્રે મુખ્તાર પેજ-૧૮૧)

સવાલ : ૧૧૩ જેને જનાબતનો ગુસલ (કરવો ફર્ઝ થઈ

ગયો) છે એવો જુનબી (એટલે નાપાક) અઝાન આપે તો હુકમ છે ?

જવાબ : ૧૧૩ જુનબીને અઝાન મકરૂહે તેહરીમી છે. જે જુનબીએ (જેના ઉપર ગુસલ કરવું ફર્ઝ છે તેણે) અઝાન આપી તો તે અઝાન ફરીથી આપવી પડશે. (આલમગીરી પેજ-૫૫, દુર્રે મુખ્તાર પેજ-૧૮૨)

સવાલ : ૧૧૪ કોઈ માણસ કુરઆને શરીફની તિલાવત કરતો હોય અને અઝાન થાય તો તે ભાઈ તિલાવત ચાલુ રાખે કે અઝાનનો જવાબ આપે ?

જવાબ : ૧૧૪ તિલાવતે કુરઆન શરીફ મોકુફ કરે અને અઝાનનો જવાબ આપે. (આલમગીરી પેજ-૫૯, દુર્રે મુખ્તાર પેજ-૧૮૪)

સવાલ : ૧૧૫ મોઅઝ્ઝિન સિવાય કોઈ બીજો ઈકામત (તકબીર) પઢે તો જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૧૧૫ સારૂં એ છે કે જે અઝાન આપે તે જ ઈકામત આપે (તે જ તકબીર પઢે) કારણ કે તે એનો હક્ક છે પણ જો મોઅઝ્ઝિન અઝાન આપીને ચાલ્યો ગયો હોય અથવા જોવામાં આવતો ન હોય તો અને હાજર હોય અને બીજાને ઈઝાજત (રજા) આપી અથવા બીજાએ ઈકામત આપી જેનાથી મોઅઝ્ઝિન નારાઝ નથી તો બીજાને ઈકામત પઢવી જાઈઝ છે. તેમ ન હોય તો મકરૂહ છે. (આલમગીરી પેજ-૫૫, દુર્રે મુખતાર પેજ-૧૮૩)

સવાલ : ૧૧૬ કોઈ માણસ ઈકામત પઢતી વખતે ઈકામતમાં કદકામતિસ્સલાહ ભૂલી ગયો તો ઈકામત થઈ કે

નહિં ?

જવાબ : ૧૧૬ કદકામતિસ્સલાહ ભૂલી ગયો અને ઈકામત પૂર્ણ કરી લીધી તો ફરીથી નવેસરથી પઢે કારણ કે એ શબ્દો ઈકામતનો ભાગ છે જે નહિં પઢવાથી ઈકામત અધૂરી રહી માટે ઈકામત નહિં થાય. (ફતાવા કાઝીખાન પેજ-૭૫, આલમગીરી પેજ-૫૭)

સવાલ : ૧૧૭ નફલની જમાઅત થઈ શકે કે નહિં જો નફલની જમાઅત થઈ શકે તો અઝાન ઈકામત છે કે નહિં ?

જવાબ : ૧૧૭ નફલ માટે જમાઅત થઈ શકે છે પણ તેમાં ફર્ઝની જેમ માણસોને બોલાવવું એટલે કે ત્રણથી વધુની જમાઅત મકરૂહ છે. પણ સૂરજ ગ્રહણમાં સુન્નત છે. નફલ નમાઝની જમાઅત માટે અઝાન ઈકામત નથી. અઝાન અને ઈકામત ફકત ફર્ઝ નમાઝ માટે લાઝમી છે. (આલમગીરી પેજ-૫૭-૮૭, દુર્રે મુખ્તાર પેજ-૧૭૯, ૨૫૭)

સવાલ : ૧૧૮ જુનબી, જનાબતના ગુસલવાળાએ ઈકામત પઢી તો તે થઈ કે નહિં ?

જવાબ : ૧૧૮ જુનબીએ ઈકામત પઢી તો થઈ ગઈ, ફરી પઢવાની જરૂર નથી પણ તેણે ઈકામત પઢવી મકરૂહ છે. (આલમગીરી પેજ-૫૫, ફતાવા કાઝીખાન પેજ-૭૨, દુર્રે મુખ્તાર પેજ-૧૮૨)

સવાલ : ૧૧૯ ખુત્બાની અઝાનનો જવાબ આપવો જોઈએ કે નહિ ?

જવાબ : ૧૧૯ ખુત્બાની અઝાનનો જવાબ આપવો જોઈએ

નહિં. (દુર્રે મુખ્તાર પેજ-૧૮૭)

સવાલ : ૧૨૦ જુમ્માની નમાઝના દિવસે ખુત્બાહની અઝાન મિમ્બર સામે ત્યાં જ કહેવામાં આવે કે બહાર સહેનમાં ? મસ્જિદની સહેનમાં મૌલુદ પઢી શકાય કે નહિ ? અને સ્ત્રીઓ મસ્જિદની સહેનમાં બેસી શકે કે નહિં ?

જવાબ : ૧૨૦ ખુત્બાની અઝાન સહેનમાં આપવી સુન્નત છે અને મસ્જીદની સહેનમાં મૌલુદ પઢવા જાઈઝ છે અને મસ્જિદની સહેનમાં સ્ત્રીઓને બેસવાની મનાઈ છે. (આલમગીરી પેજ-૫૭)

સવાલ : ૧૨૧ અઝાનથી પહેલાં દરૂદ શરીફ પઢવું જોઈએ કે નહિં ?

જવાબ : ૧૨૧ અઝાનથી પહેલાં દરૂદ શરીફ પઢવું જરૂરી નથી પણ મુબાહ છે. જો કોઈ ધીમેથી પઢે તો પઢી શકે છે.

સવાલ : ૧૨૨ અઝાન આપવાવાળો માણસ કેવો હોવો જોઈએ ?

જવાબ : ૧૨૨ અઝાન આપવાવાળો મુસલમાન આકિલ, સમજદાર શરાઅનો પાબંદ, અઝાનના સમયની પુરી ખબર રાખવાવાળો કિબ્લાની દિશા જાણનાર, અઝાનના વકત ઉપર કાયમ હાજરી આપવાવાળો અને બાઅસર બુલંદ અવાજવાળો અને મુકીમ (ત્યાંનો જ રહેવાસી) હોય તો વધુ સારૂં. (આલમગીરી પેજ-૨૭, દુર્રે મુખ્તાર પેજ-૧૮૨)

સવાલ : ૧૨૩ અઝાન આપવાની મજૂરી (રકમ) આપવી કે દેવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૧૨૩ અઝાન આપવાની મજૂરી (રકમ) લેવી કે દેવાની મુત આખરીને જાઈઝ ઠહેરાવેલ છે પણ જો મુઅઝ્ઝિન સવાબનો તાલિબ રહે (એટલે કે સવાબ અર્થે જ અઝાન આપે) અને કંઈ પણ લે નહિં તો સારૂં છે અને જો લે તો જાઈઝ છે. (રદ્દલ મોહતાર પેજ-૩૬૪)

સવાલ : ૧૨૪ સવારની અઝાનમાં અસ્સલાતો ખૈરૂમ મિનન નૌમ કહેતાં ભુલાઈ જાય તો અઝાન ફરીથી આપવી કે કેમ ?

જવાબ : ૧૨૪ અઝાન ફરીથી આપવાની જરૂર નથી કારણ કે ફજરની અઝાનમાં એ કલેમાત (શબ્દો)નું કહેવું મુસ્તહબ છે. (આલમગીરી પેજ-૫૮, રદ્દલ મોહતાર પેજ-૩૬૦)

સવાલ : ૧૨૫ અઝાન આપવાવાળાએ અઝાન આપતી વખતે કિબ્લાહની તરફ મોઢું કર્યું નહિં અને અન્ય દિશા તરફ મોઢું કરીને અઝાન આપી તો શું હુકમ છે ?

જવાબ : ૧૨૫ કિબ્લાહની દિશા સિવાય બીજી દિશા તરફ અઝાન આપવી મકરૂહ છે. એ અઝાન ફરીથી આપવી બહેતર છે પણ (સવારી ઉપર) સવાર કે મુસાફર માટે ફરી આપવાની જરૂર નથી. (આલમગીરી પેજ-૫૮૦, દુર્રે મુખતાર પેજ-૧૮૧)

સવાલ : ૧૨૬ અઝાન અને ઈકામતમાં શું ફરક છે ?

જવાબ : ૧૨૬ ઈકામત અઝાન જેવી જ છે પણ થોડીક બાબતોમાં ફર્ક છે એવી રીતે કે હય્યા અલલ ફલાહ પછી કદકા મતિસલ્લાહ બે વખત કહેવું, ઈકામતમાં અઝાનની જેમ બુલંદ (મોટો) અવાજ ન હોવો જોઈએ. પણ હાજર રહેલાઓ સુધી

અવાજ પહોંચે, ઈકામતના શબ્દો જલ્દી જલ્દી કહેવા, કાનો ઉપર હાથ રાખવા નહિં. ફજરની ઈકામતમાં અસ્સલાતો ખૈરૂમ મિનન્નૌમ કહેવું નહિં. ઈકામત ઊંચી જગ્યાએ મસ્જિદ બહાર ઊભીને કહેવી સુન્નત નથી. (આલમગીરી પેજ-૫૮, દુર્રે મુખતાર પેજ-૧૮૨)

સવાલ : ૧૨૭ ઈકામતની શરૂઆતમાં જ ઈમામ અને મુકતદી ઊભા થાય કે નહિં ?

જવાબ : ૧૨૭ ફકત ઈકામત આપવાવાળો (તકબીર કહેનારો) ઊભો થઈને ઈકામત કહે (તકબીર પઢે) બાકી ઈમામ અને મુકતદીઓ બેસી રહે અને જ્યારે મુકબ્બીર (તકબીર પઢનાર) હય્યા અલલ ફલાહ ઉપર પહોંચે ત્યારે ઈમામ અને મુકતદીઓ ઉભા થાય. (આલમગીરી પેજ-૫૯, શામી પેજ-૩૭૨, દુર્રે મુખતાર પેજ-૧૮૫)

સવાલ : ૧૨૮ સ્ત્રીઓને નમાઝની જમાઅત માટે અઝાન કે ઈકામત છે કે નહિં ?

જવાબ : ૧૨૮ સ્ત્રીઓને નમાઝની જમાઅત કરવી મકરૂહ છે અને અઝાન-ઈકામત મમનુઅ એટલે કે મકરૂહે તહેરીમી છે. (આલમગીરી પેજ-૫૫, દુર્રે મુખતારે પેજ-૧૮૩)

સવાલ : ૧૨૯ અમો એહલે સુન્નત વ જમાઅતના મસ્લકવાળાની નમાઝ શીઆ કે કાદીયાની, એહલે કુરઆન કે ખારજી અથવા એવો અકીદો ધરાવનાર કે ચારે મઝહબને બાતિલ અને શિર્ક માને અથવા ગૈર મુકલ્લીદ રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને હયાતુન્નબી ન માને, મઆઝલ્લાહ ! મરીને

માટીમાં મળી ગયા અથવા તેઓને ઈલ્મે ગૈબની જાણ ન હતી અથવા અમારા જેવા જ ઈન્સાન (બશર) હતા. કોઈ નફા નુકસાનનો તેમને અધિકાર જ ન હતો તેવા અકીદાવાળા પાછળ નમાઝ અથવા જુમ્આની નમાઝ થઈ શકે કે નહિ ?

જવાબ : ૧૨૯ શીઆ, ખારેજી, કાદીયાની, એહલે કુરઆન તથા તે ગૈર મુકલ્લીદ જેનો અકીદો કુફ્રની હદ સુધી પહોંચી ચુકેલ હોય તેઓ ઉપર જણાવેલ બધાને ઈમામ બનાવવો હરામ છે. તેની પાછળ નમાઝ બાતિલ છે. સુન્નીઓને જોઈએ કે પોતાની જમાઅત અલગ રીતે બીજી કરે અને જુમ્આની નમાઝ બીજી મસ્જિદમાં અલગ રીતે કાયમ કરે. જો એમ ન બની શકે તો એકલો પોતાની નમાઝ પઢે અને જુમ્આને બદલે ઝોહરની નમાઝ પઢે. ઉપર જણાવેલા પાછળ જુમ્આની નમાઝ પઢવી હરામ છે, ગુનોહ છે. જો પઢી હોય તો ફરીથી પઢવી વાજિબ થશે. જુમ્આ જો બીજે કયા ન મળે તો પછી ચાર રકાઅત ઝોહરની પોતાની રીતે એકલો પઢે. (ફતાવા રઝવિયા જીલ્દ-૫, પેજ-૩૦૫)

સવાલ : ૧૩૦ કોઈ મસ્જિદમાં જમાઅત એવી રીતે કાયમ કરવામાં આવે કે મસ્જિદના અંદરના ભાગમાં ઘણાં માંણસો આવવાને કારણે તે પહેલી સફ આથમણી મહેરાબવાળી દિવાલ પાસે એવી રીતે ઊભી રહે કે ઈમામ વચમાં આવી જાય ફકત એક અડધો પગ ઈમામથી પાછળ અને વચ્ચે મિમ્બર પણ સફને કાપતો હોય યાને ઈમામ પાછળ સફ ન હોય તો એ જાઈઝ છે કે નહિ ?

જવાબ : ૧૩૦ બેથી વધુ મુકતદી થઈ જાય તો ઈમામની

પાછળ ઉભા રહેવાનો હુકમ છે. નહિં તો નમાઝ મકરૂહે તહેરીમી થશે તો ઉપર સવાલમાં પુછેલી વિગતે પુરી સફ ઈમામની લગોલગ સાથે છે માટે સખત મકરૂહે તહરીમી થશે માટે બેથી વધુ મુકતદી ઈમામની લગોલગ ઊભા રહેવું મકરૂહે તહેરીમી થશે. જો જગ્યાની સાંકડ હોય તો અને જમાઅત વધારે માણસોની હોય તો એક બીજાની પીઠ ઉપર સજદો કરે. (ફતાવા રઝવિયા જી-૩, પેજ-૩૧૫)

સવાલ : ૧૩૧ નમાઝ બેસીને પઢે તો રૂકૂઅ કરવાની હદ શું છે ?

જવાબ : ૧૩૧ રૂકૂઅની હદ એ છે કે પોતાની પેશાની ગુંટણની મુકાબિલ આવી જાય એનાથી ઓછું કે વધુ ઝુકે નહિં અને સીટ પોતાની જગ્યાએથી ઉપડવી જોઈએ નહિં. (ફતાવા રઝવિયા જી-૩, પેજ-૫૧)

સવાલ : ૧૩૨ કોઈ માણસ શરઈ ઉઝર (કારણ)થી મસ્જિદમાં જઈ શકતો નથી તો તે પોતાની પત્ની અથવા મોહર્રમાત એટલે કે જેનાથી હંમેશા નિકાહ હરામ હોય તેવી ઔરતોનો ઈમામ બનીને નમાઝ પઢાવી શકે કે નહિં ?

જવાબ : ૧૩૨ હા, પઢાવી શકે છે પણ જો તે જમાઅતમાં ગૈર મહરમા (એટલે કે જેનાથી નિકાહની શરીઅતે છૂટ આપેલી છે તે) હશે તો મકરૂહ છે. (ફતાવા રઝવિયા જી-૩, પેજ-૩૮૧)

સવાલ : ૧૩૩ મુકતદીએ અતૈહિયાત પુરો નથી કર્યો યા મસ્બુક છે જે અતૈહિયાતમાં મળ્યો. ઈમામ સાહેબ ત્રીજી રકાઅત માટે ઊભા થઈ ગયા તો મુકતદી પોતાનો અતૈહિયાત પુરો કરે યા

ઈમામ ભેગો મળે ?

જવાબ : ૧૩૩ મુકતદીને બંને સુરતોમાં અતૈહિયાત પુરૂં કરવું વાજિબ છે. ભલેને ઈમામ ત્રીજી રકાઅત માટે ઊભા થઈ ગયા અને ત્રીજી રકાઅતનો રૂકુઅ કરે પણ મુકતદી પોતાનો અતૈહિયાત પુરો કરે પછી ઈમામ સાથે નમાઝમાં મળે. (ફતાવા રઝવિયા જી-૩, પેજ-૩૧૯)

સવાલ : ૧૩૪ જો ઈમામને પહેલા કાએદામાં વાર લાગી અને મુકતદીએ લુકમો આપ્યો અથવા ઈમામે પહેલો કાએદો કર્યો નહિં અને ઊભા થઈ ગયા અને મુકતદીએ લુકમો આપ્યો તો લુકમો આપનાર મુકતદીની નમાઝમાં કંઈ ખલલ આવશે કે નહિં ?

જવાબ : ૧૩૪ હા, એ બંને સુરતોમાં લુકમો આપવાવાળા મુકતદીની નમાઝ ફાસિદ થશે. (તુટી જશે) પણ જો ઈમામ સાહેબે પહેલા કાએદામાં સલામ ફેરવવાનું શરૂ કર્યું અને મુકતદીએ લુકમો આપ્યો તો મુકતદીની નમાઝ તુટશે નહિં. (ફતાવા રઝવિયા જી-૩, પેજ-૪૦૪)

સવાલ : ૧૩૫ નમાઝીએ નમાઝ પઢી લીધી અને પછી તેને ખબર પડી કે કપડાં ઉપર પલીદી (નાપાકી) લાગી ગઈ હતી અને તેને ધોવાનું ભુલી ગયો હતો અને હવે ખબર પડતી નથી કે પલીદી (નાપાકી) કયાં લાગી હતી તો તે માણસ માટે શું હુકમ છે ?

જવાબ : ૧૩૫ તે માણસને પુરી ચોકસાઈ સાથે ખબર પડે તો તે જગ્યાની પલીદી ધોઈ લે અને વધુ સારૂં એ છે કે આખા

કપડાને ધોઈ નાખે તે નમાઝ પઢવાની ફરીથી જરૂર નથી. (ફતાવા રઝવિયા પેજ-૪૨૮, ફતાવા કાઝીખાન)

સવાલ : ૧૩૬ જો મસ્બૂકને મગરીબની ત્રીજી રકાઅત મળી તો બાકીની નમાઝ તે કેવી રીતે અદા કરે ?

જવાબ : ૧૩૬ બાકી બે રકાઅત અલ્હમ્દ અને કિરઅતથી પઢે અને બંનેની વચ્ચે કાએદા પણ કરે પણ જો બંનેની વચ્ચે કાએદા કરતાં ભૂલી ગયો તો સજદાએ સહવ પણ નથી. (ફતાવા રઝવિયા જી-૩, પેજ-૩૯૨)

સવાલ : ૧૩૭ જો મુકીમ (ત્યાંનો જ રહેવાસી) મુકતદી મુસાફર ઈમામની સાથે બીજી રકાઅત અથવા કાએદામાં ચાર રકાઅતવાળી નમાઝમાં દાખલ થાય તો હવે મુકતદી પોતાની બાકી નમાઝ કેવી રીતે પઢે ?

જવાબ : ૧૩૭ એ સુરત મસબુક લાહકની છે. જો કાએદામાં મળે તો ઈમામના સલામ પછી ઊભો થઈને પહેલાં બે રકાઅત વગર કિરાઅત પઢીને કાએદો કરે. પછી ઊભો થઈને બે રકાઅત અલ્હમ્દો અને સૂરઅ પઢીને નમાઝ પૂરી કરે અને જો એક રકાઅતમાં ઈમામથી મળે તો ઈમામના સલામ પછી એક રકાઅત વગર કિરઅત પઢીને કાએદો કરે કે એની બે થઈ પછી ઉઠીને બીજી રકાઅત પણ વગર કિરઆતે પઢે અને તેમાં પણ કાએદો કરે એ એમની ત્રીજી છે. પણ ઈમામના એઅતબારથી ચોથી છે. પછી ઉઠીને એક રકાઅત અલ્હમ્દો અને કિરઆત સના અને તઅવ્વુઝ અને તસ્મીયા (અઊઝો બિલ્લાહ અને બિસ્મીલ્લાહ....) સાથે પઢીને નમાઝ પૂરી કરે. (ફતાવા રઝવિયા

જી-૩, પેજ-૩૯૫) (શામી)

સવાલ : ૧૩૮ જો નમાઝ બાજમાઅત વગર અઝાને પઢાઈ ગઈ તે નમાઝ થઈ ગઈ કે નહિં ?

જવાબ : ૧૩૮ હા નમાઝ થઈ જશે પણ ખિલાફે સુન્નત થશે એટલે મકરૂહ થશે. જ્યારે કે મસ્જીદ અથવા શહેરથી બહાર પઢી હોય. (આલમગીરી પેજ-૫૬)

સવાલ : ૧૩૯ એક માણસ આવ્યો અને જમાઅત ઊભી થઈ ગઈ છે ઈમામ રૂકૂઅમાં ગયો છે અને આવવાવાળા માણસે ઝુકી ને તકબીરે તહેરીમા કહી અને રૂકૂઅમાં મળી ગયો તો એ એની નમાઝ થઈ કે નહિં ?

જવાબ : ૧૩૯ જો એણે એટલો ઝુકીને તહેરીમા બાંધી કે રૂકૂઅના નજીક હતો તો તેની નમાઝ થઈ, નહિં અને જો કીયામના નજીક હતો તો નમાઝ થઈ ગઈ. (આલમગીરી પેજ-૫૧, દુર્રે મુખતાર પેજ-૨૦૫)

સવાલ : ૧૪૦ મુકતદીએ ઈમામને એ વખતે લુકમો આપ્યો જ્યારે ઈમામ બીજી આયત તરફ ચાલ્યો ગયો હતો અને (ઈમામે) એ લુકમાને સ્વીકારી લીધું તો નમાઝમાં કંઈ ખલલ, ફસાદ આવ્યો કે નહિં ?

જવાબ : ૧૪૦ સહીહ કૌલ એ છે કે એમાં ઈમામ અને મુકતદી બંનેની નમાઝ થઈ ગઈ, ફાસિદ થશે કે ખલલ આવશે નહિં. (આલમગીરી પેજ-૧૦૪, રદદલ મોહતાર પેજ-૫૮૩, દુર્રે મુખતાર પેજ-૨૯૦)

સવાલ : ૧૪૧ મુકતદીઓમાં કોઈ એકને તકલીફ થતી

હોય તો એ એકના માટે ઈમામ કિરઆત મસ્નૂનાહ (ટૂંકી) કરી શકે કે નહિં ?

જવાબ : ૧૪૧ હા જો કોઈ એકને પણ તકલીફ થતી હોય તો ઈમામે કિરાઅત મસ્નૂનાને ટૂંકી કરવી સુન્નત છે. નાની કિરાઅત કરે. (ફતાવા રઝવિયા; જી-૩, પેજ-૧૨૦)

સવાલ : ૧૪૨ જ્યારે ઈમામ કિરઆત પઢી રહ્યો હોય અને તે વખતે મુકતદી જમાઅતમાં દાખલ થાય તો તે મુકતદી સના પઢે કે નહિં ?

જવાબ : ૧૪૨ પૂછેલ સવાલ મુજબની હાલતમાં મુકતદી સના પઢે નહિં. પણ ઈમામ જો મખફી નમાઝ (એટલે કે જોહરની અથવા અસરની નમાઝ) પઢતો હોય તો મુકતદી સના પઢે. (દુર્રે મુખ્તાર; પેજ-૨૨૭)

સવાલ : ૧૪૩ મુકતદી ઈમામ પાછળ સૂરએ ફાતેહા (અલ્હમ્દો) પઢે કે નહિં ?

જવાબ : ૧૪૩ ઈમામની પાછળ મુકતદીને કિરઆત પઢવી મકરૂહે તેહરીમી છે ભલે ને તે સૂરએ ફાતેહા જ હોય. (દુર્રે મુખ્તાર; પેજ-૨૧૦)

સવાલ : ૧૪૪ ઈમામ જ્યારે વલ્લદાલીન કહે ત્યારે મુકતદી આમીન મોટા અવાજથી કહે કે ધીમેથી કહે ?

જવાબ : ૧૪૪ ઈમામ જ્યારે વલ્લદાલીન કહે ત્યારે આમીન ધીમેથી કહેવી જોઈએ. મોટા અવાજથી નહીં.

સવાલ : ૧૪૫ સૂરએ ફાતેહા (અલ્હમ્દો)માં એક આયત છૂટી ગઈ તો નમાઝ થઈ કે નહિં ?

જવાબ : ૧૪૫ સૂરએ ફાતેહાની હર એક આયત પઢવી વાજિબ છે જો એક પણ આયત છુટી ગઈ તો સહવનો સજદો કરવો પડશે જો સહવનો સજદો કર્યો નહિં તો નમાઝ થશે નહિં. ફરીથી પઢવી પડશે. (આલમગીરી; પેજ-૭૪, દુર્રે મુખ્તાર; પેજ-૨૧૨)

સવાલ : ૧૪૬ સૂરએ ફાતેહા પછી સૂરઅ મિલાવતાં ભૂલી ગયો અને રૂકૂઅમાં ચાલ્યો ગયો પછી યાદ આવ્યું કે સૂરએ ફાતેહા પછી સૂરઅ પઢવાનું રહી ગયેલ છે તો તે રૂકૂઅથી પાછો વળીને સુરઅ મિલાવે કે કેમ શું હુકમ છે ?

જવાબ : ૧૪૬ હા, રૂકૂઅમાંથી પાછો વળીને સૂરઅ મિલાવે અને પછી રૂકૂઅ કરે અને છેલ્લે સહવનો સજદો પણ કરે. (આલમગીરી; પેજ-૧૩૪, દુર્રે મુખ્તાર; પેજ-૨૧૬)

સવાલ : ૧૪૭ આ વાત પ્રચલિત છે કે પહેલી રકાઅતમાં કિરાઅત દરેક નમાઝમાં લાંબી અને બીજી રકાઅતમાં ટુંકી હોવી જોઈએ શું એ વાત સાચી છે ?

જવાબ : ૧૪૭ હા, મુસ્તહબ એ છે કે પહેલી રકાઅતમાં કિરઆત બીજી રકાઅત કરતાં મોટી હોય એ રીતે પહેલી રકાઅત બીજી રકાઅત કરતાં મોટી, લાંબી થશે. (દુર્રે મુખ્તાર; પેજ-૨૫૨)

સવાલ : ૧૪૮ રૂકૂઅની ફરઝીયત, ઝુકવાની અંદાઝે કેટલું ઝુકવાથી રૂકૂઅ થશે.

જવાબ : ૧૪૮ રૂકૂઅમાં ઝુકવાની અંદાઝે ફરઝીયત એ છે કે નમાઝી એટલું ઝુકે કે પોતાના હાથોને લાંબા કરે તો ગુંટણ સુધી પહોંચી જાય. (આલમગીરી; પેજ-૭૨, દુર્રે મુખ્તાર; પેજ-

સવાલ : ૧૪૯ નમાઝમાં જો કોઈએ કવમાં (રૂકૂઅમાંથી સીધા ઉભા થવું) ન કર્યું અને રૂકૂઅમાંથી સીધો સજદામાં ચાલ્યો ગયો તો એની નમાઝ થઈ કે નહિં ?

જવાબ : ૧૪૯ નમાઝમાં કવમાં કરવું વાજીબ છે. જે માણસે નમાઝમાં કવમાં કર્યો નહિં તો તેણે વાજિબ મૂકી દીધું તેના ઉપર સજદાએ સહવ વાજિબ છે. જો સહવનો સજદો ન કરે તો નમાઝ થશે નહિં નમાઝ ફરીથી પઢવી પડશે. (આલમગીરી; પેજ-૧૩૪)

સવાલ : ૧૫૦ પહેલી રકાઅતમાં બીજો સજદો કરીને બેસી ગયો સમજ્યો કે બીજી રકાઅત છે હવે પછી શું કરે ?

જવાબ : ૧૫૦ મઝકુર હાલતમાં યાદ આવતાં જ તરત જ બીજી રકાઅત માટે ઊભો થઈ જાય અને છેલ્લે નમાઝ પૂરી કરીને સહવનો સજદો કરે કારણ કે રૂકન અદા કરવામાં ઢીલ થઈ જેના માટે સજદાએ સહવ છે. (આલમગીરી; પેજ-૧૩૩, દુર્રે મુખ્તાર; પેજ-૨૧૨)

સવાલ : ૧૫૧ સજદામાં પેશાની (કપાળ) જમીનને અડે અને નાક જમીન પર અડકે નહિં તો એ સજદો થયો કે નહિં ?

જવાબ : ૧૫૧ હા એ સજદો થઈ ગયો પણ વગર ઉઝરે (કારણે) એવું કરવું મકરૂહે તેહરીમી છે. જો એનાથી ઉલ્ટું થશે તો સજદો થશે નહિં. (આલમગીરી; પેજ-૭૩, દુર્રે મુખ્તાર, પેજ-૨૩૨, પેજ-૪૩૬)

સવાલ : ૧૫૨ મુકતદી ઈમામની સાથે છેલ્લી રકાઅતમાં મળ્યો, ઈમામ સાહેબે સહવનો સજદો કર્યો તો તે મુકતદી મઝકુર

ઇમામની તાબેદારી કરે કે નહિં ?

જવાબ : ૧૫૨ હા, મુકતદીને દરેક હાલમાં જરૂરી એ છે કે તેની સાથે સજદો કરે ભલેને ઇમામની ભૂલ એના મળ્યાથી પહેલાં થઈ કે પછી જો તેણે ઇમામની સાથે સહવનો સજદો કર્યો નહિં તો મસબુકને પોતાની નમાઝની આખરમાં કરવો પડશે. (આલમગીરી; પેજ-૧૩૬, દુર્રે મુખ્તાર; પેજ-૩૪૦)

સવાલ : ૧૫૩ ચાર રકાઅત ફર્ઝ નમાઝની છેલ્લી બે રકઅતોમાં અલ્હમ્દો સાથે બીજી સુરઅ પઢી લીધી તો હવે સહવનો સજદો કરવો પડશે કે કેમ ?

જવાબ : ૧૫૩ ફર્ઝ નમાઝની છેલ્લી બે રકાઅતમાં અલહમ્દો સાથે બીજી સુરત પઢી લેવાથી સજદાએ સહવ થશે નહિં પણ ઇમામ આ રીતે પઢે તો મકરૂહે તનઝીહી થશે. (આલમગીરી; પેજ-૧૩૭)

સવાલ : ૧૫૪ આ વાત મશહૂર છે કે ઈદ અને જુમ્માની નમાઝમાં સજદ-એ-સહવ નથી તો શું આ વાત સાચી છે ?

જવાબ : ૧૫૪ હા, ઈદ અને જુમ્માની નમાઝમાં ઘણાં જ જમાઅતીઓ હોય તો સજદ-એ-સહવ નથી અને સજદ-એ-સહવ ન કરવું અફઝલ છે. (દુર્રે મુખ્તાર; પેજ-૩૪૪)

સવાલ : ૧૫૫ મસબૂકે (જેની આગલી અમુક રકાતો છુટી ગઈ છે અને વચમાં જમાઅતમાં દાખલ થયો છે તેવા નમાઝીએ) ઇમામની સાથે બંને બાજુ સલામ ફેરવી નાખ્યું ત્યારે યાદ આવ્યું, પછી શું કરે ?

જવાબ : ૧૫૫ જો મસબૂકે જાણી બુઝીને સલામ ફેરવી

નાખ્યું તો તેની નમાઝ તુટી જશે, ફરીથી નમાઝ પઢવી પડશે. પરંતુ જો ભુલથી સલામ ફેરવ્યું તો તરત જ યાદ આવતાં જ ઊભો થઈ જાય અને બાકી નમાઝ પુરી પઢે અને તેથી તેના ઉપર સજદ-એ-સહવ નથી અને જો ઈમામ સાથે સલામ ફેરવ્યું નથી પણ થોડીવાર રહીને સલામ ફેરવ્યું તો પણ ઊભો થઈને નમાઝ પુરી કરે અને આખરમાં સહવનો સજદો પણ કરે. જો સલામ ફેરવ્યા પછી એવું બોલ કે હરકત કરે જે નમાઝ માટે માનેઅ હોય એટલે કે નમાઝમાં જેની મનાઈ છે તો નમાઝ ફરીથી પઢે. (આલમગીરી; પેજ-૪૭)

સવાલ : ૧૫૬ વલદ દાલ્લીન કહીને વિચારવામાં પડી ગયો તેને સજદ-એ-સહવ કરવું પડશે કે કેમ ?

જવાબ : ૧૫૬ હા, અંદાજે ત્રણ વખત સુબ્હાનલ્લાહ કહી શકાય એટલી વાર જો વિચારવામાં પડી ગયો તો તેના ઉપર સજદ-એ-સહવ વાજિબ છે. (આલમગીરી; પેજ-૧૩૫, દુર્રે મુખ્તાર; પેજ-૩૪૫)

સવાલ : ૧૫૭ મુકતદીએ ઈમામને લુકમો આપ્યો અને ઈમામ સાહેબે સ્વીકારી લીધું તો સજદ-એ-સહવ વાજિબ થશે કે કેમ ?

જવાબ : ૧૫૭ મુકતદીએ પ્રોતાના તરફથી પોતાના જ ઈમામને ભૂલમાં લુકમો આપ્યો અને ઈમામ સાહેબે સ્વીકારી લીધો તો સજદ-એ-સહવ વાજિબ નથી. (ફુતુબે ફિકહ)

સવાલ : ૧૫૮ નમાઝીએ બહાર જો આયતે સજદા સાંભળી તો તિલાવતનો સજદો ક્યારે કરે ?

જવાબ : ૧૫૮ જો નમાઝીએ બીજા પાસેથી અને નમાઝથી બહાર હોય અને આયતે સજદા સાંભળી તો નમાઝથી ફારિગ થઈને સજદો કરે અને જો નમાઝમાં સજદો કરશે તો પુરતો થશે અને એ સજદો નમાઝમાં કરવાથી નમાઝ ફાસિદ થશે નહિં. (આલમગીરી; પેજ-૧૪૧, દુર્રે મુખતાર; પેજ-૩૫૪)

સવાલ : ૧૫૯ નમાઝના સલામ પછી ઈમામને કિબ્લાહ તરફ મોઢું કરી દુઆ માંગવી કેમ છે ?

જવાબ : ૧૫૯ ઈમામને કિબ્લાહ બાજુ મોઢું કરી બેસી રહેવું મકરૂહ છે ઉત્તર, દક્ષિણ, પૂર્વ જે બાજુ ઠીક લાગે તે બાજુ ફરીને બેસે. (ફતાવા રઝવિયા; જી-૩, પેજ-૭૪)

સવાલ : ૧૬૦ નાબીના (આંધળા) માણસ પાછળ નમાઝ થઈ શકે કે નહિં ?

જવાબ : ૧૬૦ આંધળા (નાબીના) પાછળ નમાઝ પઢવી મકરૂહે તનઝીહી છે પણ જો એનાથી સારો બીજો કોઈ ઈમામતને લાયક નથી તો મકરૂહ પણ નથી. (આલમગીરી; પેજ-૮૯, દુર્રે મુખતાર; પેજ-૨૬૧)

સવાલ : ૧૬૧ એવો ઈમામ જે પોતાની નમાઝ પઢવામાં ગફલત (આળસ) કરે છે તો નમાઝ તેની પાછળ પઢવું કેમ છે ?

જવાબ : ૧૬૧ જે પોતાની ફરઝ નમાઝો પઢવામાં ગફલત (આળસ) કરે તે ફાસિક છે તેના પાછળ નમાઝ પઢવી મકરૂહે તેહરીમી છે. (આલમગીરી; પેજ-૮૯, દુર્રે મુખતાર; પેજ-૨૫૨)

સવાલ : ૧૬૨ એક મુકતદી ઈમામ પાછળ નમાઝ પઢે છે અને તેને શંકા છે કે આ ઈમામ પાછળ મારી નમાઝ થશે કે નહિં

તો એ મુકતદીની નમાઝ થશે કે નહિં ?

જવાબ : ૧૬૨ ઈકતેદાની શરતો (ઝરૂરી બાબતો)માં એ પણ છે કે ઈમામની નમાઝ સહીહ હોવામાં મુકતદી પોતે યકીન કરે. જો સહીહનો યકીન નથી તો નમાઝ નહિં થાય. (દુર્રે મુખતાર; પેજ-૨૭૬)

સવાલ : ૧૬૩ ઈમામ અને મુકતદી નમાઝના જલસામાં (નમાઝના અંતે બેસીએ છીએ અને અત્તહિય્યાત પઢીએ છીએ ને જલસા કહેવામાં આવે છે.) અલ્લા હુમ્મગ ફિરલી પઢે કે નહિં અને નમાઝમાં દરેક રકાઅતમાં દરેક સુરઅ પહેલાં અને અલહમ્દો પહેલાં બિસ્મીલ્લાહ પઢે કે નહિં ?

જવાબ : ૧૬૩ જલસામાં ઈમામ અને મુકતદી બધાને અલ્લા હુમ્મગ ફિરલી પઢવું (મસ્નુન) સુન્નત છે પણ વધુ વખત પઢવું મકરૂહ છે. દરેક રકાઅતમાં અલહમ્દો અને દરેક સુરઅ પહેલાં બિસ્મીલ્લાહ પઢવું સુન્નત અને સુરઅના મિલાવતાં પહેલાં મુસ્તહબ છે. (ફતાવા રઝવિયા; જી-૩, પેજ-૬૨,૭૦)

સવાલ : ૧૬૪ કોઈ માણસનો જમાઅતમાં વુઝૂ તુટયો અને પાછળ સફો (લાઈનો) ઉભી છે તો કેવી રીતે નીકળે અને તેની ખાલી જગ્યા બાબતે શું કરવું જોઈએ ?

જવાબ : ૧૬૪ એને જ્યાંથી જગ્યા મળે ત્યાંથી નીકળી જાય કારણ કે ઈમામનો સુતરો (આડ) પુરી જમાઅતને સુતરો (આડ) છે માટે હવે નમાઝીઓના આગળથી નીકળવાનો ગુનોહ નથી અને ખાલી જગ્યા કોઈ નવો આવે તો પુરી દે નહિં તો ખાલી પડી રહેવા દે. (ફતાવા રઝવિયા; જી-૩, પેજ-૩૭૫)

સવાલ : ૧૬૫ કિરઆતમાં અઉઝો બિલ્લાહ અને બિસ્મીલ્લાહ એ સનાને તાબે છે કે કિરાઅતના તાબે છે ?

જવાબ : ૧૬૫ અઉઝોબિલ્લાહ અને બિસ્મીલ્લાહ કિરાઅતના તાબે છે માટે મુકતદી ઈમામ પાછળ ફકત સના પઢે આ બંને પઢે નહિં. (આલમગીરી; પેજ-૭૭, દુર્રે મુખતાર; પેજ-૨૨૮)

સવાલ : ૧૬૬ દરેક નમાઝ તેનો વકત શરૂ થતાં જ પઢી લેવી સારી કે થોડી મોડી પઢવી સારી ?

જવાબ : ૧૬૬ એક મગરિબની નમાઝ તેનો વકત શરૂ થતાં જ જલ્દી પઢી લેવી બહેતર છે બાકી ફજરની નમાઝ કંઈક ઠીક અજવાળું થાય ત્યારે પઢવી અને એવી જ રીતે બીજી નમાઝો જેમ કે ઈશા, અસર, ઝોહર માટે થોડું મોડું કરવું બહેતર છે.

સવાલ : ૧૬૭ લુકમો દેવાવાળાએ લુકમો દીધો અને ઈમામે તે લીધો નહિં તો લુકમો દેવાવાળાની નમાઝ ફાસિદ થશે કે નહિં ?

જવાબ : ૧૬૭ મઝકુર સુરતમાં લુકમો દેવાથી મુકતદીની નમાઝ ફાસિદ થશે નહિં. (દુર્રે મુખતાર; પેજ-૨૯૦, શામી; પેજ-૫૮૨)

સવાલ : ૧૬૮ મૂંગો માણસ નમાઝમાં કિરઆતના ફર્ઝને કેવી રીતે અદા કરશે ?

જવાબ : ૧૬૮ મૂંગો માણસ લાચાર અને મઅઝુર છે એના ઉપર વુજૂબે કિરાત માફ થઈ જાય છે. ચુપ ચાપ ઊભો રહે ઝબાન હલાવવી જરૂર નથી. (દુર્રે મુખતાર; પેજ-૨૨૩)

સવાલ : ૧૬૯ જો કિરઆતમાં ભુલ થઈ જાય કે કોઈ

આયત છુટી જાય તો નમાઝ થશે કે નહિં ?

જવાબ : ૧૬૯ જો કિરઆતમાં એવી ગલતી થઈ જાય કે આયતનો અર્થ બદલાઈ જાય અને અર્થ એવો પણ થઈ જાય કે એઅતકાદે કુફ્ર થાય તો નમાઝ ફાસિદ થઈ જશે જેમકે (અસા આદમો રબ્બહુ)માં મિમને ઝબર અને બે ને પેશ પઢયો અને (યા ઐયો હલ્લઝીન આમનુ વ અમેલુસ્સાલેહાતે ઉલા એકા હુમ ખૈરૂલ બરીય્યહ)માં ખૈરૂલ બરીય્યહને શર્રુલ બરીય્યહ પઢયો અને છુટી ગયેલી આયત જો એવી હોય કે તેનો સંબંધ આગળની અથવા પાછળની આયત સાથે એવો હોય કે તેના છુટી જવાથી અર્થમાં ફસાદ (ફેરફાર) આવી જાય તો નમાઝ ફાસિદ થશે તેમ જો ન હોય તો વાંધો નથી. (આલમગીરી; પેજ-૮૬)

સવાલ : ૧૭૦ રૂકૂઅમાંથી ઉભા થતી વખતે ઈમામ અને મુકતદીએ શું કહેવું જોઈએ ?

જવાબ : ૧૭૦ રૂકૂઅમાંથી ઉઠતી વખતે ઈમામ ફકત સમેઅલ્લા હુલેમન હમેદાહ કહે અને મુકતદી ફકત રબ્બના લકલ હમ્દ કહે, એકલો નમાઝ પઢનાર બંને કહે. (દુર્રે મુખતાર; પેજ-૨૨૧, આલમગીરી; પેજ-૮૪)

સવાલ : ૧૭૧ રૂકૂઅમાં હદસ (વુઝૂ તુટી જવું) થયો અને વુઝૂ કરીને જે બીના કરેલ તે રૂકૂઅ ફરીથી કરે કે પહેલો રૂકૂઅ અદા થઈ ગયો ?

જવાબ : ૧૭૧ રૂકૂઅમાં હદસ થયો (વુઝૂ તૂટી ગયું) તો એ વુઝૂ કરીને ફરીથી એ રૂકૂઅ કરવો ફર્ઝ છે જો એ રૂકૂઅ કર્યો નહિં તો નમાઝ થશે નહિં. (આલમગીરી; પેજ-૯૮, દુર્રે મુખતાર;

પેજ-૨૮૫)

સવાલ : ૧૭૨ દરેક રકાઅતમાં સજદા બે કેમ ફર્ઝ કરવામાં આવ્યા ?

જવાબ : ૧૭૨ બે સજદા કરવા તેનો સંબંધ બંદગી છે તેમાં બીજું કોઈ અકલી કારણ નથી. પણ બુઝુર્ગોનું કહેવું છે કે એ શૈતાન સામે મુખાલેફત છે કે તેણે એક વખત પણ કર્યો નહિં અને અમે બે વખત કરીએ છીએ અને ફરિશ્તાઓએ જ્યારે બીજો સજદો કર્યો ત્યારે શયતાનના ગળામાં લાઅનતનો તૌક જોયો એ કારણથી બે સજદા થયા એક હુકમનો બીજો શુકનો (રૂહુલ બયાન; પેજ-૫૧, દુર્રે મુખ્તાર; પેજ-૨૦૭)

સવાલ : ૧૭૩ ઈમામ મિસ્વાક (દાંતણ) ન કરે તો તેની પાછળ નમાઝ પઢવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૧૭૩ જાઈઝ છે. પણ દાતણ કરવું અફઝલ છે જાણી બુઝીને તરક કરવું ગુનાહ છે અને મોઢામાંથી દુર્ગંધ વધુ આવતી હોય તો દાતણ કરવું એકદમ જરૂરી છે. (ગાયતુલ અવતાર)

સવાલ : ૧૭૪ કોઈ મસ્જિદ જ્યાં જમાઅત બા કાએદા થાય છે ત્યાં કોઈ ખાસ ઉઝર (કારણ) ના લીધે અસલ જમાઅતથી પહેલાં પોતાની જમાઅતથી પઢી શકાય કે નહિ ?

જવાબ : ૧૭૪ હા, જમાંઅતથી પઢી શકાય છે કોઈ કરાહત નથી બલ્કે એકલા પઢવા કરતાં જમાઅતથી પઢવી બહેતર છે. (ફતાવા રઝવિયા; જી-૩, પેજ-૩૭૬)

સવાલ : ૧૭૫ કોઈ એવો માણસ છે જેને નમાઝ માફ

કરવામાં આવી હોય ?

જવાબ : ૧૭૫ હા, જે માણસ બચપનથી લઈને મૌત સુધી પાગલ રહ્યો તેના ઉપર નમાઝ માફ છે. એમ તો બીજા પણ છે જેને અમૂક વખત જેમ કે હૈઝ નિફાસવાળી સ્ત્રીને આ સમય દરમ્યાન નમાઝ માફ છે. (દુર્રે મુખ્તાર; પેજ-૧૬૪)

સવાલ : ૧૭૬ અસર નમાઝની ચાર સુન્નત ગૈર મોઅક્કેદા અને ઈશાની ચાર રકાઅત સુન્નત ગૈર મોઅક્કેદના પહેલા કાએદામાં કોઈ અત્તહિય્યાત પછી જો દરૂદે ઈબ્રાહીમ, દુઆએ માસૂરા પઢી લે તો તેને સજદાએ સહવ કરવો પડશે કે કેમ ?

જવાબ : ૧૭૬ અસર અને ઈશાની ચાર રકાઅત સુન્નતે ગૈર મુઅક્કેદાના પહેલાં કાએદામાં અત્તહિય્યાત પછી દરૂદે ઈબ્રાહીમ અને દુઆએ મઅસુરા પઢવી જોઈએ. એને સુન્નતે ઝવાઈદ કહેવામાં આવે છે જે બે બે રકાઅતો પણ પઢી શકાય બાકી સુનનુલ હોદા અથવા રવાતીબ જે ચાર રકાઅતી સુન્નત છે. જેમાં પહેલાં કાએદામાં અત્તહિય્યાત જ ફકત પઢવું વધારે પઢવું નહીં. જો તેમાં દરૂદે ઈબ્રાહીમ પઢાઈ જાય તો સજદાએ સહવ કરવું પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૭૭ ચાર-પાંચ માણસો જંગલમાં છે અને તે બધા નમાઝના પાબંદ છે પણ બધા દાઢી મુંડેલા છે તો બધા ભાઈઓ ત્યાં નમાઝની જમાઅત કરે કે અલગ-અલગ પોતાની પઢી લે ?

જવાબ : ૧૭૭ સૌ પોતાની નમાઝ અલગ અલગ પઢી લે

કારણ કે દાઢી મુંડાવનાર પાછળ નમાઝ પઢવી મકરૂહે તેહરીમી છે તેને ઈમામ બનાવવો શરીઅતની બેઈઝઝતી છે અને દાઢી કતરાવનાર ને ઈમામતના મુસલ્લા પરથી હટાવી દેવું વાજિબ છે કારણ કે તે ફાસિકે મોઅલીન અને ખુલ્લે ખુલ્લો બિદઅતી છે તેને ઈમામ બનાવવો નહિં. (ફતાવા રઝવિયા, ફતાવા નઈમીયા)

સવાલ : ૧૭૮ મસ્જિદની અંદર અઝાન આપવાની મનાઈ છે પણ હમણાં ઘણી જગ્યાએ લાઉડ સ્પીકર ઉપર અઝાન અપાય છે અને લાઉડનો માઈક મસ્જિદની અંદર હોય છે ખરો હુકમ શું છે ?

જવાબ : ૧૭૮ અઝાન માટે ફિકહની કિતાબોમાં ખાસ તાકીદ છે કે, અઝાન મસ્જિદની બહાર આપવી જોઈએ. મસ્જિદની અંદર અઝાન આપવી મકરૂહ છે. મસ્જિદની બહાર જ અઝાન આપવાનો હુકમ છે. (ફતાવા નઈમીયા)

સવાલ : ૧૭૯ સ્ત્રીને સુવાવડ થાય તો તેણીને નમાઝ પઢવાનો શરીઅતમાં કેવો હુકમ છે ?

જવાબ : ૧૭૯ જેવી રીતે દર મહિને માસિક માટેનો હુકમ છે તે મુજબ એટલે જેટલા દિવસ નિફાસનું લોહી આવતું હોય તેટલા દિવસ તેને નમાઝ પઢવાની માફી છે. પરંતુ નિફાસ ચાલીસ દિવસની મુદ્દત દરમ્યાન બંધ થઈ જાય ત્યારે ગુસ્લ કરી પાક થઈને નમાઝ શરૂ કરે પણ જો ચાલીસ દિવસથી વધારે લોહી ચાલુ રહે તો તે બિમારી છે આથી દરેક નમાઝના વખતે નવો વુઝૂ બનાવીને, તહારત કરીને તેણી નમાઝ પઢે. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૦ જો કોઈ માણસ જંગલમાં અથવા મસ્જિદમાં

એકલો જ નમાઝ પઢે તો તેને અઝાન કે ઈકામત પઢવી પડશે કે કેમ ?

જવાબ : ૧૮૦ જો જંગલમાં નમાઝ પઢે તો અઝાન અને ઈકામત બંને પઢે તો બહેતર છે અને જો મસ્જિદમાં પઢતો હોય અને તે મસ્જિદમાં અઝાન થઈ નથી અથવા પછી થવાની પણ નથી તો અઝાન પઢવી જોઈએ. તેમ ન હોય તો અઝાન પઢવાની જરૂર નથી પણ ઈકામત તો પઢવી જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૧ ઈમામ સાહેબે નમાઝમાં તે આયત પઢી જેમાં દરૂદ શરીફ પઢવાનો હુકમ છે અને જો કોઈ મુકતદી મોટા અવાજથી જો દરૂદ શરીફ પઢે તો મુકતદીની નમાઝમાં કાંઈ ખલલ આવશે ?

જવાબ : ૧૮૧ ઉપરોક્ત બાબતમાં જો તે આયતના જવાબમાં જો મોટા અવાજે દરૂદ શરીફ પઢશે તો તેની નમાઝ ફાસિદ થઈ જશે. પરંતુ તે આયતના જવાબમાં ન હોય પણ પોતાની નમાઝમાં પોતાના ઈરાદે દરૂદ શરીફ ધીમેથી પઢશે તો નમાઝ તુટશે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૨ એક પેશ ઈમામ સાહેબે ભૂલથી ઈશાની નમાઝ વગર વુઝૂએ પઢાવી દીધી તે પછી સવારના ફજરની નમાઝ પઢાવી દીધી. ત્યારે ચોક્કસ યાદ આવ્યું કે રાત્રે ઈશાની નમાઝ વગર વુઝૂએ પઢાવી દીધી હતી. પણ જે માણસો રાત્રે ઈશાની નમાઝમાં હાજર હતા તેઓ હમણાં હાજર નથી તેમજ બહાર ગામના અજાણ્યા માણસો પણ ઈશાની જમાઅતમાં હતા તો ઈમામ માટે હવે શું રસ્તો છે.

જવાબ : ૧૮૨ તે ઈમામ સાહેબ ઉપર લાઝિમ છે કે હર મુમકીન કોશિશ કરીને રાતના નમાઝીઓને યાદી આપે કે રાતવાળી ઈશા નમાઝના મઝકુર ફર્ઝ કઝા કરી લે. ત્યાં સુધી કે જે બહાર ગામના નમાઝીઓ હતા તે બહાર ગયા તેમને પણ, જો ઓળખાણ હોય તો તેમને કાગળ લખીને ખુલાસાવાર જાણ કરે અને ફળિયાના જે જમાઅતીઓને મઝકુર નમાઝ પઢાવી હતી જે હાજર હોય તેને જમાઅતની સાથે કઝા પઢાવે. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૩ એક ભાઈએ ઈશાની નમાઝના ફર્ઝ એકલે પઢી લીધાં પછી જમાઅત સાથે તેને તે જ નમાઝ પઢવી હોય તો તેમાં તે નિય્યત કેવી રીતે કરે ?

જવાબ : ૧૮૩ તે માણસ જમાઅતનો સવાબ મેળવવા અર્થે જમાઅત સાથે નમાઝ પઢી શકશે પણ ફર્ઝ તો એકલો પઢી ચૂકયો હતો તે જ તેના ફર્ઝ અદા થઈ ગયા. બાકી નફલ નમાઝની નિય્યતથી પઢે તો તેને જમાઅતનો સવાબ મળશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૪ એક માણસને ઝોહરની નમાઝ પઢીને હવાઈ જહાજમાં જવાનું છે અને તે રાત્રે દસ વાગ્યે ઉતરશે તેથી તે અસર તથા મગરિબની નમાઝ પઢી શકશે નહિં તો તે ભાઈ અસર તથા મગરિબ અગાઉથી જ પઢી લે કે તેની કઝા કરે કે શું ?

જવાબ : ૧૮૪ શકય હોય તો હવાઈ જહાજમાં તે સમય દરમ્યાન જે નમાઝો આવે તેને કસર ફર્ઝ નમાઝ પઢી લે અને ઘણાં ભાઈઓ તેમાં નમાઝ પઢે છે પરંતુ કોઈ ખાસ કારણ, ઉઝરથી તેમાં તે સમયની નમાઝ પઢી શકાય નહિં, તો તે નમાઝોની પછીથી

કઝા કરે. પણ અગાઉથી એટલે કે તે નમાઝના સમયથી પહેલાં પઢી શકશે નહિં કોઈ પણ નમાઝ તે નમાઝના ખરેખરા સમય પહેલાં અગાઉથી પઢી શકાય નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૫ કોઈ વૃદ્ધા ડોશીમા (સ્ત્રી) મસ્જિદમાં પુરૂષોની સાથે જમાઅતમાં નમાઝ પઢે તો કંઈ વાંધો ખરો ?

જવાબ : ૧૮૫ સ્ત્રીઓને પોતાના ઘરે નમાઝ પઢવી અફઝલ છે તેને નમાઝની જમાઅત માટે મસ્જિદમાં આવવાની મનાઈ છે. તેમ છતાં જો કોઈ વૃદ્ધ અવસ્થાની ડોશીમા (સ્ત્રી) નમાઝ પઢવા આવશે તો તેની નમાઝ થઈ જશે પણ તે ગુન્હેગાર થશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૬ કોઈ માણસ નમાઝની જમાઅતમાં મોટા અવાજથી ખડાખડાટ હસે તો તેની નમાઝ અને વુઝૂ બંને ટુટી જાય છે નમાઝ તો ટુટે પણ વુઝૂ શા માટે ટુટી જાય કારણ કે હંસવું એ વુઝૂ તોડનારી ચીજ નથી. છતાં વુઝૂ કેમ ટુટે ?

જવાબ : ૧૮૬ એનું કારણ એ કે ખુદાપાક અહકમુલ હાકેમીનના દરબારમાં હસવું એ અલ્લાહ પાકની બેઅદબી અને હસનારની નાદાની ગણાય. આથી રબ્બ તઆલાની બેઅદબી કરી તેથી તેની નમાઝ અને વુઝૂ બંને તૂટી જાય છે. આવી નાદાની અને ભૂલ ફરી ન થવા પામે તે માટે યાદી (ખ્યાલ) રહે. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૭ એક સ્ત્રી નમાઝ પઢી રહી હતી અને નમાઝમાં જ તેનું બાળક દુધ પીવા લાગી ગયું તો શું મઝકુર સ્ત્રીની નમાઝમાં કંઈ ખલલ થશે ?

જવાબ : ૧૮૭ જો તે સ્ત્રી પોતાની નમાઝની હાલતમાં તે બાળકને દૂધ પીવડાવવા એટલે કે ધાવણ ધવરાવવા પાછળ પોતાનું ધ્યાન કેન્દ્રીત કરશે તો તેની નમાઝ તુટી જશે. પણ જો તે કાએદામાં એટલે કે અત્તહિય્યાત પઢી રહી હતી અને બાળક દૂધ પીવા લાગી ગયું તો અને તે સ્ત્રી પોતાની નમાઝનો કાએદા પૂરો કરી રહી છે અને ધ્યાન તશહુદમાં લાગેલ છે. તો તેની નમાઝમાં ખલલ આવશે નહિં. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૧૮૮ ઈમામત માટે છોકરાની ઉમ્ર ઓછામાં ઓછી કેટલી હોવી જોઈએ અને નાબાલિગ છોકરા પાછળ જનાઝાની નમાઝ અથવા તરાવીહની નમાઝ જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૧૮૮ નાબાલિગ છોકરાની પાછળ કોઈપણ નમાઝ નથી તેની ઈમામત સહીહ નથી. ઈમામત માટે ઈમામનું બાલિગ હોવું જરૂરી છે. બાલિગ (પુખ્ત) હોવાની શરતો છે છોકરાને એહતલામ (સ્વપ્નદોષ) થતો હોય અથવા તેની નિકાહ થઈ ગઈ હોય અને તેની ઔરત એનાથી હામેલા (સગર્ભા) થઈ હોય અને તે સમયે તેની ઉંમર ૧૨ વર્ષની જ હોય તો ઉપરોકત બાબતોને કારણે છોકરાને બાલિગ ગણવામાં આવશે પણ જો ઉપરોકત શરતો પુરી ન થતી હોય તો તેના બાલિગ થવા માટે તેની ઉંમર ૧૫ વર્ષ છે. ૧૫ વર્ષ પૂર્ણ કર્યા પછી છોકરો બાલિગ ગણાશે અને તેની ઈમામત જાઈઝ ગણાશે.

હા, જો નાબાલિગ છોકરો નમાઝ પૂર્ણ, ખરી રીતે અદા કરી શકે છે તો નાબાલિગોની ઈમામત કરી શકે છે. (બહારે શરીઅત)

સવાલ : ૧૮૯ એક પેશઈમામ સાહેબ જુમ્આના દિવસે ખુત્બાએ-સાની (બીજો) પઢતા નથી ફકત એક જ ખુત્બો પઢીને જુમ્આની નમાઝ પઢાવે છે તો જુમ્આની નમાઝ થઈ જશે કે નહિં ?

જવાબ : ૧૮૯ કોઈ સખત મજબૂરીને કારણે ખુતબો સાની ન પઢે તો નમાઝે જુમ્આ થઈ જશે. બાકી હંમેશા ખુત્બા-એ-સાનીને નહિં પઢનાર ગુમરાહ, બિદઅતી અને ફાસિક છે. આવા ઈમામ પાછળ નમાઝ પઢવી જાઈઝ નથી. ખુત્બાએ સાની સખ્ત કારણ સિવાય હરગીઝ તરક કરવું ન જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૧૯૦ ઈમામ સાહેબે નમાઝમાં આયતે સીજદા પઢી અને નમાઝ પૂરી કરી લીધી, સલામ ફેરવ્યા બાદ સજદાએ તિલાવત કર્યો નહિં અને બીજા મુકતદીઓએ કહ્યું કે, તિલાવતનો સજદો કરી લ્યો. આમ કરવાથી ગુન્હેગાર થશે કે કેમ ?

જવાબ : ૧૯૦ નમાઝમાં આયતે સીજદા પઢવાથી નમાઝમાં જ સજદાએ તિલાવત વાજિબ થાય છે. મોડું કરવાથી ગુન્હેગાર થશે અને જો કોઈ સજદો કરતાં ભુલી જાય તો નમાઝ છેવટ પુરી થાય તે પહેલાં સજદો કરી લેવું જોઈએ પણ ઈરાદાપૂર્વક નમાઝ પુરી કરી સલામ ફેરવી લીધો તો હવે સજદાએ તિલાવત થઈ શકે નહિં અને તેવી રીતે કરવું સખ્ત ગુનાહ છે. (દુર્રે મુખતાર, બહારે શરીઅત)

સવાલ : ૧૯૧ ઈમામ સાહેબ અસર નમાઝની ચોથી રકાતની તશહુદ (અત્તહિય્યાત) પઢીને પાંચમી રકાત માટે ઊભા થઈ ગયા જેથી મુકતદીઓએ લુકમો દીધો. ઈમામ સાહેબે તરત જ બેસીને સલામ ફેરવી લીધો. સજદાએ સહવ કર્યો નહિં. શું

આવી રીતે મઝકુર નમાઝ થઈ જશે કે કેમ ?

જવાબ : ૧૯૧ સજદાએ સહવ જરૂરી થશે. જો ઈમામ પાંચમી રકાત માટે ભૂલથી ઊભો થઈ ગયો અને પાંચમી રકાત રૂકૂઅ કર્યો પહેલાં યાદ આવે તો તરત જ બેસી સજદએ સહવ કરી પછી નમાઝ પુરી કરે અને જો સજદાએ સહવ ન કર્યો અને જો નમાઝનો વખત બાકી હશે તો નમાઝ ફરીથી પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૧૯૨ ઈમામ સાહેબ ઈદની નમાઝની બીજી રકાઅતમાં તકબીરો આપતાં ભુલી ગયા અને નમાઝ પુરી કરી લીધી. આખરમાં સજદાએ સહવ કર્યો નહિં. ઈમામ સાહેબને પૂછયું તો તેઓએ જવાબ આપ્યો કે ઈદ અને જુમ્આની નમાઝમાં સજદાએ સહવ નથી તો શું આ વાત સાચી હશે કે કેમ ?

જવાબ : ૧૯૨ નમાઝે જુમ્આ અથવા ઈદની નમાઝમાં સજદાએ સહવ ન કરવાની રજા એવી શરતથી આપવામાં આવી છે કે, જમાઅત મોટી હોય યાને નમાઝમાં માણસો વધારે હોય જેના કારણે ઈમામ નમાઝ પઢાવે તેને બરાબર જોઈ શકાય નહિં અને સાંભળી શકાય પણ નહિં એટલે કે જમાઅતે કસીરાહ હોય તો સજદાએ સહવ ન કરવાની રજા છે જો જમાઅતમાં થોડા માણસો હોય તો સજદા એ સહવ કરી શકાય છે અને કરવું જોઈએ. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૧૯૩ નમાઝની જમાઅતની પહેલી સફમાં એક માણસનું વુઝૂ તુટી ગયું. પાછળ દસ, બાર સફો ઊભેલી છે હવે આ માણસ વુઝૂ કરવા માટે કેવી રીતે બહાર આવી શકે ?

જવાબ : ૧૯૩ ઉપરોક્ત હાલતમાં તેનું વુઝૂ તુટી ગયું તે નમાઝી ડાબા હાથે પોતાનું નાક પકડી પહેલી સફથી પાછળ હટે દરેક સફમાં તેની સફમાં તેની સામે દેખાતો નમાઝી તેને નીકળવાનો માર્ગ આપતો જાય અને પોતે તે નમાઝી આગળ વધતો જાય. તેવી રીતે જેટલી સફો તેમાંથી એ મુજબ તે નીકળીને વુઝૂ કરી અને પછી છેલ્લી સફમાં ખાલી જગ્યા હોય ત્યાં જમાઅતમાં મળે ત્યાં તે નમાઝમાં શામીલ થાય. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૧૯૪ ઈદની નમાઝ પઢતાં ઈમામ અને મુકતદીનું વુઝૂ તુટી ગયું તો હવે શું કરવું જોઈએ. મુકતદી વુઝૂ કરીને પાછો આવશે ત્યાં સુધી નમાઝ પુરી થઈ જશે.

જવાબ : ૧૯૪ જો ઈદની નમાઝ પઢતા ઈમામનું વુઝૂ તુટી જાય તો ઈમામ કોઈને ખલીફો બનાવીને પાણી નઝદીક હોય તો વુઝૂ કરીને નમાઝમાં પોતે મુકતદી બની જાય અને જો પાણી નજીકમાં ન હોય તો તયમ્મુમ કરી નમાઝમાં શામિલ થઈ જાય અને જો ખલીફો બને તેવી હૈસિયતમાં મુકતદી ન હોય તો નમાઝ તોડી ઈમામ ફરીથી વુઝૂ કરી નવેસરથી નમાઝ પઢાવે અને જો મુકતદીનું વુઝૂ તુટી જાય અને પાણી નજીકમાં મળી શકે અને વુઝૂ કરી નમાઝ મળી શકે તો વુઝૂ કરી જમાઅતમાં શામિલ થઈ જાય અને તેમ ન બને તો તયમ્મુમ કરીને નમાઝમાં સામિલ થઈ જાય. (બહારે શરીઅત)

સવાલ : ૧૯૫ અગર કોઈ વિત્રની ત્રીજી રકાઅતમાં દુઆએ કુનુત પઢી આખરી કાએદાહમાં તેને બીજો કાએદાહ સમજીને ઊભો થઈ ગયો અને ચોથી રકાઅત પઢયો અને તશહુદ

પઢીને સલામ ફેરવી નમાઝ પુરી કરી. સજદાએ સહવ કર્યો નહિં. મઝકુરની નમાઝ થઈ કે નહિં ?

જવાબ : ૧૯૫ ઉપર જણાવેલ વિગતમાં મઝકુરને સજદાએ સહવ કરવાના હતા પણ ભૂલથી કે જહાલતથી સજદા એ સહવ કર્યો નહિં તો હવે તેની નમાઝ થઈ ગઈ કારણ કે નમાઝે વિત્રના અરકાન છે તે બધા પુરા થઈ ચૂકયા. વધારે ભૂલ અને સલામમાં મોડું (તાખીર) ના કારણે સજદાએ સહવ કરવાનું ભુલાઈ ગયું તો નમાઝ થઈ ગઈ. (બહારે શરીઅત)

સવાલ : ૧૯૬ એક માણસ રોઝાનો પાબંદ નથી અને દાઢી પણ રખાવતો નથી મઝકુર માણસ ઈદ અથવા જુમ્આ નમાઝ અથવા તરાવીહ નમાઝ કે જનાઝા નમાઝ પઢાવે તો તેની પાછળ નમાઝ થઈ શકે કે નહિં ?

જવાબ : ૧૯૬ મઝકુર માણસની ઈમામત જાઈઝ નથી. તેની પાછળ નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે. અગર કોઈએ પઢી લીધી હોય તો ફરીથી બીજીવાર દોહરાવવી (પઢવી) પડશે.

સવાલ : ૧૯૭ ફરઝ અને વાજિબ નમાઝ કઝા થઈ ગઈ તો કઝા નમાઝ કયારે પઢવી જોઈએ અને તેનો સમય શું છે ?

જવાબ : ૧૯૭ કઝા નમાઝનો કોઈ સમય નક્કી કરેલો નથી જેમ બને તેમ વહેલાસર કઝા કરી લેવી જોઈએ. જો કોઈની પાંચ નમાઝો એની ઝિંદગીમાં એક સરખી કઝા ન હોય તો તે સાહેબે તરતીબ છે. તેની જે ફર્ઝ કઝા થઈ ગઈ તો તે પહેલાં કઝા કરી લે પછી બીજા વકતની નમાઝના ફર્ઝ અદા કરે.

સવાલ : ૧૯૮ અગર કોઈ માણસ ચાર રકાઅતની સુન્નત

નમાઝમાં, પહેલી રકાઅતમાં સૂર-એ-ફાતેહા બાદ સૂર-એ-નાસ પઢી હવે બીજી રકાઅતોમાં સૂર-એ-ફાતેહા બાદ કઈ સુરતો પઢવી જોઈએ અને આખિરમાં સજદા-એ-સહવ કરવું પડશે કે કેમ ?

જવાબ : ૧૯૮ મઝકુર માણસ દરેક રકાઅતમાં સૂર-એ-નાસ જ (કુલ અઉઝુ બિ રબ્બિન નાસ) પઢે બીજી કોઈ સૂરઅ નહિં અને તેને સજદએ સહવ કરવાની જરૂર નથી.

સવાલ : ૧૯૯ અગર ઈમામનું વુઝૂ તુટી જાય અને ઈમામ નવેસરથી વુઝૂ કરી ફરીથી નમાઝ પઢાવે તો જમાઅત માટે ઈકામત બીજીવાર પઢવી પડશે કે નહિં ?

જવાબ : ૧૯૯ મઝકુર હાલતમાં ફરી બીજીવાર ઈકામત પઢવાની જરૂર નથી.

સવાલ : ૨૦૦ ફર્ઝ નમાઝની જમાઅત થઈ ગયા પછી દરેક માણસ ત્યાંથી હટીને પોતાની સુન્નત, નફલ નમાઝ પઢે છે તેનું કારણ શું ? અગર કોઈ ન હટે અને ત્યાં જ સુન્નત, નફલ પઢે તો કાંઈ વાંધો ખરો ?

જવાબ : ૨૦૦ જો ફર્ઝ નમાઝ પઢી લીધા પછી થોડુંક હટીને સુન્નત, નફલ પઢવાની જગ્યા હોય અથવા કોઈને તકલીફ ન થતી હોય તો બહેતર છે કે ફર્ઝની જગ્યાએ સુન્નત, નફલ પઢવા ખિલાફે ઉલા છે. પણ જો જગ્યા ન હોય અથવા કોઈને તકલીફ થતી હોય તો હટી જવાની જરૂર નથી.

સવાલ : ૨૦૧ અગર કોઈ માણસની રમઝાન શરીફમાં ઈશાની નમાઝ કઝા થઈ ગઈ તો શું તરાવીહની નમાઝ પણ કઝા કરવી પડશે કે કેમ ?

જવાબ : ૨૦૧ તરાવીહની કઝા નથી પણ એટલી રકાઅતો જો નફલોની રીતે પઢી લે તો અફઝલ છે બાકી ફર્ઝ વિત્ર તો કઝા કરવા જરૂરી છે.

સવાલ : ૨૦૨ અગર કોઈ નાની ઉંમરનો (નાબાલિગ) છોકરો નમાઝે જુમ્આનો ખુત્બો પઢાવે તો જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૨૦૨ જાઈઝ છે તેને અહકામે ખુત્બા જો બરાબર પઢતાં આવડતો હોય અને ખુત્બો સહી પઢી શકતો હોય, તહારત વિશે બરાબર મસ્અલા જાણતો હોય, તો જાઈઝ છે.

સવાલ : ૨૦૩ મુસલ્લા ઉપર નમાઝની જમાઅત અવ્વલ (પહેલાં) થઈ ગઈ હતી. જમાઅત થઈ ગઈ છે તે જાણી જોઈને મઝકુર મુસલ્લા ઉપર જ ઈમામે બીજી નમાઝ પઢાવી તો શું નમાઝમાં કંઈ વાંધો આવ્યો કે નહિં અને મઝકુર ઈમામ ગુન્હેગાર થશે કે નહિં ?

જવાબ : ૨૦૩ જે જગ્યાએ જમાઅત અવ્વલ થઈ ગઈ તે જ જગ્યાએ બીજીવાર જમાઅત ઈમામ ઉભો રહી પઢાવે તો મકરૂહ છે. જાણી જોઈને ઈમામ પઢાવે તો તે શરીઅતના ફરમાનની બેદરકારી કરેલ, જે જેથી ઈમામ ગુન્હેગાર થશે.

સવાલ : ૨૦૪ ઝવાલ વખતે નમાઝ પઢવાની મનાઈ છે. પણ એવું સાંભળ્યું છે કે જુમ્આના દિવસે ઝવાલ વખતે નમાઝ પઢવામાં વાંધો નથી. ખરી હકીકત શું છે તે જણાવશો ?

જવાબ : ૨૦૪ જુમ્આના દિવસે પણ ઝવાલના વખતે નમાઝ પઢવી નહિં એ જ ફતાવા ઉપર ઉલ્માએ કિરામની બહુમતી છે.

સવાલ : ૨૦૫ ઈમામ સાહેબ ઝોહરની નમાઝ પઢાવી રહ્યા હતા, ત્રીજી રકાઅતને ચોથી રકાઅત સમજીને બેસી ગયા. પાછળથી લુકમો મળ્યો એટલે ઈમામ સાહેબ ઊભાં થઈ ગયા અને નમાઝ પુરી કરી પણ આખિરમાં સહવનો સજદો કર્યો નહિં આવી હાલતમાં ઈમામે સજદાએ સહવ કરવો જોઈએ કે નહિં ?

જવાબ : ૨૦૫ જો ત્રીજી રકાઅતને ચોથી રકાઅત સમજીને બેસી ગયા, એટલીવાર કે એક આયત પઢી જવાય અથવા બેસતાં જ અત્તહિય્યાત પઢવાનું શરૂ કરી દીધું એવી હાલતમાં લુકમો મળવાથી ઊભાં થઈ ગયા અને નમાઝ પુરી કરે તો સજદાએ સહવ કરવું જરૂરી છે.

સવાલ : ૨૦૬ અગર કોઈ પોપટ કુરઆનની આયતે સજદા પઢે અને કોઈ કાફિર આયતે સજદા પઢે તો સાંભળનારને સજદાએ તિલાવત કરવો પડશે કે કેમ ?

જવાબ : ૨૦૬ પોપટ અથવા કોઈ પરિંદાહ (પક્ષી) કે જાનવર આયતે સજદા પડે તો સજદાએ તિલાવત સાંભળનારને વાજિબ થશે નહિં પણ જો કોઈ કાફિર આયતે સજદા તિલાવત કરે તો સાંભળનાર મુસલમાન મર્દ, ઔરત, આકિલ, બાલિગ (અકલમંદ અને પુખ્તવયના) બધા ઉપર સજદાં-એ-તિલાવત વાજિબ થશે.

સવાલ : ૨૦૭ નાની ઉંમરના (નાબાલિગ) બાળકો નમાઝની જમાઅતમાં મોટા માણસોની સફમાં વચ્ચે ઊભા રહે છે આમ મોટાઓ સાથે નાના બાળકો સફમાં વચ્ચે ઊભા રહીને નમાઝ પઢે તેમાં વાંધો ખરો ?

જવાબ : ૨૦૭ નાની ઉંમરના બાળકો જો મોટાઓની સફમાં વચ્ચે ઉભા રહેશે તો મોટાઓની સફ અધુરી અને તરતીબ વગરની ગણાશે. જેથી નમાઝ મકરૂહ થશે. માટે નાના બાળકોને વ્યવસ્થિત સૌથી પાછળ ઊભા રાખવા જોઈએ. જેની અગાઉથી ખાસ કાળજી રાખવી પડે.

સવાલ : ૨૦૮ ફર્ઝની નમાઝમાં મુકતદીએ, અત્તહિય્યાત, દરૂદે ઈબ્રાહીમ તથા દુઆએ મઅસુરા પઢી લીધી. પણ ઈમામ સાહેબ હજી તશહહુદમાં બેઠા છે. આવી હાલતમાં પાછળ મુકતદીઓ ચૂપ-ચાપ બેસે કે કંઈક પઢતો રહે ? શું કરવું જોઈએ ?

જવાબ : ૨૦૮ આવી હાલતમાં મુકતદીએ દુઆએ મઅસુરા દોહરાવતો રહે.

સવાલ : ૨૦૯ ઈમામનો અવાજ બિલ્કુલ બેસી ગયો છે. જહરી નમાઝોમાં (જેમ કે મગરિબ-ઈશા અને ફજરની નમાઝમાં) તેની કિરઆત મુકતદીઓ સાંભળી શકતા નથી. આવી હાલતમાં મઝકુર ઈમામની જહરી નમાઝોમાં ઈમામની ઈમામત જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૨૦૯ જો મઝકુર ઈમામ જહરી (ઉંચા અવાજે કિરાઅત પઢવાનો હુકમ છે તે) નમાઝોમાં બિલ્કુલ કિરઆત પઢી શકતો નથી. તેનો અવાજ પાછળ અકામત પઢવાવાળો મુકતદી પણ સાભળી શકે નહિ તો તેની જહરી નમાઝોમાં ઈમામત જાઈઝ નથી બીજો ઈમામ પઢાવે.

સવાલ : ૨૧૦ હવાઈ જહાજ, સ્ટીમ્બર અને રેલ્વેના કર્મચારી જે હંમેશા સફરમાં હોય છે તેઓ નમાઝ હંમેશા પૂરી

પઢે કે કસર પઢે ?

જવાબ : ૨૧૦ શરઈ સફર ઉપર જનારા અગર કોઈ ટેમ્પ્રેરી મુસાફિર હોય કે કાયમી નોકરી ઉપર હોય કે મુલાઝીમ તેને કસર નમાઝ પઢવી પડશે. ખુદાવંદે કરીમે પોતાના બંદા ઉપર હાલતે સફરમાં નમાઝને કસર કરી છે તે તસ્લીમ (સ્વીકાર) કરવાની જ રહેશે.

સવાલ : ૨૧૧ મુકીમ (તે જ જગ્યાએ રહેનાર) અગર મુસાફર ઈમામ પાછળ ચાર રકાઅત ફર્ઝ નમાઝ પઢે તો પછી પાછળની બે રકાઅતમાં મુકતદીએ શું પઢવું જોઈએ અને આખરી કાએદામાં સહવ (ભૂલ) થઈ જાય તો સજદા-એ-સહવ (ભૂલનો સજદો) કરવો પડશે કે નહિં ?

જવાબ : ૨૧૧ મુકીમ (તે જ જગ્યાએ રહેનાર) મુક્તદી જો મુસાફર ઈમામ પાછળ બાકીની બે રકાઅત એવી રીતે પઢે કે જાણે ઈમામ પાછળ જ નમાઝ પઢે છે જેટલીવાર સૂરએ ફાતેહા પઢાય એટલી વાર ચુપચાપ કયામમાં ઊભો રહી નમાઝ પુરી કરે અને પાછલા કાએદામાં સજદા-એ-સહવ થાય તો કરવું પડશે.

સવાલ : ૨૧૨ મુકતદીએ ઈમામ પાછળ શું પઢવું જોઈએ અને શું ન પઢવું જોઈએ ખુલાસો કરશો ?

જવાબ : ૨૧૨ તકબીરે તહરીમા (અલ્લાહો અકબર) ધીમેથી, સના (સુબ્હાન કલ્લા હુમ્મા) ઈમામ જ્યારે વલદ્દાલીન કહે ત્યારે ધીમેથી આમીન રૂકૂઅની તકબીર, રૂકૂઅની તસ્બીહ રબ્બના વ લકલ હમ્દ, પછી સજદાની તકબીર પછી સજદાની તસ્બીહ પછી કાએદામાં બેસવાની તકબીર, કાએદામાં

અત્તહિય્યાત, દરૂદે ઈબ્રાહીમ, દુઆએ મઅસુરા અને સલામ (અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહ) લફઝ બંને તરફ પઢવું આટલું મુક્તદીએ પઢવાનું છે.

સવાલ : ૨૧૩ જો કોઈ માણસ નાપાકીની હાલતમાં કોઈ જરૂરી કામ માટે સાફ કપડાં પહેરીને બહાર ચાલ્યો ગયો અને પછી ગુસલ કરીને તે જ કપડાં પહેરીને નમાઝ પઢે તો નમાઝ થશે કે નહિં ?

જવાબ : ૨૧૩ જો નાપાકીમાંથી તે સાફ કપડાંને નાપાકીની અસર લાગી ગઈ હોય તો સાફ કપડાં નાપાક થઈ જશે અને જો નાપાકીની અસર જો કપડાંને લાગી ન હોય તો નમાઝ તે કપડાંથી પઢવી જાઈઝ છે.

સવાલ : ૨૧૪ અગર ભૂલથી ઈકામત ન પઢાઈ અને નમાઝ જમાઅતથી પઢાઈ ગઈ તો શું મઝકુર નમાઝ ફરીથી પઢવી પડશે કે કેમ ?

જવાબ : ૨૧૪ જો ઈકામત પઢાઈ નહિં તો તરકે સુન્નત થશે પરંતુ જમાઅત ફરીથી કરવાની જરૂર નથી.

સવાલ : ૨૧૫ ફજર, મગરીબ કે ઈશાની નમાઝે ફર્ઝ એકલો પઢે તો કિરાઅત મોટે અવાજે પઢે કે ધીમે અવાજે પઢે ?

જવાબ : ૨૧૫ આ નમાઝો એકલા માટે મોટે અવાજે કિરઅત વગર પઢવી વાજિબ નથી. જો બીજાઓની નમાઝમાં ખલલ (વિક્ષેપ) ન પડતો હોય તો જહર કરે, અવાજથી પઢે, નહિં તો ધીમેથી પઢે.

સવાલ : ૨૧૬ ચાલુ રેલવાડી અથવા સ્ટીમ્બર અથવા

હવાઈ જહાજ કે ખટારામાં નમાઝ જમાઅતથી અથવા એકલાએ પઢી શકાય કે નહિં ?

જવાબ : ૨૧૬ સ્ટીમ્બરમાં અને હવાઈ જહાજમાં પઢી શકાશે. બાકી ફર્ઝ અને વિત્ર નમાઝ ચાલતી રેલવે અને મોટરમાં પઢી શકાય નહિં અને જ્યારે ક્યાં ઊભી રહે તો પઢી શકાય બાકી સુન્નત, નફલ ચાલુ વાહનમાં પણ પઢી શકાય.

સવાલ : ૨૧૭ બીજાની માલીકીની જમીન ઉપર માલિકની રજા લીધા વગર નમાઝ પઢી શકાય કે નહિં ?

જવાબ : ૨૧૭ નમાઝ પઢી શકાય પણ નમાઝ પઢવાથી તેનો માલિક નારાજ નહિં થાય તેની પુરી ખાતરી હોય તો, જો કોઈ પોતાની માલીકીની જમીનમાં નમાઝ પઢવાની મનાઈ કરે તો નમાઝ પઢી શકાય નહિં.

સવાલ : ૨૧૮ અગર નમાઝમાં સહવ (ભૂલ) થયેલ નથી છતાં સજદા એ સહવ કરે તો ગુનોહ થશે કે કેમ ?

જવાબ : ૨૧૮ હા, સજદા એ સહવની શરઅન જરૂરત નથી છતાં જો કોઈ કરે તો ગુન્હેગાર થશે.

સવાલ : ૨૧૯ મગરીબ નમાઝનો સમય ઓછામાં ઓછો કેટલી મીનીટ સુધી રહે છે. ઘડિયાળના હિસાબ પ્રમાણે સમજાવશો ?

જવાબ : ૨૧૯ મગરીબ નમાઝનો સમય (ટાઈમ) શરઅન સૂરજના ડુબ્યાથી ગુરૂબે શફક સુધી છે. શફક એટલે કે આથમણી દિશામાં સુરજ આથમ્યા પછી જે સફેદી રહે છે. આ મગરીબનો ટાઈમ ઓછામાં ઓછો એક કલાક અને અઢાર મીનીટ અને

વધુમાં વધુ એક કલાક અને પાંત્રીસ મીનીટ રહે છે.

સવાલ : ૨૨૦ નમાઝમાં સજદા દરમ્યાન બંને પગ જમીનથી ઊંચે થઈ જાય તો નમાઝમાં કોઈ ખલલ થાય કે નહિં ?

જવાબ : ૨૨૦ સજદામાં પગના અંગુઠા જમીન ઉપર સ્થિર (ટેકવી) રાખવા ફર્ઝ છે તેની સાથેની આંગળીઓ જમીન પર ટેકવવી વાજીબ છે. જો સજદામાં બંને પગ અંગુઠા સાથે જમીનથી ઊંચા થઈ જાય તો નમાઝ ફાસિદ થઈ જશે. (તુટી જશે) એ નમાઝ થશે નહિં ફરીથી પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૨૧ નમાઝ દરમ્યાન (વચ્ચે) ઉલ્ટી થશે કે નસકોરી ફુટી જશે એવો ભય થતાં અને આ બધી વસ્તુઓ બહાર નીકળી આવતા વુઝૂ તુટી જશે અને મસ્જિદમાં પણ નાપાકી થશે એવું લાગતાં આ વસ્તુઓ બહાર નીકળી આવે તે પહેલાં નમાઝ તોડી દેવી જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૨૨૧ નમાઝીને મસ્જિદમાં નમાઝની હાલતમાં ઉલ્ટી યા નકસીર ફુટવાનું નક્કી જણાય તો બેશક નમાઝ તોડી મસ્જિદની બહાર આવી જાય, કેમકે એમાં એહતિયાત છે કે મસ્જિદ અને તેના ફર્શ (પળસાર) પર પલીદી યા તો ગલાઝત (મોટી નાપાકી) થશે અને નમાઝ તેમજ વુઝૂ બંને તુટી જશે. કપડાં પણ નાપાક થશે માટે સારૂં એ જ કે નમાઝ તોડીને બહાર આવી જાય અને એવી હાલતમાં નમાઝ તોડવી જાઈઝ છે.

સવાલ : ૨૨૨ નમાઝી નમાઝ પઢી રહ્યો હતો અને તેના ઉપર કોઈ નાપાકીવાળી વસ્તુ પડી. નમાઝ પઢવાવાળાને જાણ નથી. જ્યારે નમાઝ પઢી લીધી ત્યારે એની જાણ થઈ તો શું જે

નમાઝ તે પઢી ચુકયો છે તે તેને ફરીથી પઢવી પડશે ?

જવાબ : ૨૨૨ નમાઝી ઉપર જે નાપાક વસ્તુ પડી તો જો તેના શરીર યા કપડાંને લાગી અને દિરહમના કદથી મોટી હશે તો નમાઝ નહિં થાય. તે નમાઝી પોતાના કપડાં અથવા શરીરને ધોઈને પાક કરે અને ફરીથી નમાઝ પઢે. (બહારે શરીઅત)

સવાલ : ૨૨૩ જે ઈમામત કરે છે તેને ઈમામતની નિયત જરૂરી છે કે નહિં ?

જવાબ : ૨૨૩ ઈમામ સાહેબને ઈમામતની નિયત કરવાની જરૂર નથી. પરંતુ એવું કયારેક બને કે સ્ત્રીઓ તેની (તાબેદારી)માં નમાઝ પઢવાવાળી હોય તો તેમને નિયત કરવી જરૂરી છે કે મારી ઈકતેદા (તાબેદારી)માં સ્ત્રીઓ છે, નહિં તો સ્ત્રીઓની નમાઝ નહિં થાય. (બહારે શરીઅત)

સવાલ : ૨૨૪ જમાઅતી પોતાની છુટી ગયેલી રકાઅતો પઢશે ત્યારે તેમાં કઈ સૂરઅ પઢવી પડશે ? તે જે સૂરઅ ઈચ્છે તે પઢી શકે કે નહિં અને છુટેલી રકાઅતમાં સૂરઅ જાહેરમાં પઢશે કે બાતીન (ધીમેથી) પઢશે ?

જવાબ : ૨૨૪ જમાઅતી પોતાની છુટેલી રકાઅતોમાં જે સૂરઅ યાદ હોય તે અથવા જે ઈચ્છે તે પઢી શકે છે. ઈમામની પઢેલી સૂરઅ પઢવી જરૂરી નથી અને કિરઅત પણ ધીમેથી પઢે. જો કે મગરીબ, ઈશા કે ફજરની નમાઝ હોય તો ઊંચા અવાજે કિરઅત ફકત ઈમામ સાહેબ ઉપર તે સમયમાં પઢવી વાજિબ છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૨૫ જો ભૂલથી ઈમામ ખુલ્લે માથે નમાઝ પઢાવી

દે તો શું એ નમાઝ થશે કે નહિં અને હંમેશા ઈરાદાપૂર્વક ખુલ્લે માથે નમાઝ પઢવી જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૨૨૫ ખુલ્લે માથે નમાઝ પઢવી મકરૂહ છે નમાઝની બેઅદબી છે ખુદા પાક ફરમાવે છે કે, **"ખુઝુઝીનતકુમ ઇન્દ કુલ્લે મસ્જીદન"** અર્થાત : દરેક નમાઝની જગ્યાએ અને સમય પર તમે તમારી ઝીનત (ખુબસુરતીઓ) પહેરી લ્યો. માટે કોઈએ નમાઝ ખુલ્લે માથે ભૂલથી પઢી લીધી કે પઢાવી લીધી તો નમાઝ થઈ જશે. પરંતુ હંમેશા ઈરાદાપૂર્વક ખુલ્લે માથે નમાઝ પઢવી મકરૂહ છે. બે-અદબી છે તેનાથી બચવું જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૨૨૬ આપણાં કચ્છમાં અનેક સ્થળે એ વાત થઈ રહી છે કે ઈદ નમાઝ કે જનાઝાની નમાઝની નિયત ઊંચા અવાજે કરે છે. શું એ નિયત ઊંચા અવાજે કરવી જરૂરી છે ? જો બીજી નમાઝોની નિયત ઊંચા અવાજે કરવામાં આવે તો ?

જવાબ : ૨૨૬ ઈદ અને જનાઝાની નમાઝની નિયત ઊંચા અવાજે કરવામાં આવે છે એ રિવાજ ચાલી પડયો છે પરંતુ તેની જરૂર નથી દરેક નમાઝની નિયત એ જ કે દિલનો ઈરાદો હોય તેની સાથે જબાનથી પોતાના દિલમાં ધીમેથી કહી દે એ મુસ્તહબ (સારૂં) છે પરંતુ ઈદ અને જનાઝાની નમાઝની નિયત ઊંચા અવાજમાં કરવાનો રિવાજ આપણા પ્રદેશમાં છે એનું કારણ એ છે કે આપણી પાસે ઈલ્મની જાણકારી ઓછી છે કહો કે મોટા ભાગના મુસલમાનો એનાથી બિલ્કુલ બેખબર છે માટે એમને જાણકારી અને શીખવવાના ઉદ્દેશથી એ રિવાજ છે એમાં વાંધો

નથી. (બહારે શરીઅત)

સવાલ : ૨૨૭ નમાઝીએ રૂકૂઅ ન કર્યું અને સજદામાં ચાલ્યો ગયો. એક સજદા બાદ તેને યાદ આવ્યું કે રૂકૂઅ નથી કર્યું તો હવે શું કરવું ?

જવાબ : ૨૨૭ જો નમાઝીએ રૂકૂઅ જાણી જોઈને છોડી દીધું છે તો નમાઝ ફાસિદ (તુટી) થશે. પણ જો ભૂલથી રૂકૂઅ છોડી દીધું અને બીજો સજદો નથી કર્યો તો ઊભો થઈને રૂકૂઅ કરે અને પછી બે સજદા કરે અને આખરમાં સિજદએ સહવ કરે.

જો બંને સજદા કરી બીજી રકાઅત માટે ઊભો થઈ ગયો તો હવે સજદાએ સહવથી નમાઝ નહિં થાય પણ એ નમાઝ ફરીથી પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૨૮ જો ઈમામ સાહેબ સજદામાં બેહોશ થઈ ગયા તેમની રૂહ નીકળી ગઈ તો પાછળ મુક્તદી કેટલી વાર સુધી રાહ જોશે ? મુક્તદી પોતાની નમાઝ તોડી દે કે પોત પોતાની નમાઝ પૂરી કરી લે. શરીઅતમાં શું ફેંસલો છે ?

જવાબ : ૨૨૮ આવા સંજોગોમાં મુક્તદીઓને તેની બેહોશી કે મૃત્યુની જાણકારી નથી તો સજદાની તસ્બીહ ૧૧ (અગિયાર) વખત પઢયા બાદ જો ઈમામે સર (માથું) ઊંચું ન કર્યું તો લુકમો આપવો. જો લુકમો ન સાંભળ્યો તો નમાઝ બાતિલ (તુટી) થઈ. સર્વે મુક્તદીઓ પોતાની નમાઝ ફરીથી પઢે.

સવાલ : ૨૨૯ ઈદ અથવા જુમ્આની નમાઝ પુરી થઈ ગઈ અને બીજી જમાઅત આવી ગઈ જેની સાથે નમાઝ પઢાવવાવાળો પણ છે અને નમાઝનો સમય પણ છે. તો બીજી

જમાઅત એ જ ઈદગાહ અથવા મસ્જિદમાં ઈદની કે જુમ્આની નમાઝ અદા કરી શકે કે નહિં ?

જવાબ : ૨૨૯ જુમ્આની કે ઈદની નમાઝ જે એક સ્થળે એક વખત અદા થઈ ગઈ હોય એ જ સમયે એ જ જગ્યા પર બીજી જમાઅત કરવી જાઈઝ નથી માટે હવે જુમ્આને બદલે ઝોહરની નમાઝ પઢી લે. પણ જો જુમ્આની નમાઝ બીજી મસ્જિદમાં થાય અને હજુ સુધી થઈ નથી તો એ જમાઅત ત્યાં જઈને જુમ્આની નમાઝ અદા કરે પણ જો એ મસ્જિદમાં હંમેશા જુમ્આની નમાઝ પઢાતી હોય તો નહિંતર નહિં થાય.

સવાલ : ૨૩૦ જો કોઈ અસર નમાઝ પઢે છે અને ભૂલથી મગરિબ કે ઈશાની નિયત કરી લીધી. કેમ કે રકાઅતો અને સમયનો ફેરફાર થઈ ગયો તો શું એ નિયત બરાબર નહિં ગણાય ?

જવાબ : ૨૩૦ નમાઝની નિયત ફર્ઝ છે, એ નિયતથી મુરાદ દિલનો પાકો ઈરાદો છે, અગર નમાઝી અસર નમાઝની નિયતથી પોતાના ઘરથી મસ્જિદમાં ગયો વુઝૂ કર્યું. મસ્જિદમાં પહોંચ્યો એ તેની નિયત છે હવે અગર અસરના બદલે મગરિબના વખતની નિયત મોઢાથી કહી દીધી યા ચાર રકાઅતના બદલે ત્રણ રકાઅત કહી તો આ ભૂલ ઝબાનની છે. નિયતની ભૂલ નથી એટલે એ તેની નમાઝ સહી (બરાબર) થશે રકાઅતોની તઅદાદ (ગણતરી) યા વખતની તબદીલી ઝુબાનથી બદલી જવાથી નિયતમાં કોઈ ફર્ક નથી આવતો. તેની નમાઝ થઈ જશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૩૧ ઈદની નમાઝ, જુમ્આની નમાઝ અને પાંચ

વખતોની નમાઝો જમાઅતથી પઢવાની હદીસોમાં ઘણી જ ફઝીલત આવી છે તો આ ફઝીલતથી ઔરતોને કેમ મહરૂમ રાખવામાં આવી ? એનું કારણ શું છે ?

જવાબ : ૨૩૧ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પાક જમાનામાં ઔરતો ઈદ, જુમ્આ, પાંચ વખતની નમાઝો માટે મસ્જિદમાં આવતી હતી પણ રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઘણી વખત ફરમાવતા કે ઔરત પોતાની નમાઝો એના ઘરમાં પઢે એ વધુ યોગ્ય છે ઔરત માટે મસ્જિદમાં નમાઝ ન પઢવાનું કારણ માત્ર એક જ છે કે ઈસ્લામમાં ઔરત માટે પરદાનો કડક હુકમ છે અને પરદાના આ હુકમો સૂરએ નૂરમાં પારા નં. ૧૮ અને સૂરએ અહઝાબ પારા નં. ૨૨માં આવેલ છે તેથી પરદામાં રહેવાની તાકીદને કારણે ઔરત માટે જુમ્આ, ઈદ અને પાંચ વખતની નમાઝો અને તેની જમાઅતો અને જનાઝાની નમાઝ મસ્જિદમાં ન પઢવા માટે મુક્તિ આપવામાં આવી. ઔરતોના જાહેર જગ્યાઓએ અવર જવરના કારણે બેશર્મી અને ફિસ્કો ફજુર થવાની શકયતા રહેલી છે. એટલા માટે જ ઔરતોને એનાથી રોકવામાં આવી છે. હઝરત ઉમર ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોના સમયમાં ઔરતોને મસ્જિદમાં જમાઅતથી નમાઝ પઢવાથી અટકાવવામાં આવી. આ વાત ઉમ્મુલ મોમેનીન સૈય્યેદાહ આયશાહ સિદ્દીકહ રદિયલ્લાહો અન્હા સુધી પહોંચાડવામાં આવી તો એમણે કહ્યું કે, આજકાલ ઔરતોમાં જે બેશર્મી દેખાય છે એ જો હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ જોવત તો આપ પણ ઔરતને મસ્જિદમાં નમાઝ પઢવાથી મનાઈ ફરમાવત. આ કારણોસર ઔરતો પોતાની નમાઝ ઘરમાં

પઢે. (અલ હદીસ, અબુ દાઉદ, બહારે શરીઅત)

સવાલ : ૨૩૨ બે માણસો જંગલમાં છે અને બંનેનો મંતવ્ય કઅબહના વિશે જુદો જુદો છે એક કહે છે કે કઅબા પેલી બાજુ છે અને બીજો કહે છે પેલી બાજુ. હવે એક ઈમામ બને છે અને એક મુક્તદી. હવે બંને નમાઝ કેવી રીતે પઢે ?

જવાબ : ૨૩૨ જો જે માણસ ઈમામ બને છે તે બંનેમાં વધારે ઈલ્મવાળો હોય તો ઈમામના નિર્ણયમાં કિબ્લાની તાબેદારી કરવી પડશે. પણ જો મુક્તદી વધારે ઈલ્મવાળો છે છતાં ઈમામ નથી બનતો તો બેઉ પોત પોતાની માન્યતા (નિર્ણય) ઉપર નમાઝ પઢશે. જો બંને ઈલ્મમાં સરખા હોય અને કિબ્લાની દિશા જાણવાની કોઈ જાહેરી નિશાની નથી. તારા પણ નથી કે બીજી કોઈ નિશાની નથી તો બંને પોતાના મનમાં વિચાર કરે બંનેના વિચાર બાદ તેમના નિર્ણય અલગ પડયા તો બંને પોત પોતાના વિચાર પ્રમાણે તેમની નમાઝ અલગ અલગ પઢે. બંનેના નિર્ણય (ફેંસલા) અલગ અલગ હોવા છતાં એક બીજાની તાબેદારી કરશે તો તાબેદારી કરવાવાળાની નમાઝ નહિં થાય. (બહારે શરીઅત)

સવાલ : ૨૩૩ ઘણીવાર એવું જોવા મળે છે કે ઔરતો તેમની બધી નમાઝ ફર્ઝ, વાજિબ, સુન્નત, નફલ બેસીને પઢે છે. શું ઔરતોને બેસીને જ નમાઝ પઢવાનો હુકમ છે ? ખરેખર શું હુકમ છે ?

જવાબ : ૨૩૩ ના, એવું હરગીઝ નથી. ઔરતો માટે મર્દોની જેમ જ નમાઝમાં કયામ (ઊભા રહીને) નમાઝ ફર્ઝ છે અને નફલ નમાઝમાં પણ બેસીને પઢવા કરતાં ઊભા થઈને

પઢવામાં બમણો સવાબ છે તેથી શરઈ અડચણ વિના મર્દ હોય અથવા ઔરત બેસીને ફર્ઝ સુન્નતે મોઅક્કેદા અને વાજિબ નમાઝ પઢવાની મનાઈ છે. નફલ નમાઝ બેસીને પઢી શકે છે પણ સવાબ અડધો મળશે. તેથી ઔરતોમાં બેસીને નમાઝ પઢવાનો જે રિવાજ પડી ગયો છે તે નરી અજ્ઞાનતા છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૩૪ ઈમામ સાહેબનો વુઝૂ જ્યારે આખરી કાએદામાં તશહહુદ પઢી રહ્યા હતા ત્યારે તુટી ગયો તો એ નમાઝ થઈ જશે કે કેમ ?

જવાબ : ૨૩૪ જો પોતાની ઈચ્છાથી આખરી કાએદામાં તશહહુદ પઢયા પછી વુઝૂ તોડી દીધો તો નમાઝ થઈ જશે પણ એ નમાઝ ફરીથી પઢવી બહેતર છે પણ જો વગર ઈચ્છાએ વુઝૂ તુટી ગયો તો નમાઝ નહિં થાય. વુઝૂ કરીને નમાઝ ફરીથી પુરી કરે અથવા નમાઝ ફરીથી પઢે. (બહારે શરીઅત)

સવાલ : ૨૩૫ જુમ્આના દિવસે ખતીબ ખુત્બો પઢે છે એનાથી પહેલાં જે સલાત પોકારવામાં આવે છે. આ સલાત પોકારવી વાજિબ છે અથવા સુન્નત છે ? અને સલાતના શબ્દો કયા છે જુદા જુદા સ્થળે જુદા જુદા શબ્દો પોકારવામાં આવે છે આ સલાત હદીસથી સાબીત ન હોય તો આ સિલસિલો કયારે શરૂ થયો ? આ સિલસિલો શરૂ કરવાનો મતલબ શું છે ?

જવાબ : ૨૩૫ જે સલાત પોકારવામાં આવે છે તે વાજિબ, ફર્ઝ કે સુન્નત નથી. બલ્કે મુસ્તહબ છે. જે આ સલાત પોકારવામાં આવે છે તેનો કાયમી રિવાજ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અથવા સહાબા-એ-કિરામ કે તાબેઈનના સમયમાં પણ ન હતો.

ખુલફા-એ-બનુ અબ્બાસના સમયમાં આ રિવાજ શરૂ થયો. પણ એનો દાખલો સહાબા-એ-કિરામના સમયમાં પણ મળે છે. જેવી રીતે હઝરતે અબ્દુલ્લાહ બીન ઉમર ફજરની નમાઝમાં જમાઅત ઊભી થતાં પહેલાં મસ્જિદના દરવાજા ઉપર "**अस्सलात.... अस्सलात....**" પોકારતા (એટલે કે નમાઝ... નમાઝ....) નમાઝનો સમય થઈ ગયો છે. એ જ સિદ્ધાંત પ્રમાણે જુમ્આની નમાઝમાં ખુત્બા પહેલાં આ ગફલત અને બેદરકારીના જમાનામાં મોટેથી "**अस्सलातो सुन्नतो रसूलल्लाह मिन यवमिल जुम्अते कबलिल खुत्बते या जमाअतल मुस्लेमीन अजरोकुमुल्लाह.**" કહેવામાં આવે તો બહેતર છે જેથી નમાઝી ઝડપથી મસ્જિદમાં પહોંચીને ખુત્બાથી પહેલાં સુન્નતે-મોઅક્કેદા અદા કરી શકે.

ઉપરોકત સલાતનો તરજુમો આ પ્રમાણે છે "જુમ્આના દિવસની નમાઝ માટે આવો અને જુમ્આના ખુત્બાના પહેલાંની સુન્નતે રસુલુલ્લાહ અદા કરો. હે મુસલમાનોની જમાઅત અલ્લાહ પાક તમને બદલો આપશે. (બહારે શરીઅત)

<u>સવાલ : ૨૩૬</u> એક માણસે ગુસલ કર્યું અને વુઝૂ કર્યું ન હતું અને ગુસલ કર્યા પછી તરત જ નમાઝ પઢી લીધી હવે તેને યાદ આવ્યું કે ગુસલથી પહેલાં કે પછી વુઝૂ કર્યું ન હતું તો તેની નમાઝ થઈ કે નહિં ?

<u>જવાબ : ૨૩૬</u> ગુસલ જનાબતનો અથવા હૈઝ, નિફાસનો હોય તો એમાં કોગળા કરવા ફર્ઝ છે અને પાણી ગળા સુધી પહોંચાડવું ફર્ઝ છે જો ગુસલ કરવાવાળાએ વુઝૂ તો ન કર્યું પણ ગુસલ કરવાથી વુઝૂમાં ધોવાના ભાગ ધોવાઈ ગયા અને સાથે

કોગળા કર્યા અને નાકમાં પાણી પણ ચઢાવ્યું તો તેનું વુઝૂ માનવામાં આવશે. તેથી નમાઝ થઈ ગઈ પણ ગુસલ માટે વુઝૂ કરવું સુન્નત છે વગર કારણે સુન્નત છોડવી ન જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૨૩૭ રેડિયા પર સજદાએ તિલાવતની આયાતે પાક જો સાંભળવામાં આવે તો સાંભળવાવાળા પર સજદા-એ-તિલાવત કરવો જરૂરી થશે કે કેમ ?

જવાબ : ૨૩૭ હા, સાંભળવાવાળા અકલમંદ, બાલિગ મર્દ-ઔરત પર સજદાએ તિલાવત વાજિબ થશે. જો સાંભળતી વખતે વુઝૂ નથી અથવા નાપાકીની હાલત છે તો વુઝૂ કરી અથવા પાક થાય ત્યારે સજદાએ તિલાવત કરે. (બહારે શરીઅત)

સવાલ : ૨૩૮ એક માણસ શહેર કે ગામથી ત્રણ ચાર માઈલ દૂર જંગલમાં કામ કરવા જાય છે અને નમાઝનો પણ પાબંદ છે તો શું જુમ્આની નમાઝ આટલે દૂરથી શહેરમાં આવવું જરૂરી છે જો ત્યાં જ ઝોહરની નમાઝ પઢી લે તો શું એ ગુન્હેગાર થશે અને જુમ્આની નમાઝ પઢવા માટે કેટલા અંતરેથી આવવું જરૂરી છે ?

જવાબ : ૨૩૮ હા, જુમ્આની નમાઝ માટે તેને આવવું પડશે. જો કોઈ શરઈ અડચણ ન હોય અને આળસને કારણે જો ત્યાં જ ઝોહરની નમાઝ પઢી લેશે અને નમાઝ માટે શહેરમાં નહિં આવે તો જુમ્આ છોડવા માટે ગુન્હેગાર થશે. જુમ્આ પઢવા માટે ગામના રહેવાસીઓએ જુમ્આ પઢવા માટે એટલા અંતરેથી આવવું પડશે કે તેઓ વગર તકલીફે આવી શકે અને પાછા જઈ

શકે. જો એમ હોય તો આવવું પડશે પણ જો તકલીફ થતી હોય અથવા રોજી રોજગારમાં કમી થતી હોય તો પોતાના ગામમાં ઝોહરની નમાઝ પઢી લે. (બહારે શરીઅત)

સવાલ : ૨૩૯ મસબૂક (પાછળથી નમાઝમાં શામેલ થનાર) ભૂલથી ઈમામ સાથે જ સલામ ફેરવી દે છે અને પાછળથી યાદ આવ્યું કે મારે સલામ ફેરવવાના ન હતા તો હવે શું કરે ?

જવાબ : ૨૩૯ જો સલામ ફેરવતાંની સાથે જ યાદ આવી ગયું તો ઊઠીને બાકીની રકાઅતો અદા કરે અને નમાઝ પુરી કરે. પણ જો સલામ ફેરવ્યા બાદ વાતચીત કે બીજી હરકત કરી તો હવે એ નમાઝ નહિં થાય, ફરીથી નમાઝ પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૪૦ એક ઈમામ સાહેબ નમાઝ રોઝાના પાબંદ છે અને દાઢી પણ બરાબર રાખે છે એટલે કે સુન્નત પ્રમાણે છે. લિબાસ પણ સુન્નત પ્રમાણે યોગ્ય છે અને તેઓ સારા આલિમ છે પણ બીડી સીગારેટના ખૂબ જ બંધાણી છે જ્યારે જુઓ ત્યારે તેમના હાથમાં સિગારેટ હોય છે. તો મઝકુર ઈમામ સાહેબ પાછળ નમાઝ પઢવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૨૪૦ બીડી સીગારેટ પીવી ઉલ્માએ એહલે સુન્નતના મત પ્રમાણે મકરૂહે તન્ઝીહી છે તે સિવાય તે ખોટો ખર્ચ છે તેનાથી બચવું બહેતર છે. પણ બીડી સીગારેટ પીવાવાળા ઈમામ પાછળ નમાઝ પઢવામાં કોઈ વાંધો નથી. કોઈ પણ શંકા વગર તેની ઈમામત જાઈઝ છે અને તેની પાછળ નમાઝ પઢવી જાઈઝ છે.

સવાલ : ૨૪૧ અંધારામાં નમાઝ પઢવી જાઈઝ છે કેમ ?

જવાબ : ૨૪૧ જો અજવાળું મળી શકે તેમ ન હોય તો જાઈઝ છે નહિં તો નાજાઈઝ છે. કારણ કે અંધારામાં કિબ્લાની દિશા ઓળખવામાં, ગંદકીની ખબર પડવામાં ધ્યાન રાખવાનું મુશ્કિલ હોય છે. તેમજ કોઈ હિંસક (મૂઝી) જાનવરનો પણ ડર રહે છે અને અંધારામાં ભય સતાવ્યા કરે જેના કારણે અંધારામાં નમાઝ પઢવી મકરૂહ છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૪૨ ઈમામ સાહેબ ભુલથી કુરઆને શરીફ ઉલ્ટો પઢયા અંતે સહવ (ભૂલનો) સજદહ પણ ન કર્યો તો મઝકુર નમાઝ થઈ કે ન થઈ ?

જવાબ : ૨૪૨ (ભૂલ)થી ઉલ્ટો કુરઆને શરીફ પઢવાથી સજદએ સહવ લાઝિમ થતો નથી. જાણી જોઈને ઉલ્ટો કુરઆને શરીફ પઢવું ગુનાહ છે. જો સજદાએ સહવ કરે તો પણ નમાઝમાં કોઈ ખલેલ પડશે નહિં.

ઉલ્ટો કુરઆને શરીફ પઢવાનો મતલબ એ છે કે, અલ્હમ્દો પછી પહેલાં લેઈલાફની સુરત પઢી અને બીજી રકાઅતમાં અલ્હમ્દો પછી અલમતરની સુરઅ પઢી. પણ જો કોઈ એવી રીતે કુરઆને શરીફ કે સૂરએ અલહમ્દો વલદ્દાલ્લીનથી શરૂ કરે અને અલહમ્દો લિલ્લાહ પર પૂરી કરે તો નમાઝ નહિં થાય અને સખ્ત ગુન્હેગાર થશે અને નમાઝ પણ નહિં થાય એ પ્રમાણે ભૂલથી પઢવાનું બહાનું પણ નહિં ચાલે.

સવાલ : ૨૪૩ ઘણા ઠેકાણે એવું જોવા મળે છે કે જુમ્આના દિવસે ઝોહરની આખરી ચાર રકાઅતો પઢે છે શું એ જુમ્આના

દિવસે ઝોહરની ચાર રકાઅતો પઢવી જરૂરી છે ?

જવાબ : ૨૪૩ આ મસ્અલાને ફકીહોએ અલગ અલગ રીતે જોયો છે. ઉલ્માએ કિરામ પણ આ બાબતે અલગ અલગ મત ધરાવે છે પણ એહલે સુન્નત વ જમાઅતના મોટા ભાગના મુફ્તીઓ ફરમાવે છે કે, શહેરોમાં જો કોઈ ન પઢે તો તેને પઢવાની તાકીદ કરવામાં આવશે નહિં. શરત તો કામિલ છે પરંતુ ગામડા અને કસ્બામાં કાળજી માટે ઝોહરની ચાર રકાઅતો જુમ્આ નમાઝમાં ફર્ઝ અને સુન્નતની ચાર રકાઅતો પછી પઢવી અફઝલ છે.

સવાલ : ૨૪૪ ઈદ અને જુમ્આની નમાઝ માટે ઈમામ સિવાય ઓછામાં ઓછા કેટલા મુક્તદીઓ હોવા જોઈએ ?

જવાબ : ૨૪૪ ઈમામ સિવાય ઓછામાં ઓછા ત્રણ મુક્તદીઓ હોય તો જુમ્આની કે ઈદની નમાઝ થઈ શકશે આ આપણા ઈમામ ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોએ આપેલો હનફી મઝહબનો ફેંસલો છે. પણ ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હોનો ફેંસલો એવો છે કે ઈમામ સિવાય ઓછામાં ઓછા ૪૦ (ચાલીસ) નમાઝીઓ હોય તો જ ઈદ અને જુમ્આની નમાઝ થઈ શકે છે આ શાફઈ મઝહબનો ફેંસલો છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૪૫ મસ્જિદની બહાર એક છત બનાવવામાં આવી છે જો ગરમીને કારણે અથવા મસ્જિદમાં કામ ચાલી રહ્યું છે તો જે બહાર છત બની છે એના ઉપર નમાઝ પઢવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૨૪૫ કોઈ મજબુરી વગર મસ્જિદનો અંદરનો

ભાગ મુકીને માત્ર છત ઉપર નમાઝ પઢવી જાઈઝ નથી પણ જો અંદર કામ ચાલે છે, રિપેરીંગ થાય છે અથવા સખત ગરમીને કારણે નમાઝીઓને નમાઝ પઢવામાં ખૂબ જ તકલીફ પડે છે તો આ મજબુરીને કારણે જાઈઝ છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૪૬ નમાઝની નિય્યત કરીને હાથ બાંધી લીધા પછી ખબર પડી કે ખિસ્સામાં તસ્વીર અથવા સીગારેટની પાકીટ અથવા બીડી, માચીસ છે તો નમાઝમાં કાંઈ ખલેલ પડશે ? આવી વસ્તુઓ જાણી જોઈને ખીસામાં રાખીને નમાઝ પઢવી કેવું છે ?

જવાબ : ૨૪૬ આ વસ્તુઓ ખીસામાં રહેવાથી નમાઝમાં કોઈ ખલેલ કે ખામી આવશે નહિં. જો આ વસ્તુઓ કાઢીને બહાર મુકી શકે છે અને એવી ખાત્રી છે કે ચોરાશે નહિં તો ખીસામાંથી કાઢીને જુદી મુકવી નહિંતર ખીસામાં રાખવાથી નમાઝમાં કોઈ ખલેલ આવશે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૨૪૭ ત્રણ સમયે જેમ કે સૂરજ ઊગવા ટાણે, ઝવાલના સમયે અને સૂરજ ડૂબવા ટાણે સજદાહ કરવો હરામ છે તો ત્રણેય સમયે સજદાહ કરવો હરામ કેમ છે ? એની દલીલ અને કારણો સમજાવો.

જવાબ : ૨૪૭ હદીસ શરીફમાં આવ્યું છે કે સૂરજ ઊગતી વખતે અને ડૂબતી વખતે શયતાન પોતાનું માથું સૂરજ નીચે લગાડીને ઊભો થઈ જાય છે અને યહુદીઓ સૂરજ ડુબતી વખતે મગરિબ (પશ્ચીમ) દિશા તરફ સજદહ કરે છે અને ઈસાઈઓ સૂરજ ઊગવા સમયે મશરિક (પૂર્વ) દિશામાં સજદહ કરે છે અને શયતાન એ બાજુએ મસ્જુદ ઈલૈહ બનીને ઊભો થઈ જાય છે

અને ઝવાલના સમયે દોઝખને ફુંક મારવામાં આવે છે તે શ્વાસ લે છે જેના કારણે બપોરે ગરમી વધી જાય છે તેથી આ કારણોસર ઉમ્મતે મુસ્તફાને આ સમયે સજદાહ કરવાથી રોકવામાં આવ્યું છે. જેથી શયતાન ખુશ થાય. તેની આગળ નમવાવાળામાં તે મુસલમાનોને પણ ન ગણી લે. મુસલમાનો માત્ર વહદહુ લા શરીક લહુને સજદા કરનારા છે. (બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)

સવાલ : ૨૪૮ ખતીબ જ્યારે જુમ્આનો ખુતબો પઢતો હોય ત્યારે સુન્નત અને નફલ નમાઝો પઢવી જાઈઝ છે કે કેમ ? અને ખુતબા-એ-સાનીમાં જ્યારે દરૂદ શરીફ પઢવાનો હુકમ આપતી આયતે કરીમા પઢવામાં આવે તો દરૂદ શરીફ મોટા અવાજે પઢવું કેમ છે ?

જવાબ : ૨૪૮ ખતીબ જ્યારે જુમ્આનો ખુતબહ શરૂ કરે ત્યારે સુન્નત અને નફલ નમાઝો પઢવી જાઈઝ નથી એની મનાઈ છે. કોઈ વાતચીત કે કોઈને કશું ન કહે. અદબ અને ખામોશીથી ખુત્બહ સાંભળે. ખુત્બહ વચ્ચે જો ખતીબ દરૂદ શરીફ પઢવાની આયતે કરીમાનો તિલાવત કરે તો તે વખતે દરૂદ શરીફ પઢવું જાઈઝ છે પણ ધીમેથી પઢે ઘણાં મોટા અવાજે નહિં અને ખુત્બહની વચ્ચે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું નામ આવે તો દરૂદ શરીફ પણ દિલમાં પઢે જીભથી નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૨૪૯ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મત પર નમાઝ મેઅરાજની રાતે ફર્ઝ કરવામાં આવી તેના પહેલાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કુરઆને શરીફ

નાઝિલ થયો એના પહેલાં આપ કેટલા સમયની નમાઝ પઢતા હતા અને તેમાં શું પઢતા હતા ?

જવાબ : ૨૪૯ શબે મેઅરાજમાં અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઉમ્મત પર પાંચ વખતની નમાઝો ફર્ઝની હૈસિયતથી કાયમ રાખી. એનાથી પહેલાં નુઝૂલે કુરઆન અને નબુવ્વત પછી બે સમયે, સવાર અને સાંજની નમાઝો પઢતા હતા અને તેમાં કયામ, રૂકૂઅ, સજદહ બધું ફરમાવતા હતા. નમાઝમાં કુરઆન શરીફ પઢતા હતા પણ બે બે રકાઅતો પઢતા હતા અને કુરઆનના નાઝિલ થવા પહેલા અને એલાને નબુવ્વતથી પહેલાં નમાઝની કોઈ સુરત અને અરકાન ન હતા. અલ્લાહની યાદમાં બેસી રહેવું, જીભથી અલ્લાહનું નામ લેવું અને સજદહમાં યાદમાં બેસી રહેવું એ જ ઈબાદતની રીતો હતી. (તફસીર નઈમી, અશરફુત્તફાસીર, સીરતુન્નબી)

સવાલ : ૨૫૦ એક પેશઈમામ સાહેબ હંમેશા ટોપી પહેરીને નમાઝ પઢાવે છે તો શું હંમેશા ટોપી પહેરીને નમાઝ પઢાવવાથી નમાઝ થઈ જાય છે ?

જવાબ : ૨૫૦ ટોપી પહેરીને નમાઝ પઢવી અને પઢાવવી જાઈઝ છે એની પોતાની નમાઝ પણ થઈ જશે અને એની સાથે પઢવાવાળા મુક્તદીઓની નમાઝ પણ થઈ જશે પણ માથા પર અમામા બાંધવો સુન્નત છે અને તે આ પ્રમાણે છે કે ટોપી ઉપર ઓછામાં ઓછા સાત હાથનો અને વધુમાં વધુ દસ હાથનો અમામો હોય અને એનો છેડો પાછળ મુકવામાં આવ્યો હોય આવો અમામો પહેરીને નમાઝ પઢવી પઢાવવી માત્ર ટોપી પહેરીને

નમાઝ પઢાવવા કરતાં અફઝલ છે. (ફતાવા-એ-રઝવિયા, ફતાવા-એ-નઈમીયા)

સવાલ : ૨૫૧ એક માણસ મુસાફરીમાં ગયો અને જ્યારે પાછો આવ્યો તો મુસાફરીમાં જે નમાઝો કઝા થઈ તે હવે પઢે છે તો સફરમાં છુટેલી નમાઝો હવે તે કસર પઢે કે પૂરી પઢે ? એ જ પ્રમાણે મુકીમ જ્યારે મુસાફરીમાં કઝા પઢશે તો કસર પઢશે કે પૂરી પઢશે ?

જવાબ : ૨૫૧ મુસાફરીની શરઈ હદ એક ઈરાદાથી ૫૭ માઈલ (૯૨ કિ.મી.) સુધી અથવા તેનાથી દુરના અંતરે જનારને શરઈ મુસાફર કહેવામાં આવે છે એટલે કે ૯૨ કિ.મી. સુધી જનાર મુસાફરને કસર પઢવી પઢશે કારણ કે કસર જ ફર્ઝ છે. હવે મુસાફરીમાં જે નમાઝો કઝા થઈ તો પાછો આવી વતનમાં આવ્યા બાદ પણ જ્યારે કઝા પઢશે તો કસર જ પઢવી પડશે અને મુકીમ તરીકે છુટેલી નમાઝો મુસાફરીમાં કઝા પઢે તો તે પણ પુરી પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૫૨ મસ્જિદ નાની છે અને માણસો ઘણાં ભેગા થઈ ગયા તો એક ઈમામે મસ્જિદમાં નમાઝ શરૂ કરી દીધી અને જમાઅત કાયમ થઈ ગઈ તો શું બીજા માણસો મસ્જિદની બહાર ઊભા છે તેમને બીજો ઈમામ બીજી જમાઅત કાયમ કરીને એ જ સમયની નમાઝ પઢાવી શકે કે નહિં ?

જવાબ : ૨૫૨ જો કોઈ મસ્જિદ અથવા તેની આજુબાજુમાં બિલ્કુલ જગ્યા નથી તો જેટલા માણસો માટે શકય હોય તેઓ એક જ સમય નમાઝ પઢે અને નજીકમાં બીજી કોઈ મસ્જિદ ન

હોય તો અમૂક નમાઝીઓને એક ઈમામ નમાઝ પઢાવે અને પછી રહી ગયેલા નમાઝીઓને બીજો ઈમામ નમાઝ પઢાવે. પણ પ્રથમ જમાઅતમાં જે મુસલ્લા ઉપર પહેલા ઈમામે નમાઝ પઢાવી છે એ જ મુસલ્લા ઉપર તે જ જગ્યાએ નમાઝ પઢાવવી જાઈઝ છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૫૩ એક ઈમામ સાહેબ દાઢી મુંડાવે છે એવા ઈમામ પાછળ નમાઝ પઢવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૨૫૩ દાઢી મુંડાવનાર ખુલ્લો ફાસિક (ખુલ્લમ ખુલ્લા શરીઅતના હુકમોનું ઉલ્લંઘન કરનાર) છે એવા પેશ ઈમામ પાછળ નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે. કારણ કે દાઢી રાખવી એ સુન્નતે મોઅકેદા છે બલ્કે કેટલાક આલિમો તેને વાજિબ ગણાવે છે. દાઢી બધા પયગમ્બરોની સુન્નત છે તેને મુંડાવવી હરામ અને ખુલ્લી રીતે શરીઅતે મુસ્તફાની મુખાલેફત (ઉલ્લંઘન) છે. હવે જે ઈમામ નમાઝ પઢાવે મુસલ્લા પર સેંકડો નમાઝીઓની આગળ રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જગ્યા ઉપર ઉભો છે અને દાઢી મુંડાવેલી છે એનો અર્થ એ થયો કે મુસલ્લા ઉપર નમાઝ પઢાવવાની હાલતમાં હરામ કામ કરી રહ્યો છે. તેથી દાઢી મુંડાવવાવાળાને કોઈ પણ સંજોગોમાં કોઈ મસ્જિદનો પેશ ઈમામ ન બનાવવો જોઈએ કારણ કે તે સુન્નતે રસૂલલ્લાહનો ખુલ્લેઆમ વિરોધ કરે છે અને તેને છોડી દે છે.

સવાલ : ૨૫૪ જુમ્આના દિવસે ખુત્બાની અઝાનથી પહેલાં મિમ્બર પર બેસીને અરબી ભાષા સિવાય કચ્છી અથવા બીજી કોઈ ભાષામાં વાએઝ કરવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : રપ૪ જુમ્આના દિવસે ખુત્બહ માટે જ્યારે ખતીબ મિમ્બર ઉપર બેસે અને અઝાન આપવામાં આવે તો એના બાદ અરબી ભાષામાં ખુત્બો પઢવો સુન્નત છે એ અઝાનથી પહેલાં અથવા નમાઝ પછી બેસીને અથવા ઊભા થઈને કોઈપણ ભાષામાં તકરીર કરવાની મનાઈ નથી. જુમ્આના દિવસ સિવાય બીજા દિવસોમાં પણ મનાઈ નથી.

સવાલ : રપપ સૂરજ ઊગ્યા પછી અડધો કલાક રહીને ઈદની નમાઝ પઢી શકાય કે નહિં ? ઈદની નમાઝનો ખરેખર સમય શું છે ?

જવાબ : રપપ ઈદની નમાઝ સૂરજ ઊગ્યા પછી અડધો કલાક રહીને પઢી શકાય. ઈદ નમાઝનો ટાઈમ સૂરજ એક નેઝા બુલંદ થાય ત્યારથી થઈ નિસ્ફુન્નહાર શરઈ એટલે કે સુબ્હ સાદિકથી લઈ સૂરજ આથમે ત્યા સુધીના જેટલાક કલાક થાય તેનો અડધો ભાગ નિસ્ફુન્નહાર શરઈ કહેવાય દાખલા તરીકે સુબ્હા સાદિક છ વાગે થાય છે અને સૂરજ સાત વાગે સાંજે આથમે છે તો તેર કલાકનો અડધો ભાગ સાડા છ કલાક થાય તો સવારના છ વાગ્યાથી બપોરના સાડા બાર વાગ્યા સુધી સાડા છ કલાકનો હિસાબ કરીએ તો ત્યાં સુધી નિસ્ફુન્નહાર શરઈ કહેવાય જેમાં ઈદની નમાઝનો સમય છે... મુસ્તહબ છે કે ઈદુલ ફિત્ર જરા મોડી પઢવી અને ઈદુલ અઝહા જરાં વહેલી પઢવી. કારણ કે ઈદુલ ફિત્રના પહેલાં ફિત્રો અદા કરવાનો હોય છે તે થઈ જાય અને ઈદુલ અઝહા બાદ કુરબાની કરવાની હોય છે જેમાં તેને

મોડું ન થાય.(બહારે શરીઅત)

સવાલ : ૨૫૬ શહેરમાં ચાર માઈલ દૂર જંગલમાં એક કામ ચાલે છે, જેમાં ચાર પાંચસો મુસલમાન ભાઈઓ કામ કરે છે. મઝકુર માણસો નમાઝે જુમ્આ ત્યાં જ પઢે તો નમાઝે જુમ્આ થશે કે નહિં ?

જવાબ : ૨૫૬ જુમ્આની નમાઝ મઝકુર જગ્યાએ થઈ શકશે નહિં જુમ્આ અદા કરવા માટે શહેર અથવા સારી વસ્તીનું ગામ જેમાં મસ્જિદ હોય, જંગલ, સીમાડા કે કોઈ વાંઢમાં જુમ્આ અદા થઈ શકશે નહિં. અગર ઉપર જણાવ્યા મુજબ જગ્યા પર બે ચાર હજાર મુસલમાનો ત્યાં કામ કરતા હોય તો પણ તે જગ્યાએ જુમ્આ નમાઝ પઢી શકાય નહિં તેઓને નમાઝે જુમ્આ પઢવા ગામમાં જ આવવું પડશે અથવા ઉઝરના કારણે ન આવી શકે તો ત્યાં જ ઝોહરની નમાઝ પઢે. જ્યારે અરફાતના મેદાનમાં જ્યાં વર્ષે પચીસ ત્રીસ લાખ મુસલમાનો એકઠા થાય છે ત્યાં નમાઝે જુમ્આ અદા નથી કરી શકાતી તો બીજે જંગલમાં જુમ્આની નમાઝ કેમ અદા કરી શકાય. (આલમગીરી, બહારે શરીઅત)

સવાલ : ૨૫૭ એક માણસ અહીંથી ભુજ થી મુંબઈ ગયો. ભચાઉ પહોંચ્યો ત્યારે શરઈ મુસાફીર થઈ ગયો અને નમાઝે કસર પઢી. જ્યારે પાછો આવે ત્યારે ભચાઉ સુધી મુસાફર ગણાશે કે ભુજમાં આવે ત્યાં સુધી મુસાફર ગણાય ?

જવાબ : ૨૫૭ એક માણસ પોતાના ગામમાંથી ઓછામાં ઓછા ૯૨ (બાણું) કિલોમીટર દૂર જવા રવાના થયો અને પોતાનું

ગામ મુકતા એક માઈલ ઉપર પહોંચ્યો અને નમાઝનો વકત આવી પહોંચ્યો અને નમાઝ પઢે તો ત્યારથી જ કસર પઢે. પછી તે જેટલે લાંબે જવાનું હોય તે કસર પઢતો જાય અને પાછો ફરતી વખતે જો પોતાના ગામ પહોંચ્યા પહેલાં અડધા માઈલ ઉપર જો નમાઝનો વખત થયો તો તે પણ કસર પઢે. પોતાના ગામ પહોંચશે ત્યારે કસર મોકુફ થશે.

<u>નોંધ :</u> ઉપર પુછેલ સવાલમાં આપને એવી સમજણ આપવામાં આવેલ છે કે ૯૨ કિલોમીટર ઉપર પહોંચે ત્યારે શરઈ મુસાફીર થાય એવું નથી. (રદ્દુલ મોહતાર, શામી)

<u>સવાલ : ૨૫૮</u> આ તો મશહુર મસ્અલો છે કે રમઝાનમાં કોઈ માણસ ઈશાની નમાઝ જમાઅતથી નથી પઢયો તો મઝકુર માણસ વિત્રની નમાઝ પણ જમાઅતથી પઢી શકતો નથી. વિત્રની નમાઝ જમાઅત સાથે નહિં પઢવાનો હુકમ શા માટે છે ? એની દલીલ શું છે ?

<u>જવાબ : ૨૫૮</u> રમઝાન માસમાં તરાવીહ જમાઅતથી પઢવી સુન્નતે મોઅકેદા છે. તો તરાવીહ સુન્નત છે અને વિત્ર વાજિબ છે તેને જમાઅતથી પઢવું ઉલેમાએ અહનાફે બહેતર બલ્કે મુસ્તહબ કરાર દીધો છે. હવે સૌથી વધુ તાકીદ ફર્ઝની જમાઅતની છે જે વાજિબ છે. જે જમાઅતથી ફર્ઝ નથી પઢયો તો વિત્રની જમાઅત તો પહેલાંથી જ નથી ફકત તરાવીહના કારણે તેની જમાઅત મુસ્તહબ ઠેરવવામાં આવી તેના કારણે તે વિત્રની નમાઝ જમાઅતથી પઢે નહિં. (વલ્લાહો આલમો)

સવાલ : ૨૫૯ લાઉડ સ્પીકર ઉપર ફર્ઝ નમાઝ પઢાવવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૨૫૯ ફર્ઝ નમાઝ અગર લાઉડ સ્પીકર ઉપર પઢાય તો એક જરૂરી સુન્નતની સંભાળ રાખવાની છે કે જમાઅતમાં વધારે માણસો છે જેથી ઈમામ પાછળની સફોમાં જગ્યા જગ્યાએ મુકબ્બીરો એટલે કે તકબીરનો અવાજ દેવાવાળા ઉભા રાખવા સુન્નત છે તે મુજબ જો કરવામાં આવે તો પછી ઈમામ લાઉડ સ્પીકર ઉપર નમાઝ પઢાવે તો જાઈઝ છે.

સવાલ : ૨૬૦ ઈમામ મહેરાબની અંદર ઉભો રહે છે અને મિમ્બર વચ્ચે આવવાને કારણે પહેલી સફ (લાઈન)ની વચ્ચે અધુરી રહે છે. મિમ્બરના કારણે તો શું આવી રીતે ઈમામની પાછળ પહેલી સફ (લાઈન) ઊભી કરવાથી નમાઝમાં કંઈ વાંધો આવશે ખરો ?

જવાબ : ૨૬૦ ઈમામ મહેરાબની સરહદ ઉપર પગ રાખી ઊભે અને સજદા કરતી વખતે પુરો મહેરાબની અંદર આવી જતો હોય તો પાછળ જે પહેલી સફ ઊભી છે તેને મિમ્બર વચમાં પડશે તો તેમ કરવાથી નમાઝ કે સફમાં, જમાઅતમાં કોઈ વાંધો નથી.

સવાલ : ૨૬૧ મસ્જીદનો આગળનો જે ભાગ જેને સહેન કહેવામાં આવે છે એ પણ મસ્જિદ જ કહેવાય કે નહિ અને સહેનમાં અઝાન આપી શકાય કે નહિં ?

જવાબ : ૨૬૧ મસ્જિદની ઉગમણી બાજુ આગળ જે ભાગ

ખુલ્લું કે છતવાળું હોય છે તે પણ મસ્જિદ કહેવાય છે. જો તેથી બહાર અઝાન માટે મિનારો કે ઓટલો બનેલો હોય તો ત્યાં જ અઝાન કહેવાય આ સહેન પણ મસ્જિદના હુકમમાં છે પણ જો અલગ બીજો અઝાન માટે મિનારો કે ઓટલો બનેલ ન હોય તો સહેનના એક કિનારા ઉપર ઊભા રહી અઝાન આપી શકાય. (બહારે શરીઅત)

સવાલ : ૨૬૨ જુમ્આનો ખુત્બો મિમ્બર ઉપર ફારસી, ઉર્દૂ અથવા ગુજરાતી કે સિંધી ગમે તે ઝબાનમાં પઢી શકાય કે નહીં ?

જવાબ : ૨૬૨ જુમ્આનો ખુત્બો મિમ્બર ઉપર જે વાજિબ છે તે અરબીમાં જ પઢવું સુન્નત છે. અરબી ભાષા સિવાય બીજી ઝબાનમાં પઢવું ખિલાફે સુન્નતે મુતવારિસા છે. જો કાંઈ નમાઝીઓને નસીહત વાઅઝની જરૂરત છે તો તે ખુત્બહથી પહેલાં અથવા નમાઝથી પાછળ તે જ અરબી ખુત્બાનો ગમે તે જબાનમાં (ભાષામાં) તરજુમો અથવા ચંદ દીની નસીહતો કરી શકાય તેથી સુન્નત પણ કાયમ રહે અને ખુત્બાની અસલ ગરઝ પણ જિન્દા (જીવંત) રહે. બાકી મિમ્બર ઉપર ખુત્બાની અઝાન પછી જે ખુત્બો વાજિબ છે તે અરબીમાં જ પઢવું સુન્નત છે. (ફતાવા રઝવિયા)

સવાલ : ૨૬૩ જુમ્આનો ખુત્બો બેસીને પઢવું જાઈઝ છે કે નહિં ? એક ઈમામ સાહેબ મોટી ઉમરના છે તેઓ વધુ સમય ઊભા રહી શકતા નથી તેથી નમાઝ અને ખુત્બો બેસીને પઢાવે છે અને ઈમામ બેસીને નમાઝ પઢાવે તો પછળ મુક્તદીઓ બેસીને

પઢે કે ઊભા રહીને પઢે ?

જવાબ : ૨૬૩ ખુત્બો ઊભા રહીને પઢવું સુન્નત છે બેસીને પઢવું મકરૂહ છે. જો કોઈ બીજો ઊભો રહી પઢાવી શકે તેવો ખતીબ નથી તો મજબુરીના કારણે બેસીને ખુત્બો પઢાવી શકે છે પણ નમાઝ ઊભા રહીને પઢવું ફર્ઝ છે તેથી તે જ ફર્ઝ પઢાવે જે કયામ કરી શકે. જો મજબુરી એવી છે કે વૃદ્ધ (ઝઈફ) ઈમામ છે તે જ પઢાવી શકે છે અને બીજો કોઈ નમાઝ પઢાવી શકે તેવા નથી તો હદની લાચારીએ શરઈ ઉઝરના કારણે અને મઝકુર બીનાથી ઈમામ બેસીને નમાઝ પઢાવે અને મુકતદીઓ ઊભા રહીને તાબેદારી કરે. (નમાઝ પઢે.) (શામી)

સવાલ : ૨૬૪ ઈમામ સાહેબ ચોથી રકાઅતને ત્રીજી રકાઅત સમજીને ઊભા થઈ જાય તો તેને મુકતદીઓએ યાદ આપવા માટે શું કરવું જોઈએ ?

જવાબ : ૨૬૪ જો ઈમામ સાહેબ ચોથી રકાઅતને ત્રીજી રકાઅત સમજીને ઊભા થઈ જાય તો મુકતદી અલ્લાહો અકબર કહીને લુકમું આપે, પણ જો ઈમામ સાહેબ ચોથી રકાઅતમાં કાઅદામાં બેસી અત્તહિય્યાત પઢી લીધા પછી ઊભા થાય તો લુકમું આપવો જોઈએ નહિં અને તાબેદારી પણ કરવી નહિં. ઈન્તેઝાર કરી મુકતદી બેઠા રહે. જો ઈમામ પાછો આવી જાય તો સારૂં અને જો ઈમામ પાંચમી રકાઅતનો રૂકૂઅ કરે તો મુકતદી પોતાનો સલામ ફેરવી નાખે, મુકતદીઓની નમાઝ પુરી થઈ જશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૬૫ એક માણસને ગુસલ કરવો છે અને ગુસલ કરશે તો સવારની નમાઝ કઝા થઈ જશે. કારણ કે સમયની ગુંજાઈશ નથી. (સમય બહું જ ટૂંકો છે) મઝકુર માણસ માટે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૨૬૫ જલ્દીથી ગુસલના ફર્ઝ મુજબ જો અદા થઈ શકતો હોય કે એક વખત ગરાગર સાથે કુલ્લી કરે, એક વાર નાકમાં પાણી ચઢાવી અને એકવાર આખા શરીર ઉપર પાણી ઢોળી લે તેમ થઈ શકે તો ગુસલ કરીને નમાઝ પઢે. જો એટલો પણ સમય નથી તો તયમ્મુમ કરી પહેલાં નમાઝ પઢી લે પછી સુરજ ઊગ્યા પછી ગુસલ કરી અને મઝકુર નમાઝ કઝા પણ કરી લે. (બહારે શરીઅત)

સવાલ : ૨૬૬ એક માણસ નમાઝ પઢી રહ્યો હતો અને એક ભાઈએ તેને બોલાવ્યો કે તારી માતાજી બીમાર છે તેનો આખરી વખત છે યાને ઈન્તેકાલ થઈ રહ્યો છે આ અવાજ સાંભળી પોતાની નમાઝ તોડી જઈ શકે કે નહિં ?

જવાબ : ૨૬૬ જો નફલ પઢી રહ્યો હોય તો નફલ તોડીને જઈ શકે છે. પછી મઝકુર નમાઝ જે તોડી ગયેલ તે નમાઝ કઝા કરી લે. જો ફર્ઝ પઢી રહ્યો છે તો તોડે નહિં કારણ નમાઝ પુરી કરતાં વધુ સમય લાગવાનો નથી અને તેના જવાથી માતાજીની જિન્દગી બચવાની નથી.

સવાલ : ૨૬૭ અગર જિન્નાત માણસની સુરતમાં આવીને ઈમામત કરે તો તેની પાછળ નમાઝ થઈ જશે કે નહિં ?

જવાબ : ૨૬૭ જો મુક્તદીઓને તેની જિન્નાત તરીકેની ચોક્કસ જાણ હોય તો નમાઝ થઈ શકે નહિં પણ જો બેખબરીમાં માણસની સુરતમાં નમાઝ પઢાવે તો નમાઝ થઈ શકે.

સવાલ : ૨૬૮ નમાઝ પઢતી વખતે આંખો ખુલ્લી રાખવી જોઈએ કે બંધ રાખવી જોઈએ ? ખરો હુકમ શું છે ?

જવાબ : ૨૬૮ આંખો ખુલ્લી રાખવી મુસ્તહબ છે. કયામ (ઉભા રહેતી વખતે)માં નજર સજદાની જગ્યાએ અને રૂકૂઅમાં નજર કદમોની પીઠ ઉપર, કાએદામાં નજર ખોળામાં નજર ઠેરવવી પણ નમાઝમાં કદાચ પઢતી વખતે કોઈની આંખો બંધ રહે તો નમાઝમાં કોઈ ખલેલ આવશે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૨૬૯ પતિ ઈમામ બને અને તેની પત્ની મુક્તદી બને તો નમાઝ બંનેની થઈ જશે કે કેમ ?

જવાબ : ૨૬૯ શૌહર (પતિ) ઈમામ બંને અને પત્ની તેની મુક્તદી બંને શૌહર-બીબી એક સાથે નમાઝ પઢે તો બંનેની નમાઝ બિલા કરાહત થઈ જશે.

સવાલ : ૨૭૦ નમાઝ પઢતાં ટોપી પડી જાય તો તેને ઉપાડવી જોઈએ કે નહિં ? અથવા ખુલ્લા માથે નમાઝ પઢી લઈએ તો વાંધો ખરો ?

જવાબ : ૨૭૦ જો ટોપી નજીકમાં હોય તો અને થોડી હરકતથી પહેરી શકાય તો પહેરી લે અને જો નજીકમાં નથી તો અથવા વધારે હરકત કરવી પડે તો બાકીની નમાઝ ખુલ્લે માથે પઢી લે બાકી ખુલ્લે માથે ઈરાદાપૂર્વક નમાજ પઢવી મકરૂહ છે.

નમાઝની બેઅદબી છે.

સવાલ : ૨૭૧ ચાર રકાઅતવાળી ફર્ઝ નમાઝમાં પાછળની બે રકાઅતોમાં ફકત અલ્હમ્દો પઢવું કે તેના સિવાય જો કોઈ બીજું કાંઈ પઢાઈ જાય તો નમાઝ થઈ જશે કે નહિં ?

જવાબ : ૨૭૧ નમાઝ થઈ જશે કારણ કે પાછળની બે રકાઅતોમાં અલહમ્દો પઢવું મુસ્તહબ છે. અગર કોઈ ત્રણવાર સુબ્હાનલ્લાહ પઢે તો નમાઝ થઈ જશે.

સવાલ : ૨૭૨ વલદુલ હરામ યાને હરામી બાળકની ઈમામત દુરૂસ્ત છે કે નહિં ?

જવાબ : ૨૭૨ ઈમામત દુરૂસ્ત છે. જો બીજો કોઈ તેનાથી ઈમામત માટે બહેતર ન હોય તો. (ફતાવા રઝવિયા)

સવાલ : ૨૭૩ ઈમામ સાહેબ તકબીરે તહરીમા બાદ અલ્હમ્દોને બદલે અલમતરા કૈફની સૂરઅ શરૂ કરી દીધી. થોડું ઘણું પઢી લીધું ત્યારે તેને મુકતદીએ લુકમું આપ્યો જેથી ઈમામે તે સુરઅ અધૂરી મૂકીને અલહમ્દો શરૂ કર્યો અને પછી અલમતરા પૂરી પઢીને નમાઝ પૂરી પઢી લીધી. આખરમાં સહવ (ભૂલ)નો સજદો કર્યો નહિં તો શું નમાઝમાં કાંઈ વાંધો આવ્યો કે નહિં.

જવાબ : ૨૭૩ આખરમાં મઝકુર નમાઝમાં સજદ-એ-સહવ વાજિબ થશે. તેને જો ઈમામ સાહેબે અદા કર્યો હોય તો નમાઝ કામિલ થઈ જાત. પણ સજદ-એ-સહવ કર્યો નહિં તો નમાઝ થઈ નહિં માટે ફરીથી પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૭૪ ઘણાં માણસોની એવી આદત હોય છે કે

નમાઝના સજદામાં જતી વખતે પોતાનો પાયજામો બંને હાથથી ઊંચો કરતા હોય છે તેથી નમાઝમાં કાંઈ ખલલ આવશે કે નહિં ?

જવાબ : ૨૭૪ બંને હાથથી પાયજામો કે લુંગી, પેન્ટ કે બીજો કોઈ કપડો ખેંચવા કે ઊંચો કરવાથી નમાઝ મકરૂહે તેહરીમી થાય છે જેને ફરીથી પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૭૫ અમારી નજીકમાં મસ્જિદ છે પણ તે મસ્જિદમાં જમાઅત થતી નથી તો અમે નજીકની મસ્જિદ મૂકીને દૂરની અન્ય મસ્જિદમાં નમાઝ જમાઅતથી પઢવા જઈ શકીએ કે નહિં ?

જવાબ : ૨૭૫ મોહલ્લાની મસ્જિદમાં જો જમાઅત થઈ હોય નહિં તો ત્યાં એકલો જઈ અઝાન અને ઈકામત આપીને નમાઝ પઢે તે અફઝલ છે. જો મોહલ્લાની મસ્જિદમાં જમાઅત થઈ ગઈ હોય અને બીજા મોહલ્લાની મસ્જિદમાં જમાઅત મળવાની શકયતા હોય તો ત્યાં જાય. પરંતુ મોહલ્લાની નજીકની મસ્જિદને વિરાન કરીને દૂરની મસ્જિદમાં જમાઅત માટે પણ જવું બહેતર નથી. ફકત જુમ્આની નમાઝ માટે જામેઅ મસ્જિદમાં જવું બહેતર, અફઝલ છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૭૬ ઝોહરની નમાઝમાં ઈખ્તેલાફ (મતભેદ) થયો કે અમુક મુકતદીઓ કહે છે કે ચાર રકાઅત થઈ અમુક મુક્તદીઓ કહે છે કે ત્રણ રકાઅત થઈ, ઈમામને બીલકુલ ખ્યાલ નથી કે કેટલી રકાઅત થઈ. હવે શું ફેંસલો કરવામાં આવે ?

જવાબ : ૨૭૬ પ્રથમ તો ઈમામ સાહેબનું અનુમાન જે

રકાઅતો પઢાયાનું થતું હોય, ત્યાર બાદ મુક્તદીઓમાં બહુમતીમાં જેટલી રકાઅતનો દાવો થતો તેના ઉપર ભરોસો રાખી નક્કી કરવું જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૨૭૭ જો કોઈ માણસ કયામમાં ભૂલથી અત્તહિય્યાત પઢી લે અને આખિરમાં સહવનો સજદો કરી લે તો તેની નમાઝ થશે કે નહિં ?

જવાબ : ૨૭૭ એ માણસ એવી નમાઝ પઢી રહ્યો હતો કે જે રકાઅતોમાં કિરઅત ફર્ઝ છે અને તે રકાઅતમાં ભૂલથી અત્તહિય્યાત પઢી લીધું અને પછી તેમાં કિરઆત પણ પઢી લીધી તો સજદ-એ-સહવ કરવાથી નમાઝ થઈ જશે પણ જો ફકત અત્તહિય્યાત પઢી અને રૂકૂઅ કર્યું તો નમાઝ થશે નહિં તે ફરીથી પઢવી પડશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૭૮ કઝા નમાઝ ઘરે પઢી શકાય કે નહિં અને કઝા નમાઝ પઢતી વખતે ઈકામત પઢવી કે નહિં ? જો ઘણાં માણસોની એક જ નમાઝ એક જ દિવસની કઝા હોય તો કઝા નમાઝ જમાઅતથી પઢી શકાય કે નહિં ?

જવાબ : ૨૭૮ કઝા નમાઝ ઘરે કે મસ્જિદમાં જ્યાં પણ પઢશે થઈ જશે પણ કઝા નમાઝ ઘરમાં પઢવી બહેતર છે. જો બધાની એક જ વખતની નમાઝ કઝા થઈ ગઈ હોય તો જમાઅતથી પઢવી જાઈઝ છે. તેના માટે અઝાન-ઈકામત પઢી શકાશે. પણ મસ્જિદમાં જમાઅત કરીને પઢવી મકરૂહ છે. (બહારે

શરીઅત)

સવાલ : ૨૭૯ એક માણસ એક બાજુ પણ સલામ ન ફેરવે અથવા બંને બાજુ સલામ ફેરવીને સહવનો સજદો કરે તો તેની નમાઝ થઈ કે નહિં ?

જવાબ : ૨૭૯ જો કોઈ નમાજી સલામ ફેરવ્યા વગર સહવનો સજદો કરે તો મકરૂહે તન્ઝીહી છે પણ નમાઝ થઈ જશે અને જો બંને બાજુ સલામ ફેરવ્યા બાદ યાદ આવ્યું અને હજી બીજું કોઈ નમાઝ સિવાયનું હસન ચલન કર્યું નથી અને સહવનો સજદો કર્યો તો નમાઝ થઈ જશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૦ એક ભાઈએ નમાઝ પઢી લીધી અને તેની બાજુમાં બેઠેલા ભાઈએ તેને કહ્યું કે, તમોએ બે રકાઅતોને બદલે ત્રણ રકાઅત પઢી ગયા અથવા ચાર રકાઅતને બદલે ત્રણ કે પાંચ પઢી તો શું તે ભાઈના કહેવાથી તે ભાઈએ નમાઝ ફરીથી પઢવી પડશે કે નહિં ?

જવાબ : ૨૮૦ જો નમાઝ પઢનારને સંપૂર્ણ યકીન હોય કે તેણે નમાઝની રકાઅતો પૂરી જ પઢી છે તો બીજાના કહેવાથી ફરીથી પઢવાની જરૂર નથી. પણ જો પોતાને શંકા હોય તો બાજુના કહેનાર ભાઈને આ બાબતે પુરતી પૂછપરછ કરી અને તે ભાઈ આદિલ અને મોઅતબર હોય તો તેના કહેવા મુજબ નમાઝ ફરીથી પઢે. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૧ જો માલેકી મસ્લકના ઈમામ પાછળ ઈકતેદા

કરી અને તે ઈમામ સાહેબે તિલાવતનો સજદો કર્યો નહિં. જ્યારે આપણાં હનફી મસ્લક મુજબ કરવાનું છે તો હવે મુક્તદીએ શું કરવું જોઈએ ?

જવાબ : ૨૮૧ મઝકુર સુરતમાં મુક્તદી ઈમામને તાબે છે માટે હનફી મુક્તદીને નમાઝમાં કે પછી સજદો કરવાની જરૂર નથી. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૨ જો ઈમામ સાહેબે જુમ્આની નમાઝમાં, નમાઝ પહેલાં પઢાવી અને ખુત્બો પછી પઢયા તો શું નમાઝ થઈ કે નહિં ?

જવાબ : ૨૮૨ નમાઝે જુમ્આ પહેલાં ખુત્બો પઢવો શરત છે જો ખુત્બો નમાઝ બાદ પઢાવ્યો તો જુમ્આ અદા થશે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૩ જો મુસાફિર ભૂલથી કસર નમાઝને બદલે પુરી જ નમાઝ પઢી લે કે કોઈ મુસાફિર જાણી જોઈને પૂરી જ નમાઝ પઢે તો કોઈ વાંધો ખરો ?

જવાબ : ૨૮૩ જો ભૂલથી પઢી લીધી તો ગુન્હેગાર થશે નહિં પણ જો જાણી જોઈને નમાઝ પૂરી પઢશે તો ગુન્હેગાર થશે. મુસાફર ઉપર શરીઅતના કાનૂન મુજબ નમાઝ કસર પઢવી વાજિબ છે એટલે કે ચાર રકાઅતવાળી ફર્ઝ બદલે બે રકાઅત ફર્ઝ છે. જેથી પૂરી નમાઝ ઈરાદાપૂર્વક પઢવાથી વાજિબનો તરક થશે. તેથી ગુન્હેગાર થશે. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૪ શરીઅતના રૂએ જેના ઉપર જુમ્આની નમાઝ ફર્ઝ નથી તેઓ તે દિવસની ઝોહરની નમાઝ જુમ્આ નમાઝની જમાઅત પહેલાં પઢી શકે નહિં અને તે દિવસે ઝોહરની નમાઝ જમાઅત કરીને મસ્જીદમાં પઢી શકે કે નહિં ?

જવાબ : ૨૮૪ જેના ઉપર જુમ્આ ફર્ઝ નથી તેવા લોકો નમાઝે ઝોહર જુમ્આની નમાઝ અદા થઈ ગયા પછી પઢે. પહેલા પઢવી મકરૂહ છે. પરંતુ તેવા લોકોને ઝોહરની નમાઝ જમાઅતથી પઢવી મકરૂહે તહેરીમી છે. જમાઅતથી પઢવાની મનાઈ છે. એકલા જ પઢે. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૫ જો કોઈ હામેલા (સગર્ભા) સ્ત્રી નમાઝમાં સજદો કરવા માટે પોતાની આગળ કોઈ ઊંચી ચીજ રાખીને તેના ઉપર સજદો કરે તો તેની નમાઝમાં કાંઈ વાંધો આવે ખરો ?

જવાબ : ૨૮૫ જો જમીન ઉપર સજદો કરવાથી તેને અથવા તેના હમલને સખ્ત તકલીફ પહોંચતી હોય તો બાર આંગળીના માપથી ઊંચી ન હોય એવી એવી સખત કે જેના ઉપર સજદો કરવાથી પેશાની (કપાળ) બરાબર રહે અને જામી રહે તેવા શર્તવાળી વસ્તુ ઉપર સજદો કરી શકાશે અને નમાઝ થઈ જશે.

સવાલ : ૨૮૬ જુમ્આના દિવસે નમાઝે જુમ્આની અઝાન પછી નમાઝ પુરી થાય ત્યાં સુધી કામકાજ કે વેપાર કરવાની મનાઈ છે તો આ હુકમ મુસ્લિમ સ્ત્રીઓને પણ લાગુ પડશે કે કેમ ?

જવાબ : ૨૮૬ જુમ્આના દિવસે વેપાર, કારોબાર, કામકાજ

મુકીને ખુદાના ઝિક્ર તરફ જવું તે કુરઆને મજીદમાં બધા જ મોમીનોને સંબોધીને ફરમાવવામાં આવેલ છે જેમાં મુસલમાન સ્ત્રી-પુરૂષ બધા જ સામેલ છે તેથી સ્ત્રીઓને પણ આ હુકમ લાગે છે. આથી અઝાનથી નમાઝ પૂરી થાય ત્યાં સુધી સ્ત્રીઓને પોતાના ઘરમાં ખુદાના ઝિક્રમાં મશગુલ રહેવું જોઈએ અને ઝોહરની નમાઝ પઢી લેવી જોઈએ. કારણ કે સ્ત્રીઓ ઉપર જુમ્આની નમાઝ ફર્ઝ નથી. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૭ એક મુઠ્ઠીથી ઓછી દાઢી રખાવનાર ઈમામત કરે તો તેની પાછળ નમાઝ પઢવી કેમ છે ?

જવાબ : ૨૮૭ એક ઈમામ જે એક મુઠ્ઠી એટલે કે ચાર આંગળીથી નીચે દાઢી રખાવનારને શરીઅતમાં ફાસિક કહેવાશે. તેથી તેવા ઈમામ પાછળ નમાઝ પઢવી મકરૂહે તહેરીમી છે જે મુસલમાન ભાઈની દાઢીના વાળ ન વધતા હોય તેના માટે ઈજાઝત છે કે ઈમામત કરી શકે છે. (તફસીરે નઈમીયા, ફતાવા રઝવિયા)

સવાલ : ૨૮૮ પેન્ટ કે પાયજામો લાંબો હોય તો નમાઝ પઢતી વખતે ઉપરથી ઊંચો ચઢાવી લેવું કે નીચેથી પાયચા વાળી લેવા માટે શું હુકમ છે ?

જવાબ : ૨૮૮ પેન્ટ કે પાયજામો, તેહબંદ કે ઈજાર, જે કાંઈ નીચે પહેરવાના છે તેને પાયચામાંથી વાળી લેવું મકરૂહે તેહરીમી છે તેમજ ઊંચેથી વાળવું, લપેટવું પણ મકરૂહ છે. જો નાભી (ઢુંટી) થી ઉપર બાંધી શકાય તો ઊંચે બાંધવું જોઈએ. પરંતુ

વાળવું પડે એટલો પહેલેથી જ સીવડાવવું જોઈએ નહિ. (બહારે શરીઅત)

સવાલ : ૨૮૯ એક ભાઈ નમાઝ, રોઝાના પાબંદ છે પણ તે ભાઈને રમઝાન મહિનામાં દસ બાર કિલોમીટર દૂર સફરમાં જવું હોય તો તે ભાઈ તે દિવસે રોઝો રાખતો નથી અને ફજર નમાઝની જમાઅતમાં જોવામાં આવતો જ નથી તો તે ભાઈને ઈમામ બનાવવો કેમ છે ? તેની પાછળ નમાઝ પઢવામાં વાંધો ખરો ? શરીઅતનો ફેંસલો શું છે ?

જવાબ : ૨૮૯ રમઝાનુલ મુબારકના રોઝા મુસલમાન આકિલ, બાલીગ, તંદુરસ્ત, મુકીમ ઉપર ફર્ઝે ઐન છે. જો શરઈ મુસાફીર હોય તો ૯૨ કિ.મી. સુધી જવાની ઓછામાં ઓછી મુસાફરીમાં રોઝો ન રાખવાની રજા છે પણ રોઝો રાખે તો બહેતર છે. જો ઉપર મુજબ જણાવ્યા મુજબ ૯૨ કિલોમીટરથી ઓછી મુસાફરી હોય અને રોઝો ન રાખે તો સખ્ત ગુન્હેગાર અને ફાસિક ગણાશે. એવા શખ્સ તથા ફજર ન પડનારા પાછળ નમાઝ થશે નહિં. પાંચ વખતની નમાઝ ફર્ઝે ઐન છે જો કોઈ જાણી બુઝીને, ઈરાદાપૂર્વક કોઈ એક નમાઝ ન પઢતો હોય તો અથવા કઝા કરતો હોય તો સખ્ત ગુન્હેગાર થશે. આવી હાલતમાં તેને ઈમામ બનાવવો જાઈઝ નથી તેની પાછળ નમાઝ પઢવી મકરૂહે તેહરીમી છે. આથી જો આવા શખ્સ પાછળ નમાઝ પઢી લીધી હોય તો તે નમાઝ ફરીથી પઢવી પડશે. (ફતુબે ફિકહ)

●●●

ઝકાત, સદકા, ફિત્રા
અને કુરબાનીના મસાઈલ

સવાલ : ૨૯૦ એક મુસલમાન માલદાર છે અને ઝકાત અદા કરતો નથી પણ હજ્જ કરવા જાય છે તેનો હજ્જ કબૂલ થશે કે નહિ ?

જવાબ : ૨૯૦ માલદાર મુસલમાનને દર વર્ષે એક વખત પોતાના માલની ઝકાત અદા કરવી ફર્ઝ છે તેનો ઈન્કાર કરનાર કાફિર છે. ઝકાત આપવામાં, આળસ કરનાર સખત ગુન્હેગાર છે. જ્યારે પણ જાણે કે મે ફર્ઝ અદા કરવામાં ભૂલ કરી છે તાત્કાલિક અદા કરી લે. કોઈએ ઝકાત અદા કરી નહિં અને હજ્જ કરવા ચાલ્યો ગયો તો શરીઅતના એતબારથી તેના ઉપર હજ્જ ફર્ઝ હતો તે અદા થઈ જશે પણ કબૂલ થવાનું અલ્લાહના રહેમો-કરમ ઉપર છે.

ઝકાત અદા ન કરી અને હજ્જ કરવા ચાલ્યો ગયો તો હજ્જ નહિં થાય એ ખ્યાલ ખોટો છે પરંતુ ઝકાત અદા જરૂર કરવી જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૨૯૧ સદકાએ ફિત્ર રમઝાન મહિનાથી પહેલાં અથવા શાબાન મહિનામાં આપવો અથવા રમઝાન મહિનો ચાલુ હોય ત્યારે આપી શકાય કે કેમ ?

જવાબ : ૨૯૧ સદક એ ફિત્ર શવ્વાલ મહિનાનો ચાંદ જોયા પછી ઈદની સુબ્હે સાદિકથી વાજિબ થાય છે. જો અગાઉથી જ રમઝાન અથવા શાબાનમાં અદા કરી દીધો તો તેની મનાઈ નથી. આપી શકાય છે. (બહારે શરીઅત)

સવાલ : ૨૯૨ એક માણસ પાસે સોનાના દાગીના છે જ્યારે એણે તે ખરીદયા હતા ત્યારે તેની કિંમત હજાર રૂપિયાની હતી. હવે જ્યારે એ વેચે છે ત્યારે તેની કિંમત બે હજાર થાય છે. તો મઝકુર દાગીનાની ઝકાત ખરીદેલ કિંમત પ્રમાણે કે હાલના ભાવ પ્રમાણે થશે ?

જવાબ : ૨૯૨ સોના, ચાંદીના દાગીનાની ઝકાત દર વર્ષે અદા કરવી પડશે અને ઝકાત અદા કરતી વખતે તેના ભાવ વેચતી વખતે જે થાય તે પ્રમાણે ઝકાત આપવી પડશે. ખરીદી કરતી વખતનો ભાવ દર વખતે ગણતરીમાં લેવામાં આવશે નહિં ? (દુર્રે મુખ્તાર, બહારે શરીઅત, કાઝીખાન)

સવાલ : ૨૯૩ ઝકાત એહલે બૈતે રસૂલુલ્લાહ સાદાતે કિરામને આપવી જાઈઝ છે કે નહિં ? ઘણાં આલિમો કહે છે કે ઝકાત આપણા માલનો મેલ છે જે અહલે બૈતને આપી શકાય નહિં. જ્યારે ઘણાં આલિમો કહે છે કે ઝકાત આપી શકાય છે ખરો હુકમ શું છે ?

જવાબ : ૨૯૩ ઝકાત સાદાતે કિરામ બની હાશીમને આપવી જાઈઝ નથી. બેશક ઝકાત અમારા માલનો મેલ છે. એહલે બૈતે રસૂલુલ્લાહને હદીયો, નઝરાણું, ભેટ સોગાત આપવી એ જ ઉમ્મતની લાયકાત અને વફાદારી ગણાશે, તેમ છતાં પુર ફિતન (ફિત્નાના આ) દૌરમાં જો સાદાતે કિરામને કોઈ હદીયો-નઝરાણું ન અપાતું હોય અને કોઈ સાદાત ગરીબ કંગાળ, મિસ્કીન હોય તો તેને શરઈ હીલો કરી ઝકાત આપી શકાય. શરઈ હીલો એ છે કે કોઈ ગરીબ મિસ્કીન સમજદાર મુસલમાનને ઝકાત

લેવાનો અધિકાર છે તેને ઝકાત આપી તેને માલિક બનાવી પછી તેને તલકીન કરવી કે તમારી પાસે જે અત્યારે પૈસા છે તે ફલાણા ગરીબ સાદાતે કિરામને નઝરાણા, ભેટ તરીકે આપી દે. તો તને સવાબ થશે અને તે આપી દે. આ રીતે શરઈ "હીલા"થી જાઈઝ છે. (દુર્રે મુખ્તાર, બહારે શરીઅત)

સવાલ : ૨૯૪ એક માણસે ચોરીના ભયથી દસ હજારનું સોનું જંગલમાં દાટી દીધું અને તે પછી મુદ્દત પછી તેની તપાસ કરવા ગયો અને તે જગ્યા ભુલી ગયો અને દાટેલું ધન મળ્યું નહિં સાત આઠ વરસ પછી તેને મઝકુર ધન મળ્યું તો મઝકુર સાત આઠ વર્ષની ઝકાત હવે તેને અદા કરવી પડશે કે કેમ ?

જવાબ : ૨૯૪ હા, જેટલા વર્ષો ગુમ થવામાં વીતી ગયા અને તેની ઝકાત આપેલ નથી તો મળેલ ધનની વીતેલ વર્ષોની ઝકાત આપવી ફર્ઝ છે.

સવાલ : ૨૯૫ ઝકાતનો લુગવી (લુગતમાં-ડીક્ષનરીમાં) અર્થ શું છે ?

જવાબ : ૨૯૫ ઝકાતનો લુગવી અર્થ પાક (પવિત્ર) કરવું છે. કારણ કે ઝકાત આપવાવાળાને ગુનાહ અને બખીલી (કંજુસી)થી પાક કરે છે. (દુર્રે મુખ્તાર, પેજ-૪૨૯, પેજ-૨, જી-૨)

સવાલ : ૨૯૬ એક માણસ કોલમ્બો રહે છે તેણે ત્યાંથી ઝકાતના એક હજાર રૂપિયા હિન્દુસ્તાનમાં મોકલ્યા અને તે પૈસા રૂપિયા સાતસો થયા તો દેશના બદલવાથી તેની ઝકાત હુંડિયામણની રીતે એક હજાર થઈ કે સાતસોની ?

જવાબ : ૨૯૬ મઝકુર હાલતમાં ઝકાત લેનાર હક્કદારને જે રકમ ચૂકવવામાં આવી તેની ગણત્રી થશે જેથી રૂપિયા સાતસોની અદા થઈ કહેવાશે. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૨૯૭ એક માણસે રાતના અંધારામાં ઝકાત આપી અને સવારના જાણ થઈ કે પોતાનો બાપ હતો તો એ ઝકાત અદા થઈ કે નહિં ?

જવાબ : ૨૯૭ જો અંધારામાં તેણે બરાબર જોઈ વિચારીને આપી દીધી ત્યારે તેને ખબર પડી નહિં અને પછી જાહેર થયું કે તે તેનો બાપ હતો તો તેની ઝકાત અદા થઈ ગઈ. પણ રાત્રે એણે ઝકાત આપતી વખતે કોઈ જાતની ખાત્રી કે વિચાર કર્યા વગર જો આપી દીધી તો એ સુરતમાં ઝકાત અદા થઈ નહિં. (દુર્રે મુખ્તાર, પેજ-૪૮૨, આલમગીરી, શામી)

સવાલ : ૨૯૮ ભાઈ અથવા બહેનને ઝકાત આપી શકાય કે નહિં તથા ઝકાતનો માલ જાહેર થવા દેવો કે છુપાવીને દેવું જોઈએ ?

જવાબ : ૨૯૮ હા, ભાઈ અથવા બહેનને ઝકાત આપી શકાય છે બલ્કે સૌથી પહેલા એ જ હક્કદાર છે જ્યારે તેઓ સાહિબે નીસાબ ન હોય. ઝકાત જાહેરમાં આપવી અફઝલ છે જેથી બીજાઓને ઉમંગ થાય અને તે લોકો પણ ઝકાત આપે. નફલી સદકાત છુપાવીને દેવું અફઝલ છે જ્યારે કે રીયાકારી (જાહેરી દેખાવ-દંભ) જાહેર ન થાય. (દુર્રે મુખ્તાર, પેજ-૪૮૨, આલમગીરી)

સવાલ : ૨૯૯ સ્ટેટ અને કારખાના ઉપર ઝકાત ફર્ઝ છે કે

નહિં ?

જવાબ : ૨૯૯ સ્ટેટ, કારખાના, મકાન વગરે ઉપર ઝકાત ફર્ઝ થતી નથી પણ તેની આવક થાય અને તે નિસાબની હદ ઉપર પહોંચે અને તે આવકને એક વર્ષ વિતી જાય તો તેના ઉપર ઝકાત ફર્ઝ છે. (આલમગીરી; પેજ-૧૮૩, દુર્રે મુખ્તાર; પેજ-૪૩૩, શામી; પેજ-૮)

સવાલ : ૩૦૦ આજકાલ હિન્દુસ્તાનમાં જે જમીન મુસલમાનોની છે જેમાં પૈદાવાર (ઉત્પાદન) થાય છે તે ઉશરી ગણાશે કે ખિરાજી ગણાશે ?

જવાબ : ૩૦૦ આજકાલ હિન્દુસ્તાનમાં જે જમીન છે જેમાં જે મુસલમાનો પાસે જમીન છે તેને ઉશરી ગણવામાં આવશે જ્યાં સુધી ખાસ જમીનની નિસ્બત ખિરાજી હોવાની કોઈ દલીલ શરઈથી ન થઈ શકે. (બહારે શરીઅત; જી-૫, પેજ-૪૮)

સવાલ : ૩૦૧ ઝકાત દર વર્ષે અદા કરવી જોઈએ કે હજ્જની જેમ ફકત ઝિન્દગીમાં એક જ વખત ?

જવાબ : ૩૦૧ ઝકાત દર વર્ષે ફર્ઝ છે એટલે કે માલિકે નેસાબના માલ ઉપર એક વર્ષ વિતી જાય તો તાત્કાલિક ઝકાત અદા કરવી જોઈએ. (આલમગીરી; પેજ-૧૮૨)

સવાલ : ૩૦૨ કોઈ મસ્જિદ કે મદ્રેસો એવો છે કે જેની મદદ માટે કોઈ આવકનું સાધન નથી તો કોઈ એવી સુરત છે કે ઝકાત મદ્રેસા કે મસ્જિદમાં આપી શકાય ?

જવાબ : ૩૦૨ હા, એના માટે હીલો કરીને આપી

શકાય છે. ઝકાત કોઈ અમીન (અમાનતદાર) મોહતાજ ફકીરને આપીને તેને માલિક બનાવી દેવું અને પછી જો એ ફકીર એ રકમ મસ્જિદ કે મદ્રેસામાં આપી દે તો જાઈઝ છે. (દુર્રે મુખતાર; પેજ-૪૩૭, શામી)

સવાલ : ૩૦૩ કોઈને થોડાક રૂપિયા ઉધાર આપી દીધા પછી નિય્યત ઝકાતની કરી તો ઝકાત અદા થઈ ગણાય કે નહિં ?

જવાબ : ૩૦૩ લેણું માફ કરી દેવાથી ઝકાત અદા થશે નહિં કારણ કે કર્ઝ આપતી વખતે નિય્યત ઝકાત આપવાની હતી નહિં. એક હીલો છે કે ઝકાતનો માલ લેણાવાળા મોહતાજને આપી તેને માલનો માલિક બનાવી પછી પોતાનું લેણું તેના પાસેથી લઈ લે. ન આપે તો બળજબરીથી ઝૂંટવીને લઈ શકે છે. (દુર્રે મુખતાર; પેજ-૪૩૫, શામી)

સવાલ : ૩૦૪ સોના-ચાંદીના દાગીના જેનો રોજ ઉપયોગ થાય છે તેના ઉપર ઝકાત છે કે નહિં ?

જવાબ : ૩૦૪ સોના-ચાંદીના દાગીના જેનો ઉપયોગ થતો હોય કે ન થતો હોય તો પણ જો દાગીનાની કિંમત નિસાબ જેટલી થતી હોય તો દર વર્ષે ઝકાત આપવી ફર્ઝ છે. (દુર્રે મુખતાર, પેજ-૪૪૯)

સવાલ : ૩૦૫ હિરા અને ઝવેરાત ઉપર ઝકાત છે કે નહિં ? જો હોય તો કયા હિસાબથી થશે ?

જવાબ : ૩૦૫ હીરા અને ઝવેરાત આવા પ્રકારની તમામ ચીજો ઉપરે ઝકાત નથી ભલેને લાખોની હોય પણ જો વેપારની

નિય્યતથી રાખેલ હશે તો કિંમતના હિસાબથી ઝકાત ફર્ઝ થશે. (આલમગીરી; પેજ-૧૮૩, દુર્રે મુખ્તાર; પેજ-૪૩૮, શામી; પેજ-૧૮)

સવાલ : ૩૦૬ ઝકાત લેવાનો હક્કદાર માણસ ન્યાઝના ફાળાની રકમ અથવા ન્યાઝનો માલ સામાન રાખે તો જાઈઝ કે કેમ ?

જવાબ : ૩૦૬ ઝકાત લેવાને લાયક માણસ જો અમીન (પ્રમાણિક) હોય તો અમાનત તરીકે ચંદા (ફાળા)નો માલસામાન રાખી શકે છે પણ એ અમાનત પોતાના માટે રાખી કે ઉપયોગમાં લેવું જાઈઝ નથી અને જો માણસોએ તેને મોહતાજ કે ગરીબ સમજીને તેના માટે આપી દીધેલ હોય તો પોતાના માટે રાખી શકે છે.

સવાલ : ૩૦૭ પોતાના કુટુંબી રિશ્તેદારો ગરીબ અને મોહતાજ છે પણ તેઓ બીજા ગામમાં રહે છે અને તેના પાડોશમાં રહેતા મુસલમાન પણ ગરીબ અને મોહતાજ છે એટલે કે ઝકાત લેવાના હક્કદાર છે. તો ઝકાત કે ફિત્રો કોને આપવું જોઈએ રિશ્તેદારોને કે તેના પાડોશીઓને ?

જવાબ : ૩૦૭ ઝકાત આપવાનો પહેલો હક્ક રિશ્તેદારોનો છે તે પછી પડોશીઓનો હક્ક છે માટે પહેલા ઝકાત ગરીબ રિશ્તેદારોને આપવી અને પછી ગરીબ પડોશીઓને આપવી જોઈએ. (કુતુબે ફિકહ)

●●●

સવાલ : ૩૦૮ આપણાં કચ્છના ઘણાં ગામડાઓમાં રમઝાનના આખરી જુમ્આના રોઝા કોઈ ઝાડના કે અન્ય નાગરવેલ વગેરેના પાંદડા ઉપર કુરઆન શરીફની આયતો લખીને રોઝાદારોને આપવામાં આવે છે અને કહે છે કે આખર જુમ્આનો રોઝો મઝકુર પાંદડા પલાળીને તેના પાણીથી ખોલવો જોઈએ. આ બાબતે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૩૦૮ આવા લખેલ પાંદડાથી રોઝો રાખવો કે તે પલાળેલા પાંદડાથી રોઝો ખોલવો એ એક ખોટી અને ઉપજાવી કાઢેલી રસમ છે. જેનો શરીઅતમાં કોઈપણ સબૂત જ નથી.

સવાલ : ૩૦૯ કહે છે કે નાની ઉંમરના નાબાલિગ બાળકો રોઝા રાખે તો તેનો સવાબ તેના મા-બાપને મળે છે અને જો રોઝો તોડી નાખે તો ગુનાહ નથી. આ વાત ખરી છે કે નહિં ?

જવાબ : ૩૦૯ નાબાલિગ બાળક જે નેકી કરશે તો તેના સવાબ જરૂર તેના મા-બાપને મળશે અને જો નેકી અધુરી મુકી દેશે તો મા-બાપને ગુનાહ નહિં થાય, પણ મા-બાપે નાના બાળકોને ગુનાહ કરતા અટકાવવું જોઈએ અને જો અટકાવશે નહિં તો નહીં અનીલ મુન્કરના તરકનો ગુનાહ થશે.

સવાલ : ૩૧૦ શું ઔરતને રોઝાની હાલતમાં દિવસના ભાગમાં હૈઝ (માસિક) આવી જાય તો રોઝો પૂરો કરવો પડશે કે કેમ ?

જવાબ : ૩૧૦ જો રોઝાની હાલતમાં દિવસના ભાગમાં હૈઝ (માસિક) આવી જાય તો રોઝો તુટી જાય છે માટે ઔરત

ઉપર રોઝો પુરો કરવાનો નથી પણ તે રોઝાની કઝા કરવાની રહેશે.

સવાલ : ૩૧૧ રોઝાદારને રોઝાની હાલતમાં ઈન્જેકશન લેવું કે એનીમા કરાવવું જાઈઝ છે કે નહિં ? જો રોઝાદારને સાપ કરડી લે તો રોઝો તોડી દે તો કઝા લાગુ પડશે કે કફ્ફારો ?

જવાબ : ૩૧૧ રોઝાદારને અનિવાર્ય સંજોગો સિવાય ઈન્જેકશન અને એનીમા લેવું જાઈઝ નથી. કેમકે તેનાથી રોઝો તુટી જશે પરંતુ એવી બિમારી હોય કે જેમાં એનીમા કે ઈન્જેકશન ન લે અને બિમારી ગંભીર બની જાય કે મોત નિશ્ચિત થઈ જશે તો એવા સંજોગોમાં ઈન્જેકશન લેવાની ઈજાઝત છે અને રોઝાની કઝા લાઝિમ થશે. જો રોઝાદારને સાપ કરડી લે અને રોઝો નહિં તોડવાથી ઝેર અસર કરી જશે તેમજ બહુ જ નુકસાન થશે એમ હોય તો રોઝો તોડી નાખે. આથી ઝેરનો ઈલાજ કરાવી શકે. તેની ફકત કઝા લાઝિમ થશે. કફ્ફારો લાઝિમ નહિં થાય રોઝો તોડયા સિવાય કોઈ ઈલાજ થઈ શકે તો રોઝો તોડે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૩૧૨ રમઝાનનો ચાંદ દેખાયો નથી અને દૂરથી ટેલીગ્રામથી કે ટેલીવિઝન અથવા રેડીયો કે ફોનથી ખબર મળી તો રોઝા લાઝીમ થશે કે નહિં ?

જવાબ : ૩૧૨ શરીઅતમાં જ્યારે ચાંદ ૨૯મી તારીખનો હોય અને આકાશ ઉપર વાદળાં છવાયેલ હોય તો બે વિશ્વાસપાત્ર પુરૂષો મુસલમાન અથવા એક પુરૂષ અને બે ઔરત મુસલમાન ગવાહ (સાક્ષી) હોવા જોઈએ. રમઝાનના રોઝા રાખવા માટે જો એક વિશ્વાસપાત્ર મુસલમાન ચાંદ જોયાની ગવાહી આપશે તો

માનવામાં આવશે. પણ રેડીયો, ફોન, ટેલીવિઝન વગેરે જોવા માટે વિશ્વાસપાત્ર નથી. એના આધારે રોઝા રાખવા કે છોડવા હુકમ આપવામાં કે માન્ય રાખવામાં આવશે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૩૧૩ રોઝાદાર માટે ખુશ્બૂ સુંઘવી, લગાડવી જાઈઝ છે કે કેમ અને અગરબત્તી સળગાવવી કેવું છે ?

જવાબ : ૩૧૩ રોઝાદાર માટે ખુશ્બૂ સુંઘવી અથવા લગાવવી જાઈઝ છે અને અગરબત્તીની ખુશ્બૂ પણ જો તેના સુધી આવતી રહે તો પણ તેની મનાઈ નથી. પણ લોબાન કે અગરબત્તીનો ધુમાડો મોં વાટે ગળામાં જવાની શકયતા હોય તો લોબાન અથવા અગરબત્તીના ધુમાડાથી રોઝો મકરૂહ થશે. (બહારે શરીઅત)

સવાલ : ૩૧૪ રોઝા રાખનાર માણસ જો અસર નમાઝ પછી ગુસલ કરે અથવા ગરમીને કારણે દિવસમાં ત્રણ થી ચાર વાર ગુસલ કરે તો શું તેના રોઝામાં કંઈ વાંધો આવશે અથવા મકરૂહ થશે ?

જવાબ : ૩૧૪ રોઝાદાર દિવસના કોઈપણ ભાગમાં ગુસલ કરી શકે છે. ગરમીમાં ઠંડક મેળવવા જો દિવસમાં ત્રણ-ચાર વાર ગુસલ (નહાવું) કરે તો તેનાથી રોઝો મકરૂહ નથી થતો. (બહારે શરીઅત)

સવાલ : ૩૧૫ રમઝાન માસમાં માણસો મોડે સુધી રાતે જાગે છે પછી સહરી (રોઝો રાખીને) કરીને ફજરની નમાઝ જમાઅત સાથે અદા કરે છે, પછી સુઈ જાય છે. કેટલાક કહે છે

ફજરની નમાઝ પઢીને સુવું હરામ છે. શું આ વાત સાચી છે ?

જવાબ : ૩૧૫ ફજરની નમાઝ બાદ કોઈ પણ મજબુરી સિવાય હંમેશા ઊંઘવાની ટેવ પાડવી મકરૂહે તન્ઝીહી છે. પણ રાતે કોઈ કામમાં મશગૂલ રહેનાર અથવા રમઝાનની રાતોમાં ઈબાદત કરવાવાળો અથવા વિદ્યાર્થી રાતે ઈલ્મ દીન શીખનાર અથવા કોઈ આલિમ જો ફજરની નમાઝ પછી સુઈ જાય તો જાઈઝ છે બલ્કે નેક નિય્યત હોવાને કારણે ઈબાદતમાં ગણાશે.

સવાલ : ૩૧૬ ઘણાં ઠેકાણે એવું જોવા મળે છે કે મસ્જિદના આંગણા કે સહેનમાં લોકો ઈફતાર કરે છે તો શું એની બાબતે મનાઈ છે કે નહિં ?

જવાબ : ૩૧૬ રમઝાનના રોઝા ઈબાદત છે અને તેનો ઈફતાર પણ ઈબાદત છે તેથી મસ્જિદના આંગણા કે સેહનમાં રોઝો છોડવાની મનાઈ નથી. બલ્કે છુટ છે. હા, પણ એ બાબતનો જરૂર ખ્યાલ રાખવો જોઈએ કે તેનું ભોંયતળિયું અને ફર્શ ખરાબ ન થાય.

સવાલ : ૩૧૭ રમઝાન મહિનામાં મસ્જિદમાં અગરબત્તી જલાવવા વિશે શું હુકમ છે ? કહેવાય છે કે અગરબત્તી સળગાવવાથી રોઝો મકરૂહ થાય છે શું વાત ખરી છે ?

જવાબ : ૩૧૭ રમઝાન મહિનામાં ખુશ્બૂ કરવાની કે સુંઘવાની રોઝામાં મનાઈ નથી તેથી અગરબત્તી, ખુશ્બૂ, ધૂપ વગેરે એટલો કરવો કે વધારે ધૂમાડો ન થાય તેની રજા છે. પરંતુ જો ન કરે તો બહેતર છે.

સવાલ : ૩૧૮ એક ઔરત રોઝાદાર અને સગર્ભા હોય એને દિવસના સમયે ચાર વાગ્યે બાળક જન્મ્યું તો શું ઔરત પોતાનો રોઝો પૂરે કરે ? અથવા ખાઈ પી લે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૩૧૮ જે ઔરતને દિવસના ત્રણ કે ચાર વાગે બાળક જન્મ્યું તો એ ઔરતનો રોઝો તુટી ગયો. જો તેની ઈચ્છા હોય તો ખાઈ પી શકે છે અને જો મગરિબ સુધી સબર કરે તો તેને સવાબ મળશે. દિવસના કોઈ પણ ભાગમાં રોઝાદાર સ્ત્રીને બાળક જન્મે તો રોઝો તુટી જાય છે પણ રોઝો ન તોડે તો સવાબ જરૂર મળશે. એ રોઝાની કઝા કરવી જરૂરી થશે. (બહારે શરીઅત).

સવાલ : ૩૧૯ શાબાનની ૨૯મી તારીખે ચાંદ જોવામાં આવ્યો નહિં અને ઘણાં માણસોએ ચાંદ જોયા વગર રમઝાનનો રોઝો રાખી લીધો. સવારના ૧૦ વાગ્યે આજુબાજુના શહેરમાંથી સમાચાર મળ્યા કે રાતે રમઝાનનો ચાંદ જોવામાં આવી ગયો છે તો જેમણે રોઝો રાખેલ નથી તેમને રોઝો કઝા કરવો પડશે કે કેમ ? અને જે લોકોએ ચાંદ જોયા વગર રાખેલ છે તેમને રોઝો રમઝાનનો ગણાશે કે નહિં ?

જવાબ : ૩૧૯ શાબાનની ૨૯મી તારીખે રોઝો ચાંદ જોયા વગર રાખવો શકનો રોઝો ગણાશે. રમઝાનનો રોઝો ચાંદ જોયા વગર ફર્ઝ કે નફલી રોઝો રાખવાની મનાઈ છે. પણ જે લોકોએ રમઝાનનો રોઝો રાખ્યો નથી કેમ કે ચાંદ જોવામાં આવેલ નથી અને પછી દિવસના બાજુના શહેરો અને ગામડાઓમાંથી ચાંદ

જોવાની શરઈ જો ગવાહીઓ મળી તો બેશક રોઝો કઝા કરવો પડશે અને જેણે ચાંદ જોયા વગર રમઝાનનો ફર્ઝ રોઝા તરીકે રાખી લીધો તેને કઝા કરવાનો નથી તેમનો રોઝો ગણાઈ જશે. પણ તેમણે શકનો રોઝો રાખેલ હોવાથી ગુન્હેગાર થશે. (દુર્રે મુખતાર, બહારે શરીઅત)

સવાલ : ૩૨૦ અહીં અમારા ગામમાં રમઝાનનો ચાંદ જોવામાં આવ્યો નહિં અને મોડી રાતે આકાશવાણી પરથી કમિટિના સદર (પ્રમુખ) બોલ્યા કે અહિં ઈદનો ચાંદ જોવામાં આવી ગયો છે તો મઝકુર રેડિયોના સમાચારથી અમે અહિં અમારા ગામમાં ઈદ કરી શકીએ કે નહિં અને અમારા ગામડાના અન્ય વિસ્તારમાં ઈદનો ચાંદ જોવામાં આવે નહિં તો તે બધા લોકો સમાચાર સાંભળીને ઈદ કરી શકે કે નહિં ?

જવાબ : ૩૨૦ જો ચાંદ કમિટીના અને તેના સદર સભ્યો પોતે આદિલ અને મુત્તકી મુસલમાન છે અને શરઈ મોઅતબર સબૂતથી, ગવાહીઓથી ચાંદનું સુબુત જાણે છે અને ચાંદ કમિટીના સદર (પ્રમુખ) આકાશવાણી ઉપરથી આજુબાજુના વિસ્તારના લોકોને હુકમ સાદિર કરે કે ચાંદ શરઈ સબૂતથી થયો છે માટે રોઝો રાખશો અથવા ઈદ કરશો તો તેવી સુરતમાં આકાશવાણી પરના એલાનથી રોઝો કે ઈદ કરી શકે છે. (મીરઆત શરહે મિશ્કાત)

સવાલ : ૩૨૧ સહી હદીસોમાં સાબિત છે કે, રમઝાન માસમાં શૈતાનોને ઝન્જીરો (સાંકળો)થી જકડી બાંધી દેવામાં આવે છે અને કેદ કરી દેવામાં આવે છે તો અમુક માણસો પછી રમઝાન

માસમાં ગુનાહ કેમ કરતા હોય છે ? ગુનાહ કરાવવું એ તો શૈતાનનું કામ છે.

જવાબ : ૩૨૧ બેશક સહી હદીસોથી સાબિત થાય છે કે સરકશ જીન અને શૈતાનોને ઝન્જીરોથી જકડી કેદ કરવામાં આવે છે. હવે તેમ છતાં રમઝાન માસમાં અમુક માણસો ગુનાહ કરતા જોવામાં આવે છે એનું કારણ એ છે કે રમઝાનમાં ગુનાહ કરનારા માણસો અગિયાર મહિનાની રાત દિવસ શૈતાનની સાથે જ રહીને તેનું વર્તન તેમને કબજે કરી ગયું. હવે જ્યારે શૈતાન કેદમાં પડી ગયો પણ શૈતાનની અગિયાર મહિનાની સોહબત, દોસ્તી, અનુકરણની તાસીર જે પાછળ રહી તે શૈતાનના ગુલામો, ખલીફાઓને ગુનાહ કરાવતી રહે છે કારણ કે શૈતાનનો ઝેર જે ચઢેલ હતું તે પાછળ અસર કરતું રહ્યું અને પરિણામે ગુનાહ થતા રહ્યા. (શરહે મિશ્કાત)

સવાલ : ૩૨૨ રોઝાદારને દાંતણ કરવું, સુરમો નાખવો, માથામાં તેલ નાખવું તેથી રોઝો મકરૂહ થાય કે નહિં ?

જવાબ : ૩૨૨ દાંતણ કરવું, સુરમો નાખવો, માથામાં તેલ નાખવું એ સુન્નત અને બહેતર છે જો સારી નિય્યતથી અને સુન્નતની નિયતથી હોય તો સવાબ પણ મળશે. (આલમગીરી)

સવાલ : ૩૨૩ કહે છે કે નફલી રોઝો રાખ્યો અને કોઈ મહેમાનની સાથે જમવું પડે તો તે માણસ રોઝો તોડી નાખે અને મહેમાનો સાથે જમી લે તો વાંધો નથી તો શું આ વાત સાચી છે કે કેમ ?

જવાબ : ૩૨૩ મહેમાનોની દિલ નવાઝી અને રઝામંદી માટે ઝવાલ પહેલાં નફલી રોઝાદાર રોઝો તોડી શકે છે પણ તેના ઉપર હવે રોઝો વાજિબ થઈ ગયો તે કઝા જરૂર કરવો પડશે. પણ જો મહેમાનો પોતે સમજદાર હોય અને તેમને જાણ હોય કે તેના મિજબાન રોઝાદાર છે અને કહેતા હોય કે તમે તમારો રોઝો તોડશો નહિં. અમને ખાવા વિશે વાંધો નથી અમે તકલ્લુફ વગર ખાઈ પી લઈશું તો નફલી રોજો પણ તોડવો જોઈએ નહિં. (દુર્રે મુખતાર)

સવાલ : ૩૨૪ અગર કોઈ રોઝાદાર ભૂલથી ખાઈ પી રહ્યો છે તો તેને યાદ આપવું કે નહિં ?

જવાબ : ૩૨૪ જો રોઝાદાર બહુ જ લાગર અને કમઝોર છે અને હજી ઘણો દિવસ બાકી છે તો તેને યાદ કરાવવું જોઈએ નહિં. પણ જો તેમ ન હોય તો રોઝાદારને તેનો રોઝો યાદ કરાવવો જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૩૨૫ રોઝાની હાલતમાં પોતાની પત્નીને ચુંબન (ચુમી) આપવાથી રોઝો તુટી જશે કેમ ?

જવાબ : ૩૨૫ રોઝાદારને પોતાની પત્નીને ચુંબન આપવાથી જો કામવાસના થાય અને વિર્ય નીકળી જવાનો ભય હોય તો મકરૂહ છે જો એમ ન હોય તો વાંધો નથી. (આલમગીરી; પેજ-૨૧૨, દુર્રે મુખતાર; ,પેજ-૫૨૪)

સવાલ : ૩૨૬ રમઝાન મહિનામાં ઘણી જગ્યાએ એવું જોવામાં આવે છે કે સુબ્હો (સવાર)ની અઝાન સાંભળી લીધા

પછી પણ પાણી પીએ છે કે બીડી પીએ છે તો એથી રોઝો થશે કે કેમ ?

જવાબ : ૩૨૬ રોઝો બંધ કરવાનું અઝાન ઉપર નહિં બલ્કે સુબ્હો સાદિક થવા ઉપર મૌકુફ છે. કારણ કે સુબ્હો સાદિક થવા પહેલાં ઘણાં ઠેકાણે અઝાન દેવાય છે અમૂક જગ્યાએ બિલ્કુલ સુબ્હો સાદિક વખતે અને અમૂક જગ્યાએ સુબ્હો સાદિક પછી રોઝો બંધ કરવાનો સમય હોય છે. રોઝો બંધ કરવા માટે સુબ્હો સાદિક મુખ્ય શરત છે. જો સુબ્હો સાદિક થતાં જ અઝાન આપવામાં આવી અને એ અઝાન પછી ખાવા પીવાથી રોઝો થશે નહિં અને સુબ્હો સાદિક પહેલાં આપવામાં આવી તો ખાવા પીવાથી રોઝો થઈ જશે.

મતલબ કે સુબ્હો સાદિક થયા પછી ખાવું પીવું ન જોઈએ. (આલમગીરી; પેજ-૨૧૦)

સવાલ : ૩૨૭ રોઝો ખોલવાની ખબર, જાણ આપવા માટે સીટી વગાડવામાં અથવા તોપ ફોડવા માટે શરીઅતમાં શું હુકમ છે ?

જવાબ : ૩૨૭ રોઝો ખોલવાની ખબર અને જાણ આપવા માટે વક્તનો જાણકાર, શરીઅતના પાબંદ, હકીમ (ઇલ્મેદીનનો જાણકાર) અથવા કાઝી અથવા આલિમ એવા મુસલમાને સીટી અથવા તોપનો બંદોબસ્ત કર્યો હોય તો જાઇઝ છે. ભલેને તોપ ચલાવવાવાળો કોઈ ફાસિક હોય. (આલમગીરી; પેજ-૨૦, બહારે શરીઅત)

સવાલ : ૩૨૮ કોઈ સ્ત્રીને શહવત (કામવાસના)થી જોવાથી ઈન્ઝાલ (વીર્ય નીકળી જવું) થાય તો રોઝો થશે કે કેમ ?

જવાબ : ૩૨૮ શહવત (કામવાસના)ની નઝરથી કોઈ સ્ત્રીને જોવાથી ઈન્ઝાલ (વીર્ય સ્ખલન) થઈ જાય તો રોઝો તુટશે નહિં પણ ચુંબન કરવાથી અથવા શહવત સાથે પકડવાથી જો વીર્ય નીકળી જાય તો રોઝો તુટી જશે અને એ રોઝાની કઝા લાઝિમ થશે. (આલમગીરી; પેજ-૨૧૭, દુર્રે મુખ્તાર; પેજ-૫૦૯)

સવાલ : ૩૨૯ જો પતિ તેની પત્નીને રમઝાનના રોઝા રાખવાની રઝા આપે નહિં તો તે ઔરત માટે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૩૨૯ રમઝાનના રોઝા ફર્ઝ છે તો ફર્ઝ રોઝા માટે પતિને લાઝિમ છે કે આવો હુકમ આપે નહિં અને પત્ની આવો હુકમ માને નહિં પણ નફલી રોઝા માટે પતિનું કહ્યું માને. (આલમગીરી; પેજ-૨૧૪, દુર્રે મુખ્તાર; પેજ-૫૩૧)

સવાલ : ૩૩૦ એતકાફ માટે રોઝો રાખવું શર્ત (જરૂરી) છે કે કેમ ?

જવાબ : ૩૩૦ એતકાફ વાજિબ અને એતકાફ સુન્નત માટે રોઝો શર્ત છે અને મુસ્તહબ એતકાફ માટે જરૂરી નથી. (આલમગીરી; પેજ-૨૨૪, દુર્રે મુખ્તાર; પેજ-૫૩૯)

સવાલ : ૩૩૧ ફિત્રો કોના ઉપર વાજિબ છે.

જવાબ : ૩૩૧ આઝાદ મુસલમાન (એટલે કે કોઈનો ગુલામ ન હોય) જે માલિકે નિસાબ અને તે નિસાબ હાજતે

અસલીયા સિવાયનો હોય તેના ઉપર સદકા-એ-ફિત્ર વાજિબ છે. (આલમગીરી; પેજ-૨૦૩)

સવાલ : 332 ફિત્રો લેવાના હક્કદાર કોણ છે ?

જવાબ : 332 ફિત્ર લેવાના હક્કદાર તેઓ જ છે જેઓ ઝકાત લેવાના હક્કદાર છે જેમાં કોઈ ફર્ક નથી. (આલમગીરી; પેજ-૨૦૬)

સવાલ : 333 ૨૯ (ઓગણત્રીસ)મી તારીખનાં આકાશમાં વાદળા હતા તેથી ચાંદ જોવામાં આવ્યો નહિં અને બીજા દિવસે ચાંદ ઊંચો અને મોટો જોવામાં આવ્યો તો કાલનો ચાંદનો સબુત થશે કે નહિં ?

જવાબ : 333 મઝકુર હાલતમાં આગલા દિવસે ચાંદ દેખાયાની જ્યારે શરઈ ગવાહી મળી નથી અને બીજા દિવસે ચાંદ ઊંચો અને મોટો જોવામાં આવે તો પણ કાલનો ચાંદ સુબુત થશે નહિં. આજ સાંજથી પહેલી તારીખ મનાવવામાં આવશે. (દુર્રે મુખ્તાર; પેજ-૫૦૭)

સવાલ : 334 ચાંદ જોવામાં સબુત તરીકે દાઢી મુંડો કે બેનમાઝી ગવાહી આપે તો તેની ગવાહી કબૂલ ગણાશે કે નહિં ?

જવાબ : 334 બેનમાઝી અને દાઢી મુંડો એ ખુલ્લે ખુલ્લો ફાસિક છે તેની ગવાહી ચાંદ જોવાના સબુતમાં મોઅતબર (માન્ય) ગણાશે નહિં. (જો ગવાહ તરીકે બે ગવાહોની જરૂરત હોય.) (દુર્રે મુખ્તાર; પેજ-૪૯૩)

સવાલ : 335 સુબ્હો સાદિકના વખતે જુનબી (નાપાકીની

હાલતવાળો) ગુસલ કર્યા પહેલાં રોઝાની નિય્યત કરે અને રોઝો રાખી શકે કે કેમ ?

જવાબ : 334 રોઝા તેમજ રોઝાની નિય્યત માટે પાકાઈ શર્ત નથી ને રોઝાની નિય્યત અને રોઝો રાખી શકે છે. પરંતુ જનાબતનો ગુસલ ફજર નમાઝ માટે કરી લે. (આલમગીરી; પેજ-૨૧૩, દુર્રે મુખ્તાર; પેજ-૫૧૨)

સવાલ : 335 રોઝાની હાલતમાં મજૂરીનું એવું સખત કામ કરવું કે જેનાથી રોઝો રાખવો મુશ્કિલ થઈ જાય એવું કામ જાઈઝ છે કે કેમ ?

જવાબ : 335 રોઝાની હાલતમાં એવું સખત કામ કરવું અને રોઝો તોડી દેવાનો વિચાર થાય તો એવું સખ્ત કામ કરવાની એની મનાઈ છે અને તેનાથી રોઝો મકરૂહ થાય છે. (આલમગીરી; પેજ-૨૧૨, દુર્રે મુખ્તાર; પેજ-૫૧૨)

સવાલ : 336 અગર કોઈ માણસ ઉપરા ઉપરી રોઝા ઉપર રોઝો એવો રોઝો રાખે (એટલે કે ઈફતારના સમયે ઈફતાર પણ ન કરે) તેમાં શરીઅતની રૂએ વાંધો ખરો ?

જવાબ : 336 હમેશાં લગાતાર રોઝા રાખવા અને વચમાં ઈફતાર ન કરવો એ મકરૂહ છે. (આલમગીરી; પેજ-૨૧૩, દુર્રે મુખ્તાર; પેજ-૪૯૭)

સવાલ : 337 વર્ષમાં એવા કેટલા અને કયા દિવસો છે જેમાં રોઝા રાખવાની મનાઈ છે ?

જવાબ : 337 વર્ષમાં એવા ૫ (પાંચ) દિવસ છે (૧)

ઈદુલ ફિત્ર (રમઝાનની ઈદ) અય્યામે તશ્રીક એટલે કે ઝિલ્હજ (હજના) મહિનાની (૨) દસમી (૩) અગિયારમી (૪) બારમી (૫) તેરમી એમ કુલ પાંચ દિવસોમાં રોઝા રાખવા મમનુઅ (મનાઈ) અને મકરૂહે તેહરીમી છે. (આલમગીરી; પેજ-૨૧૩, દુર્રે મુખ્તાર; પેજ-૪૯૫)

સવાલ : ૩૩૯ જો કોઈએ નફલી રોઝો રાખ્યો અને તોડી નાખ્યો તો તેના માટે શું હુકમ છે ?

જવાબ : ૩૩૯ નફલી રોઝો રાખીને તોડી નાખવાથી તેની કઝા લાઝિમ અને વાજિબ છે. અય્યામે મમનુઅમાં (રોઝો રાખવાની મનાઈ છે એવા) રોઝા રાખવા જોઈએ નહિં. મનાઈવાળા દિવસોમાં રોઝો રાખ્યો હોય તો તે તોડવો વાજિબ છે તેની કઝા પણ નથી. (આલમગીરી; પેજ-૨૧૩)

સવાલ : ૩૪૦ મોઅતકીફ (એઅતેકાફ કરવાવાળો) જામેઅ મસ્જિદ સિવાયની મસ્જિદમાં એતકાફ કરે તો જુમ્આની નમાઝ માટે નીકળી શકે કે નહિં ?

જવાબ : ૩૪૦ જુમ્આની નમાઝ જો એ મસ્જિદમાં થતી નથી તો નમાઝ પઢવા માટે જઈ શકે છે અને નમાઝ પઢી લીધા બાદ કયાં પણ રોકાયા વગર જલ્દી એતકાફમાં આવી જાય. (આલમગીરી; પેજ-૨૨૫, દુર્રે મુખ્તાર; પેજ-૫૪૨)

●●●

સવાલ : ૩૪૧ હાજી લોકો જ્યારે હજ્જે બયતુલ્લાહથી પાછા આવે અથવા જતા હોય ત્યારે તેમને ફૂલહાર પહેરાવવા તેના ઉપરથી પૈસા ઘોરી ઘોરીને ગરીબ મુફલીસોને આપવા વાજા ગાજા સાથે તેમનું જુલુસ કાઢવું આ બધું જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૩૪૧ હાજીઓનો ઈસ્તેકબાલ કરવો, ફૂલહાર પહેરાવવા પૈસા ઘોરી ઘોરીને ગરીબોને આપવા આ બધું જાઈઝ છે પણ વાજા ગાજા વગાડીને જુલુસ સાથે ઈસ્તેકબાલ કરવો જાઈઝ નથી.

સવાલ : ૩૪૨ ઔરતોને ના મહરમ મર્દો સામે ખુલ્લા ચહેરે રહેવું તથા મર્દ અને ઔરતોનું હળવું મળવું એ મઝહબે ઈસ્લામમાં મનાઈ છે, તો હજ્જે બયતુલ્લાહમાં મર્દ અને ઔરતો તો તવાફ બધા ભેગા મળીને કેમ કરે છે ?

જવાબ : ૩૪૨ હજ્જે બયતુલ્લાહમાં મઝહબના રીતે મર્દ અને ઔરતો તવાફ અલગ અલગ કરે તેવો મઝહબે ઈસ્લામમાં બંદોબસ્ત છે ઔરતો બે-પરદા રહે તેવું કયાંય નથી. ઔરતો પોતાના ચહેરા ઉપર પરદો નાખી અને અરકાન અદા કરે તેવો હુકમ છે માટે હજ્જમાં બેપરદગી થાય છે તે માણસોનો જાતી (પોતાનો) ફેલ છે. મઝહબની તેવી છુટછાટ અપાયેલી નથી.

સવાલ : ૩૪૩ મશહૂર હદીસોથી સાબિત છે કે હાજી હજ્જ કરી આવે ત્યારે એવો પાક થઈ જાય છે કે જેવો આજે માંના પેટમાંથી પૈદા થયો હોય. તો શું તેણે જે અગાઉ નમાઝ નથી પઢી,

તેમજ ફરઝ રોઝા નથી રાખ્યા આ બધા માફ થઈ જાય છે કે નહિં ?

જવાબ : ૩૪૩ હજ્જ કરવાથી તેણે કરેલ ગુનાહ તો જરૂર માફ થઈ જાય છે પણ તેણે તે અગાઉ નમાઝો નથી પઢી, રોઝા નથી રાખ્યા કે ઝકાત નથી આપી કે કોઈને લેણું નથી ચુકવ્યું તો તે માફ થવાનું નથી, તે તો તેણે જરૂર અદા કરવાના રહેશે.

સવાલ : ૩૪૪ એક મુસલમાન માલદાર છે અને ઝકાત અદા નથી કરતો પણ હજ્જ અદા કરવા જાય છે તો શું હજ્જ કબૂલ થશે કે નહિં ?

જવાબ : ૩૪૪ માલદાર મુસલમાનને દર વર્ષે એક વખત પોતાના માલની ઝકાત અદા કરવી ફર્ઝ છે તેને નહિં સ્વીકારનાર કાફીર છે. ઝકાત આપવામાં ગફલત કરનાર કે આળસ કરનાર ગુનેહગાર છે અને જ્યારે પણ જાણે કે મેં ફર્ઝ અદા કરવામાં ભૂલ કરી છે તો તાત્કાલિક અદા કરી દે પણ કોઈએ ઝકાત અદા કરી નહિં અને હજ્જ કરવા ચાલ્યો ગયો તો શરીઅતના એતબારથી તેના ઉપર હજ્જ જે ફર્ઝ હતો તે અદા થઈ જશે પણ કબૂલ થવું ખુદાના રહેમો કરમ પર છે.

ઝકાત અદા નહિં કરે અને હજ્જ કરવા ચાલ્યા ગયાં તો હજ્જ નહિં થાય એ ખ્યાલ ખોટો છે. પરંતુ ઝકાત અદા કરવી જરૂરી છે. (બહારે શરીઅત)

સવાલ : ૩૪૫ એક માણસ હજ્જ પઢવા ગયો પણ ત્યાં એવા ટાઈમે પહોંચ્યો કે હજ્જ થઈ ગયો હતો યાને ૧૨મી તારીખ

ઝિલ્હજની હતી અને તે અરફાતમાં પહોંચ્યો તો હવે મઝકુર માણસનો હજ્જ કેવી રીતે અદા થશે ?

જવાબ : ૩૪૫ જે હાજી ઝિલ્હજની નવમી તારીખે યવમુલ અરફાના દિવસે અથવા છેવટે આવતી દસમીની રાત સુબ્હો સાદિક પહેલાં સુધી કોઈ પણ સમયે એક પલવાર મૈદાને અરફાતમાં પહોંચી ગયો તો હજ્જ અદા થઈ ગયો પણ જો દસમી રાત નીકળી ગઈ અને સુબ્હો સાદીક થઈ ગઈ તે પછી કોઈ હાજી મૈદાને અરફાતમાં પહોંચશે તો તેનો હજ્જ નહિં થાય. હવે તેને આવતા વરસે હજ્જ અદા કરવો પડશે. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૩૪૬ કહે છે કે જેના માવિત્રો (માં-બાપ) જીવતા હોય અને પોતાના માવિત્રોની રજા સિવાય જો પોતે હજ્જે બયતુલ્લાહ માટે જશે તો તેનો હજ્જ કબૂલ થશે નહિં આ વાત સાચી છે કે કેમ ?

જવાબ : ૩૪૬ હજ્જ ફર્ઝ તો અદા થઈ જશે પણ માવિત્રોની (માં-બાપની) રજા (ઈજાઝત) લેવી મુસ્તહબ છે અને અદબ છે પણ જો મા-બાપ અપાહજ અને મોહતાજ હોય અને તેમનો તે જ દિકરા સિવાય બીજો કોઈ ખિદમત કરનાર નથી, જો તેવી હાલત હોય તો માવિત્રોની રજા લેવી જરૂરી ગણાશે. કારણ કે વગર રજાએ જવાથી તેના મોહતાજ મા-બાપ મઝકુર દિકરાની ગેરહાજરીથી પરેશાન, હાલાકીમાં પડી જશે. (રદ્દુલ મોહતાર)

સવાલ : ૩૪૭ એક મુસલમાન હજ્જે બયતુલ્લાહ કરી આવે તો તેના નામની આગળ હાજી કહેવામાં અથવા લખવામાં આવે છે તો પછી સહાબા-એ-કિરામ અને ઔલિયા-એ-કિરામ

પણ ઘણાં હજ્જે બયતુલ્લાહ કરી આવેલ હતા તો તેઓના નામ આગળ હાજી કેમ બોલાતું કે લખાતું નથી ?

જવાબ : ૩૪૭ સહાબા-એ-કિરામને સહાબીયતનો એઅજાઝ અને અઝમત ખુદા તઆલાએ સોહબતે મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી એટલી મોટી બક્ષી છે કે બીજી સીફતો બધી તેની અંદર છુપાઈ જાય છે માટે તે સમયે તેવો કોઇ મહત્વનો લકબ નહોતો ગણાતો તે પછી જમાનો જેમ જેમ પસાર થતો ગયો, દૂર દૂરથી હઝારોના ખર્ચે, ઘણી જ મુસીબતો, કુરબાનીઓ આપી, તકલીફો વેઠી હજ્જે બયતુલ્લાહ જનારાને હાજી યા અલ્હાજના લકબથી સંબોધવામાં આવ્યો જેથી તે હાજી સાહેબને પોતાનું માન યાદ રહે અને મુસલમાનોને હજ્જે બયતુલ્લાહ જવાની રગબત પેદા થાય જેના કારણે હાજી કહેવું, લખવું તે જાઈઝ છે. પણ હાજી સાહેબ પોતાને હાજી કહેવડાવવું કે દિલમાં એ ગુમાન રાખવું કે લોકો મને હાજી સાહેબ કહેતા રહે તે રીયાકારી (દેખાવ-દંભ) છે જે યોગ્ય નથી. (વલ્લાહો અઅ્લમ)

સવાલ : ૩૪૮ જો મા-બાપ જીવતા છે અથવા જવાન દીકરી છે જેની નિકાહ શાદી થઈ નથી તો હજ્જના સફર માટે જઈ શકે કે નહિં ?

જવાબ : ૩૪૮ મા-બાપ પાસેથી રજા લેવી મુસ્તહબ છે તેઓની રજા વગર જવું મકરૂહ છે અને જો તેઓ ખિદમતના મોહતાજ હોય તો તેઓની ખિદમતનો બંદોબસ્ત કરીને જાય. એવી જ રીતે દિકરી જવાન છે. જો બની શકે તો તેનો નિકાહ, વિવાહ કરી દે અને જો તેમ ન બની શકે તો જવાન દીકરીને તેના

નેક સાલેહીન મોહર્રિમ (જેનાથી હંમેશાં નિકાહ હરામ છે.)ની હિફાઝતમાં સુપ્રત કરી દે અને તેનો ખાવા પીવાનો ખર્ચ પણ આપી દે અને પછી જાય પણ મા-બાપ અને જવાન દિકરીના હોવાથી તે માણસને હજ્જની ફરઝીયતમાં રૂકાવટ કરી શકતા નથી કારણ કે હજ્જની ફરઝીયત એવી છે કે તેમાં ઢીલ કરવી ગુનાહ છે માટે આવા કારણો હજ્જની ફરઝીયત અદા કરવામાં રોકી શકતા નથી. (આલમગીરી, દુર્રે મુખ્તાર, શામી)

સવાલ : ૩૪૯ જે બાળક પોતાના મા-બાપ સાથે હજ્જે બયતુલ્લાહ ગયો પછી તે બાળક જવાન થયો તો તેના ઉપર હજ્જ ફર્ઝ રહેશે કે નહિ ?

જવાબ : ૩૪૯ હા, એના ઉપર હજ્જ ફર્ઝ રહેશે કારણ કે હજ્જની શરતોમાં (પુખ્ત) હોવું શરત છે તો જે નાબાલિગીમાં હજ્જ થયો તે તેના ઉપર ફર્ઝ હતો નહિં માટે બાલિગ થવા પછી જો હજ્જના વાજિબ લાગુ પડે તો તેને હજ્જ કરવો ફર્ઝ થશે. (આલમગીરી, પેજ-૨૩૦)

સવાલ : ૩૫૦ હિન્દુસ્તાનથી હજ્જે બયતુલ્લાહ જવાવાળા હાજીઓ એહરામ કયાંથી બાંધે ?

જવાબ : ૩૫૦ હિન્દુસ્તાનવાળાનું મીકાત યલમલમ છે જ્યારે જહાજ (સ્ટીમ્બર) તેના મુકાબિલ (સામે) આવે ત્યારે સૌએ એહરામથી હોઈ જવું જોઈએ એવું ન બને કે તમો એહરામથી ન હો અને જહાજ (સ્ટીમ્બર) મીકાતની હદથી આગળ વધી જાય. (આલમગીરી; પેજ-૨૩૫)

સવાલ : ૩૫૧ શૈખ ફાની (ઘણી જ મોટી ઉંમરનો માણસ) ઉપર હજ્જ ફર્ઝ છે કે નહિં ?

જવાબ : ૩૫૧ શૈખ ફાની એવો કે જે સફર કરવાની તાકાત નથી રાખતો તેના ઉપર હજ્જ ફર્ઝ નથી. (આલમગીરી; પેજ-૨૩૨, દુર્રે મુખ્તાર; પેજ-૫૪૯, શામી જીલ્દ-૩, પેજ-૧૯૪)

સવાલ : ૩૫૨ એક માણસ ઉપર હજ્જ ફર્ઝ હતું પણ તેણે અદા કરવામાં ઢીલ કરી ત્યાં સુધી કે તે શૈખ ફાની (મોટી ઉંમરનો) થઈ ગયો હવે શું કરે ?

જવાબ : ૩૫૨ એ માણસ ઉપર વાજિબ છે કે પોતાના માલથી (ખર્ચથી) કોઈને હજ્જે બદલ માટે મોકલે અને ઢીલ કરવા બદલ પોતે ખૂબ તોબા કરે. (આલમગીરી; પેજ-૨૩૨)

સવાલ : ૩૫૩ કોઈ માણસ કામ કરવા માટે અરબ દેશમાં જાય અને હજ્જના દિવસોમાં હજ્જ પઢવા માટે કાબતુલ્લાહ શરીફ જાય તો હજ્જ અદા થાય કે નહિં ?

જવાબ : ૩૫૩ જે મુસલમાન હજ્જના ઈરાદાથી હજ્જના મહિનામાં જ્યાંથી પણ હજ્જ માટે જશે અને હજ્જના મનાસીક (હજના અરકાન) તેના બધા શરાઈતથી અદા કરશે તો તેનો હજ્જ અદા થઈ જશે. (આલમગીરી)

●●●

સવાલ : ૩૫૪ કુરબાની કયા માણસો ઉપર વાજિબ છે ?

જવાબ : ૩૫૪ મુસલમાન આઝાદ (એટલે કે તે કોઈની ગુલામીમાં બંધાયેલ ન હોય), બાલિગ (પુખ્તવયનો), મુકીમ, (હાલતે સફરમાં ન હોય તેવો) માલીકે નિસાબ સદકએ ફિત્રના શરાએતોમાં હોય તેના ઉપર કુરબાની વાજિબ છે. પણ સદક-એ-ફિત્રની જેમ પોતાના નાના બાળકો તરફથી હર એકની વાજિબ નથી. (દુર્રે મુખતાર; જી-૪, પેજ-૧૮૨, આલમગીરી; શામી)

સવાલ : ૩૫૫ કુરબાનીના વુજુબનો (વાજિબ થવાનો) ટાઈમ (સમય) શું છે ?

જવાબ : ૩૫૫ કુરબાનીના વુજુબ માટે (વાજિબ થવા માટે) ઝિલ્હજની દસવીંના તુલુએ સુબ્હો સાદિકથી શરૂ થાય છે અને બારમીં ઝિલ્હજના સૂરજ આથમ્યા સુધી ત્રણ દિવસ અને બે રાતો એ પુરો વખત કુરબાનીના વુજુબનો છે. જો કોઈ માણસમાં ઉપર જણાવેલ વખતના ભાગમાં શરાઈતે વુજુબે કુરબાની જોવામાં આવે તો તેના ઉપર કુરબાની વાજિબ છે. જેવું કે કોઈ મુસાફર ૧૨મી તારીખના અસરના સમયે મુકીમ (રોકાણ) થાય અથવા નાબાલિગ બાલીગ થાય એવી રીતે કોઈ ઝિલ્હજની સુબ્હો સાદીકના વખતે મુકીમ હતો અને પછી મુસાફરીમાં જાય તો પણ તેમના ઉપર કુરબાની વાજિબ થશે. (દુર્રે મુખતાર; જી-૪ પેજ-૧૮૩, આલમગીરી, શામી)

સવાલ : ૩૫૬ કુરબાનીના જાનવરનો ઝબહથી પહેલાં ઉપયોગ કરવો અથવા તેનાથી ફાયદો લેવો કેમ છે ?

જવાબ : ૩૫૬ કુરબાનીના જાનવરનો કુરબાનીથી પહેલાં નફો લેવો જાઈઝ નથી જેવું કે ઝબહથી પહેલાં ઊન ઉતારી લેવી, અથવા સવારી કરવી, હળ જોડવો, દૂધ પીવું વગેરે જાઈઝ નથી. દૂધ કાઢીને સદકો કરી દે પોતે તેનો નફો ઉઠાવે નહીં. કેમકે તેની એને મનાઈ છે. (દુર્રે મુખ્તાર; જી-૪, પેજ-૧૮૪)

સવાલ : ૩૫૭ જો કોઈ કુરબાનીના જાનવરની કિંમત અથવા અનાજ કે કપડા આપી દે તો અદા થઈ જશે કે નહિં ?

જવાબ : ૩૫૭ એયામે નહર (કુરબાની દિવસો)માં વાજિબ કુરબાનીમાં હલાલ જાનવરોની કુરબાની સિવાય બીજી કોઈ ચીજથી કુરબાની અદા થશે નહિં ભલેને કેટલા ગણો વધુ માલ કુરબાનીના બદલામાં આપી દે કારણ કે ખુદાની નજીક એ દિવસોમાં પસંદીદા કામ કુરબાનીના ખૂન ઢોળવું છે એટલે બીજી કોઈ ચીજથી કુરબાની અદા થશે નહિં. (આલમગીરી)

સવાલ : ૩૫૮ જો કોઈ, કોઈ કારણસર દશમી ઝિલ્હજના દિવસે ઈદની નમાઝ પઢવામાં ન આવી તો હવે કુરબાની ક્યારે થશે ?

જવાબ : ૩૫૮ મઝકુર સુરતમાં ઈદની નમાઝનો સમય પુરો થયા પછી એટલે કે ઝવાલ પછી કુરબાની કરવામાં આવશે ભલેને ઈદ બીજા દિવસે પઢે. (દુર્રે મુખ્તાર; જી-૪, પેજ-૧૮૪)

સવાલ : ૩૫૯ જો કોઈએ અય્યામે નહર (કુરબાનીના દિવસો)માં કુરબાનીવાજિબ હોવા છતાં કરી નહિં તો હવે શું કરે ?

જવાબ : ૩૫૯ એ માણસે જો જાનવર વેચાતો લઈ રાખ્યો

છે તો આખા જાનવરને ઝબહ કર્યા વગર સદકો કરી દે કારણ કે ઝબહની શર્ત હવે રહી નહિં અને જો ઝબહ કરી ચૂકયો હોય તો બધું ગોશ્ત સદકો કરી દે અને એમ ન હોય તો પુરા જાનવરની કિંમતનો સદકો કરી દે અને જાનવર ખરીદયું હતું પણ વેચી નાખ્યું તો તેના જે પૈસા આવ્યા તે પુરા સદકો કરી દે ત્યારે વાજિબ અદા થશે. (આલમગીરી)

સવાલ : ૩૬૦ શહેરોમાં જ્યાં ઈદની નમાઝ થાય છે અને નાના ગામડાઓમાં જ્યાં ઈદની નમાઝ થતી નથી તો એ બંનેમાં કુરબાની કયારે થાય ?

જવાબ : ૩૬૦ શહેરોમાં કુરબાની ઈદની નમાઝ પછી થઈ શકે છે જ્યાં ઈદની નમાઝ થાય છે ત્યાં નમાઝ પહેલાં જો કોઈએ કુરબાની કરી તો એને ફરીથી કરવી પડશે. પહેલેથી કરેલ કુરબાની અદા થશે નહિં અને વધુ સારૂં એ છે કે શહેરોમાં ઈદની નમાઝ અને ખુત્બો પુરો થઈ જાય પછી કુરબાની કરવામાં આવે પણ એ શર્ત નમાઝ પુરી થઈ જવાની છે. એટલે શહેરોમાં ઘણી જગ્યાએ ઈદ નમાઝ થતી હોય તો પહેલાં જે જગ્યાએ ઈદની નમાઝ પહેલાં જે જગ્યાએ થઈ ગઈ તો બસ હવે કુરબાની થઈ શકે છે. ભલેને બીજી મસ્જિદો કે ઈદગાહમાં પછી પઢવામાં આવે.

નાના ગામડાઓ જ્યાં ઈદની નમાઝ થતી નથી ત્યાં કુરબાની દસમી ઝિલ્હજજની તુલુએ ફજરથી થઈ શકે છે પણ તુલુએ આફતાબ (સૂરજ ઊગ્યા) પછી કરવામાં આવે તો વધુ સારૂ છે. (આલમગીરી)

સવાલ : ૩૬૧ દીકરો અને દીકરી તેનો અકીકો કરવામાં શું ફરક છે ?

જવાબ : ૩૬૧ દીકરા તરફથી બે બકરા અથવા બે ઘેટાં અને દીકરી તરફથી એક. જો દીકરાના અકીકા માટે બે ન થઈ શકે તો એક પણ જાઈઝ છે અને વધુ સારૂં એ છે કે દીકરાના તરફથી નર હોય અને દીકરીના તરફથી માદા હોય. છતાં એમ ન હોય તો પણ વાંધો નથી. એટલે નર અથવા માદા બંને ચાલશે. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૩૬૨ અકીકો કયા જાનવરોનો થઈ શકે અને તે જાનવરની ઉંમર કેટલી હોવી જોઈએ ?

જવાબ : ૩૬૨ અકીકાના જાનવર અને તેની ઉંમર ઉઝહી (કુરબાની)ના જાનવરો માટે હુકમ છે તે જ પ્રમાણે હુકમ લાગુ પડશે. ઉંટ નર માદા પાંચ વરસનો, બળદ-ભેંસ-પાડા, બે વરસની ઉંમરના જેમાં સાત નંગની ગણત્રી બકરા-ઘેટાની થશે. ઘેટો-બકરો નર માદા એક વરસનો હોવો જોઈએ. (બહારે શરીઅત)

સવાલ : ૩૬૩ કહેવામાં આવે છે કે અકીકાનાં જાનવરની એક ટાંગ બાળકના જન્મ વખતે ઈલાજ કરનાર દાઈને આપવી જરૂરી છે તથા અકીકાનો ગોશ્ત મા-બાપ, દાદા-દાદી, નાના-નાનીને ખાવાની મનાઈ તે વિશે શરીઅતમાં શું ખુલાસો છે ?

જવાબ : ૩૬૩ આ ગલત સમજણ ફેલાયેલી છે. અસલમાં

શરીઅતમાં દાઈ તેને કહે છે જેણે તે બાળકને બચપનમાં ધાવણ આપેલ હોય જે દુધ માતા થઈ અને તે હાજર હોય તો અકીકાના ગોશતમાંથી તેને પણ આપવું બહેતર છે તે સિવાય અકીકાનો ગોશત મા-બાપ, દાદા-દાદી, નાના-નાની બધા ખાઈ શકે છે. (ફુતુબે ફીકહ)

સવાલ : ૩૬૪ અકીકા કરવાનો સુન્નત તરીકો શું છે ?

જવાબ : ૩૬૪ બાળક જન્મના સાતમાં દિવસે અથવા ચૌદમા અથવા એકવીસમા દિવસે જાનવર ઝબાહ કરી ગોશતનાં ત્રણ હીસ્સા કરી તકસીમ કરવા. એક ભાગ પોતાનો, એક ભાગ રિશ્તેદારોનો, એક ભાગ મીસ્કીનોનો. જાનવરની ખાલ ખૈરાત કરવી. બાળકના સરના બાલ ઉતારવા, જો કોઈ તકલીફ ન હોય અને તે બાલોના વજનના અંદાજે ચાંદી અને તેની કિંમત ખૈરાત કરવી. નામ બાળકનો સાદો રાખવું.

પરંતુ ગોશતમાં જો અનાજ નાખી પકાવી ખવડાવે છે. તેની પણ ઉપરની શરતે રજા છે. (બહારે શરીઅત)

●●●

સવાલ : ૩૬૫ ગૌસે પાક રહેમતુલ્લાહ અલયહની ન્યાઝનો ચંદો કરવામાં આવ્યો અને તેમાંથી થોડી રકમ બચી પડી તો બીજા કોઈ બુઝુર્ગની ન્યાઝમાં કામ આવી શકે કે નહિં ?

જવાબ : ૩૬૫ જો ચંદો વસુલ કરવાવાળા તેમજ આપવાવાળાએ જો તેના સિવાય બીજી નિય્યત નથી કરી તો બીજા બુઝુર્ગની ન્યાઝમાં ખર્ચ થશે નહિં. આ બાબતે ચંદો આપવાવાળાની સહમતી લેવી જરૂરી ગણાશે, નહિં તો તેમાં જ ખર્ચે અથવા પાછાં આપી દે. વલ્લાહો આલમ બિસ્સવાબ)

સવાલ : ૩૬૬ કોઈપણ ન્યાઝનો ચંદો જબરદસ્તીથી, શરમાવીને લેવું જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૩૬૬ આવી રીતે ચંદો લેવો જાઈઝ નથી જેવું કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે, **"લા ઈકરાહા ફીદ્દીન"** એટલે કે દીનમાં જબરદસ્તી નથી. (વલ્લાહો આલમો)

સવાલ : ૩૬૭ કોઈ માણસ બીજાના માટે મિન્નત માને તો સહીહ થશે કે નહિં ? જેવું કે મા-બાપે માનતા કરી કે ફલાણી તારીખનો રોઝો અમારી ઔલાદ નસલો નસલ (વંશ વારસ) રાખે તો એના માટે શું હુકમ છે ?

જવાબ : ૩૬૭ મિન્નત દરેક માણસ પોતાના માટે કરી શકે છે. કોઈ ઉપર બીજાની મિન્નત પુરી કરવી જાઈઝ નથી. હા,

જો કોઈ પોતાની મિન્નત પુરી કરવાની વારસદારોને વસીયત કરી જાય તો તેઓ તેમના તરફથી પુરી કરે.

સવાલ : ૩૬૮ માનતા (મિન્નત)ની કેટલી કિસમો છે. જો કોઈએ ઈદુલ ફિત્ર (રમઝાન ઈદ) અથવા ઐય્યામે તશરીક (રોઝો રાખવાની મનાઈના દિવસો)માં રોઝો રાખવાની મિન્નત માની તો તેના માટે શું હુકમ છે ?

જવાબ : ૩૬૮ માનતા બે પ્રકારની છે એક નઝરે શરઈ અને બીજી નઝરે ઉર્ફી.

શરઈ મિન્નત એટલે કે અલ્લાહના વાસ્તે માનતા કરવી જેમ કે અલ્લાહના વાસ્તે મારા ઉપર આટલા રોઝા અથવા મારૂં ફલાણું કામ થઈ જાય તો અલ્લાહના વાસ્તે મારે આટલી રકાઅતો નફલ અથવા આટલા મિસ્કીનોને ખવડાવું એ મિન્નત શરઈ છે.

ઉર્ફી મિન્નત એટલે કે જે અસલમાં વાયદો છે જેવું કે ફલાણા બુઝુર્ગની ન્યાઝ કરીશ અથવા ઈસાલે સવાબ માટે ફલાણું નેક કામ કરીશ એ મિન્નતે ઉર્ફી છે.

જો મિન્નતે શરઈ કોઈ રીતે પુરી કરી શકયું નહિં તો તેના ઉપર કસમનો કફફારો છે અને મિન્નત ઉર્ફી જો કોઈ રીતે પુરી શકયું નહિં તો તેના ઉપર કફફારો નથી. હા, જો કોઈએ ઈદુલ ફિત્ર અથવા ઐય્યામે તશરીકના દિવસે રોઝો રાખવાની માનતા (મિન્નત) માની તો એ દિવસોમાં રોઝો રાખે નહિં અને બીજા

દિવસોમાં કઝા કરે. (ફતાવા આફ્રિકા, આલમગીરી)

સવાલ : ૩૬૯ કોઈએ એવી મિન્નત માની કે હું પગપાળો (પગે ચાલીને જઈને) હજ્જ કરીશ. હવે તે જઈ શકયો નહિં તો તેના માટે શું હુકમ છે ?

જવાબ : ૩૬૯ જો પગેપાળો હજ્જ કરવા જવા લાચાર છે તો કફ્ફારો આપી દે. મિન્નતનો કફ્ફારો એ જ છે જે કસમનો કફ્ફારો છે. એક ગુલામ આઝાદ કરવું, અથવા દસ મિસ્કીનોને ભરપેટ ખાવાનું આપવું અથવા દસ મિસ્કીનોને કપડા આપવા અથવા જો એની હૈસિયત નથી તો લગાતાર ત્રણ રોઝા રાખે. (શામી)

સવાલ : ૩૭૦ અલ્લાહ તઆલા સિવાય બીજાની કસમ (સોગંદ) ખાવી કેમ છે ?

જવાબ : ૩૭૦ અલ્લાહ તઆલા સિવાય બીજાની કસમ ખાવી મકરૂહ છે અને સોગંદ શરઈ થશે નહિં તેનો કફ્ફારો થશે નહિ. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૩૭૧ કોઈએ કાબા શરીફની કસમ ખાધી તો કસમ શરઈ થશે કે નહિં ?

જવાબ : ૩૭૧ કાબા શરીફની કસમ ખાવાથી કસમ થશે નહિં અને એ કસમ તોડવાનો કફ્ફારો નથી. (આલમગીરી)

સવાલ : ૩૭૨ કોઈએ ગૌસ પાકની કસમ ખાધી તો કસમ

શરઈ થશે કે નહિં ?

જવાબ : ૩૭૨ હુઝૂર ગૌસ પાકની કસમ ખાવાથી શરઈ કસમ થશે નહિં અને કફ્ફારો પણ થશે નહિં. (આલમગીરી)

સવાલ : ૩૭૩ જો કોઈએ પોતાના માટે કીધું કે મારા માટે ચાય હરામ કરૂં છું તો શું હુકમ છે ?

જવાબ : ૩૭૩ એથી ચાય હરામ થશે નહિં પણ જો એ ચાય પીએ તો કસમનો કફ્ફારો આપવો પડશે. (આલમગીરી)

સવાલ : ૩૭૪ જો કોઈ માણસ આપણને કસમ આપે તો કસમ થશે કે નહિં ?

જવાબ : ૩૭૪ જો બીજો કોઈ માણસ આપણને કસમ આપે તો કસમ થશે નહિં અને કફ્ફારો પણ નહિં જેવું કે કોઈએ કીધું કે તને ખુદાની કસમ છે આ કામ કરી આપ તેનાથી કંઈ નહિં થાય, પણ, હા, જો તેના કહેવા પછી આપણે કહ્યું કે બહુ સારૂં હું જરૂર કરી આપીશ અને કસમ ખાવાનો હોય તો કસમ થઈ જશે. (આલમગીરી)

●●●

સવાલ : ૩૭૫ જો કોઈ માણસ ગુસ્સામાં પોતાની ઔરતને માં અથવા બહેન કહી દે તો શું એવું કહેવાથી તલાક થઈ જાય છે ?

જવાબ : ૩૭૫ પોતાની ઔરતને માં, બહેન અને બેટી કહેવાથી તલાક લાગુ નથી પડતી. હા, એવું કહેવાની મનાઈ છે. એવું કહેવું સારૂં નથી પણ નિકાહ ઉપર અસર પડતી નથી. (બહારે શરીઅત)

સવાલ : ૩૭૬ એક મુસલમાન મર્દનો ઈન્તેકાલ થઈ ગયો. એની ઔરત હામેલા (સગર્ભા) બીજે દિવસે તેને બાળક જન્મ્યું અને બાળક જન્મ્યા બાદ આઠમા દિવસે એ ઔરતે બીજા માણસ સાથે નિકાહ કરી લીધો તો મઝકુર ઔરતનો નિકાહ થયો કે નહિં ?

જવાબ : ૩૭૬ નિકાહ થઈ ગયો એમાં કોઈ શંકા નથી. મરનાર મુસલમાન મર્દની ઔરતની ઈદ્દત (શોક) ચાર માસ અને દસ દિવસ છે ને ઔરત જો હામેલા (સગર્ભા) હોય તો બાળકના જન્મ સુધી છે. જો ઔરતનો શોહર (પતિ) ઈન્તેકાલ કરી ગયો અને બીજા દિવસે બાળક જન્મ્યું તો તેની ઈદ્દત પુરી થઈ ગઈ અને ઈદ્દત પુરી થતાં જ જો ઔરત બીજો નિકાહ કરે તો નિકાહ થઈ જશે. (બહારે શરીઅત)

સવાલ : ૩૭૭ નિકાહમાં કેટલી શરતો છે અને નિકાહમાં ઓછામાં ઓછી કેટલી મહેર હોવી જોઈએ ? અગર કોઈએ મહેર પુરી ન આપી તો નિકાહમાં કાંઈ વાંધો આવશે ?

જવાબ : ૩૭૭ નિકાહની ચાર શરતો છે :

(૧) મર્દ અને ઔરત બંને મુસલમાન હોવા જોઈએ.

(૨) મર્દ અને ઔરત બંને ઈજાબ વ કબૂલ લફ્ઝ માઝી કે (ભૂતકાળ) હાલ કે (વર્તમાનકાળ) અમરથી (હુકમ) કરે.

(૩) મર્દ અને ઔરત ઈજાબ અને કબૂલ એક જ મજલીસમાં કરે.

(૪) ઈજાબ વ કબુલ નિકાહનાં બે મોઅતબર સાક્ષી પુરૂષ એક જ મજલીસમાં રૂબરૂ સાંભળે.

નિકાહમાં ઉપર મુજબ ચાર શરતો જરૂરી છે.

મહેર ઓછામાં ઓછી શરઈ દસ દિરહમ જેનું વજન પોણા ત્રણ તોલામાં એક રતી ઓછી (૩૨ ગ્રામ) ચાંદી થાય જેની કિંમત તે સમયે (નિકાહ કરતી વખતે) ચાંદીની તોલાની (ગ્રામની) જે કિંમત હોય તે પ્રમાણે ચાંદીના પોણા ત્રણ તોલા (૩૨ ગ્રામ) ચાંદીનો હિસાબ કરી લે જે ઓછામાં ઓછી મહેરની મિકદાર (હિસાબ) છે. મહેર વગર નિકાહ તો થઈ જશે પણ શૌહરે મહેર તો આપવાની જ રહેશે. (ફતુબે ફિકહ)

<u>સવાલ : ૩૭૮</u> કોઈ માણસનો સગો કાકા ગુજરી ગયો તો મઝકુર માણસ તેની કાકીની ઈદ્દત પછી તેની સગી કાકીથી નિકાહ કરી શકે કે નહિં ?

<u>જવાબ : ૩૭૮</u> જો તે કાકીનો બીજો કોઈ રિશતો મહરમ તરીકે મળતો ન હોય તો તે કાકીની ઈદ્દત વીત્યા પછી તેની સાથે તેનો ભત્રીજો નિકાહ કરી શકે છે તે જાઈઝ છે. (તફસીરે નઈમી)

<u>સવાલ : ૩૭૯</u> એક નૌજવાન મુસલમાન બાઈ છે તે આંખે આંધળી છે અને કાને બહેરી છે ઝબાનથી મુંગી છે. મઝકુર બાઈની નિકાહ પઢવા માટે તેની રજા કેવી રીતે લેવાય ?

જવાબ : ૩૭૯ મઝકુર બાઈનો વાલી અથવા પિતા નિકાહ પઢાવી આપે તો નિકાહ થઈ જશે.

સવાલ : ૩૮૦ પીર પોતાની મુરીદાની સાથે નિકાહ કરી શકે કે નહિં અને મુરીદાની પોતાના પીરથી પર્દો કરે કે નહિં શું હુકમ છે ?

જવાબ : ૩૮૦ પીર મુરશીદ પોતાની મુરીદાથી નિકાહ કરી શકે છે અને હલાલ છે અને સૌ મુરીદાનીઓએ પોતાના પીર મુરશીદથી પર્દો કરવો વાજિબ છે અને બેપરદગી હરામ છે. (ફતાવા રઝવિયહ જી-૨, પેજ-૧૨)

સવાલ : ૩૮૧ નાની ઉંમરના છોકરા અથવા છોકરીનો નિકાહ થઈ શકે કે નહિં ? અને જવાન છોકરો છોકરીની નિકાહ કરી આપવી બાપ ઉપર ફર્ઝ છે કે પોતે કરી લે ?

જવાબ : ૩૮૧ નાની ઉંમરનો છોકરો અથવા છોકરીનું જો વાલી નિકાહ કરી આપે તો થઈ શકે છે અને જવાન ઔલાદની નિકાહ કરી આપવી મા-બાપ ઉપર ફર્ઝ નથી. (શામી)

સવાલ : ૩૮૨ યુસુફ, ઈસ્માઈલનો દીકરો છે તો એ ઈસ્માઈલ ઝયનબથી અને યુસુફ ઝયનબની માં મરીયમથી નિકાહ કરી શકે કે નહિં ?

જવાબ : ૩૮૨ હા, કરી શકે છે, કારણ કે તેમના વચ્ચે હુરમતનો કોઈ સબબ (કારણ) નથી અને રિશ્તો પણ અજીબ રહેશે કે યુસુફની ઝયનબ સાવકી દીકરી પણઅને સાવકી માં પણ એવી જ રીતે ઈસ્માઈલની મરીયમ સાવકી સાસુ પણ અને વહુ પણ એવી જ રીતે ઝયનબ મરીયમની દીકરી પણ અને સાસુ પણ

અને ઝયનબની મરીયમ માં પણ અને વહુ પણ, એવી જ રીતે યુસુફ ઈસ્માઈલના પુત્ર પણ અને સસરો પણ. (ફતાવા રઝવિયા)

સવાલ : ૩૮૩ પોતાના સાળા અને સાળીની દીકરીથી નિકાહ થઈ શકે કે નહિં ?

જવાબ : ૩૮૩ હા, થઈ શકે છે. જ્યારે કે એ સાળા અથવા સાળીની બહેન જે એની નિકાહમાં તે ગુજરી ગઈ હોય તો અથવા તલ્લાક આપી દીધી હોય અને તેની ઈદ્દત પુરી થઈ ગઈ હોય તો સાળા અથવા સાળીની દીકરીને નિકાહમાં લેવું તેને મઝકુર સુરતમાં શરઅન જાઈઝ છે. (ફતાવા રઝવિયા)

સવાલ : ૩૮૪ કોઈ માણસની નિકાહની મહેર નક્કી થઈ નહિં અને ખિલવતે સહીહાથી પહેલાં તલ્લાક આપી તો ઔરતને મહેર આપવી પડશે કે કેમ ?

જવાબ : ૩૮૪ મઝકુર સુરતમાં એ ઔરતને મહેર મળશે નહિં પણ એક જોડી કપડાં એટલે કે કુરતો, પાયજામો, દુપટ્ટો જે પાંચ દિરહમથી કિંમતમાં ઓછા ન હોય એવા તેને આપવા વાજિબ થશે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

સવાલ : ૩૮૫ એક માણસે એક ઔરતથી નિકાહ કરી અને તે જ માણસનો દીકરો જે બીજી પત્નીનો છે તેણે તે ઔરતની બહેનથી નિકાહ કરી. એટલે કે બંને બહેનો બાપ-દીકરાના નિકાહમાં આવી શકે કે નહિં ?

જવાબ : ૩૮૫ હા, શરઅન જાઈઝ છે કારણ કે તેમાં હુરમતનું (નિકાહ હરામ થવા અંગેનું) કોઈ કારણ (સબબ) નથી એટલે તેમાં વાંધો નથી.

સવાલ : ૩૮૬ નાબાલિગ અને નાની ઉંમરના છોકરો અને છોકરીની નિકાહ તેના વાલીઓ કરી આપે તો થઈ જશે કે નહિં ?

જવાબ : ૩૮૬ જો નાબાલિગ છોકરો અને છોકરીઓના વાલીઓ બે ગવાહ સામે નિકાહનો ઈજાબ અને કબુલ કરે તો નિકાહ થઈ જશે ભલેને દુલ્હો અને દુલ્હન ત્યાં હાજર ન પણ હોય. (ફતાવા રઝવિયા, પેજ-૮૧)

સવાલ : ૩૮૭ નિકાહ ફાસીદ અને નિકાહ બાતીલમાં શું ફરક છે ?

જવાબ : ૩૮૭ નિકાહ બાતીલ એ છે કે મહરમાતથી નિકાહ કરવી (એટલે કે જેમનાથી નિકાહ કરવો શરીઅતે હરામ ઠરાવેલ છે તેની જ સાથે નિકાહ કરવો) અથવા જ્યાં નિકાહ કરવી શરઅન મનાઈ હોય ત્યાં નિકાહ કરવી જેવું કે ઈદ્દતમાં નાબાલિગ (નાની ઉંમર, અપુખ્ત) સાથે વાલીની રઝામંદી વગર નિકાહ કરે અથવા બાલિગો ગૈર કુફ્વ (બીજા ખાનદાન)માં નિકાહ કરે અને એના વાલીઓ નિકાહ કરી લીધી હોય એ નિકાહ બાતીલ છે.

નિકાહ ફાસીદ એ છે કે, નિકાહના શરતોનું પાલન ન થતું હોય એટલે કે નિકાહની શરતો પુરી હોય નહિં જેવું કે બે ગવાહ ઈજાબ અને કબુલ વખતે નથી. અથવા ગવાહ મુસલમાન નથી. અથવા ઈજાબ અને કબુલની મજલિસ બદલાઈ ગઈ વગેરે એ નિકાહ ફાસિદ છે. (ફતાવા રઝવિયા, પેજ-૯૨)

સવાલ : ૩૮૮ ઔરતનો પતિ હતો તે નાબાલિગ, નાની ઉંમરનો હતો અને તે મરી ગયો તો એ ઔરત ઉપર મૌતની ઈદ્દત છે કે નહિં ?

જવાબ : ૩૮૮ હા, એ ઔરત ઉપર પણ વફાતની ઈદ્દત છે ચાર મહિના અને દસ દિવસ. (દુર્રે મુખ્તાર, પેજ-૨૧૯, શામી)

સવાલ : ૩૮૯ કોઈ ઔરત ઉપર મુસાફરીની હાલતમાં તલાક અથવા મૌતની ઈદ્દત વાજિબ થાય તો શું કરે ?

જવાબ : ૩૮૯ જો સફરની હાલતમાં ઔરત ઉપર મૌત અથવા તલાકની ઈદ્દત લાગુ પડે તો જો વતન ત્રણ દિવસના સફરના ફાસલા ઉપર હોય તો તે પોતાના મકાન (ઘરે) પાછી વળી આવે અથવા જ્યાં જવાનું છે તે મકસદ નજીક છે તો ત્યાં જઈ ઈદ્દત ગુજારે અથવા જ્યાં જવાનું છે ત્યાં કોઈ સગો, સંબંધી કે મહરમ નથી તો વતન પાછી આવી જાય ભલે ને કેટલું પણ દૂર હોય (ઘર) આવીને ઈદ્દત ગુજારે. (દુર્રે મુખ્તાર, પેજ-૨૩૨)

સવાલ : ૩૯૦ એક ઔરતને પોતાના પતિની મૌત અથવા તલાક દેવાની ખબર એક વરસ પછી મળી તો ઔરતની ઈદ્દત ક્યારથી ગણવામાં આવશે ?

જવાબ : ૩૯૦ ઈદ્દતે મૌત (મૌતની ઈદ્દત) જે દિવસથી મરણ થયું તે દિવસથી થશે અને તલાકની ઈદ્દત જે દિવસે તલાક આપવામાં આવી તે દિવસથી છે. જો એક વરસ પછી ઔરતના પતિનાં મરણ અથવા તલાકની ખબર મળી તો જો તલાક હોય અને ત્રણ હૈઝ (માસિક) જો વીતી ગયા અથવા વફાતની હોય તો એકસોને ત્રીસ દિવસ વીતી ગયા અથવા ઔરતને ગર્ભ હતો અને ગર્ભ (બાળક)નો જન્મ થઈ ગયો તો ઉપરોક્ત બંને કિસમની ઈદ્દત પુરી થઈ ગઈ હવે ખબર મળવાથી નવી ઈદ્દત ગણવાની

જરૂર નથી. (દુર્રે મુખ્તાર, પેજ-૨૪૪, આલમગીરી)

સવાલ : ૩૯૧ જો કોઈએ પોતાની પત્નીને તલાક આપી અને પછી કહ્યું કે, મેં તો વગર ઈરાદે કહ્યું અથવા મશ્કરીમાં કહ્યું અથવા મોઢામાંથી અચાનક નીકળી ગયું. તેવી હાલતમાં તલાક થશે કે નહિં ?

જવાબ : ૩૯૧ તલાક દેવામાં મશ્કરી કરી અથવા બેઈખ્તેયાર જબાનથી કહેવાઈ ગયું, ભલેને નિય્યત પણ કરી ન હોય તો પણ તલાક થઈ જશે. (દુર્રે મુખ્તાર, પેજ-૯૨, શામી)

સવાલ : ૩૯૨ ઈદ્દતે તલાક અને ઈદ્દતે વફાત શું છે અને હામેલા (સગર્ભા) હોવાની હાલતમાં શું ફરક છે ?

જવાબ : ૩૯૨ તલાકથી લાગુ પડતી ઈદ્દત ત્રણ હૈઝ (માસિક) છે જો તલાક આપતી વખતે હૈઝ ચાલુ હતો તો એ હૈઝ નહિં ગણાય. (તે પછીના ત્રણ હૈઝ (માસિક) ગણતરીમાં લેવાના છે) મૌતથી લાગુ થતી ઈદ્દત ચાર મહિના અને દસ દિવસ છે, જો અચાનક ચાંદ રાતથી ઈદ્દતે મૌત શરૂ થાય તો નહિં તો ઈદ્દતે મૌત પુરા એક સો ત્રીસ દિવસ ગુજારવા ઈદ્દતે મૌત છે.

ઈદ્દતે તલાક અથવા ઈદ્દતે મૌત બંનેમાં સ્ત્રી સગર્ભા હોય તો બાળકના જન્મ્યાથી ઈદ્દત ખતમ થઈ જાય છે ચાહે એક કલાક અથવા એક વરસ પછી જન્મે. હામેલા ઔરત ઉપર બાળકના જન્મ્યાથી ઈદ્દત પુરી થઈ જાય છે. (આલમગીરી, પેજ-૩૧, દુર્રે મુખ્તાર, પેજ-૧૨૪, શામી)

સવાલ : ૩૯૩ હઝરતે ફાતેમતુઝ ઝોહરા રદિયલ્લાહો અન્હા અને અઝવાજે મુતહેરાત (હુઝૂર પાકની બીવીઓ)

રદિયલ્લાહો અન્હુન્ના, તેઓની મહેર શું હતી ?

જવાબ : ૩૯૩ હઝરતે ફાતેમતુઝ ઝોહરા રદિયલ્લાહો અન્હાની મહેર ચારસો મિસ્કાલ ચાંદી હતી. જે આશરે એકસો સાઈઠ તોલા ચાંદી થઈ. હઝરતે ઉમ્મે હબીબાહ રદિયલ્લાહો અન્હાની મહેરની બે રિવાયતો છે. એક રિવાયતથી ચાર હજાર દિરહમ જે અગિયારસો વીસ તોલા ચાંદી થઈ અને બીજી રિવાયતથી ચાર હજાર દિનાર જે આશરે પંદરસો તોલા સોનું થયું. બીજી અઝવાજે મુતહેરાતની મહેર લગભગ વધુમાં વધુ પાંચસો દિરહમ હતી જે આશરે એકસો ને ચાલીસ તોલા ચાંદી થઈ. (ફતાવા રઝવિયા, પેજ-૭૬)

સવાલ : ૩૯૪ ઔરત ઈદ્દતમાં હોય તો પોતાના મા-બાપની બિમાર પુર્સી માટે જઈ શકે કે નહિં અને જો તેનો કોઈ અઝીઝ ગુજરી જાય તો તેની ફાતેહા ખ્વાની માટે ત્યાં જઈ શકે કે નહિં ?

જવાબ : ૩૯૪ મા-બાપની ઈયાદત (બિમાર પુર્સી) માટે તેમજ કોઈ અઝીઝ અકરબ (બિલકુલ નજીકના સગા)ના ઈન્તેકાલ (મૌત) ઉપર ત્યાં તઅઝીયત (ફાતેહા ખ્વાની) માટે ઈદ્દતવાળી ઔરતે જવું જાઈઝ નથી. (દુર્રે મુખ્તાર, પેજ-૨૩૧)

સવાલ : ૩૯૫ એ કઈ સુરત છે કે જેમાં નિકાહ પણ થઈ અને તલાક પણ થઈ અને ઈદ્દત નથી ?

જવાબ : ૩૯૫ એવું એમ થાય કે કોઈએ નિકાહ કરી અને ખિલવતે સહીહા (પ્રાઈવેટ મુલાકાત, સુહાગ રાત મનાવ્યા વિના) તલાક આપી દીધી તો એની ઈદ્દત નથી. (આલમગીરી)

સવાલ : ૩૯૬ ઔરતને પોતાના પતિ સિવાય બીજા સગા,

અઝીઝ અકરબાની મૌત ઉપર કેટલા દિવસ સોગ (શોક) કરવી જોઈએ ?

જવાબ : ૩૯૬ ઔરતને પોતાના પતિ સિવાય બીજા સગા કે અઝીઝ અકારબની મૌત ઉપર ત્રણ દિવસથી વધુ સોગ કરવી મનાઈ છે તેમજ દરેક કરાબતદાર (નજીકના) સગા સંબંધીઓએ પણ ત્રણ દિવસ અને ત્રણ રાતથી વધુ સોગ કરવી મનાઈ છે. (દુર્રે મુખતાર, પેજ-૨૩૯)

સવાલ : ૩૯૭ ઔરતને ઈદ્દતમાં કઈ ચીજો તરક કરવાનો (ન કરવાનો) હુકમ છે ?

જવાબ : ૩૯૭ ઔરતને ઈદ્દતમાં (સોગમાં) શણગારનો તરક કરે એટલે કે દરેક પ્રકારના સોના-ચાંદીના ઝવેરાત, દાગીના તથા દરેક રંગ અને દરેક પ્રકારના રેશમી કપડાઓ અને દરેક જાતની ખુશબૂ (સુગંધ) શરીર અથવા કપડા ઉપર લગાવવું, તેલનો ઈસ્તેમાલ કરવો વાળમાં દંતિયા (કંગી)નો ઉપયોગ કરવો, કાળો સુરમો લગાવવો, મહેંદી લગાવવી, જાફરાની અથવા ગુલાબી રંગના કે રંગેલા કપડા પહેરવા એ બધી ચીઝોનો તરક (છોડી દેવું) વાજિબ છે. પણ કાળા રંગનો કપડો અથવા જુનો રંગેલો કપડો પહેરી શકે છે. માથામાં તેલ નહિં નાખવાથી દર્દ થાય તેમ હોય તો તેલ નાખી શકે અથવા માથામાં દર્દ થતું હોય તો જ દંતીઓ આપે. ખસ ખુજલી થઈ હોય અથવા એવી બીજી ફરિયાદ હોય તો રેશમી કપડા પહેરી શકે પણ આવું કરવામાં શણગારની નિય્યત હોય નહિં તેવા કારણોમાં જાઈઝ છે. (દુર્રે મુખતાર, પેજ-૨૨૯, આલમગીરી, શામી)

સવાલ : ૩૯૮ જો કોઈ માણસ આંધળો અને અપાહજ બની ગયો અને તેનો ઔલાદ કે સગો-સંબંધી કોઈ નથી તો શું તેની પત્ની ઉપર વાજિબ થશે કે તેણી પોતાના માલમાંથી અથવા કામકાજ કરી કમાઈ કરી ખવડાવે ?

જવાબ : ૩૯૮ પતિને ખવડાવવું પત્ની ઉપર કોઈપણ સૂરતમાં વાજિબ નથી પણ અહેસાનના લીધે અને વફાદારીના રૂએ પત્નીને જોઈએ કે તેણી પોતાના માલ અથવા કમાણીમાંથી અથવા કામકાજ કરી પતિને ખવડાવે.

સવાલ : ૩૯૯ પત્ની જેલમાં પુરાઈ ગઈ અથવા કોઈ હરામખોર જબરદસ્તીથી લઈ ગયો તો એ દિવસોનો ખર્ચ પતિ ઉપર રહેશે કે નહિં ?

જવાબ : ૩૯૯ પૂછેલી બંને સૂરતોમાં એ દિવસોનો ખર્ચ પતિ ઉપર વાજિબ નથી. (આલમગીરી)

સવાલ : ૪૦૦ મુસલમાનો સફર મહિનામાં શાદી કે સગપણ કરતા નથી કહે છે આ મહિનો મન્હુસ (અશુભ) છે શું આ વાત સાચી છે ?

જવાબ : ૪૦૦ શાદી કે સગપણ અથવા બીજા જે સવાબ વગેરેના કામો છે તેના માટે કોઈપણ મહિનો કે તારીખ, દિવસ કે રાત મન્હુસ (અશુભ) નથી અને અશુભ માનવું ગુનાહ છે. સફર મહિનાને અશુભ માનવા બાબત હદીસ શરીફમાં સખ્ત મનાઈ આવી છે સુન્નત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પ્રમાણે જે કાર્ય કોઈ મહિના, તારીખે, દિવસે થશે તે મુબારક છે. ખુદાવંદે પાક અને રસૂલેપાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની

યાદ અને ઈતાઅતથી કાર્ય થવા જોઈએ. (જન્નતી ઝેવર)

સવાલ : ૪૦૧ શાદી (વિવાહ) વખતે જે મહેમાનો આવે છે કે બોલાવવામાં આવે છે તેઓ નિંધર (નિયોતા) આપે છે તેની લેતી દેતી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૪૦૧ આ નિંધર (નિયોતા)નો રિવાજ જે આપણાં પ્રદેશમાં પ્રચલિત છે જે કર્ઝ (ઉધાર) આપવાની રીતમાં હોય છે કારણ કે જે નિધર આપવામાં આવે છે તેની નોંધ કરવામાં આવતી હોય છે જ્યારે મઝકુર નિંધર આપનારના ઘરે શાદીનો પ્રસંગ હોય ત્યારે લીસ્ટમાં જોવામાં આવે છે અને કેટલી નિંધર નોંધાઈ છે એટલી નિંધર આપણે આપશું. તેવી રીતે ઉધારની રીતેનો કર્ઝ ચુકવાય છે તેથી કર્ઝ (ઉધાર) લેવું દેવું જાઈઝ છે એની મનાઈ નથી. (બહારે શરીઅત)

સવાલ : ૪૦૨ જે દિવસે દિકરીની નિકાહ કરેલ હોય તે દિવસે દિકરીના માં-બાપ કંઈ ખાતા પીતા નથી. જ્યાં સુધી દિકરીની નિકાહ પઢાય નહિં. નિકાહ પઢાઈ ગયા પછી ખાય-પીએ છે શું આ હુકમ શરીઅતનો છે કે કેમ ?

જવાબ : ૪૦૨ આ એક અજ્ઞાનતા (જહાલતા) ભર્યો પ્રચલિત રિવાજ છે. શરીઅતમાં આ બાબતે કશો ઉલ્લેખ નથી. માટે આવી ખોટી બેહુદા રસમોને ત્યજી દેવું ખાસ જરૂરી છે.

સવાલ : ૪૦૩ ગૈર મુસ્લિમ પતિ પત્ની બંને સાથે ઈમાન લઈ આવે અને મુસલમાન થાય તો તેઓની નિકાહ પઢવી પડશે કે કેમ ?

જવાબ : ૪૦૩ આવી સુરતમાં તેઓની નિકાહ પઢવાની

જરૂર રહેતી નથી. તેમનો પતિ-પત્નીનો સંબંધ મઝહબે ઈસ્લામ બહાલ (માન્ય) રાખે છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૦૪ નિકાહ મસ્જિદમાં પઢવી સુન્નત છે પણ દુલ્હન ત્યાં હાજર હોતી નથી જેથી તેણી પોતાની નિકાહ સાંભળી શકતી નથી તો તેણીને પોતાની નિકાહ સાંભળવા માટે મસ્જિદમાં કે મસ્જિદની નજીકમાં આવવું પડશે કે કેમ ?

જવાબ : ૪૦૪ દુલ્હનને પોતાની નિકાહ સાંભળવાની કોઈ જરૂરત રહેતી નથી. દુલ્હન પોતાના તરફથી જે વકીલ મુકર્રર કરેલ હોય તે જ તેના તરફથી નિકાહમાં હાજરી આપે છે અને તે જ વકીલ કબૂલ અને ઈજાબ બધુ કરશે અને તે જ સાંભળશે તેનું સાંભળવું કાફી છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૦૫ એક મુસલમાન ભાઈની જવાન દિકરી છે તે ભાઈ કહે છે કે મારી દિકરીની નિકાહ તેની સાથે કરી આપીશ, જે મારી દિકરીને રૂપિયા ૫૦૦૦/- (પાંચ હજાર) રોકડા મહેર આપે. તો શું આવી રીતે પોતાની દિકરીની મહેર એનો બાપ માંગી શકે ખરો ? શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૪૦૫ જો તેની જવાન બાલિગ દીકરીની પણ તેટલી મહેર લેવાની સહમતી તથા ઈચ્છા હોય તો દિકરી તરફથી તેનો બાપ મહેરની આવી માંગણી કરી શકે છે પણ મહેર એ શરીઅતની રૂએ અસલમાં નિકાહ કરનાર સ્ત્રીનો હક્ક છે. તેણીની રજા સિવાય બીજો કોઈ પણ ઉપયોગ કરી શકતો નથી. પણ જો દિકરી નાબાલિગ (નાની ઉંમરની) હોય તો દિકરીનો બાપ માંગણી કરે તો તેનો અધિકાર છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૦૬ એક મુસલમાન સ્ત્રીનો પતિ દસ વર્ષ થયા બિલ્કુલ પાગલ (ગાંડો) થઈને ફરે છે. તેને હવે કોઈ જ દુનિયાદારીની ખબર જ નથી તો આ પાગલ પતિની પત્ની બીજો નિકાહ કરી શકે કે નહિં ?

જવાબ : ૪૦૬ તે સ્ત્રીને ત્યાં સુધી બીજો નિકાહ કરવાની શરીઅતની રૂએ રજા નથી જ્યાં સુધી તેનો પાગલ પતિ સાજો (બરાબર) થઈ તલાક આપે નહિં. અથવા તેનો પાગલ પતિ ગુજરી જાય તે પછી તેની તલાક અથવા મૃત્યુની ઈદ્દત ગુજાર્યા પછી બીજો નિકાહ કરી શકશે તેથી પહેલા નહિં. આવી હાલતમાં તે સ્ત્રી શરીઅતની અદાલતમાં પોતાની તકલીફો, મસ્અલાને પેશ કરે, રજૂ કરે તો શરઈ કાજી નિકાહ ફસ્ક (રદ) કરી આપે તો બીજો નિકાહ થઈ શકશે. (બહારે શરીઅત)

સવાલ : ૪૦૭ આપણી મુસ્લિમ કૌમમાં આ રિવાજ ચાલે છે કે દીકરીનો વિવાહ થાય ત્યારે સામા પક્ષ એટલે કે દીકરાવાળા પાસેથી રોકડ રકમ નાતા-રીત તરીકે લેવામાં આવે છે. આવી રીતે નાતા રીત લેવો જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૪૦૭ દીકરીના વાલીઓ દીકરાના વાલીઓ પાસેથી નાતા-રીત તરીકે જે પણ રકમ કે વસ્તુઓ લે કે વસુલ કરે છે તે લેવી બિલ્કુલ નાજાઈઝ છે એ એક ગૈર ઈસ્લામી રસમ છે અને જાઈઝ નથી. (હિદાયા આખીરૈન)

સવાલ : ૪૦૮ કોઈ માણસ પોતાની પત્નીની સગી બહેન સાથે વ્યભિચાર (ઝીના) કરે તો તેની પોતાની પત્ની તેના નિકાહમાંથી નીકળી જશે કે કેમ ?

જવાબ : ૪૦૮ એ માણસે ગુનાહે કબીરા (મોટો ગુનાહ) કર્યો કહેવાય જે ઝીના છે. પરંતુ તેના ઉપર હુરમતે મુસાહેરત લાગુ પડશે નહિં. હુરમતે મુસાહેરતમાં જેના સાથે તેણે ઝીના કરી છે તેની માં, દીકરી, દાદી, નાની, પુત્રી દોહિત્રી હરામ થશે. બાકી સાળી સાથે ઝીના કરવાથી તેની પત્ની તેના નિકાહમાંથી નીકળશે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૪૦૯ કોઈ કુંવારી છોકરીને ઝીનાથી હમલ (ગર્ભ) રહી જાય અને તેની સાથે ગર્ભની હાલતમાં કોઈ નિકાહ કરે તો નિકાહ થઈ શકે કે નહિં ?

જવાબ : ૪૦૯ હા, કુંવારી હામેલા (સગર્ભા)થી નિકાહ થઈ શકે છે. બલ્કે નિકાહ થવું તેણીની પરદાપોશી અને હરામથી બચાવવાનો એક યોગ્ય પ્રયાસ છે પણ નિકાહ કરનાર તેણી સાથે સોહબત (સંભોગ) ત્યાં સુધી ન કરે જ્યાં સુધી હમલ (ગર્ભનો) જન્મ ન થાય. પણ તેનો નિકાહ તે જ પુરૂષ સાથે થયો હોય જેનો જ હરામ હમલ (ગર્ભ) છે તો તે સોહબત (સંભોગ) પણ કરી શકે છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૧૦ નિકાહમાં ફકત સ્ત્રીઓ જ ગવાહ થઈ શકે કે નહિં ?

જવાબ : ૪૧૦ શરીઅતમાં ગવાહી માટે આકીલ, બાલિગ, મોમીન બે પુરૂષ નક્કી કરેલા છે, જો બે પુરૂષો ન હોય તો એક પુરૂષ અને બે સ્ત્રીઓ ઉપરની શરતો મુજબ ચાલે. પણ જો પુરૂષ કોઈ નથી તો ફકત સ્ત્રીઓની ગવાહી મોઅતબર (માન્ય) ગણાશે નહિં. (બહારે શરીઅત)

સવાલ : ૪૧૧ શું એ વાત સાચી છે કે સ્ત્રીને પોતાના દીયર (પતિના નાના ભાઈ)થી પર્દો કરવો જોઈએ અને સગા સસરાથી પર્દો કરવો જોઈએ નહિં ?

જવાબ : ૪૧૧ આ ફરમાને મુસ્તફા છે કે દીયરથી પર્દો કરવો એ સખ્ત જરૂરી છે. કારણ કે અજનબી અજાણ્યા ગૈર મહરમથી પર્દો કરવા સંબંધે જ્યારે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાન કર્યું ત્યારે સહાબા-એ-કિરામે અરજ કરી કે : યા રસૂલલ્લાહ, અલ હમ્વો (એટલે કે દીયર) તો આપે ફરમાવ્યું કે : **"અલ હમ્વુલ મૌતો"** એટલે દીયર પોતાની ભોજાય (મોટા ભાઈની પત્ની) માટે મૌત જેટલો ભયંકર છે તેનાથી પર્દો કરવો ખાસ જરૂરી છે અને સગો સસરો એ બાપ સમાન છે તે ગૈર મહરમ નથી માટે સગા સસરાથી પર્દો કરવો જરૂરી નથી. (જન્નતી ઝેવર)

સવાલ : ૪૧૨ એક ભાઈએ એક સ્ત્રીને મોઢેથી બહેન બનાવી છે તો હવે તે ભાઈ તે સ્ત્રીને જેને બહેન બનાવી છે તેણી સાથે નિકાહ કરી શકે કે નહિં ?

જવાબ : ૪૧૨ જો તેણી સાથે સગવગાઈ (સંબંધ) એવી ન હોય કે તે સ્ત્રી તેની મહરમ થતી હોય તો મોઢેથી બહેન બનાવવાથી તેણી તેની બહેન થઈ જતી નથી તેની સાથે બિલાશક નિકાહ જાઈઝ છે આ મઝમુનનો ખુલાસો શાનદાર રીતે કુરઆને પાકની સૂર-એ-અહઝાબમાં છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૧૩ એક ભાઈએ પોતાની પત્નીને ટપાલ મારફત તલાક લખીને મોકલી પણ તેની પત્નીએ તે ટપાલ સ્વીકારી નહીં

તો શું તે સ્ત્રીને તલાક થશે કે નહિં ?

જવાબ : ૪૧૩ જો પતિએ ટપાલ દ્વારા પોતાની પત્નીને તલાક લખીને મોકલી આપી તે જ વખતે તેની પત્નીને તલાક પડી જશે અગર તેની પત્ની ટપાલ સ્વીકારે કે પાછી મોકલી આપે તલાક થઈ જશે. (બહારે શરીઅત)

સવાલ : ૪૧૪ એક ભાઈએ નિકાહ વખતે પોતાની પત્નીને એક હજાર રૂપિયા મહેર આપવી તેવું નક્કી થયું પણ તેણે મહેરની રકમ રોકડી આપી નહિં. મહેરની રકમ તેણે ત્યાં સુધી તેની પત્નીને આપી નહિં કે પત્નીનો ઈન્તેકાલ થઈ ગયો તો હવે એ મહેરની રકમ કોને આપવી ?

જવાબ : ૪૧૪ આ મહેરની રકમ તે મરનાર પત્નીની મિલ્કત છે તેણીની માલિકીની બીજી મિલ્કત જો બાકી હોય તો તેની સાથે મિલાવીને તે તેના વારિસોને શરીઅતના નિયમો મુજબ વહેંચી દેવામાં આવે. (શીરાજી શરીફીયા)

સવાલ : ૪૧૫ જો કોઈ નાલાયક સસરો પોતાના સગા પુત્રની પત્ની સાથે ઝીના (વ્યભિચાર) કરે તો તે ઔરત તેના પુત્રના નિકાહમાંથી નીકળી જશે કે નહિં ?

જવાબ : ૪૧૫ હા, તે ઔરત તેના (સસરાના) પુત્રની નિકાહમાંથી નીકળી જશે તેના ઉપર હુરમતે મુસાહેરત લાગુ પડશે માટે હવે તે સ્ત્રી તેના પુત્રની નિકાહમાંથી નીકળી જશે. કારણ કે તે ઔરત તેના (પતિ) માટે હરામ થઈ ગઈ. (બહારે શરીઅત)

●●●

સવાલ : ૪૧૬ મુસલમાન મર્દને સોનાના બટન યા સોનાની વીંટી યા ચેઈન પહેરવી જાઈઝ છે કે નહિં ? મઝકુર ચીઝો પહેરીને નમાઝ પઢવી કેમ છે ?

જવાબ : ૪૧૬ મુસલમાન મર્દને સોના, ચાંદી કે બીજી ધાતુના ઝેવર પહેરવા હરામ છે. ફકત ચાંદીની તોલાની ૧/૩ (ત્રીજો ભાગ) વજનની પથ્થરના નંગવાળી વીંટી તેમજ સાંકળ વિનાના સોનાના બટનની રજા છે, બાકી મનાઈ છે તે પહેરીને નમાઝ પઢવાથી નમાઝ મકરૂહ થાય છે.

સવાલ : ૪૧૭ કહે છે કે ડોકટરોની દવાઓમાં દારૂનો ભાગ હોય છે તો શું ડોકટરોની દવા કે ઈન્જેકશન લેવું જોઈએ કે નહિં ?

જવાબ : ૪૧૭ ચોખ્ખો દારૂ તે દવામાં હોય અને તે દારૂ જ છે તેવી ખાત્રી ચોક્કસ થઈ જાય તો તેવો ઈન્જેકશન કે દવાથી ઈલાજ જાઈઝ નથી. બાકી કહેવત છે કે ડોકટરોની દવાઓમાં દારૂ છે. તે કહેવતને લક્ષમાં લેવાની જરૂર નથી, દવા લેવામાં કોઈ વાંધો નથી.

સવાલ : ૪૧૮ હન્ફી મઝહબમાં સસલું, ઝીંગા અને નાની નાની માછલીઓ ખાવી જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૪૧૮ ઝીંગા ખાવા મકરૂહ છે. બાકી સસલું, નાની મોટી માછલી (તાઝી કે સુકેલી) બિલાશુબા (નિશંકપણે) હલાલ અને જાઈઝ છે.

સવાલ : ૪૧૯ જે જાનવરો ખાવા હલાલ નથી જેવા કે

ઘોડો, ગધેડો વગેરે જાનવરોનું દૂધ દવા માટે વાપરવું જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૪૧૯ જો તબીબ હાઝીક મુસલમાન એવો અભિપ્રાય આપે કે ઘોડા અથવા ગધેડાની દૂધથી જ આ બિમારીનો ઈલાજ છે બીજો નથી. બિમારી વધતી જાય છે અને ખતરનાક હોય તો મજબુરી અને લાચારીથી દવા પુરતું વાપરવાની રજા છે. બાકી વગર તહકીકે તે દુધનું ટીપું પણ વાપરવું જાઈઝ નથી.

સવાલ : ૪૨૦ સીનેમા જોવી ગુનાહે કબીરા (મોટો) છે કે સગીરા ગુનોહ (નાનો) ? સીનેમા જોવાવાળા પાછળ નમાઝ પઢવી કેમ છે ?

જવાબ : ૪૨૦ સીનેમા જેમાં નાચ-ગાનં, વાજિંત્રો તથા અજનબી ઔરત બેપરદા નાચતી-ગાતી હોય, મર્દ ઔરત નાજાઈઝ હળવા મળવાનું પ્રેમ બતાવવામાં આવે છે તેવી સીનેમા ગુનાહે કબીરાનો માજુન છે જે કેટલાયે હરામ કામોથી એક થયો છે જે હરામ છે તેવી સીનેમા જોનાર પાછળ નમાઝ પઢવી મકરૂહે તહરીમી છે.

સવાલ : ૪૨૧ ઘણાં માણસો પાડો રાખે છે એટલા માટે કે તે ભેંસોથી સંભોગ કરે અને તેના પૈસા ભેંસના માલિક પાસેથી લેવા. આવી કમાઈના પૈસા લેવા જાઈઝ છે કે નહીં ?

જવાબ : ૪૨૧ મઝકુર સવાલ પ્રમાણે કોઈપણ સાંઢ જે માદા જાનવરો ઉપર કુદાવવા રાખેલ છે તેની કમાઈ મુસલમાને લેવી હલાલ નથી.

સવાલ : ૪૨૨ સોનાના દાંત મઢાવવા મરદ અને ઔરતને જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૪૨૨ સોનાના ઝેવર કે વાસણ મર્દને હરામ છે. બાકી દાંત મઢાવવા મરદ અને ઔરત બંને માટે મનાઈ નથી, જાઈઝ છે.

સવાલ : ૪૨૩ એક માણસને લોટરીનું ઈનામ મળ્યું અને એ પૈસાદાર (માલિકે નિસાબ) બની ગયો તો તેના ઉપર હજ્જ અને ઝકાત ફર્ઝ થઈ ગણાય કે નહીં ? એ લોટરીના પૈસાથી મસ્જિદ બનાવે કે વકફ કરી દે તો એ મસ્જિદમાં નમાઝ પઢવી જાઈઝ છે કે નહીં ?

જવાબ : ૪૨૩ લોટરી એ એક પ્રકારનો જુગાર છે શરીઅતે એને હરામ જાહેર કરી છે માટે એ રકમનો તુરત કોઈ ગરીબ, અનાથ, મોહતાજને સદકો કરી દે. આ હરામ દૌલતથી ઝકાત કે હજ્જ અદા નહીં થાય તેમજ તેનાથી મસ્જિદ બનાવવી કે વકફ કરવી જાઈઝ નથી. (બહારે શરીઅત)

સવાલ : ૪૨૪ કોઈ બાલિગ (મોટી ઉંમરનો) માણસ કોઈ ઔરતનું દુધ પી લે તો હુરમત સાબિત થશે કે નહિં ?

જવાબ : ૪૨૪ હુરમત લાગુ નહીં થાય. હુરમત લાગુ થવા માટે ઉપરના સવાલ અંગે ફુકહા-એ-કિરામ બાળકની ઉંમર ૨॥ (અઢી) વર્ષ એટલે કે ત્રીસ માસ સુધીની બતાવે છે. જો કોઈએ ૨॥ વર્ષની ઉંમરમાં કોઈ ઔરતનું દુધ પીધું તો હુરમત લાગુ થશે. એનાથી મોટી ઉંમરનો કે ગમે તેટલી ઉંમર મોટી હોય દુધ પીવાથી હુરમત સાબિત નહીં થાય. (બહારે શરીઅત)

સવાલ : ૪૨૫ કાઅબા શરીફ પર જે ગિલાફ લાગેલો છે તેને દર વર્ષે ઉતારીને નવો ગિલાફ ચઢાવવામાં આવે છે જે ગિલાફ હાજીઓને ભેટ આપવામાં આવે છે શું આ વાત ખરી છે ? આ

ગિલાફના ટુકડાને વુઝૂ વગર અડવું જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૪૨૫ મઝકુર હકીકત એમ છે કે ગિલાફના ટુકડા કરીને હાજીઓને પૈસાથી આપવામાં આવે છે એને અદબથી રાખવો ચુમવું જાઈઝ છે. અદબ એટલા માટે કે ગિલાફ એક વરસ સુધી ખાનએ ખુદા ઉપર રહી ચુકયો છે અને કરોડો, અબજો રહેમતો તેના ઉપર વરસી છે અને લાખો મલાઈકો, ફરિશ્તાઓએ એને સ્પર્શ કર્યો છે. કુરઆને શરીફની આયતો પણ તેના ઉપર લખેલી હોય છે. જો કુરઆનની આયતો તેનાં ઉપર લખેલી હોય તો વુઝૂ વગર તેને અડવું મનાઈ છે અને બેઅદબી છે. જો કુરઆનની આયતો ન હોય તો વુઝૂ વગર અડકી શકાય છે. બહેતર એ છે કે વુઝૂ કરીને અડવું અદબ છે. (વલ્લાહો અઅલમો બિસ્સવાબ)

સવાલ : ૪૨૬ નાના બાળકોને સોનાના દાગીના પહેરાવવા અથવા નાના બાળકના હાથમાં શોભા માટે મહેંદી લગાવવી જાઈઝ છે કે નહીં ?

જવાબ : ૪૨૬ નાના બાળકોને સોના, ચાંદીના દાગીના પહેરાવવા હરામ છે અને જેણે પહેરાવ્યા એ ગુન્હેગાર છે. ઈમામ માલિક રહમતુલાહ અલયહ કિતાબ મોઅત્તામાં ફરમાવે છે કે, બાળકોને સોનું પહેરાવવું અયોગ્ય જાણું છું. કારણ કે મને હદીસ પહોંચી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે સોનાની અંગુઠી પહેરવાથી મનાઈ ફરમાવી છે. તેથી મર્દો માટે એ બુરૂં છે. ભલેને નાની ઉંમરના હોય કે મોટી ઉંમરના.

એ જ પ્રમાણે નાના બાળકના હાથ કે પગમાં વગર કારણે મહેંદી લગાવવી નાજાઈઝ છે. ઔરત પોતાના હાથ પગમાં પોતે

લગાડી શકે છે પણ છોકરાને લગાડશે તો ગુન્હેગાર થશે. (બહારે શરીઅત, દુર્રે મુખતાર)

સવાલ : ૪૨૭ એક ભાઈ પાસે બકરો છે તે બકરાને કુરબાની માટે રાખેલ છે. મઝકુર બકરાને મઝકુર ભાઈની પત્નીએ મોહબ્બત અને શૌકથી પોતાનું દૂધ પીવડાવેલ છે. મઝકુર બકરાની કુરબાની થઈ શકે કે નહીં અને તેનું ગોશ્ત મઝકુર ભાઈ પોતે ખાઈ શકે કે નહીં ?

જવાબ : ૪૨૭ તે બકરાની કુરબાની જાઈઝ છે અને બકરાનું ગોશ્ત બધા ખાઈ શકે છે તે બાઈનો શૌહર પણ ખાઈ શકે છે.

સવાલ : ૪૨૮ અગર કોઈ મુસલમાન બિસ્મીલ્લાહ કહીને હલાલ જાનવરને બંદુક મારે અને તેનાથી જાનવર ઘાયલ થઈ મરી જાય તો તે જાનવર હલાલ ગણાશે કે નહીં ?

જવાબ : ૪૨૮ બંદુક, પથ્થર કે લાઠી વગેરે ધાર વગરની વસ્તુથી જાનવર મરી જાય અગર તે બિસ્મીલ્લાહ અલ્લાહો અકબર કહીને પણ ઘા થાય તો પણ તે જાનવર મુરદાર ગણાશે. બાકી જો ધારવાળુ ધાતુ હોય અને તેનાથી બિસ્મીલ્લાહ અલ્લાહો અકબર કહીને ઘા કરેલ હોય તો શીકારનો જાનવર હલાલ ગણાશે. (ફતાવા રઝવિયા, ભાગ-૧૦)

સવાલ : ૪૨૯ અગર કોઈ માણસ પોતાની પત્ની (સ્ત્રી)ને પાછળના ભાગમાં સંભોગ કરી બેસે તો તેની નિકાહ તુટી જશે કે કેમ ?

જવાબ : ૪૨૯ નિકાહ તો નહિં તૂટે પણ તે માણસ ગુન્હેગાર થશે માટે તેને તૌબા કરવી જરૂરી છે. હદીસ શરીફમાં તેવી રીતે કરવાની સખ્ત મનાઈ આવેલ છે. (મીરકાત શરહે મીશ્કાત)

સવાલ : ૪૩૦ ઘણી સ્ત્રીઓને માટી ખાવાની ટેવ હોય છે અને માટી ખાય છે એક મૌલ્વી સાહેબ કહે છે કે માટી ખાવી હરામ છે શું આ વાત સાચી છે. જો માટી ખાવી હરામ છે તો તેનું કારણ શું છે ?

જવાબ : ૪૩૦ માટી ખાવી હરામ છે. ખાસ દવાના કારણે જો માટી દવામાં ભેળવવામાં આવતી હોય તો તેની રજા છે. બાકી એમ જ માટી ખાવાની મનાઈ છે. તેનું હરામ હોવાનું કારણ એ છે કે ઈન્સાનની અસલ પૈદાઈશ માટીમાંથી થઈ છે. (ખલક હુમ મિન તુરાબ) અલ્લાહ તઆલાએ આદમ અલયહિસ્સલામને માટીમાંથી બનાવ્યા છે. **"મિન્હા ખલકના કુમ વ ફિહા નુઈદુકુમ વ મિન્હા નુખરિજુકુમ તા-રતન ઉખ્રા."** અર્થ : માટીમાંથી તમને કાઢયો અને માટીમાં જ પાછો ફેરશું અને ફરી બીજી વાર માટીમાંથી કાઢશું. જેથી માટી ખાવાની હરામ (હુરમત) કરવામાં આવી છે.

સવાલ : ૪૩૧ મુસલમાન અગર ફોટો પાડવાનો સ્ટુડિયો બનાવે તો તેની કમાઈ હલાલ ગણાશે કે કેમ ?

જવાબ : ૪૩૧ ફોટા અમૂક જરૂરી કારણોસર પડાવવાની રજા છે ફિકહાની કિતાબોમાં કૌલ છે કે (અલ ઝરૂરિયાતો મબીહુલ મહઝુરાતે) અર્થ : ઝરૂરત અમૂક મમનુઅ (મના) બાબતોને મુબાહ કરે છે. જેવું કે સફર માટે પાસપોર્ટનો ફોટો, બેંકમાં ખાતા વહેવાર માટે ફોટો, હજ્જ માટે ફોટો તો તેવા જરૂરી કારણોસર જરૂરતના કારણે ફોટા પડાવનારના ફોટા પાડવાની પણ મનાઈ નથી આવી પાબંદીથી જો સ્ટુડીયો ચલાવે તો જાઈઝ છે.

સવાલ : ૪૩૨ કહે છે કે દુલ્હાને જો સોનાનો હાર કે સોનાની

વીંટી નિકાહ વખતે પહેરેલ હોય તો નિકાહ થતી નથી. નિકાહ વખતે તે હાર કે વીંટી ઉતારી દેવા જોઈએ શું એ વાત ખરી છે ?

જવાબ : ૪૩૨ મુસલમાન મર્દને ફકત સાંકળ વિનાના સોનાના બટન સિવાય સોનાનો હાર, વીંટી, દાગીના પહેરવું હરામ છે અને જો મુસલમાન મર્દ પહેરશે તો ગુન્હેગાર થશે માટે મુસલમાન મર્દે તે પહેરવું જ ન જોઈએ. શરીઅતમાં મનાઈ છે. બાકી તેની નિકાહ થવામાં રૂકાવટ નહિં થાય નિકાહ થઈ જશે.

સવાલ : ૪૩૩ કોઈ મસ્જિદ, કોઈ દરગાહ કે કોઈ મદ્રેસા અથવા કોઈ મઝહબી સંસ્થાના લાભાર્થે રકમ ઉભી કરવા લોટરીની ટીકીટો કાઢીને પૈસા એકઠા કરવામાં અને ટીકીટો ખરીદવી તેમાં કંઈ વાંધો ખરો ?

જવાબ : ૪૩૩ જે લોટરીની રીત (રસમ) ચાલે છે તે હરામ છે બાકી કોઈ એવી જાહેરાત કરે કે મસ્જિદ, મદ્રેસા કે બીજી કોઈ મઝહબી સંસ્થા માટે લિલ્લાહ મદદ કરવામાં આવે તેને લિલ્લાહ રકમની પહોંચ આપવામાં આવે પછી જેટલાએ લિલ્લાહ મદદ કરી છે તેના નામો ઉપર કોઈ વસ્તુનો ડ્રો કરવામાં આવે જે નામથી વસ્તુ પડે તેને તે વસ્તુ બક્ષીશની રીતે આપવામાં આવે તો થઈ શકે છે. તેમ છતાં આવી રીતે કરવું તે પણ યોગ્ય તો નથી જ.

સવાલ : ૪૩૪ સરકસ જોવો કેમ છે તેને જોવાથી શરીઅતમાં રજા છે કે નહિં ?

જવાબ : ૪૩૪ જો સરકસમાં ફકત જાનવરો કે તેની કસરતો કે અજાયબીઓ કે મરદોની કસરતો જ હોય તો વાંધો નથી તે સિવાય તેમાં ઔરતો કે નાચગાન, વાજાગાજા હોય, જોવાવાળા

ફકત પુરૂષો જ ન હોય તો મનાઈ છે. સરકસમાં ફકત કુદરતી અજાયબીઓ તેમજ સનઅત જોવાના ઈરાદાથી રજા છે. પણ આજકાલ આવા સરકસો છે જ નહિં અને તે મુજબ થઈ શકતું નથી માટે શરીઅત તેની આમ (જાહેર) રજા આપતી નથી માટે મનાઈ છે. સરકસમાં આજકાલ શરીઅતના શરતોનું પાલન થઈ શકતું નથી માટે જોવાવાળા મુસલમાન ગુન્હેગાર થશે.

સવાલ : ૪૩૫ શરાબ મઝહબે ઈસ્લામમાં હરામ છે તે શરાબ કોઈ જાનવરને દવા પુરતું પીવડાવવું કેમ છે.

જવાબ : ૪૩૫ જો સખ્ત જરૂર જણાય અને તેના સિવાય બીજી કોઈ દવા થઈ શકતી જ નથી અને જો દવા નહિં થાય તો માણસની બિમારી ગંભીર બનશે અથવા મરી જશે તો દવા માટે મુસલમાન મર્દ ઔરતને પણ રજા છે. ઉપર જણાવેલ શરતોએ જાનવરના ઈલાજ માટે દવા પુરતું મનાઈ નથી.

સવાલ : ૪૩૬ પતિ-પત્ની સાથે બેસીને ખાતાં નથી કહે છે કે બંને ભેગા બેસીને ખાવું ગુનોહ છે શું એ વાત ખરી છે ?

જવાબ : ૪૩૬ પતિ-પત્ની સાથે બેસીને ખાઈ શકે છે તેમાં કોઈ ગુનોહ નથી. પરંતુ જો કુટુંબ મોટું હોય અને ઘરના બીજા માણસો બાપ, ભાઈ, દિકરા, દીકરીઓ વગેરેની હાજરીમાં બીજા અલગ બેસી ખાતા હોય અને પતિ-પત્ની બે જણાં ભેગા બેસીને ખાય તે અજુગતું (બેમુરર્વત) જણાશે. જેથી તેવી હાલતે ભેગા ખાવું યોગ્ય નથી.

●●●

મસ્જિદ અને કબ્રસ્તાનના મસાઈલ

સવાલ : ૪૩૭ ખુદા ન કરે અને કોઈ મસ્જિદ વેરાન થઈ જાય અને તેની ઈમારત પડી ગઈ તો હવે એ જગ્યાએ કબ્રસ્તાન કે મદ્રેસો બનાવી શકાય કે નહિં ?

જવાબ : ૪૩૭ નહિં બનાવી શકાય એ જગ્યા હંમેશા અબ્દલ આબાદ મસ્જિદ રહેશે બીજા કોઈ પણ કામમાં તેનો ઉપયોગ થઈ શકશે નહિં. (આલમગીરી)

સવાલ : ૪૩૮ વેરાન મસ્જિદ જગ્યા અને તેનો કાટમાળ વેંચીને બીજી જગ્યાએ મસ્જિદ બનાવી શકાય કે નહિં ?

જવાબ : ૪૩૮ મસ્જિદની જગ્યા કે તેનો કાટમાળ વેંચી બીજી જગ્યાએ મસ્જિદ બનાવવી જાઈઝ નથી પણ તે જ મસ્જિદ અને તે જ જગ્યાએ બનાવવી જોઈએ. (દુર્રે મુખ્તાર)

સવાલ : ૪૩૯ મસ્જિદની એ વસ્તુઓ જે કામમાં આવી શકે તેવી ન હોય અવથવા મસ્જિદ નવેસરથી બાંધવામાં આવે તો એની જુની પુરાણી વસ્તુઓનું શું કરવું જોઈએ ?

જવાબ : ૪૩૯ જો એ વસ્તુઓનો કોઈ વાકિફ (વકફ કરવાવાળા) હોય તો તેને આનો ઈખ્તેયાર આપવામાં આવે જેમ મુનાસીબ લાગે તેમ કરે જો તે મસ્જિદની આવક (આમદની)થી લેવામાં આવી હોય અને વાપરવા લાયક નથી અને પડી રહેવાથી ખરાબ થવાનો ભય હોય તો મઝકુર બધી વસ્તુઓ વેચી બધી રકમ એ જ મસ્જિદમાં જમા કરે. (દુર્રે મુખ્તાર, પેજ-૫૭૪)

સવાલ : ૪૪૦ મસ્જિદના અંદરના ભાગના કચરાનું શું કરવું જોઈએ ?

જવાબ : ૪૪૦ મસ્જિદના અંદરના કચરાને બેઅદબી થાય ત્યાં અને તેવી જગ્યાએ ફેંકવા ન જોઈએ.

સવાલ : ૪૪૧ મસ્જિદના ફળદાર (ફળના) ઝાડોના ફળોનો હક્કદાર કોણ છે.

જવાબ : ૪૪૧ મસ્જિદના ઝાડોની એ જ મસ્જિદ હક્કદાર છે એ ફળોને વેચીને તેની કિંમત એ જ મસ્જિદ માટે રહેશે. (દુર્રે મુખતાર, પેજ-૫૮૭)

સવાલ : ૪૪૨ મસ્જિદનો ઈમામ કે મદ્રેસાનો મુદર્રિસ જેને વકફ માલમાંથી પગાર આપવામાં આવે છે તેઓ જો બિમાર હોય અથવા તે પોતાના કામ માટે કયાંક જાય તો એ દિવસોનો તેનો પગાર કાપી શકાય કે નહિં ?

જવાબ : ૪૪૨ ઈમામ કે મુદર્રિસ કોઈ ઉઝરના કારણે કે ક્યાંક સખત જરૂરી કામ માટે જવાથી ગેરહાજર રહે તો તેનો પગાર કાપી શકાશે નહિં-જો તેવા શરતોથી નિમણૂક થઈ હોય.

સવાલ : ૪૪૩ ઈમામ અથવા મોઅઝ્ઝીન (અઝાન આપનાર) આગળથી બે માસનો પગાર સાથે લઈ લીધો (ઉપાડ લીધો) પછી અચાનક જો તેમનું મરણ થઈ ગયું તો તે અગાઉ આપેલ પગાર પાછો લઈ શકાય કે નહિં ?

જવાબ : ૪૪૩ મઝકુર સૂરતમાં તેનો બે માસનો અગાઉ લીધેલ પગાર તેના મરણને કારણે પાછો લઈ શકાય નહિં. (દુર્રે મુખતાર, પેજ-૫૮૪)

સવાલ : ૪૪૪ કબ્રસ્તાનમાં વરસાદ પડવાથી જે ઘાસચારો ઊગે છે તેની વેંચાણથી ઉપજેલ રકમ કયાં વાપરવી જોઈએ ?

જવાબ : ૪૪૪ કબ્રસ્તાનમાં વરસાદથી ઊગેલ ઘાસ અથવા પોતાની મેળે ઊગેલ ઝાડ હોય તેને વેચી તે જ કબ્રસ્તાન માટે ખર્ચ કરવો જોઈએ.

●●●

તારીખી (ઐતિહાસિક) મસાઈલ

સવાલ : ૪૪૫ આપણાં કચ્છમાં ઘણી જગ્યાએ વીસ-વીસ, પચ્ચીસ-પચ્ચીસ ફુટ લાંબી કબરો જોવામાં આવે છે અને લોકો કહે છે કે આ સહાબીઓની કબરો છે શું આ વાત સાચી છે ?

જવાબ : ૪૪૫ કચ્છમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કોઈ પણ સહાબી આવેલ નથી અને કોઈ મૈય્યત પણ દફન થયેલ નથી આ કહેવત છે કે સહાબીની કબર છે જે જહાલત છે. પણ કેટલીક વીસ-પચ્ચીસ ફુટ લાંબી કબરો અમૂક વિસ્તારના કબ્રસ્તાનોમાં જોવામાં આવે છે ત્યાં અગાઉના સમયમાં લડાઈ તેમજ પ્લેગ અથવા કોલેરાની બિમારીઓના કારણે એક સાથે ઘણાં માણસોના મૃત્યુ થવાને કારણે એક મોટી કબ્રમાં એક સાથે આઠ દસ મૈયતોને દફન કરી દેવામાં આવ્યા હશે, જેથી અમૂક કબરો લાંબી થઈ છે. (વલ્લાહો અઅલમો)

સવાલ : ૪૪૬ કહે છે કે હઝરતે કાસમ બિન હસન રદિયલ્લાહો અન્હોની શાદી કરબલાના જંગ વખતે કરબલામાં જ કરવામાં આવી હતી અને તે પણ હઝરત હુસૈન રદિયલ્લાહો અન્હોની દિકરી બીબી ફાતેમા કુબરા સાથે શું આ વાત સાચી છે કે નહિં ? મોઅતબર કિતાબોમાં શું તેનો ઉલ્લેખ છે ?

જવાબ : ૪૪૬ મોઅતબર કિતાબોથી જણાય છે કે ઈમામે કાસમ (રદિયલ્લાહો અન્હો)ની શાદી હઝરતે ઈમામે હુસૈન (રદિયલ્લાહો અન્હો)ની દિકરી બીબી સકીના અથવા ફાતેમા કુબરા સાથે કરબલાના મૈદાનમાં થઈ એ વાત ખોટી છે. કરબલામાં કોઈ નિકાહ કે શાદી થયેલ નથી.

સવાલ : ૪૪૭ હઝરતે ઈબ્રાહીમ અલયહિસ્સલામના બાપનું નામ આઝર હતું કે તારીખ અને તેઓ ઈમાન લાવ્યા હતા કે નહિં ?

જવાબ : ૪૪૭ હઝરતે ઈબ્રાહીમ અલયહિસ્સલામના બાપનું નામ તારીખ હતું એવી ઉલમાએ એહલે સુન્નતની તહકીક છે અને તેઓના બાપ હઝરતે ઈબ્રાહીમ અલયહિસ્સલામનું બચપણ હતું તે વખતે ગુજરી ગયેલા જે મોવહીદ (એક અલ્લાહમાં માનનારા) હતા મુશ્રીક ન હતા. આઝર હઝરતે ઈબ્રાહીમ અલયહિસ્સલામના કાકા હતા.

સવાલ : ૪૪૮ હઝરતે મોહમ્મદ હનીફ રદિયલ્લાહો અન્હો હઝરતે ઈમામે હુસૈનના ભાઈ થાય કે નહિં તેઓ કરબલાના જંગ વખતે કયાં રહેતા હતા અને તેમની ઉંમર ત્યારે કેટલી હતી ?

જવાબ : ૪૪૮ હઝરતે મોહમ્મદ હનીફ રદિયલ્લાહો અન્હો હઝરતે અલી રદિયલ્લાહો અન્હોના ફરઝંદ છે. હઝરતે ઈમામે હુસૈન રદિયલ્લાહો અન્હોના ઔરમાન ભાઈ થાય. કરબલાના જંગ વખતે તેઓ મક્કા શરીફમાં હતા. તે વખતે તેમની ઉંમર ૩૨ વર્ષની હતી.

સવાલ : ૪૪૯ હઝરત ઈદ્રીસ અલયહિસ્સલામની રૂહ હઝરતે ઈઝરાઈલ અલયહિસ્સલામે ખુદાની રજા સિવાય કબ્ઝ કરી હતી અને પછી તેઓ જન્નતની સહેલ કરવા ગયા અને પછી જન્નતથી બહાર આવ્યા નહીં આ વાત કેટલી હદે સાચી છે.

જવાબ : ૪૪૯ હઝરતે ઈદ્રીસ અલયહિસ્સલામની રૂહ હઝરતે ઈઝરાઈલ અલયહિસ્સલામે તેમના કહેવા પર અને

ખુદાની રજામંદીથી કબ્ઝ કરી હતી અને પછી જ્યારે બીજીવાર રૂહ નાખવામાં આવી અને જીવતા થયા અને પછી દોઝખની સેર કરી અને જોયું. પછી તેઓ જન્નતની સેર કરવા માટે ગયા અને ખુદાવંદ કરીમની મરજી અને ઈજાઝતથી જન્નતમાં ઝિન્દા મુકીમ (સ્થાયી) થઈ ગયા. (તફસીરે મવાહીબ, સૂરએ-મરીયમ, કસસુલ અંબિયા-અરબી)

સવાલ : ૪૫૦ એ વાત મશહૂર છે કે ઈમામે હુસૈન રદિયલ્લાહો અન્હોની શહાદત બાદ તેમના ભાઈ મોહમ્મદ હનીફે કસમ ખાઈ મોટી લડાઈ કરી વિજય મેળવ્યો ત્યાર બાદ તેઓ એક ગુફામાં ચાલ્યા ગયા અને તેઓ આજ સુધી હયાત છે એ હકીકત સાચી છે કે નહિં ?

જવાબ : ૪૫૦ એ વાત ઉપરથી મોહંમદ હનીફનું જંગનામું લખવામાં આવ્યું છે તેને ઉલમાએ એહલે સુન્નત વલ જમાઅત ગલત બતાવે છે પ્રસિદ્ધ ઈતિહાસ દ્વારા માલુમ પડે છે કે હઝરત મોહમ્મદ હનીફ રદિયલ્લાહો અન્હોએ ઈમામ હુસૈનના બદલા માટે યુદ્ધ કર્યું નથી પણ આપે મદીના મુનવ્વરામાં જીવન પસાર કરીને અવસાન પામ્યા અને મદીના મુનવ્વરાના મશહૂર કબ્રસ્તાનમાં દફન થયા છે અને આપની મઝાર શરીફ પણ ત્યાં છે (સીરતે ઈમામ હુસેન, શહીદે આઝમ, ઝિબ્હે અઝીમ, કરબલા કે બાદ)

સવાલ : ૪૫૧ એમ કહેવાય છે કે, હઝરતે બીબી ફાતેમા રદિયલ્લાહો અન્હાની રૂહ કબ્ઝ કરવા માટે જ્યારે મલકુલમૌત આવ્યા તે પહેલાં જ આપની રૂહ નીકળી ચુકી હતી આ વાત

સાચી છે કે કેમ ?

જવાબ : ૪૫૧ આ વાત જાહીલોની બકવાસ છે. એહલે સુન્નત વલ્જમાઅતના અકીદા પ્રમાણે એ વાત વિશ્વાસપાત્ર નથી. જો કે હઝરત તૈયબહ વ તાહેરા ખાતૂને જન્નત હઝરત ફાતમતુઝ ઝહરા રદિયલ્લાહો અન્હાએ પોતાના ઈન્તેકાલથી પહેલાં રમઝાનની બીજી તારીખે આખેરતની સફરની તૈયારીમાં ઘરના જરૂરી કામ પુરા કરી દીધા હતા. હઝરત અલી કર્રમલ્લાહો વજહુને વિદાયના શબ્દો પણ કહી દીધા હતા. નમાઝે ઈશા બાદ બધી તૈયારીઓ કરી ચુકયા હતા. કારણ કે ખ્વાબમાં હઝરત રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાની મુલાકાતની બશારત આપી દીધી હતી તેમ છતાં તેમની રૂહ મુબારક મલકુલ મૌતે જ કબ્ઝ કરી હતી. (અજાયબુલ કસસ તાહેરા ઈસના અશરીયા)

સવાલ : ૪૫૨ હઝરત લુકમાન અલયહિસ્સલામની રૂહ જ્યારે કબ્ઝ કરવાનો હુકમ થયો. તો લુકમાને ઘણી સુરતો બનાવડાવી હતી અને મલકુલ મૌતને ભુલા પાડી દીધા હતા શું એ વાત ખરી છે ?

જવાબ : ૪૫૨ કેટલીક કિતાબોમાં આ મનઘડત કિસ્સો લખેલો છે પણ એ ખરો નથી. વિશ્વાસપાત્ર રિવાયત અથવા કોઈ તફસીર અથવા હદીસની કિતાબોથી એની કોઈ સાબિતી મળતી નથી. (વલ્લાહો આલમ બિસ્સવાબ)

સવાલ : ૪૫૩ કહેવાય છે કે લાલ કાફીર છે જેને હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ તલવાર મારી છે તે ઘાયલ થયો પછી તે મર્યો નહીં અને તે હજી પણ જીવે છે અને કયામત સુધી

જીવતો રહેશે અને આજે પણ બુમો પાડે છે શું એવાત સાચી છે ? જો આ વાત સાચી હોય તો કઈ કિતાબમાં છે.

જવાબ : ૪૫૩ લાલ કાફીરની વાત પાયા વગરની બલ્કે ખોટી છે અને બનાવટી છે. ઈતિહાસ અથવા સીરતની કિતાબો અથવા બીજે એની કોઈ સાબિતી નથી. (વલ્લાહો આલમો)

સવાલ : ૪૫૪ કેટલીક કિતાબોમાં એવું લખેલ હોય છે કે હઝરતે ઈમામે હસન બીન અલી રદિયલ્લાહો અન્હોને ઝહેર આપનાર તેમની જ બીવી જોઅદા છે. શું આ હકીકત સાચી છે કે કેમ ?

જવાબ : ૪૫૪ કેટલીક કિતાબોમાં તમારા સવાલમાં જે હકીકત લખેલ છે તે મુજબ લખેલું છે. પણ, ઉલમા-એ-એહલે સુન્નતની તેહકીક એ છે કે બીવી જોઅદા પર હઝરતે ઈમામ હસનને ઝહેર આપવાનો ઈલ્ઝામ છે તે ખારજીઓનો છે મોઅતબર સનંદથી સાબિત નથી. હઝરતે ઈમામ હુસૈનને છેવટ સુધી ખબર પડી નહીં કે ઈમામે હસનને ઝહેર આપનાર કોણ છે. ઉપરાંત બીબી જોઅદાને કતલની કે અન્ય કોઈ સજા પણ થઈ નહિં જેથી મઝકુર બીના ગલત છે. (સવાનેહ કરબલા)

સવાલ : ૪૫૫ આ વાત મશહૂર રીતે સાંભળવામાં આવે છે કે હઝરતે અલી રદિયલ્લાહો અન્હોની વફાત થઈ અને આપના જનાઝાને ઊંટ ઉપર રાખી રવાના કરી દેવામાં આવ્યું અને એથી આપના કબર શરીફ બનાવવામાં આવેલ નથી શું આ વાત સાચી છે કે કેમ ?

જવાબ : ૪૫૫ મઝકુર વાત બીલકુલ ખોટી, બનાવટી તેમજ ઉપજાવી કાઢેલ છે. એહલે સુન્નત વ જમાઅત આ વાતને

હરગીઝ માન્ય રાખતા નથી. હઝરતે અલી રદિયલ્લાહો અન્હોની કબર મુબારક કુફાની પાસે નજફ શરીફમાં છે જે મશહૂર ઝિયારતે ગાહે ખલાઈક છે. (સીરતે સહાબા)

સવાલ : ૪૫૬ કહે છે કે હઝરતે ફાતેમા ઝોહરા રદિયલ્લાહો અન્હાની કબર શરીફ કયાં છે તેની ખબર આજ દિન સુધી કોઈને નથી કારણ કે તેઓએ હઝરતે અલી રદિયલ્લાહો અન્હોને ભલામણ કરેલ છે કે મારી કબરનું નિશાન કોઈને આપશો નહિં શું આ વાત ખરી છે કે કેમ ?

જવાબ : ૪૫૬ ખાતુને જન્નત હઝરત ફાતેમા રદિયલ્લાહો અન્હાની કબર શરીફ મશહૂર કબ્રસ્તાન જન્નતુલ બકીઅ મદીના મુનવ્વરામાં મૌજૂદ અને મશહૂર છે. નજદી હકુમત પહેલાં તો આ કબ્ર મુબારક ઉપર એક રોઝો અને એક ગુમ્બદ હતો માટે હઝરત અલી રદિયલ્લાહો અન્હોને ભલામણ કરેલ કે મારી કબરની કોઈને જાણ ન થાય એ વાત તદ્દન ખોટી છે. કબર મુબારક આજે પણ મૌજુદ અને રોશન છે.

સવાલ : ૪૫૭ હઝરતે ઈમામે હુસૈન રદિયલ્લાહો અન્હોનું સર મુબારક કયાં દફન થયેલ છે ?

જવાબ : ૪૫૭ કેટલીક કિતાબોમાં એવું પણ લખેલ છે કે, કરબલાની ભૂમિ ઉપર હઝરતે ઈમામે હુસૈન રદિયલ્લાહો અન્હોના જિસ્મ મુબારક સાથે દફન કરેલ છે. પાછળથી બનુ અબ્બાસની સલ્તનતમાં ત્યાંથી સર મુબારક પાછો કાઢી મિસરમાં દફન કરવામાં આવ્યો અને બહારે શરીઅતના છઠ્ઠા ભાગમાં જે હજ્જના અહકામ બયાન થયેલ છે તેમાં જન્નતુલ બકીઅની ઝિયારતોના જે લીસ્ટ છે તેમાં જણાવવામાં આવે છે કે જન્નતુલ

બકીઅમાં હઝરતે માં ફાતિમા ઝોહરા રદિયલ્લાહો અન્હાની કબર મુબારક મઝાર પાસે સર મુબારકની ઝિયારત છે જેથી જણાય છે કે આખરે સર મુબારક જન્નતુલ બકીઅમાં દફન થયેલ છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૫૮ હઝરતે ઈસ્માઈલ અલયહિસ્સલામનો જન્મ કયાં થયેલ છે ?

જવાબ : ૪૫૮ હઝરતે ઈસ્માઈલ અલયહિસ્સલામનો જન્મ મુબારક મુલ્કે શામમાં થયેલ હતો. લગભગ દૂધ પીતા હતા તેવી ઉંમરે હઝરતે ઈબ્રાહીમ અલયહિસ્સલામને ખુદા પાકનો હુકમ થયો કે માં અને દિકરા બંનેને જંગલમાં મુકી આવો તે મુજબ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે અમલ કર્યો અને માં અને દીકરા બંનેને જંગલમાં મુકી આવ્યા. (તફસીરે મવાહીબ)

સવાલ : ૪૫૯ કહે છે કે હઝરતે મઆવીયા રદિયલ્લાહો અન્હોને ગુપ્ત અંગ (ભાગ)માં વીંછીએ ડંખ માર્યો અને ઝહેર ઉતરતું ન હતું એટલે કોઈ હકીમોએ સલાહ આપી કે તમો નિકાહ કરી લ્યો. એટલે આપે સાઈઠ વરસની એક કનીઝ સ્ત્રી સાથે નિકાહ કરી અને તેણી સાથે સંભોગ કર્યો અને ઝહેર ઉતરી ગયું અને સંભોગથી હમલ રહ્યો તે પુત્ર યઝીદ પૈદા થયો. આ હકીકત કેટલી સાચી છે ?

જવાબ : ૪૫૯ આ વાત બીલકુલ બેહુદા અને પાયા વિનાની અને ખુરાફત છે જે લોકોએ બનાવી મુકી છે અને લખી માર્યું છે. માટે ઉપર મઝકુર પુછેલ હકીકત તદ્દત ગલત, મનઘડત અને બનાવટી છે.

● ● ●

સવાલ : ૪૬૦ કુરબાની તથા અકીકાનું ગોશ્ત (માંસ) કાચું અથવા રાંધેલું ગૈર મુસ્લિમોને આપી શકાય કે નહિં ?

જવાબ : ૪૬૦ કુરબાનીનું ગોશ્ત (માંસ) રાંધેલું કે કાચું ગૈર મુસ્લિમોને આપવું જાઈઝ નથી અને પોતાના હિસ્સાના ગોશ્તમાંથી ખવડાવે તો ઈજાઝત છે અકીકાનું ગોશ્ત ગૈર મુસ્લિમોને આપવામાં વાંધો નથી છતાં પણ ન આપવું બહેતર છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૬૧ કુરબાનીના જાનવરને ઝબહ કરતી વખતે અને બાદમાં જે દુઆ પઢવામાં આવે છે તે દુઆ અગર કોઈ ન પઢે અને ફકત "**બિસ્મિલ્લાહ-અલ્લાહો અકબર**" કહીને જાનવરને ઝબહ કરી નાખે તો કુરબાની થઈ જશે કે નહિં શરીઅતનો ફેંસલો શું છે ?

જવાબ : ૪૬૧ કુરબાનીના જાનવરને ઝબહ કરતી વખતે જે દુઆ પઢવામાં આવે છે તે સુન્નત છે. પઢવું અફઝલ છે અને બાઈસે સવાબ (સવાબનું કાર્ય) છે. પણ જો કોઈ આ દુઆ ન પઢે અને ફકત "**બિસ્મિલ્લાહ-અલ્લાહો અકબર**" કહી ઝબહ કરે અને તેની નિય્યત તે વિશે કુરબાનીની નિય્યત અને કુરબાનીના દિવસોમાં હશે તો બેશક કુરબાની અદા થઈ જશે. (બહારે શરીઅત)

સવાલ : ૪૬૨ કુરબાનીના જાનવરોમાં બકરાની ઉંમર બાર મહિનાની હોવી જોઈએ પણ બકરો કદાવર અને તાજો-મોટો હોય અને તેની ઉંમર અગિયાર મહિનાની હોય તો તેની કુરબાની થઈ

શકે કે નહિં ?

જવાબ : ૪૬૨ કુરબાની માટે બકરાની ઉંમર શરીઅતે બાર મહિનાની ઓછામાં ઓછી નક્કી કરેલ છે જો તેમાં ચાર-છ દિવસ ઓછી હશે તો તે બકરો નર અથવા માદા કુરબાની માટે કામ આવશે નહિં. ઘેટો નર અથવા માદા જો સારો કદાવર અને બીજા બાર માસના ઘેટાની બરાબરીમાં જોવામાં આવે તેવો છ માસનો કુરબાનીમાં કામ આવશે. તેવો શરીઅતનો કાનૂન નક્કી કરેલ છે. હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે છ માસનો ઘેટો ઉપર મુજબ હોય તો કુરબાનીમાં ઈજાઝત આપી છે. (અબુ દાઉદ-બહારે શરીઅત)

સવાલ : ૪૬૩ ઘણા ગામમાં કુરબાનીના જાનવરનું ચામડું (ખાલ) ત્યાંની મસ્જીદના પેશ ઈમામ સાહેબને આપવામાં આવે છે તો શું ખાલ પેશ ઈમામ સાહેબને આ રીતે આપવું જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૪૬૩ જો મસ્જિદના ઈમામ ગરીબ અને હાજતમંદ હોય અને ઈમામતનો બદલો કે જમાઅતનું કામ કરવાના બદલાં તરીકે તે ખાલો ઠેરાવેલી ન હોય તો બિલાશક (નિશંક) આપી શકાય છે. અમૂક ગામોમાં જમાઅતવાળા ઈમામને એવી શરતોથી રાખે છે કે તમો અમારી મસ્જિદ અને જમાઅતનું કામ કરો, જમાઅત તરફથી તમને આવક તરીકે ફલાણી આવકો આપવામાં આવશે અને તેમાં ઠેરવે છે કે કુરબાનીના જાનવરોની ખાલ તથા મુંડીઓ આપશું તો તે જાઈઝ નથી. (બહારે શરીઅત)

સવાલ : ૪૬૪ જાનવરને ઝબહ કરતી વખતે બિસ્મીલ્લાહ અલ્લાહો અકબર કહેતા ભુલાઈ ગયું અને જાનવરને ઝબહ કરી નાખવામાં આવ્યું તો જાનવર હલાલ ગણાશે કે નહિં ?

જવાબ : ૪૬૪ અગર ભૂલથી "**બિસ્મીલ્લાહ અલ્લાહો અકબર**" કહ્યું નહિં અને જાનવર ઝબહ કરી નાખ્યું તો જાનવર હલાલ થશે પણ જો ઈરાદાપૂર્વક "**બિસ્મીલ્લાહ અલ્લાહો અકબર**" કહ્યું નહિં તો જાનવર હરામ થશે. (બહારે શરીઅત)

સવાલ : ૪૬૫ કુરઆને મજીદની શરૂઆત તો સૂરએ-અલકથી થઈ તો પછી કુરઆન મજીદની ગોઠવણી અત્યારે છે તે કેમ કરવામાં આવી ?

જવાબ : ૪૬૫ કુરઆને શરીફનો નુઝૂલ (ઉતરવાની) જ્યારે જ્યારે જે બીના થતી અને જેવી રીતેની જરૂરત જણાતી તે મુજબ થયો છે. કુરઆને પાક લોહે મહફુઝમાં અગાઉથી જ અલ્લાહ પાકે એવી જ રીતે ગોઠવેલ છે જેવી રીતે હમણાં કુરઆને મજીદની ગોઠવણ છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૬૬ અગર કોઈ ગૈર મુસ્લિમ અથવા બાદશાહ મસ્જિદ બનાવી મુસલમાનોને વકફ કરી દે તો મઝકુર મસ્જિદ ગણાશે કે નહિં ? અને તે મસ્જિદમાં નમાઝ પઢવી જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૪૬૬ મસ્જિદ બનાવવામાં માલ પૈસો મુસલમાનોનો જ જોઈએ. ગૈર મુસ્લિમનો જાઈઝ નથી અને ગૈર મુસ્લિમે બનાવેલી કે બનાવી આપેલ મસ્જિદ, મસ્જિદ ગણાશે નહિં. જો બાદશાહ પોતાની પ્રજાને મસ્જિદ બનાવી આપે તો

મુસ્લિમ પ્રજાને મસ્જિદ બનાવવાનો અધિકાર મલ્યો ગણાશે તેથી તે મસ્જિદ મસ્જિદના હુકમમાં ગણાશે.

સવાલ : ૪૬૭ દરેક વલી અલ્લાહની મઝારો ઉપર વધારે પ્રમાણમાં નાળિયેરનો ન્યાઝ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તો શું બીજી ચીજો કરતા નાળિયેર વધારે ઉમદા હશે કે શું ?

જવાબ : ૪૬૭ નાળિયેરનો ઉપયોગ મઝકુર હાલતમાં મઝહબી રિવાજ નથી મુલ્કી રિવાજ છે. અમારા મુલ્કની બીજી કોમો પોતાના થાનકો ઉપર નાળિયેરનો જ ઉપયોગ કરે છે જેને જોઈને મુસલમાનો કરવા લાગ્યા, નહીં તો જે ચીજથી ગરીબોને વધુ નફો પહોંચે તેની ન્યાઝ વહેંચવી સવાબનું કાર્ય છે.

સવાલ : ૪૬૮ અગર કોઈ નાના બાળકની લાશ મળી, ચોક્કસ નથી કે મઝકુર બાળક કોનું હશે, તો શું મઝકુર લાશને ગુસ્લ કે કફન કે તેના જનાઝાની નમાઝ પઢવી પડશે કે કેમ ?

જવાબ : ૪૬૮ જો કોઈ પણ તદબીરો (પ્રયત્નો)થી જણાઈ શકાય નહીં તો બાળકની લાશને કફન, દફન, નમાઝે જનાઝા, શરઈ વિધી બધી કરવી પડશે.

સવાલ : ૪૬૯ પતિ પોતાની પત્નીનું અને પત્ની પોતાના પતિનું નામ લઈને બોલાવતા નથી, શું એક બીજાને નામથી બોલાવવું ગુન્હો છે ?

જવાબ : ૪૬૯ નામ લેવામાં કોઈ ગુન્હો કે હરજ નથી, પણ જો પત્ની અદબના કારણે પતિનું નામ નહીં લે અને સારા લકબથી સંબોધે યા બોલાવે તો અદબ ગણાશે.

સવાલ : ૪૭૦ એક મુસલમાન ગાવા વગાડવાનો ધંધો

કરે છે, તેઓ કહે છે કે મારો પ્રોગ્રામ રાખો અને મારા એ પ્રોગ્રામમાં જે પૈસા થાય તે હું મસ્જિદ અને મદ્રેસામાં આપી દઈશ તો શું આવી રીતે મસ્જિદ કે મદ્રેસામાં પૈસા લેવામાં વાંધો ખરો ?

જવાબ : ૪૭૦ શરીઅતમાં વાજિંત્રો વગાડીને ગાવું એ હરામ અને નાજાઈઝ છે તો વાજિંત્રો વગાડીને ગાનારને જે પૈસા મળશે તે હરામ ગણાશે જેથી તેની તે ખુલ્લી હરામ કમાઈના પૈસા મદ્રેસા, મસ્જિદમાં જાઈઝ નથી. (દુર્રે મુખતાર, આલમગીરી)

સવાલ : ૪૭૧ એક માણસ મુસલમાન છે પણ તેની સુન્નત (ખત્નાહ) થયેલ નથી. મઝકુર માણસ પાછળ નમાઝ જાઈઝ છે કે નહિં ? તેની ઉંમર મોટી થઈ ગઈ છે.

જવાબ : ૪૭૧ જો તેની ખત્નાહ કોઈ મજબુરીના કારણે થઈ નથી પણ તે મુસલમાન છે અને તે ખત્નાહના સુન્નત રિવાજને માને છે તો તેની પાછળ બિલા કરાહત નમાઝ પઢવી જાઈઝ છે ?

સવાલ : ૪૭૨ હમણાં આ વાત ઘણી મશહૂર થઈ ગઈ છે કે માણસો રોકેટ લઈને ચંદ્ર ઉપર ગયા હતા અને ત્યાં પહોંચી પણ ગયા હતા. આ વાતનો ઉલ્લેખ કુરઆન અને હદીસમાં મળી શકે છે કે નહીં ? અને ચંદ્ર પહેલા આસમાનથી ઉપર છે કે નીચે ? ઈન્સાન ચંદ્ર ઉપર પહોંચી શકે ખરો ?

જવાબ : ૪૭૨ કુરઆને પાક અને હદીસ શરીફમાં મઝકુર બીનાનો રદ કર્યાં પણ નથી કે ચંદ્ર ઉપર કોઈ નહીં જ પહોંચે બલ્કે કુરઆને મજીદ અને અમુક આયતોથી ચંદ્ર ઉપર પહોંચવાને સમર્થન મળે છે-પોંચવું શકય છે અને સરવરે કાએનાત

સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તો ચંદ્રથી ઉપર ઘણાં ઊંચે અર્શે આઝમ ઉપરે પહોંચી ગયા. યાને મેઅરાજની રાતે તો એ હઝરતે ઈન્સાનનો ચંદ્રથી પણ આગળ પહોંચવાનો સબુત છે અને ચંદ્ર પહેલા આસમાનમાં જડેલો નથી. બલ્કે પહેલા આસમાનથી નીચે છે.

સવાલ : ૪૭૩ કહે છે કે ઘણાં માણસો જે પઢેલા હોય છે તે હાજરાતનો અમલ કરે છે તેમાં જોઈ શકાય છે. આ વાત સાચી હશે કે કેમ ?

જવાબ : ૪૭૩ હાજરાતનો અમલ ખરેખર જાણનાર બહુ જ ઓછા અને હજારોમાં એક મુશ્કીલથી જોવામાં આવે. જો પુરો આમીલ અને પાબંદીવાળો હોય તો હાજરાતમાં જોવામાં આવે તેવું અમલીયાતની કિતાબોમાં લખેલો હોય છે.

સવાલ : ૪૭૪ જો કોઈ સ્ત્રી મરી ગઈ અને તેના પેટમાં જીવતું બાળક હોય તો શું કરવું જોઈએ ?

જવાબ : ૪૭૪ જો તાત્કાલીક ઓપરેશનથી કામ્યાબ રીતે જીવતું બાળક કાઢી શકાય અને શકય હોય તો પેટનું ઓપરેશન કરી જીવતું બાળક કાઢી લેવું જોઈએ.

સવાલ : ૪૭૫ શું ઉત્તર દિશા તરફ પેશાબ કરવું અથવા પગ લાંબા કરવાની મનાઈ છે કે કેમ ?

જવાબ : ૪૭૫ શરીઅતમાં કિબ્લાહ તરફ મોઢું કે પીઠ કરી પેશાબ કે પાયખાના માટે બેસવાની મનાઈ છે તેમજ કિબલાહ તરફ પગ લાંબા કરવા કે થુંક ફેંકવી બેઅદબી છે તે સિવાય અન્ય દિશા માટે શરીઅતમાં રૂકાવટ નથી.

સવાલ : ૪૭૬ સ્ત્રીઓ પોત પોતામાં સલામ-મુસાફહ, મુઆનેકો કરી શકે કે નહીં ?

જવાબ : ૪૭૬ હા, બેશક, સ્ત્રીઓ પોતપોતામાં સલામ વ મુસાફહ (હાથ મિલાવવું) કરી શકે છે, મુઆનેકો (ગળે મળવું) કરી શકે છે, બલ્કે સુન્નત છે.

સવાલ : ૪૭૭ એક સ્ત્રી બીમાર હતી તેને એક ભાઈ (માણસ) એ લોહી આપ્યું. એ માણસ મઝકુર ઔરતની દિકરી અથવા તેની માં કે બહેન તેમજ મઝકુર સ્ત્રી સાથે નિકાહ કરી શકે કે નહીં ? ખૂન (લોહી) આપવું કે લેવું જાઇ છે કે નહીં ?

જવાબ : ૪૭૭ સખ્ત જરૂરત વખતે રઝામંદીથી લોહી આપવું જાઇઝ છે મનાઈ નથી. જેના શરીરમાં લોહી ગયું તે લોહીના કારણે હુરમત થઈ જતી નથી. બિલાશક જેનું લોહી ગયું તેની સાથે અને જેણે લોહી લીધું તેની સાથે નિકાહ જાઈઝ છે. (અગર શરીઅતે હરામ ઠેરવેલ કોઈ રિશ્તો થતો હોય તો.)

સવાલ : ૪૭૮ એક ભાઈ કહે છે કે જોડા પહેરીને ખુલ્લા માથે જો ફાતેહા પઢો તો મઝકુર ફાતેહાનો સવાબ પહોંચશે નહીં શું ખુલ્લે માથે કે જોડા પહેરીને ફાતેહા પઢવાની મનાઈ છે ?

જવાબ : ૪૭૮ ફાતેહા પઢવા માટે માથું ઢાંકવું અને પગ ખુલ્લા રાખવા કોઈ રૂકન કે શરત નથી, જો કોઈ કારણસર માથું ખુલ્લું રહે અને જોડા પહેરેલા હોય તો પણ ફાતેહા પઢી શકાય છે અને ફાતેહાનો સવાબ બરાબર પહોંચે છે, પણ વગર કારણે જોડા પહેરી, ખુલ્લે માથે દુઆ માંગવી કે ફાતેહા પઢવી જરૂર બેઅદબી ગણાશે.

સવાલ : ૪૭૯ શું નિકાહનો ખુત્બો ઊભા રહીને પઢવો જોઈએ, અગર બેસીને પઢાય તો નિકાહ કે ખુત્બો અદા થશે કે નહીં ?

જવાબ : ૪૭૯ હર ખુત્બો ઊભા રહીને પઢવું સુન્નત છે તો નિકાહનો ખુત્બો પણ ઊભા રહીને પઢવું સુન્નત છે. જો કોઈ બેસીને પઢશે તો નિકાહ અને ખુત્બો અદા થઈ જશે. પણ ખુત્બાની સુન્નત તરક કરવાનો ગુનાહ નિકાહ પઢનારને થશે.

સવાલ : ૪૮૦ મસ્જિદ અથવા મદ્રસામાં કુરઆન શરીફ અને બીજી કિતાબો હોય તો મસ્જિદ અથવા મદ્રેસાની છત ઉપર ચઢવું બેઅદબી ગણાશે કે નહીં ?

જવાબ : ૪૮૦ નીચે કુરઆન શરીફ હોય તો ઉપરની છત ઉપર અદબનું કારણ રહેતું નથી. નીચે કુરઆને શરીફ હોવાથી બેઅદબી ત્યારે ગણાશે કે એક જ રૂમ કે એક જ જગ્યા હોય અને આંખો સામે કુરઆન મજીદ નીચે થતો હોય. જો છત કે દિવાલનો પરદો (આડ) આડે આવી જાય તો હુકમ બદલી જશે.

સવાલ : ૪૮૧ ઔરત પોતાના મુરશીદના હાથને ચુંબન કરી શકે કે નહીં ?

જવાબ : ૪૮૧ અજનબી ઔરતે મુરશીદના હાથને ચુંબન કરવું કે હાથમાં હાથ મિલાવવું દુરૂસ્ત નથી. મુરશીદ અને મુરીદાની બંને માટે ફિત્નાનો એક સામાન છે માટે એથી બચવું જોઈએ.

સવાલ : ૪૮૨ માલધારી લોકો કહે છે કે ગાય દૂધ ન આપતી હોય તો તેની પેશાબની જગ્યા ઉપર મોઢું રાખી ફૂંક મારવાથી ગાય વધુ દૂધ આપે છે આવી ગાયનું દૂધ દોહવું કેમ છે

અને મઝકુર દૂધ પીવું જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૪૮૨ જો દૂધ આપવાનું આ જ સરળ અને સફળ ઈલાજ હોય તો જાઈઝ છે એવું દૂધ પણ જાઈઝ છે.

સવાલ : ૪૮૩ હદીસ શરીફમાં આવ્યું છે કે મસ્જિદની અંદર સવાલ કરવું નહીં તો કોઈ મસ્જિદ કે મદ્રેસાના ચંદા માટે કોઈ સવાલ થઈ શકે કે નહીં ?

જવાબ : ૪૮૩ મસ્જિદમાં પોતાની જાત (પોતાના) માટે સવાલ કરવાની મનાઈ છે. બાકી બીજાના માટે સિફારીશ કરવી જાઈઝ છે. મસ્જિદ કે મદ્રસા માટે ચંદાની માગણી, સવાલ કરવું સિફારીશ છે.

સવાલ : ૪૮૩ મસ્જિદમાં જે ઝાડ છે તેમાંથી દાંતણ તોડવું અથવા એ ઝાડનું સુકું લાકડું બાળવું અથવા જે અસા (લાકડી) મસ્જિદમાં હોય છે તેને બાળવી જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૪૮૩ મસ્જિદમાં જો ફળદાર ઝાડ હોય અને તેમાંથી દાંતણ તોડવાથી ઝાડને નુકસાન થાય તો દાંતણ તોડવાની મનાઈ છે. પણ જો ઝાડ ફળ આપતું ન હોય અને ઝાડની કોઈ આવક પણ ઊભી થતી નથી છતાં તેની છાયાથી નમાઝીઓને આરામ મળતો હોય તો તેને નુકસાન પહોંચાડવાને કારણે દાંતણ તોડવું ન જોઈએ. પણ જો એમ ન હોય તો જરૂરિયાત પ્રમાણે દાંતણ વગેરે તોડવામાં આવે તો વાંધો નથી. પણ જો એ ઝાડનું સુકું લાકડું જે બાળવા સિવાયના કામમાં ન આવતું હોય તો તે મસ્જિદનો મુતવલ્લી વેચી નાખે અને તેમાંથી થયેલી આવકના પૈસા વગેરે મસ્જિદમાં આપી દે. પણ જો સૂકા લાકડાની કિંમત ન

આવતી હોય અને મસ્જિદના કોઈ કામમાં પણ લાવી શકાતું નથી તો મુતવલ્લી તે લાકડા જેને ઈચ્છે તેને આપી દે.

એ જ પ્રમાણે ખુત્બો આપવા માટે જે અસા મસ્જિદમાં રહે છે તે તુટી જાય અને કોઈ કામમાં મસ્જિદમાં ઉપયોગી ન રહે તો મુતવલ્લી જેને ઈચ્છે તેને આપી દે અને બાળવા સિવાય તેનો ઉપયોગ થઈ શકતો ન હોય તો તેને બાળી શકે છે.

સવાલ : ૪૮૫ જો કોઈ પતિ પોતાની ઔરતને તલાકે મુગલ્લેઝા (સંપૂર્ણ ત્રણ તલાક) આપી દે અને તે ઔરત ઈદ્દત પછી બીજાના નિકાહમાં આવી જાય. આ ઔરત સાથે પહેલા પતિનું બાળક પણ ગયું તે બાળક ત્યાં મોટું થયું અને હવે પાછો આવીને તેના બાપની મિલ્કતમાંથી વારસા હક્ક માંગે છે તો શું તે બાળકનો હક્ક લાગે છે ?

જવાબ : ૪૮૫ જે માણસે પોતાની ઔરતને તલાકે મુગલ્લેઝા આપી દીધી છે અને તે ઔરતને પેટે એ જ માણસનો દિકરો જન્મ્યો છે તો એ બાળક એના સગા બાપની મિલ્કતમાંથી એનો વારસો મેળવશે. શરીઅતે મુસ્તફા એ બાળકને વારસ બનાવશે અને ચોક્કસ એ બાળકને એના બાપનો વારસો શરીઅતની વહેંચણી પ્રમાણે મળશે.

સવાલ : ૪૮૬ ઘણા ઠેકાણે એવો રિવાજ જોવા મળે છે કે કોઈનું મૌત થઈ જાય તો મૈયતને દફનાવ્યા બાદ બધા એના ઘેર જઈ ફાતેહા પઢે છે તેમજ ફાતેહા બાદ એના ઘેર ખાણું (ખાવાનું) ખાય છે તો શું આ ખાવું બધા માટે જાઈઝ છે ?

જવાબ : ૪૮૬ સુન્નત એ છે કે મુસલમાનના ઘરે મૈયત

થઈ જાય તેના ઘેર ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી તેના સંબંધીઓ અને પડોશીઓ પોતાના ઘેરથી ભોજન રાંધીને મોકલાવે. જેથી એ મૈયતનો સોગ કરવાવાળા ત્રણ દિવસ સુધી સોગ અને ગમમાં પડેલા હોય છે તેથી તેમને ખાવાનું રાંધવું ન પડે અને રંજોગમ તેમજ સોગના ત્રણ દિવસ સુધી સંબંધીઓ અને પડોશીઓએ મોકલાવેલું ભોજન તેમના ઘેર ખાય. જો દુઃખ અને મુસીબતના કારણે તેઓ પોતે ભોજન નથી લેતા તો પાડોશીઓ અને સંબંધીઓમાંથી બે ચાર ઔરત અને મર્દ પોતાનું ખાવાનું પણ મૈય્યતવાળાના ઘેર લઈ આવે અને તેમની સાથે બેસીને ખાય અને તેમને પણ ખવડાવે. જો તેઓ પોતે ન ખાતા હોય તો જ એમ કરવું.

પણ, મૈયતવાળાને ઘરે મૈયત દફન કરી આવ્યા બાદ કબ્રસ્તાનથી જે પાછા વળે છે અને બધા ખાય છે અને મૈય્યતવાળાને દફન સમયે જ રાંધવાની અને બધાને ખવડાવવાની ચિંતા કરવી પડે છે આ રિવાજ બિલ્કુલ નાજાઈઝ છે અને આ રીતે ખાવું બિલ્કુલ બિદઅતે કબીહા છે અને નાજાઈઝ છે. હા, ત્રણ દિવસ પસાર થઈ ગયા પછી જો મૈય્યતના ઘરવાળા પોતાના તરફથી મૈયતના ઈસાલે સવાબ માટે ખાવાનું રાંધીને ગરીબો, મિસ્કીનો, યતીમોને ખવડાવે તો એ ખાવું જાઈઝ છે. (બહારે શરીઅત)

<u>સવાલ : ૪૮૭</u> ઔરતોને અવલીયાના મઝારો પર જવાથી રોકવામાં આવી છે એનું કારણ શું છે ? જો કોઈ ઔરત બાવુઝૂ જાય અને ફાતેહા પઢે અથવા કુરઆન શરીફની તિલાવત કરે અને ત્યાં કોઈ ગૈર શરઈ કામ પણ ન કરે તો શું એવી ઔરત

માટે ત્યાં ન જવાનો હુકમ છે. જો તેને પણ રોકવામાં આવે તો શરીઅતે આવા નેક કામથી તેને કેમ અટકાવી ?

જવાબ : ૪૮૭ એનું માત્ર એ જ કારણ છે કે ઔરત માટે મઝહબે ઈસ્લામમાં પરદો જરૂરી છે. નામહરમ મર્દોથી પરદો અને તેમની સામે બેપરદા ન હોવું ફર્ઝ છે. અવલીયા કિરામની મઝારો ઉપર મર્દો રોકટોક વગર વૃદ્ધ, જવાન બધા આવે છે અને તેમનું આવવું ભલાઈ, બરકત અને સવાબનું કામ છે હવે જો ઔરતોને ન રોકવામાં આવે તો મર્દો અને ઔરતો ભેગા થવાથી શર ફસાદ અને બેશર્મીની શકયતાઓ રહેલી છે. એટલા માટે ઔરતો ઘરમાં બેસીને ઈસાલે સવાબ કરે, નમાઝે જુમ્આ, ઈદની નમાઝોના વાજિબ પણ એ જ કારણથી ઔરતોને લાગુ પડતા નથી. (અબુ દાઉદ, બહારે શરીઅત)

સવાલ : ૪૮૮ મસ્જિદની રકમને બેંકમાં રાખવામાં આવે છે એ રકમનું વ્યાજ મળે તેનો મસ્જિદના કામમાં ઉપયોગ થઈ શકે કે નહિં ?

જવાબ : ૪૮૮ આજકાલના આલીમો ફતવો આપે છે કે હિન્દુસ્તાનની બેંકમાંથી જે વધારાની રકમ મળે છે તે રકમ લેવામાં આવશે અને મસ્જિદની બહારનું બાંધકામ જેવી કે બહારની છત, દિવાલ, પેશાબખાના, પાખાના વગેરે તેમજ તેની મજુરી ચુકવવા ખર્ચ કરવામાં આવે, મસ્જિદના એ ભાગમાં કે જયાં નમાઝ પઢવામાં આવે છે અથવા મસ્જિદના કુવા અને હૌઝ પર એ રકમનો ઉપયોગ ન કરવો જોઈએ. (તફસીરે નઈમી, ફતાવા-એ-નઈમીયા)

સવાલ : ૪૮૯ કેટલીક વાર જાનવરોમાં બિમારીઓ થાય છે અને માલધારીઓનું એમ કહેવું છે કે જે જાનવરો બિમાર હોય તેમને તંદુરસ્ત જાનવરોથી અલગ રાખવા જોઈએ. કારણ કે એક જાનવરની બિમારી બીજા જાનવરને લાગુ પડે છે શું એ વાત સાચી છે ? આ બાબતે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૪૮૯ કેટલીક બિમારીઓ ચેપી હોય તો એકની બીજાને લાગુ પડે છે જેવી રીતે હદીસમાં છે કે કોઢવાળી બિમારીઓથી દૂર રહો જેવી રીતે સિંહથી દૂર રહો છો. પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, બધી બિમારીઓ અલ્લાહ તરફથી છે પહેલાં બિમારી જાનવરને થઈ તે અલ્લાહ તરફથી થઈ. પણ હદીસની કિતાબો પર નજર કરવાથી જણાશે કે એવી બિમારીઓના કારણે બિમાર જાનવરને બીજા તંદુરસ્ત જાનવરોથી અલગ રાખવું મનાઈ ફરમાવેલ નથી તેથી જાઈઝ છે. (બુખારી શરીફ, ફી શર-અ-ઐની)

સવાલ : ૪૯૦ જો કોઈ ગૈર મુસ્લિમ મુસલમાનને સલામ કરે તો એને એનો જવાબ વાળે તો શું કહે ?

જવાબ : ૪૯૦ ગૈર મુસ્લીમો-મુશ્રિકોને જવાબમાં વઅલૈકુમુસ્સલામ ન કહે. બલ્કે બીજા કોઈ પ્રેમભર્યા શબ્દોમાં જવાબ આપે અથવા માત્ર **"વઅલૈક"** કહે અથવા **"વસ્સલામો અલા મનિત્તબઅલ હુદા"** કહે. (બહારે શરીઅત)

સવાલ : ૪૯૧ એક માણસને શહવત (સંભોગની ઇચ્છા) થઈ અને તે તેની ઔરત પાસે ગયો પણ તે સમયે તેની ઔરત હૈઝમાં હતી અને આ મર્દ તેની શહવતને રોકી શકતો નથી તો એ

માણસ માટે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૪૯૧ એકાએક ઉપડેલી શહવતને રોકવાની જે રીતો છે તે કરે. જેવી રીતે કે ખાવા પીવામાં લાગી જાય અથવા વુઝૂ કરી લે અથવા ગુસલ કરી લે અથવા ઘરથી બહાર જઈને ઉપડેલી ઈચ્છાને શાંત પાડે. (કોઈ કામમાં વ્યસ્ત થઈ જાય) પણ જો મઝકુર તદબીરો (પ્રયત્નો) કરવા છતાં શહવત શાંત નથી પડતી તો પોતાની હાયઝા (માસિકાવસ્થાવાળી) ઔરતનું ડૂંટીથી માંડી ઘૂંટણ સુધી આનું શરીર બાકાત રાખીને બીજી કોઈ જગ્યાએ મસ કરીને પોતાની કામેચ્છાને શાંત પાડે. કોઈ હરામ કામમાં સપડાય નહીં. માટે જ આ રસ્તો કાઢવો. નહીંતર હૈઝ (માસિક) અને નિફાસ (સુવાવડમાં લોહી આવવાના દિવસો) વાળી સ્ત્રી સાથે સોબત કરવી હરામ છે. (બહારે શરીઅત)

સવાલ : ૪૯૨ રમઝાન મહિનામાં ઘણાં માણસો મોડી રાત સુધી જાગે છે પછી સહરી ખાઈ (રોઝો રાખી) ફજરની નમાઝ અદા કરી પછી સુઈ જાય છે. કેટલાક ફજરની નમાઝ પછી સુવાનું હરામ કહે છે શું એ વાત સાચી છે ?

જવાબ : ૪૯૨ ફજરની નમાઝ પછી કોઈપણ મજબુરી વગર હમેશાં સુવાની ટેવ પાડવી મકરૂહે તન્ઝીહી છે પણ કોઈ રાતે કોઈ કામમાં મશગુલ રહેનાર અથવા રમઝાનની રાતોમાં ઈબાદત કરવાવાળો અથવા વિદ્યાર્થી રાતે ઈલ્મે દીન શીખનાર અથવા કોઈ આલિમ જો ફજરની નમાઝ પછી સુઈ જાય તો જાઈઝ છે બલ્કે નેક નિયત હોવાને કારણે ઈબાદતનું સવાબ મળશે.

સવાલ : ૪૯૩ જો કોઈ નવયુવાન ઈસ્લામ ધર્મનો અંગીકાર

કરે તો શું એનો ખત્નાહ (સુન્નત) કરવી જરૂરી છે ? તે યુવાન ઈમામત કરે તો તેની પાછળ નમાઝ થશે કે નહિં ? જો તે જાનવર ઝબહ કરે તો હલાલ થશે કે કેમ ? એ જ પ્રમાણે પહેલાથી જ મુસલમાન હોવા છતાં યુવાન વય સુધી તેનો ખત્નાહ પણ કોઈ કારણસર થઈ શકયો નહિં. તો હવે તેને ખત્નાહ કરાવવો પડશે કે કેમ ? અને તેને મુસલમાન ગણવામાં આવશે કે કેમ ?

<u>જવાબ : ૪૯૩</u> ખત્નાહ કરાવવું સુન્નતે મોઅક્કેદા છે. બાળક જન્મે તેના સાતમા દિવસથી માંડી બાર (૧૨) વરસ સુધી બાળકના વાલી અથવા મા-બાપ ઉપર બાળકનું ખત્નાહ કરાવવું જરૂરી છે.

જો કોઈ નવયુવાન મુસલમાન થયો અને તેનો ખત્નાહ થયો નથી અથવા મુસલમાન હતો અને કોઈ કારણોસર ખત્નાહ થયો નથી તો એવા ૧૫ વરસની ઉંમર ઉપરના નવયુવાન માટે ખત્નાહ કરવાની બે રીતો છે (૧) એક તો એ કે પોતાના હાથે જ પોતાની ખત્નાહ કરી લે (૨) બીજો તરીકો એ છે કે એવી ઔરતથી નિકાહ કરે કે જે એનો ખત્નાહ કરી દે.

ઉપર પ્રમાણે પણ ખત્નાહ ન થઈ શકે તો હવે ૧૫ વર્ષની ઉપર ઉંમરવાળા નવયુવાન માટે ખત્નાહની સુન્નત માફ છે. એનાં મુસલમાન હોવામાં કોઈ ફરક નહિં પડે તે નમાઝ પણ પઢાવી શકે છે, અને તેના હાથે ઝબહ થએલ જાનવર પણ હલાલ તૈય્યબ છે તે બીજા મુસલમાનો જેવો જ મુસલમાન છે. એના મુસલમાન હોવામાં શક કરવો અજ્ઞાનતા અને નાદાની છે. (ફતાવા-એ-આલમગીરી, બાબુલ ખત્નાહ, બહારે શરીઅત, ભાગ-૧૬, બાબુલ ખત્નાહ)

સવાલ : ૪૯૪ ઊંટ, ઘોડા, બળદ અથવા ગધેડા જેવા પ્રાણીઓથી કામ લેવું, એમના ઉપર બોજો લાદવો અને તેમને માર મારવો એ કેવું છે ?

જવાબ : ૪૯૪ જાનવરોથી કામ લેવામાં આવે ત્યારે એ જોવું જરૂરી છે કે એમનાથી એમની તાકાત બહાર કામ લેવામાં ન આવે કે તેમનાથી વધુ પડતું કામ લેવાથી તેમને તકલીફ થાય અને મુસીબતમાં પડી જાય. જેટલી દૂર ચાલી જઈને જઈ શકે તેટલી દૂર તેમને ચલાવીને લઈ જવા જોઈએ. જેટલો સમય કામ કરવાની તાકાત હોય તેટલા જ સમય સુધી જ કામ લેવું જોઈએ. કેટલીકવાર ઘોડાગાડીવાળા પેસેન્જર એટલા બેસાડી લે છે કે ઘોડા મુસીબતમાં પડી જાય છે આ નાજાઈઝ છે અને એ પણ જરૂરી છે કે વગર કારણે જાનવરને માર મારવામાં ન આવે. માથા તેમજ ચહેરા પર કોઈ પણ સંજોગોમાં મારવું એ સંપૂર્ણપણે નાજાઈઝ છે. જાનવર પર ઝુલ્મ કરવો એ ઝિમ્મી કાફીર પણ ઝુલ્મ કરવાથી પણ વિશેષ બૂરી વાત છે, પણ ઝિમ્મી ઉપર ઝુલ્મ કરવો મુસ્લિમ પર ઝુલ્મ કરવાથી પણ બુરૂં છે, કારણ કે જાનવરનો મદદગાર અલ્લાહ સિવાય કોઈ નથી. એ બિચારાને ઝુલ્મથી બીજું કોણ બચાવશે.

સવાલ : ૪૯૫ મોહર્રમ મહિનાની દસમી તારીખે મુસલમાનો તલવાર બાઝી ખેલે જેને કચ્છી ભાષા (ઝબાન)માં ચક્કર કહે છે મઝકુર ચક્કર કરતા કોઈ મુસલમાન તલવારથી ઝખ્મી થઈ જાય અને મરી જાય તો તે શહીદ ગણાશે કે નહિં ?

જવાબ : ૪૯૫ તલવારબાઝી કે ચક્કર જે એક કસરત

અને પ્રેકટીસ છે જે નેક નિય્યતથી મુસલમાન કરે તો મુબાહ છે. મોહર્રમની દસમી તારીખે તલવારબાઝી કે ચક્કર કરવી એ એક દીનમાં વ્યાપેલી ખુરાફાત અને બિદઅત છે. જેનાથી બચવું જોઈએ અને જો કોઈ તે તલવારબાઝીથી ઝખ્મી થઈ મરી જાય તે હરગીઝ શહીદ નહીં કહેવાય. તેને શહીદ માનવું તે અણસમજ અને જહાલત (અજ્ઞાનતા) છે.

સવાલ : ૪૯૬ એક ભાઈના કહેવા મુજબ શરીઅતમાં જે પક્ષીઓ હલાલ છે તેના ઈંડા ખાવા જાઈઝ નથી તો શું એ ભાઈનું કહેવું સાચું છે ?

જવાબ : ૪૯૬ હલાલ પક્ષીઓના ઈંડા હલાલ અને જાઈઝ છે જે ભાઈ મનાઈ કરે છે તે અજ્ઞાની અને મઝહબના ઈલ્મથી વાકીફ ન હોવાની દલીલ છે.

સવાલ : ૪૯૭ જ્યાં કોઈ કબર નથી અને ફકત વલી અલ્લાહનો આસ્તાનો છે તો મઝકુર આસ્તાના ઉપર તે વલી અલ્લાહને ફાતેહા પઢવી, ત્યાં નઝરો ન્યાઝ કરવો, ત્યાં મજલીસ કરવી આ બધું જાઈઝ છે કે કેમ ? દાખલા તરીકે ગામો ગામ હઝરતે ઈમામ હુસૈન રદિયલ્લાહો અન્હોના ઓટલા જોવામાં આવે છે આ ઓટલા ઉપર નઝરે ન્યાઝ ચઢાવવી કેમ છે ?

જવાબ : ૪૯૭ જ્યાં કોઈ વલી કે મોઅમીનની કબર નથી અને તેની મૈય્યત પણ ત્યાં દફન થયેલ નથી તો ત્યાં તેની મૈય્યત સમજીને ફાતેહા પઢવું જાઈઝ નથી. ગામો ગામ ઈમામ હુસૈનના ઓટલા બનાવી ત્યાં નઝર ન્યાઝ ચઢાવવી આ એક દિનમાં ફિત્નો છે. હા, કોઈ સાફ જગ્યા નક્કી કરેલ હોય ત્યાં તિલાવત કરવી, નફલ, પઢવા, ઈસાલે સવાબની મજલીસ કરવી તે જાઈઝ છે

તેની મનાઈ નથી.

સવાલ : ૪૯૮ કોઈ પણ વલીઅલ્લાહની કબર શરીફ ઉપર ચાદર ચઢાવવી અને ત્યાં નેજો (ધજા) લગાવવો, ફરકાવવો જાઈઝ છે કે નહીં ?

જવાબ : ૪૯૮ વલીઅલાહની કબર ઉપર એવા મકસદ સાથે કે અન્ય બીજી કબરોથી આ કબર ઉપર ચાદર ચઢેલ હશે તો કબર મુમતાઝ દેખાશે. જેથી ઝાએરીન (ઝિયારત કરવા આવનાર) અદબ કરી શકે. ધજા (નેઝો) એવા મકસદથી ફરમાવે કે ઝિયારતવાળા દૂરથી ઓળખી શકે કે જ્યાં ધજા ફરકે છે તે વલીયુલ્લાહનો મઝાર શરીફ છે. એવી નિય્યતે જાઈઝ છે. બાકી વગર કારણે (મકસદે) આમ રિવાજ કરવો જાઈઝ નથી.

સવાલ : ૪૯૯ કહે છે કે શાહ અબ્દુલ લતીફ ભીટાઈ રહેમતુલ્લાહ અલયહે તંબુરો વગાડીને રાગ રાગણી ગાતા હતા અને તેમનો તે તંબુરો હજી પણ મૌજુદ છે. શું આ વાત ખરી છે ? જો આ સાચું હોય તો આજના તંબુરો વગાડી ગાવાવાળાઓને આલિમો કેમ મનાઈ કરે છે ?

જવાબ : ૪૯૯ શાહ અબ્દુલ લતીફ ભીટાઈ રહેમતુલ્લાહ અલયહે તંબુરો વગાડતા હતા તે સહીહ સબુતથી કયાં પણ સાબિત નથી. ફકત કહેવાય છે. જો તેઓ તંબુરો વગાડતાં હતાં એ ખરૂં હોય તો ખાસ અહલે દિલ, ઈશ્કે રસૂલ, ઈશ્કે ઈલાહીમાં મસ્તાના થયેલ સૂફી જે તંબુરાની તારની અવાઝ અને ઝટકાથી તેના દિલમાં ઈશ્કે ઈલાહીની જ્યોત ઝગમગી ઉઠે છે તેને જ ફકત મુબાહ છે. જો એવી મજલીસમાં અમારા જેવા કોઈ આવીને બેસી જાય તો બધાને હરામ થઈ જાય છે જે મસ્અલો ફકત સુફીયાએ કિરામના

માટે જ છે. આજે અમારા માટે આ બધી ચીજો નાજાઈઝ અને મના છે. (ફતાવા રઝવિયા, જીલ્દ-૧૦)

સવાલ : ૫૦૦ એક ભાઈ કહે છે કે હઝરતે મુઈનુદ્દીન ચિશ્તી ખ્વાજા ગરીબ નવાઝ રહેમતુલ્લાહ અલયહ હંમેશા કવ્વાલીઓ સાંભળતા હતા અને તેમને કવ્વાલી સાંભળવાનો બહુ જ શોખ હતો. આજે પણ તેઓની મઝાર શરીફ ઉપર કવ્વાલીઓના મોટા જલ્સા કરવામાં આવે છે અને આ વાત તેમને ખૂબ પસંદ છે શું આ વાત ખરી છે ?

જવાબ : ૫૦૦ હઝરતે ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન ચિશ્તી રહેમતુલ્લાહ અલયહે પોતાની જેટલી કિતાબો લખેલ છે તેમાં કોઈમાં પણ આપે લખ્યું નથી કે વાજિંત્રો વગાડી તેના ઉપર ગાવું જાઈઝ છે. હઝરતે ખ્વાજા સાહેબ બઝમે શિમાઅમાં શામિલ થતા હતા અને તે એ કે ઈશ્કે ઈલાહી, દીને પાકની કુવ્વત વ તકવીયતની ગઝલો કોઈ અલ્લાહનો વલી, એહલે દિલ, શરઅનો પાબંદ દિલના દર્દથી પઢતો હતો તેવી બઝમે શિમાઅમાં શામીલ થતા અને તે મહેફીલમાં બેસનારા બધા જ એહલે ઈશ્ક એહલે દિલથી ઈશ્કે ઈલાહીની ધૂનમાં ગરક અને લીન હોય તેવી બઝમે શિમાઅની મહેફિલમાં શામીલ થતા. જેને સુફીયા-એ-કિરામનો એક તબક્કો જાઈઝ લખે છે. આવી મહેફિલમાં એક પણ દાઢી મુંડો, ફાસિક, કોઈ ગુનાહ કરનારો જો દાખલ થાય તો બઝમે શિમાઅની મહેફિલ બધા ઉપર નાજાઈઝ થઈ જાય છે તેવું કિતાબોમાં જોવા મળે છે.

બાકી હવે જે કવ્વાલો મઝાર શરીફ ઉપર કવ્વાલીઓ ગાય છે. તો તેના માટે કવ્વાલો અને મુજાવરો જવાબદાર છે.

ખ્વાજા સાહેબની તે ભલામણ નથી, અને ખ્વાજા સાહેબને પસંદ છે તેની દલીલ પણ મળતી નથી. કારણ કે ખ્વાજા સાહેબની દરગાહ ઉપર જે નાયિકાઓ, નટીઓ, તવાયફો પણ ગાય છે, ફકીરોનું એક જૂથ ગાંજો પણ પીએ છે તેથી ખ્વાજા સાહેબને આ વાત પસંદ છે તેવી દલીલ થઈ શકતી નથી. (ફતાવા રઝવિયા, જી-૧૦, મલફુઝ કામિલ)

સવાલ : ૫૦૧ અગર કોઈ માણસ જો હલાલ ચીજને પોતાના માટે હરામ કરી નાખે અને પછી તે ચીજને ખાઈ પી લીધી તો તેના માટે શરીઅતનો શું હુકમ છે ? મઝકુર માણસ પાછળ નમાઝ પઢી શકાય કે કેમ ?

જવાબ : ૫૦૧ અલ્લાહ અને રસૂલની જે હલાલ કહેલ ચીજ કોઈના હરામ કરવાથી તે ચીજ હરામ થઈ જતી નથી. પણ કોઈ મુસલમાન કોઈ ચીજને પોતાના ઉપર હરામ કરે તો તેને કસમ ગણવામાં આવે છે તો મઝકુર માણસે તે ચીજ ખાવી પીવી જોઈએ અને તેનો કફફારો દસ મિસ્કીનોને બે ટાઈમ પેટ ભરીને જમાડવું છે. જો શક્તિ ન હોય તો ત્રણ રોઝા લગાતાર રાખવા તો ગુનાહ ઉતરી જશે તો પછી એવા માણસે પાછળ નમાઝ પઢવામાં કાંઈ વાંધો નથી. જો તેનામાં ઈમામતની લાયકાતો પુરી હોય. (બહારે શરીઅત)

સવાલ : ૫૦૨ મારો એક દોસ્ત છે તેણે નિકાહ પણ કરેલ છે પણ તેને એહતેલામ (સ્વપ્નદોષ)ની બિમારી છે તેના માટે કાંઈ ઈલાજ બતાવશો ?

જવાબ : ૫૦૨ રાત્રે સુતી વખતે એક વાર આયતુલકુર્સી

પઢે પછી બે હાથ ભેગા કરી તેની હથેળીઓ ઉપર સૂરએ-ફલક, સૂરએ-નાસ પઢી દમ કરી આખા શરીર ઉપર ફેરવી નાખે પછી સુઈ જાય અને સીના (છાતી) ઉપર દિલની જગ્યાએ શહાદતની આંગળીથી **"યા ઉમરૂ ફારૂક રદિયલ્લાહો અન્હો"** નામ લખે. ઈન્શાઅલ્લાહ શિકાયત દુર થઈ જશે. બાકી દવાનો ઈલાજ ડોકટરો, હકીમો બતાવશે.

સવાલ : ૫૦૩ ઘણાં અવલીયા-એ-કિરામના મઝારો પાસેથી કોઈ માણસ પલીદ કપડાંથી તેમજ નમાઝના સમયે પસાર થાય છે તો બિમાર થઈ જાય છે અથવા બેહોશ કે પાગલ થઈ જાય છે આવું ઘણી જગ્યાએ બને છે તો આવી તકલીફ અવલીયા-એ-કિરામ શા માટે આપતા હશે ?

જવાબ : ૫૦૩ અવલીયા અલ્લાહ રહેલત (ઈન્તેકાલ-મૃત્યુ) પછી પણ માનવી જીવન છે તેવું જીવન જીવે છે. તેમના મૃત્યુ પછી પણ કબર પાસે અદબ જરૂરી છે બેઅદબી કરવાથી ખુદા નારાજ થાય છે, કારણ કે તેઓ ખુદાના પ્યારા અને દોસ્ત છે. બનવા જોગ છે કે તે બેઅદબીની સજા ખુદાએ પાક તરફથી થતી હશે. બીજું એ કે કેટલાક જીન્નાતો અવલીયા-એ-કિરામની ઝિયારત માટે આવે છે અને ત્યાં બેઅદબી થવાથી તે જીન્નો તરફથી તકલીફ પણ પહોંચે છે. બાકી અવલીયા-એ-કિરામ તો ફૈઝો રહમતના ખજાના છે તેના તરફથી કોઈને તકલીફ પહોંચે નહીં. (ફતાવા રઝવિયા)

સવાલ : ૫૦૪ અબુન્નુર, અબુલ ઉલા, અબુલ કમાલ આવા નામો રાખવા કેમ છે અને આવા નામોનો અર્થ શું થાય છે ?

જવાબ : પ૦૪ "અબુ" એ એક અરબનો જુનો કુન્નીયતનો રિવાજ છે એટલે કોઈ દીકરો હોય તો તેની કુન્નીયતથી નામ પુકારવામાં આવતું. કોઈ કમાલ, હુન્નર, ફન, ગુણ હોય તેની તરફ પણ કુન્નીયતથી પુકારે અને તેવી રીતે જાઈઝ છે. દાખલા તરીકે "અબુ હનીફા" (દીને હનીફ સીધા માર્ગ તરફ) કુન્નીયત છે. "અબુબકર" (જવાન ઊંટનો બાપ) જે અબુબકર જવાન ઊંટ રાખતા. અબુન્નુર (નુરનો બાપ, નુરાની બયાનવાળો) અબુલ કલામ (કલામનો બાપ) એટલે કે વાત કરવાનો ઢંગ એવો કે કલામની સર્વ ખુબીઓ એવી કે કલામ તેનાથી જન્મે છે. અબુલ ઉલા (બુલંદીનો બાપ) બુલંદ ખ્યાલવાળો, આમ કુન્નીયતથી પુકારવામાં આવે તો જાઈઝ છે.

સવાલ : પ૦૫ ઘણાં મુસલમાન માણસો માથાના વાળ લાંબા રાખે છે અને કહે છે કે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વાળ (ગેસુ મુબારક) ઘણાં લાંબા હતા શું આ વાત ખરી છે કે કેમ ?

જવાબ : પ૦૫ હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માથા ઉપર જે વાળ (ગેસુ) મુબારક રાખતા હતા તેના દરજ્જા ત્રણ છે. (૧) લુમ્મા (૨) જુમ્મા (૩) વફરા

(૧) લુમ્મા એટલે કે કાનની લોની ઉપર સુધી વાળ ઓળેલા રહેતા.

(૨) જુમ્મા એટલે કે કાનની લો સુધી વાળ ઓળેલા રહેતા.

(૩) વફરા યાને કે કાનની લો થી પણ નીચે, ગરદન

મુબારક ઉપર આવતા.

હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ માથાના વચમાંથી સીંધ કાઢતા, એક દિવસ વાળ ધોવાઈ જતા તો બીજે દિવસે તેલ નાખીને વચ્ચેથી સીંધ કાઢીને વાળ મુબારક ઓળતા. ઉપર મુજબ હુઝૂરની સીરતની તથા હદીસોની કિતાબોમાં આવેલ છે તે મુજબ અને એવી નિય્યતથી વાળ રાખવા સુન્નત છે. (શમાઈલે તિરમીઝી)

સવાલ : ૫૦૬ આપણી મુસ્લિમ કૌમોમાં કયાંક ગાવા વગાડવાનો પ્રોગ્રામ હોય છે અને ગાવા વગાડવાનો પ્રોગ્રામ હોય તે પહેલાં એક કલાકનો તકરીરનો પ્રોગ્રામ હોય ત્યાં તકરીર કરવા માટે કોઈ આલીમને જવું જોઈએ કે નહિં ?

જવાબ : ૫૦૬ મૌલાના સાહેબ તકરીર માટે જાય તો ત્યાં તકરીર પુરી કરી પાછા ફરે ત્યાં સુધી કાંઈ પણ વાજિંત્રો વગાડવાનું, ગાવાનું વગાડવાનું ન હોય તેમજ મૌલાના સાહેબ સાથે તેવું શરત કરેલ ન હોય કે તમારી તકરીર પુરી કરી લેશો પછી વાજિંત્રો વગાડવાની રજા આપો. જો તેવું ન કર્યું હોય તો મૌલાના સાહેબ તકરીર માટે જઈ શકે છે તેમજ તકરીરમાં હરામ હલાલની સમજણ અને ચોખવટ વાજિંત્રોની હુરમત વ ગુનાહનું બયાન કરવું યોગ્ય ગણાશે.

સવાલ : ૫૦૭ ઘણી મુસ્લિમ સ્ત્રીઓ એવી મિન્નત માને છે કે બીબી ફાતેમા ઝોહરા રદિયલ્લાહો અન્હાની કહાની પઢશું અથવા પઢાવશું, સાંભળશું એવી મિન્નત માનવી કેમ છે ? આવી મિન્નત માનવામાં વાંધો ખરો ?

જવાબ : પ૦૭ આ મશહૂર કહાની પઢાય છે તે બિલ્કુલ બનાવટી અને મનઘડત છે. જેનો રિવાજ જૂઠને ફેલાવવો છે જે પઢવી પઢાવવી નાજાઈઝ છે. બાઈસે ગુનાહ છે (ગુનાહનું કારણ છે) અને મિન્નત માનવી નાજાઈઝ છે હઝરતે સૈયદાહ તૈયેબાહ માં ફાતેમતુઝ ઝોહરા રદિયલ્લાહો અન્હાને સવાબ પહોંચાડવા કુરઆન શરીફ પઢવું, નફલ પઢવા, રોઝા રાખવા, ખૈરાત કરવી જે જાઈઝ અને સવાબનું કાર્ય છે.

સવાલ : પ૦૮ કહે છે જાનવરને ઝબહ કરતી વખતે જે છરી કે ચાકુનો ઉપયોગ કરવામાં આવે તેમાં જો લાકડાનો હાથો ન હોય તો ઝબહ થશે નહીં, છરી ચાકુ સાથે લાકડું હોવું જરૂરી છે શું એ વાત ખરી છે ?

જવાબ : પ૦૮ ઝબહ કરવા માટે ધાતુની છરી, ચાકુ, ધારદાર વસ્તુ જેનાથી આસાનીથી જાનવર ઝબહ કરી શકાય તેની જ જરૂરત છે. બાકી છરી ચાકુમાં સાથે લાકડાવાળી મૂઠ હોવી જોઈએ, લાકડું હોવું જોઈએ એ વાત ગલત અને મનઘડત છે. હા, છરી-ચાકુનો હાથો લાકડા કે હાથીદાંત કે બીજી કોઈનો હોય જે બરાબર પકડમાં આવી શકે અને જાનવરને ઝબહ કરતી વખતે તકલીફ ન થાય અને ઝબહ કરનારના હાથને નુકસાન ન પહોંચે તેના માટે જો હાથો હોય તો બહેતર છે. (ઝબહ શિકાર)

સવાલ : પ૦૯ કહે છે બાળક જન્મે પછી તરત જ તેનું નામ રાખવું જોઈએ, જ્યાં સુધી નામ રાખવામાં ન આવે ત્યાં સુધી તે બાળકને તેની માતા પોતાનું દુધ પીવડાવે નહીં. શું આ શરીઅતનો હુકમ છે કે કેમ ?

જવાબ : ૫૦૯ બાળકનું નામ જન્મ્યા પછી તરત જ રાખવું શરીઅતનો તાકીદનો હુકમ નથી. બાકી અકીકો કરવાવાળા અકીકો કરતી વખતે નામ રાખે છે જે જાઈઝ છે. બાકી એટલું જ કે બાળક જન્મ્યા પછી બાળકના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત પઢી લેવી જોઈએ અને તે જન્મેલ બાળકને તેની માતા દુધ પીવડાવે તેમાં કોઈ વાંધો નથી. (ફતાવા રઝવિયા)

સવાલ : ૫૧૦ અત્યારે ક્રિકેટ રમત જે ચાલે છે આ રમત રમવી અથવા મેચ જોવી, અથવા કોમેન્ટ્રી સાંભળવી એમાં શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૫૧૦ શારીરિક કસરત, વરઝીશની દ્રષ્ટિએ રમતો હોય તો વાંધો નથી. બાકી હદીસ પાકમાં ત્રણ ખેલ સિવાય બાકી બધા ખેલ નાજાઈઝ બતાવવામાં આવ્યા છે. (૧) તીરંદાઝી (૨) ઘોડાની દોડ અને (૩) પોતાની સ્ત્રી સાથે. આ ત્રણ ખેલો નેક નિય્યતી સાથે રજા છે. બાકી હર ખેલ, રમતોનો નિય્યત ઉપર મદાર છે.

સવાલ : ૫૧૧ આ રિવાજ પ્રચલિત છે કે ખાવા માટે કોઈને બોલાવીએ તો તેઓ કહે છે કે કરો **"બિસ્મીલ્લાહ"** એવી રીતે જાઈઝ છે કે કેમ ?

જવાબ : ૫૧૧ કરો બિસ્મિલ્લાહ એમ કહેવું જહાલત છે જાઈઝ નથી પણ બારકલ્લાહ કહેવું સુન્નત છે. (દુર્રે મુખતાર, બહારે શરીઅત)

સવાલ : ૫૧૨ મૈય્યતને દફન કરી અને કબ્રને દુરૂસ્ત કરી લીધો કે તરત જ અંદરની છીપર તુટી ગઈ તો હવે તે તુટેલી

છીપરને નવેસરથી કબ્ર ખોલી બદલાવી શકાય કે નહિં ?

જવાબ : પ૧૨ મૈય્યતને કબ્રમાં દફન કર્યા બાદ ઉપર છીપર (સીમેન્ટની પાટ) રાખ્યા પછી માટી વાળતાં તરત જ તે તખતો તુટી પડે અને માટી મૈય્યતના બદન ઉપર પડી જાય તો કબ્રને ખોદી ભાંગેલી છીપર બદલાવી માટી મૈયત ઉપરથી સાફ કરી ફરીથી કબ્રને દુરૂસ્ત કરવી જોઈએ. (વલ્લાહો આઅલમો)

સવાલ : પ૧૩ જો બાળક મરેલું જન્મે તો તેનું નામ રાખવું જોઈએ કે નહિં ?

જવાબ : પ૧૩ જો બચ્ચું (બાળક) મરેલું પૈદા થાય તો નામ રાખવાની જરૂર નથી જીવતું પૈદા થયું હોય તો નામ રાખે. (બહારે શરીઅત)

સવાલ : પ૧૪ બાળકનું નામ રાખવાનો મસ્નૂન (સુન્નત) તરીકો શું છે ?

જવાબ : પ૧૪ જો બાળક પૈદા થાય અને છોકરો હોય કે છોકરી તેના જમણાં કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઈકામત પઢવું જોઈએ અને વધુ સારૂં એ છે કે અઝાન ચાર વખત અને ઈકામત ત્રણ વખત પઢવી. (બહારે શરીઅત)

સવાલ : પ૧૫ માથા ઉપર રૂમાલ બાંધવાથી અમામા (સાફા)ની સુન્નત અદા થઈ જાય કે નહિં ?

જવાબ : પ૧૫ સાત હાથથી ઓછો રૂમાલ હોય તો તેનાથી અમામા (સાફા)ની સુન્નત અદા થશે નહિં. અમામા (પાઘડી)ની શરઈ માપ ઓછામાં ઓછું સાત હાથ અને વધુમાં વધુ બાર

હાથ છે.

સવાલ : ૫૧૬ ખિલાફે સુન્નત મુતવારસા કેવી સુન્નત ગણાય ?

જવાબ : ૫૧૬ એ ખિલાફે ઉલા છે એટલે મકરૂહે તન્ઝીહી છે. (ફતાવા રઝવિયા, જી-૩, પેજ-૪૩૪)

સવાલ : ૫૧૭ બિમાર માણસ માટે હરામ વસ્તુઓથી દવા કરવી કેમ છે ?

જવાબ : ૫૧૭ હરામ વસ્તુઓ જેનું ખાવું ઉપયોગ કરવો હરામ છે તેમાં અલ્લાહ તઆલાએ શિફા રાખેલ નથી માટે તેનાથી ઈલાજ કરવો જોઈએ નહિં.

સવાલ : ૫૧૮ નાબાલિગ (નાના બાળકો)ને સોના, ચાંદીના દાગીના પહેરાવવા તથા તેમને રેશમી લિબાસ પહેરાવવું કેવું છે ?

જવાબ : ૫૧૮ નાબાલિગ (નાના બાળકો) માટે પણ તેનો ઉપયોગ જાઈઝ નથી જેનો ઉપયોગ બાલિગો માટે નાજાઈઝ છે. જો નાના બાળકોને ઈસ્તેમાલ કરવામાં આવે તો ગુનાહ તેના વાલી કે મા-બાપ ઉપર છે. (દુર્રે મુખતાર)

સવાલ : ૫૧૯ જો દાંત હલી જાય તો સોનાનો દાંત નાખવો કેમ છે ?

જવાબ : ૫૧૯ દાંત હલી જાય તો તેને સોનાના તારથી જડાવવો અથવા નાક કપાઈ જાય તો સોનાની નાક લગાવવી એ બંને સુરતોમાં જાઈઝ છે. (આલમગીરી)

સવાલ : ૫૨૦ એક માણસ ગુજરી ગયો અને તેણે પોતાની પાછળ એક પત્ની અને બે દિકરી અને બે કાકાના દિકરા મૂક્યા

છે તો શરીઅતના હિસાબે મરનારની મિલ્કતની વહેંચણી કેવી રીતે કરવી ?

જવાબ : પર૦ મરનારનો વારસો આ રીતે વહેંચાશે. કુલ મિલ્કતના ૨૪ ભાગ કરવામાં આવશે. તેમાંથી ત્રણ (૩) ભાગ પત્નીને ૧૬ (સોળ) ભાગ, બે દિકરીઓને એટલે કે એક દિકરીને આઠ (૮) ભાગ, બીજીને ૮ (આઠ) ભાગ, કાકાના બે દિકરાને ૫ (પાંચ) ભાગ એટલે કે અઢી-અઢી ભાગ એક એકને આપવાના રહેશે. (ફતાવા શીરાજી શરીફીયા)

સવાલ : પર૧ મદ્રેસામાં ઘણે ભાગે એવું જોવા મળે છે કે નાના નાના છોકરાઓ કુરઆને મજીદ પઢે છે અને તેમણે વુઝૂ કરેલ હોય નહિં તો તેમને કુરઆને મજીદ હાથમાં આપી શકાય કે નહિં જો તેઓને કુરઆને શરીફ આપી દીધું તો આપવાવાળો ગુન્હેગાર થશે કે કેમ ?

જવાબ : પર૧ નાના નાબાલિગ બાળકોને પઢવા માટે કુરઆને મજીદ દેવામાં કોઈ વાંધો નથી ભલે પછી તેઓ બેવુઝૂ હોય. કુરઆને મજીદ નાના નાબાલિગ બાળકોને મદ્રેસામાં પઢવા માટે આપવાવાળો ગુન્હેગાર થશે નહિં. પરંતુ તેની આદત નેક પડે તે માટે વુઝૂ કરાવવું બહેતર છે. (આલમગીરી, પેજ-૪૦, દુર્રે મુખ્તાર, પેજ-૮૮)

સવાલ : પર૨ મા-બાપ ગૈર મુસ્લિમ છે અને મોટી ઉંમરના છે તે એમનો ખર્ચ તેમનું ખાવા પીવાનું વગેરે મુસ્લિમ ઔલાદ ઉપર વાજિબ્ છે કે કેમ ?

જવાબ : પર૨ મોટી ઉંમરના મા-બાપ કાફિર હોય તો

તેમનો ખર્ચ મુસ્લિમ ઔલાદ ઉપર વાજીબ નથી. પણ એહસાન અને માણસાઈના લીધે ઔલાદે આપવું જોઈએ જેવું કે દુર્રે મુખ્તાર ફતહુલ કદીરના હવાલાથી લખ્યું છે કે જ્યારે અલ્લાહ તઆલા કાફિર વાલિદૈનના બારામાં ફરમાવે છે (વ સાહીબ હુમા ફિદ-દુનિયા મારૂફા) એટલે દુનિયામાં તેઓની સાથે ભલાઈ કરો તેઓને ખવડાવવું પીવડાવવું જોઈએ. (દુર્રે મુખ્તાર, પેજ-૨૨૭)

સવાલ : ૫૨૩ કોઈ માણસે પોતાની મરઝુલ મૌત બિમારીમાં છેલ્લી ઘડીએ માલને વકફ કરી દીધો તો વકફ સહીહ થશે કે નહિં ?

જવાબ : ૫૨૩ મરઝુલ મૌતમાં વકફ જો તેના વારસદારો છે તો બધા માલમાંથી ત્રીજો ભાગ વકફ સહીહ થશે બાકીમાં વારસદારોની રજા ઉપર મોકુફ રહેશે જો વારસદારો માન્ય રાખે તો સહીહ થશે જો તેમ ન હોય તો ત્રીજા ભાગથી વધુ નહિં. જો વારસદાર ન હોય તો જેટલું વકફ કર્યું તે હસ્બે શરાઈતે વકફ સહીહ વકફ થશે. (દુર્રે મુખ્તાર, શામી)

સવાલ : ૫૨૪ કઈ હાલતમાં મુસલમાનને હરામ ગીઝા (ખોરાક) ખાવાની રજા છે ?

જવાબ : ૫૨૪ એવી હાલતમાં જ્યારે ભૂખ અથવા તરસની એવી શીદ્દત (સખ્ત તકલીફ) છે કે હલાક (મૃત્યુ થઈ જવાનો) ભય હોય ત્યારે ફકત ઝરૂરત પુરતું અને હાલાકી, મૃત્યુનો ભય દૂર થઈ જાય એટલી જ હરામ ગીઝા (ખોરાક) ખાવી કે પીવી તેને ફકત એટલી જ મખસૂસ વખત માટે રજા છે. (દુર્રે મુખ્તાર,

સવાલ : પરપ મહેમાન આવે તો તેના માટે શું આદાબ છે ?

જવાબ : પરપ મહેમાન માટે એ આદાબ છે કે મહેમાનને ઓછામાં ઓછું ત્રણ દિવસ રોકે પોતાની હૈસિયત પ્રમાણે સારૂં, ખાવાનું રાંધે, તેમની સાથે હમદર્દી ભર્યો વર્તાવ કરે તેમને વિદાય આપતી વખતે દરવાજા સુધી આવે, મહેમાન સાથે સારી સારી વાતો કરે, ચુપચાપ મુંગો બનીને ન બેસે, બની શકે તો મહેમાનને આવતો જુએ તો ઈસ્તકબાલ (આવકારવા), સ્વાગત માટે સામે જાય. (દુર્રે મુખતાર)

સવાલ : પરદ લીબાસ (પહેરવેશ) કેટલું અને ક્યારે શરીઅતની દૃષ્ટિએ ફર્ઝ અને મુસ્તહબ છે અને કેટલું અને ક્યારે મુબાહ છે ?

જવાબ : પરદ લિબાસ (પહેરવેશ) એટલું ફર્ઝ છે કે જેનાથી સતરે ઔરત (ગુંટણથી નાંભી સુધીનો ભાગ) છુપાઈ જાય અને સુન્નત એ છે કે અમામો (પાઘડી), કમીસ અને તેહબન્દ (લુંગી) અથવા પાયજામો અને નાલૈન (જુતી) એ સુન્નત છે અને હૈસિયત પ્રમાણે સારો પહેરવેશ પહેરવો મુબાહ છે. જ્યારે કે તકબ્બુર (અહંકાર)ની નિય્યત ન હોય. (દુર્રે મુખતાર)

સવાલ : પરઙ મુશ્રિકોના જે નાબાલિગ, નાના બાળકો મરી જાય છે તેમના વિશે કુરઆન, હદીસમાં શું હુકમ છે એમના માટે કઈ જગ્યા નક્કી કરવામાં આવી છે ?

જવાબ : પરઙ અહાદીસે કરીમાની સમજ લખવાવાળાની

કિતાબોમાં જુદા જુદા જવાબ જોવા મળે છે. કેટલીક સમજૂતિઓમાં એમ લખે છે કે તેઓ તેમના મા-બાપ સાથે હશે, જ્યારે કેટલીક સમજૂતિમાં એમ છે કે જન્નતમાં મોમીનોની ખિદમત માટે તેમને ગુલામ બનાવીને તેમનાથી ખાદિમની સેવા લેવામાં આવશે જ્યારે કેટલીક સમજૂતિમાં એમ પણ છે કે જન્નત અને દોઝખ વચ્ચે અઅરાફ એક મકાન છે. જેમાં જન્નતની નેઅમત નથી અને દોઝખનો અઝાબ નથી તેમાં રાખવામાં આવશે. (વલ્લાહો આલમ બિસ્સવાબ)

<u>સવાલ : પરર૮</u> સુન્ની, દેવબંદી અને વહાબીમાં ફર્ક શું છે ટૂંકમાં માહિતી આપશો.

<u>જવાબ : પરર૮</u> સુન્ની એટલે સુન્નત વ જમાઅતના તરીકા ઉપર ચાલવાવાળો જેમાં સહાબા-એ-કિરામ, તાબેઈન, ઔલીયા-એ-કિરામના તરીકા ઉપર ચાલે છે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને હયાતુન્નબી માને છે. તમામ ઔલીયા-એ-કિરામ ઝિન્દા છે, ઔલીયા-એ-કિરામની કરામત બરહક છે રહેલત (વફાત) પછી પણ તેઓને ખુદા પાકે તસર્રુફ કરવાના અધિકાર આપ્યો છે, ઔલિયા-એ-કિરામની ઝિયારત વ ઈસ્તીમદાદ બાઈસે રહમત વ બરકત છે, ઈસાલે સવાબ અમવાત (મૈયતને માટે કુરઆન શરીફ, દુરૂદ શરીફ, નમાઝ પઢીને અથવા તેમના માટે સદકા ખૈરાત કરવું જેને ઈસાલે સવાબ કહેવામાં આવે છે.) મોઅમીનને કરવું બાઈસે સવાબ છે. બિદઅતની બે કિસમો છે. સારી અને બુરી, સારી બિદઅત જેનાથી નેકીનો રિવાજ થાય છે જે સવાબનો ઝરીઓ છે. અમ્બીયા-એ-કિરામ વ સહાબા-એ-

ઈઝામ અને ઔલિયા-એ-ઉમ્મતની તાઝીમ-અદબ અને ઈઝઝત કરવી ઐન ઈમાન છે તેઓની બેઅદબી મુજીબે કુફ્ર (કુફ્રનું કારણ) છે, એવી રીતે ચારે મઝહબ બરહક છે એવી રીતે તેની તકલીદ કરવી વાજીબ છે.

ઉપર પ્રમાણે માનવાવાળો એહલે સુન્નત વ જમાઅત એટલે કે સુન્ની કહેવાય છે. ઉપર મુજબ માન્યતાઓને નહિં માનવાવાળા અને તેનો વિરોધ કરનારાને વહાબી દેવબંદી કહેવામાં આવે છે.

સવાલ : ૫૨૯ કહે છે કે પોતાની હામેલા (સગર્ભા) ઔરત સાથે સંભોગ કરવાની મનાઈ છે શું આ વાત સાચી છે ?

જવાબ : ૫૨૯ હમલ (ગર્ભ) રહ્યા પછી પોતાની હામેલા (સગર્ભા) ઔરત સાથે સંભોગ કરવાની મનાઈ શરીઅતમાં નથી. પણ તેના હમલને નુકસાન ન થાય તેવા ભયથી ચાર માસ પછી સોહબત (સંભોગ) ન કરવું બહેતર છે બાકી શરીઅતની તેમાં કોઈ રૂકાવટ નથી.

સવાલ : ૫૩૦ ઘણી જગ્યાએ એવું જોવામાં આવે છે કે મર્દો અને ઔરતોને પીરો અને ઈમામોના હાલ આવે છે આ બાબતમાં શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : ૫૩૦ આ જે હાલ આવે છે તે એક ફરેબ અને ધતીંગ છે કોઈ પણ નબી, ઈમામ કે વલી કોઈના શરીરમાં આવે, પ્રવેશ કરે અને હાલ આવે એ વાત મઝહબે ઈસ્લામે માન્ય રાખેલ નથી. માટે તેમ કરવું ઔલિયા-એ-કિરામ અને ઈમામોની બેઅદબી અને તૌહીન થાય છે જે મોટો ગુનાહ છે જેનાથી

મુસલમાનોએ પરહેઝ કરવો જરૂરી છે.

સવાલ : ૫૩૧ ઘણી વખત છાપાઓમાં આવે છે કે એક પુરૂષનું સ્ત્રીમાં પરિવર્તન યાને કે તેને સ્ત્રી બનાવવામાં આવ્યો કે બની ગયો કે કોઈ સ્ત્રી પુરૂષ બની ગઈ શું આ વાત બની શકે ખરી ?

જવાબ : ૫૩૧ ફિકહની કિતાબોમાં ખુન્સા મુશ્કીલ વિશે જાણવા મળે છે કે તેઓને કુદરતી શારીરિક તબદીલી થઈ જાય છે પરિણામે પુરૂષમાંથી સ્ત્રી અને સ્ત્રીમાંથી પુરૂષ થાય છે જે સંપૂર્ણ હોતો નથી જે પણ બહુ જ ઓછા પ્રમાણમાં હોય છે. (બહારે શરીઅત)

સવાલ : ૫૩૨ મસ્જિદની છત ઉપર મકાન હોય તો તે મકાનમાં કુટુંબ સહિત રહેવું જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૫૩૨ મસ્જિદ નીચે છે તો મસ્જિદની ઉપરની છત પણ મસ્જિદના હુકમમાં છે તેથી મસ્જિદ ઉપરની છત પરનું ઘર પણ મસ્જિદમાં ગણાશે તેનો અદબ જરૂરી છે તેથી તેના ઉપર રહી શકશે નહીં. (ફતાવા નઈમીયા)

સવાલ : ૫૩૩ કહે છે કે મુસલમાન સ્ત્રી કે પુરૂષને તાવીઝ બાંધવાની મનાઈ છે શું એ વાત ખરી છે ?

જવાબ : ૫૩૩ આ વાત તદ્દન ખોટી છે. હદીસોની કિતાબોમાં કેટલીક બિમારીઓ અને મુશ્કેલીઓ માટે તાવીઝ બાંધવાની, દમ કરવાની, પઢવાની ફઝીલત આવી છે અને ફાયદાકારક બતાવવામાં આવેલ છે. તેથી તેની રજા છે કોઈ આયાતે

કુરઆન દુઆએ મઅસુરા કે નામ મુબારકનો તાવીઝ તરીકે બાંધવું પઢવું અથવા દમ કરવું જાઈઝ છે. હદીસોમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મામુલાત એટલે કે રોજ બ રોજના કર્તવ્યમાં શામિલ છે. (જન્નતી ઝેવર)

સવાલ : ૫૩૪ પોતાની સ્ત્રી સાથે સોહબત કરતી વખતે કાબા શરીફ તરફ મોઢું હોય તો ગુનાહ થશે કે નહિં ?

જવાબ : ૫૩૪ તેવી હાલતમાં કિબ્લાહ તરફ મોઢું કરવું ગુનાહ નથી પણ, કિબ્લાહના અદબ અને એહતરામની નિય્યતથી જો કિબ્લાહ તરફ માથું ન કરે તો તેને સવાબ મળશે.

સવાલ : ૫૩૫ ઘોડા, ગધેડા કે ઊંટ અથવા માણસોની દોડ હરિફાઈ કે માણસોની બખ કુસ્તી કરાવવી, કરવી અને તેમને ઈનામો આપવા કે જોવા જવું એ શરીઅતમાં જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૫૩૫ ગધેડા, ઘોડા કે ઊંટની દોડ હરિફાઈ કે માણસો (મર્દો)ની બખ-કુસ્તી જાઈઝ છે તેને જોવું કે ઈનામો આપવાની મનાઈ નથી પણ એવી દોડ કે બખ કુસ્તીમાં શરીઅતની વિરૂદ્ધ કોઈ વર્તન હોય નહિં. દાખલા તરીકે વાજિંત્રો વાગતા હોય, ઔરતો પરદા વગર મર્દો સાથે હોય, દોડ અને બખ-કુસ્તીમાં હાર જીતની શર્તો હોય જેની શરીઅતમાં મનાઈ છે જે ન હોય તો કશો વાંધો નથી. (બહારે શરીઅત)

સવાલ : ૫૩૬ ઘણાં માણસો એવી માનતા (મિન્નત) માને છે કે મારા ફલાણાં દિકરાને ફલાણાં પીરની દરગાહ પાસે અનાજભાર કે ખજૂરભાર વજનથી તોલીશું અને પછી તે અનાજ કે ખજૂર ગરીબ, હાજતમંદ, મોહતાજોને ખૈરાત કરી દે અને પોતે

પણ તેમાંથી ખાય આવી મિન્નત જાઈઝ છે કે નહિં ?

જવાબ : ૫૪૬ આવી મિન્નત શરઈ નથી પણ ઉરફી છે. કોઈ વલી અલ્લાહની હુઝૂરમાં આવો વાયદો કરાય અને નેક નિય્યત થાય તો જાઈઝ છે. અનાજ, ખજૂર કે કોઈ હલાલ ચીઝ ભારોભાર કે નિય્યાત પ્રમાણે તોલ્યા પછી ગરીબ, મિસ્કીનો કે હાજતમંદોને ફી સબિલિલ્લાહ ખયરાત કરવામાં આવે તો તે જાઈઝ છે બાઈસે સવાબ અને બરકત છે. (અને પોતે તેમાંથી કશું પણ ન ખાય તે બેહતર છે.) (બહારે શરીઅત)

સવાલ : ૫૩૭ ઘણા માણસો એવી મિન્નત માને છે કે અમારા દિકરાના ઝન્ઢા (માથાના વાળ) ફલાણાં પીરની મઝાર પાસે ઉતારશું આવી મિન્નત માનવી કેમ છે ? કોઈ આવી માનતા માને અને પુરી ન કરે તો ગુનાહ થશે કે નહિં ?

જવાબ : ૫૩૭ કોઈ પણ વલીયુલ્લાહની મઝાર પાસે ઝન્ઢા (માથાના વાળ) ઉતારવા એ કોઈ કારેખૈર કે સવાબનું કામ નથી. બલ્કે માથાના વાળ કોઈ વલીઅલ્લાહની મઝાર પાસે ઉતારવા એ વલીઅલ્લાહની બેઅદબી જેવું થાય છે. આવી મિન્નત કરવી જોઈએ નહિં અને કોઈએ આવી જહાલતભરી મિન્નત કરી હોય તો પુરી ન કરવાથી ગુનાહ થશે નહિં અને આવી મિન્નત પુરી કરવી જોઈએ નહિં.

સવાલ : ૫૩૮ કાગળ કે કપડામાં કાઅબા શરીફ કે મદીના શરીફના નકશા (ફોટા) આવે છે તો આવા નકશાઓને ચુંબન કરવું કેમ છે ?

જવાબ : ૫૩૮ મોહબ્બતની નિય્યતથી કોઈ ચૂમે તો મનાઈ નથી જે બોસએ દયાનતમાં સામીલ છે પરંતુ તેનો આમ રિવાજ કરવો યોગ્ય નથી. કારણ કે અજ્ઞાન લોકો તેનો ગલત અમલ, અર્થ કરે તેવો ભય રહે છે. (બહારે શરીઅત)

સવાલ : ૫૩૯ કહે છે કે મધમાખીઓનો મધ ઉતારવો (છાભવો) ગુનાહ છે શું આ વાત ખરી છે ?

જવાબ : ૫૩૯ હરગીઝ ગુનાહ નથી. કારણ કે મધમાખીના મધને અલ્લાહ પાકે ઈન્સાનો માટે તેના ફાયદા માટે પૈદા ફરમાવ્યો છે. કુરઆને પાકમાં ફરમાને ઈલાહી છે કે, **"અસલમ્મો સફ્ફન ફિહે શિફા હલીન્નાસ"** અર્થ : સ્વચ્છ અને પાકીઝા મધ ઈન્સાનો માટે શિફા છે. હદીસોમાં જેની ઘણી જ તઅરીફ (વખાણ) આવી છે. માટે મધ ઉતારવો જાઈઝ છે ગુનાહ નથી. (અલ કુરઆન)

સવાલ : ૫૪૦ કોઈ માણસ કામ કરવા અરબ દેશમાં જાય અને હજ્જના દિવસોમાં હજ્જ કરવા માટે કાબતુલ્લાહ શરીફ જાય તો તેનો હજ્જ અદા થશે કે નહિં ?

જવાબ : ૫૪૦ જે મુસલમાન હજ્જના ઈરાદાથી હજ્જના મહિનામાં જ્યાંથી પણ હજ્જ માટે જશે અને હજ્જના મનાસિક (અરકાન શરીઅતના બતાવ્યા) મુજબ અને નિયતો મુજબ અદા કરશે તેનો હજ્જ અદા થઈ જશે. (આલમગીરી)

૫૪૧
75
103

વિનંતી

₹ 50

કોઈપણ સુન્ની મુસ્લિમ બિરાદર તેમના મર્હુમને "ઈસાલે સવાબ" અર્થે "સવાબે જારીયહ" કરવા ચાહતા હોય તેમને અમારી સલાહ છે કે તેમણે હુસેની કમિટી (સુન્ની), મોરબી" ને મદદ કરીને દીની સાહિત્ય પ્રસિધ્ધ કરાવે, એ "સવાબે જારીયહ"નું કામ છે.

લી. નાચીઝ

મહેબુબ કે. પીલુડીયા (વ્યવસ્થાપક)

હુસૈની કમિટી (સુન્ની)

૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી

જિ. રાજકોટ - ૩૬૩૬૪૧

ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪

મોબાઈલ : ૯૮૨૫૧ ૩૩૨૭૪

અમને યાદ રાખજો

હુઝુર તાજદારે મદીના સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વ આલેહિ વસલ્લમે ફરમાવ્યું 'મુસલમાનો સૌથી સારો સદકો એ છે કે પોતે ઈલ્મ શીખો અને પોતાના મુસલમાનભાઈઓને શીખવાડે.'

હુસૈની કમિટી સુન્ની-મોરબી મુસલમાનોમાં ઈસ્લામનો ફેલાવો કરવા મઝહબી જ્ઞાન પીરસતી અલગ-અલગ વિષયોમાં કિતાબોનું પ્રકાશન કરી, મફત ઘર બેઠા પહોંચતી કરે છે. જે મુસલમાન ભાઈઓ ઉર્દૂ, અરબી જાણતા નથી તેના માટે ગુજરાતી લીપી તથા ભાષામાં લખાયેલ કિતાબ ગુજરાતી જાણકાર આસાનીથી સમજી શકે. કમિટી દાતાઓની આર્થિક સહાયની રકમ એકઠી કરી પ્રકાશન કરે છે.

જે એક પ્રકારનો કલમી જેહાદ છે. માટે અલ્લાહ તઆલાએ જેને માલદારી અતા કરી છે, તે ભાઈઓની ફર્ઝ કે કમિટીને તન, મન અને ધનથી મદદ પુરી પાડે. અલ્લાહની રાહમાં ખર્ચવાતી ઓછું થતું નથી, પરંતુ તે માલમાં બરકત થાય છે. અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે કે મેં આપેલી નેઅમતોનો ઉપયોગ મારો બંદો કેવી રીતે, કઈ જગ્યાએ કરી રહ્યો છે. માટે ગફલતોને છોડી આગળ આવો અને બંને જહાનની નેઅમતોના હક્કદાર બનો. અમારી કમિટીને નીચેના સરનામે મદદ મોકલી શકો છો.

મદદ મોકલવાનું સરનામું

હુસૈની કમિટી (સુન્ની)

૮, લાતી પ્લોટ સામે, મુ. મોરબી જિ. રાજકોટ - ૩૬૩૬૪૧

ફોન : (૦૨૮૨૨) ૨૩૩૨૧૪ મોબાઈલ : ૯૮૨૫૦ ૩૩૨૭૪